સીટી માટે...

પાનાં : ૧૬ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૨૬ ઓક્ટોબર ૨૦૨૬ સોમવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ - ૧૫ વર્ષ : ૯૪, અંક : ૨૯૧ ▸ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▸ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▸ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

વાંચન વિશેષ

બિઝનેસ plus

## સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશે દેશના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ પર ગંભીર આરોપ લગાવ્યા

# જસ્ટિસ ચંદ્રચૂડ સરકારને પૂછીને જજોની નિમણૂક કરતા : જસ્ટિસ કૌલ

નવી દિલ્હી, તા. ૨૫

સુપ્રીમ કોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડને લઈને સુપ્રીમના જ પૂર્વ ન્યાયાધીશ સંજય કિશન કૌલે મોટો દાવો કર્યો છે. જસ્ટિસ કૌલે કહ્યું છે કે હાઈકોર્ટ-સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોના પદ પર નામોની પસંદગી કરતા પહેલા પૂર્વ સીજેઆઈ જસ્ટિસ ચંદ્રચૂડ સરકારની મંજૂરી લેતા હતા. એક ઈન્ટરવ્યૂમાં જસ્ટિસ કૌલે આ દાવો કર્યો હતો અને પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડની ટિકા કરી તેમની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. એટલુ જ નહીં પોતાના પુસ્તકમાં પણ તેમણે અનેક ખુલાસા કર્યા છે.

## જજોની નિમણૂકોને મંજૂરી ન મળતા મેં સરકાર પર દબાણ વધાર્યું તો મારી પાસેથી કેસ લઈ લેવાયો હતો : પૂર્વ ન્યાયાધીશ કૌલ

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ પદેથી ૨૦૨૩માં નિવૃત થયેલા જસ્ટિસ સંજય કિશન કૌલે વધુમાં દાવો કર્યો હતો કે મારી પાસે જે કેસો સુનાવણી માટે હતા તેમાં કેટલાક કેસોમાં સરકાર પર દબાણ વધારવા પ્રયાસ થયો તો મારી પાસેથી આવા કેસો પરત લઈ લેવાયા હતા, આવો જ એક કેસ જજોની નિમણુંકમાં સરકાર દ્વારા થતા વિલંબ સાથે જોડાયેલો હતો, જ્યારે મે સરકાર પર વહેલા નિર્ણય લેવા માટે દબાણ કર્યું ત્યારે મારી પાસેથી મામલો જ પરત લઈ લેવાયો. એટલુ જ નહીં તત્કાલીક મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ચંદ્રચૂડ પર આ મામલાને હટાવવા માટે પણ દબાણ હતું. જોકે આ દબાણ કોનું હતું તે સ્પષ્ટતા જસ્ટિસ કૌલે નહોતી કરી.

જસ્ટિસ કૌલનું પુસ્તક વિદાઉટ ફિયર ફોર ફેવર લોન્ચ થવા જઈ રહી છે, જેમાં તેમણે અનેક દાવા કર્યા છે. જ્યારે વાયરને આપેલા ઈન્ટરવ્યૂમાં જસ્ટિસ કૌલે કહ્યું છે કે એક વખત પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડે મને પોતાની ચેમ્બરમાં બોલાવ્યો હતો, તેઓ મારી પાસે રહેલા પીએમએલએ મની લોન્ડરિંગ કેસને લઈને મળવા માગતા હતા, તેઓએ મને મની લોન્ડરિંગ કાયદાનો મામલો આગળ નહીં ચલાવવા મનાવવા પ્રયાસ કર્યો હતો. સાથે જ સાવધાની રાખવા અથવા વચગાળાનો રસ્તો અપનાવવા કહ્યું હતું. જોકે મે તેમની વાત નહોતી સ્વીકારી અને પાછીપાની કરવાના બદલે ઈમાનદારીથી સુનાવણી કરી હતી. આ ચર્ચા થઈ તે સમયે જસ્ટિસ સંજીવ ખન્ના પણ હાજર હતા. સરકાર આ કેસને મારી નિવૃત્તિ સુધી લંબાવવા માગતી હતી. અંતે હું નિવૃત્ત થયો અને અન્ય બેન્ચ પાસે મામલો પહોંચ્યો હતો.

### જસ્ટિસ ચંદ્રચૂડના ચર્ચાસ્પદ ચુકાદાઓ

નવી દિલ્હી, તા. ૨૫

* ૨૦૧૯માં અયોધ્યાનમાં રામ મંદિરનો ચુકાદો આપનારી પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેંચમાં જસ્ટિસ ચંદ્રચૂડ પણ સામેલ હતા. હાઈકોર્ટે રામ જન્મભૂમિને ત્રણ હિસ્સામાં વિભાજીત કરવા કહેલું જેમાં વકફ પણ સામેલ હતું, સુપ્રીમે આ ચુકાદાને પલટી નાખ્યો હતો.
* જમ્મુ કાશ્મીરમાંથી કેન્દ્ર સરકાર દ્વારા આર્ટિકલ ૩૭૦ રદ કરવામાં આવી હતી, જેની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ થઈ હતી, મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ ચંદ્રચૂડે અને તેમની બેંચે આ અપીલ ફગાવી હતી અને કેન્દ્રના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો.
* અનામતમાં પણ પેટા અનામતનો ચુકાદો ચર્ચામાં રહ્યો હતો, ૧ ઓગસ્ટ ૨૦૨૪ના સાત ન્યાયાધીશોની બંધારણીય બેંચે એસસી, એસટી અનામતમાં નબળા વર્ગને પેટા

(અનુસંધાન ૧૧મે પાને)

### પૂર્વ સીજેઆઈ ચંદ્રચૂડે મની લોન્ડરિંગ કાયદાના કેસમાં વચ્ચેનો રસ્તો અપનાવવા કહ્યું હતું : સુપ્રીમના પૂર્વ ન્યાયાધીશ

૨૨ વર્ષ સુધી ન્યાયાધીશ તરીકે સેવા આપી ચુકેલા જસ્ટિસ કૌલે વધુમાં કહ્યું હતું કે એક વખત કોલેજિયમની બેઠક મળી રહી હતી, જે દરમિયાન જ જસ્ટિસ ચંદ્રચૂડે મારી સાથે અલગથી બેઠક કરી હતી અને કહ્યું હતું કે શું જજોની નિમણુંકના નિર્ણય મુદ્દે સરકારની સાથે

(અનુસંધાન ૧૧મે પાને)

### એડોલ્ફ હિટલરનું ઘર ભડભડ બળ્યું



સરમુખ્યાતરશાહીના 'પ્રેરકબળ' એડોલ્ફ હિટલરના સમુદ્રની સપાટીથી ૧૮૩૪ મીટર ઊંચે આવેલા ઘર ઈગલ્સ નેસ્ટ (કેહલસ્ટાઈનહાઉસ)માં ભીષણ આગ લાગી હતી. હિટલરની અમૂલ્ય નિશાનીને બચાવવા માટે ૨૦૦ ફાયરફાઈટર્સને તેનાત કરવામાં આવ્યા હતા. ઊંચાઈ અને ખરાબ હવામાનને કારણે ફાયરફાઈટર્સને આગ પર કાબૂ મેળવવામાં મુશ્કેલી પડી હતી. હિટલરનું ઘર ભલે ભડભડ બળ્યું, તેના ઘરને બચાવવામાં ભલે તકલીફો પડી પરંતુ, તેના વિચારો અને હિટલરશાહી અમર છે. અનેક દેશોમાં સમય સમય પર હિટલરના વારસદારો આવતા-જતા રહ્યા છે. ખરાબ તો ખરાબ પણ હિટલરની કટ્ટરપંથી માનસિકતા આજે પણ અનેક નેતાઓને પ્રેરણા આપે છે. એટલે જ તો વિશ્વ આજની તારીખમાં અનેક યુદ્ધો અને નફરતના રાજકારણથી ત્રસ્ત છે. હિટલરના ઘરને બાળવાના કેસમાં એક આરોપીની ધરપકડ કરાઈ છે. જર્મન પોલીસ તેની પૂછપરછ કરશે તો કદાચ ખ્યાલ આવશે કે, તે પણ હિટલરથી પ્રેરિત હતો એટલે જ કટ્ટરપંથી માનસિકતા સાથે હિટલરના ઘરને બાળ્યું. હિટલરના વિચારોને અને તેમના કોપીકેટ મોડલ્સને તિલાંજલિ આપવામાં આવશે ત્યારે જ વિશ્વ શાંતિ શક્ય બનશે.

## બિહાર કોંગ્રેસમાં યાદવાસ્થળીથી કોંગ્રેસ પ્રમુખ અકળાયા

# મોદીનો બાપ પણ જેલમાં જશે : ખડગેના વિવાદાસ્પદ નિવેદનથી ભારે હોબાળો

પટના, તા.૨૫

દેશમાં ચૂંટણી પ્રક્રિયા, વોટચોરી, એસઆઈઆર, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનો સતત વિરોધ કરી રહેલા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના એક કાર્યક્રમમાં બિહાર કોંગ્રેસમાં આંતરિક વિખવાદ સામે આવતા ખડગે અકળાઈ ઊઠ્યા હતા. ખડગેના ભાષણ સમયે ભારે હોબાળો થયો હતો તે સમયે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પિતા પર અશોભનીય ટીપ્પણી કરતા કહ્યું કે, 'મોદીનો બાપ પણ જશે.' તેમના આ વિવાદાસ્પદ નિવેદનથી ભારે હોબાળો મચી ગયો હતો. ભાજપે આ મુદ્દે ખડગેની આકરી ઝાટકણી કાઢી હતી.

## છેલ્લા બે વર્ષમાં યોજાયેલી બધી ચૂંટણીઓ-સરકારો રદ કરી બેલટ પેપરથી ફરી ચૂંટણી કરાવવા ખડગેની માગ

પટનામાં બિહારના પહેલા મુખ્યમંત્રી ડો. કૃષ્ણ સિંહની ૧૩૯મી જયંતી પ્રસંગે યોજાયેલા એક કાર્યક્રમમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સંબોધન કરી રહ્યા હતા. આ સમયે કાર્યક્રમની બહાર બિહાર કોંગ્રેસ અધ્યક્ષ રાજેશ રામ અને પ્રભારી કૃષ્ણા અલ્લાવરુને હટાવવા મુદ્દે ભારે હોબાળો મચી ગયો હતો. વધુમાં કાર્યક્રમની અંદર ખડગે સતત પીએમ મોદી વિરુદ્ધ બોલી રહ્યા હતા. એસઆઈઆર મુદ્દે ખડગેએ કહ્યું કે, ચૂંટણી પંચની મતદાર યાદી સુધારા માટેની 'સર'ની કાર્યવાહીમાં ગેરરીતિ આચરનારાઓને કોંગ્રેસ જેલમાં ધકેલશે.

આ સમયે એક યુવકે ખડગેને ટોકીને કહ્યું વડાપ્રધાન મોદી ક્યાંય નહીં જાય, જેના જવાબમાં ખડગેએ જવાબ આપ્યો, 'મોદીનો બાપ પણ જશે'. મોદીની ખોટું બોલવાની આદત છે. ખડગે સતત ત્રણ વખત આવું બોલ્યા હતા. એટલે કે ખડગે એવું કહેવા માગતા હતા કે, 'મોદીનો બાપ પણ જેલમાં જશે.'

કોંગ્રેસ પ્રમુખ ખડગેએ દેશમાં છેલ્લા બે વર્ષમાં યોજાયેલી ચૂંટણીઓ રદ કરવા અને ભવિષ્યની બધી જ ચૂંટણીઓ બેલટ પેપરથી કરવાની માગણી કરી હતી. બેલટ પેપરથી યોજાયેલી ચૂંટણી

(અનુસંધાન ૧૧મે પાને)

### કોંગ્રેસ પ્રમુખ ખડગેને મવાલી જેવી ભાષા શોભતી નથી

નવી દિલ્હી, તા.૨૫

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ રવિવારે પટનામાં કોંગ્રેસના જ એક કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીના દિવંગત પિતા અંગે અયોગ્ય શબ્દોનો ઉપયોગ કર્યો હતો, જેની ભારે ટીકા થઈ રહી છે. લોકોએ ખડગેની આ ભાષાને મવાલીઓની ભાષા સાથે સરખાવી હતી. લોકમુખે ચર્ચાઈ રહ્યું છે કે કોંગ્રેસ આ દેશનો સૌથી જૂનો રાજકીય પક્ષ છે, જે નોંધપાત્ર રાજકીય વારસો ધરાવે છે. વડાપ્રધાન મોદી ભલે સંસદની અંદર અને બહાર સ્વર્ગસ્થ પંડિત નેહરૂ અને સ્વ. રાજીવ ગાંધી સહિત ગાંધી પરિવાર વિશે ગમે તેવી ભાષા વાપરે પરંતુ કોંગ્રેસ પ્રમુખ ખડગેને મવાલી જેવી ભાષાનો ઉપયોગ કરવો શોભતું નથી. તેમણે મોદીની ટીકા કરતી વખતે પણ પક્ષના વારસાને શોભે તેવી સૌમ્ય ભાષાનો ઉપયોગ કરવો જોઈએ.

### દિલ્હીની વાત

#### ભાજપએ રાહુલ ગાંધીની રેલીની ટીકા શા માટે કરી

નવીદિલ્હી, તા. ૨૫

રાહુલ ગાંધી ૧લી નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાન ખાતે રેલીનું આયોજન કરી રહ્યા છે. આ બાબતે હવે રાજકારણ શરૂ થઈ ગયું છે. દિલ્હીના વેપારી સંગઠને રેલીની તારીખ બદલવાની માંગણી કરી છે, પરંતુ કોંગ્રેસ તારીખ બદલવા તૈયાર નથી. હવે ભાજપના સાંસદ રવીશંકર

(અનુસંધાન ૧૧મે પાને)

### બેધડક -મંજુલ




અમે પણ સ્વતંત્ર પત્રકારત્વની તરફેણમાં છીએ... તમારે ફ્રાંસ, ઈટાલી કે સ્પેનના દેખાવોનું કવરેજ કરવું હોય તો અમે બધી મદદ કરીશું !

## બીજા કાર્યકાળમાં આક્રમક પોલિસી

# ટ્રમ્પે ૧૮ મહિનામાં ૯.૮ લાખથી વધુ ઈમિગ્રન્ટ્સની હકાલપટ્ટી કરી

વોશિંગ્ટન, તા.૨૫

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળના પહેલા ૧૮ મહિનામાં દેશમાંથી લગભગ ૯.૮ લાખ લોકોને હકાલપટ્ટી કરવામાં આવી હતી. જોકે, આ સમયગાળા દરમિયાન અમેરિકામાં ઓછામાં ઓછાં બે વર્ષથી રહેતા અને દેશમાંથી બહાર મોકલાયેલા ઈમિગ્રન્ટ્સમાંથી ૭૧ ટકા લોકો કોઈ ગુનામાં દોષિત ઠર્યા નહોતા. માઈગ્રેશન પોલિસી ઈન્સ્ટિટ્યૂટના રિપોર્ટમાં આ વિગતો સામે આવી છે.

## સ્વૈચ્છિક રીતે દેશ છોડવાનો વિકલ્પ સ્વીકારનારાઓની સંખ્યા ૧.૭ લાખ : ઈમિગ્રેશન કોર્ટોમાં પેન્ડસી ઘટી

અહેવાલ મુજબ, ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫થી ૩૧ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન અમેરિકાના ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) અને કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (CBP) દ્વારા આશરે ૯.૮ લાખ લોકોને દેશમાંથી બહાર મોકલવામાં આવ્યા હતા.

અમેરિકામાં ઓછામાં ઓછાં બે વર્ષથી રહેતા બિનનાગરિકો સામેની કાર્યવાહી કુલ હકાલપટ્ટીના આશરે ૬૧ ટકા જેટલી હતી. તેમની સંખ્યા લગભગ

(અનુસંધાન ૧૧મે પાને)




ગુજરાત સમાચાર

futuristic

કલ્પનાઓની દુનિયાની વાસ્તવિકતા

આયુસેટ-1A : હવે અવકાશમાં જ રિફ્યૂલિંગ કરી શકાશે

MMX મિશન : મંગળના ચંદ્ર પરથી સેમ્પલ લાવશે જાપાન

વાંચો અંદરના પાને...





શિયાળાની ઋતુની શરૂઆત થઈ ગઈ છે પરંતુ હજુ ઠંડીની શરૂઆત થઈ નથી.હાલ અમદાવાદમાં દિવસે આકરો તાપ અને ગરમીનો અનુભવ થાય છે ત્યારે ગરમી અને બફારાથી રાહત મેળવવા માટે રીવરફ્રન્ટમાં નદી કિનારે અનેક લોકો વિશ્રામ કરતા જોવા મળે છે.જ્યારે સવારે અને સાંજના સમયે પણ મોટી સંખ્યામાં લોકો રીવરફ્રન્ટ પર લટાર મારતા જોવા મળે છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

### ફાયર NOCમાંથી ભાગ્યે જ કોઈ બાકાત: સુધારાને કાયદાનું સ્વરૂપ

# કાયમી કે હંગામી, તમામ બાંધકામો માટે ફાયરસેફ્ટી નિયમો વધુ કડક બનાવાયા

અમદાવાદ, રવિવાર

સમગ્ર ગુજરાતમાં જાહેર અવરજવર થતી હોય તેવું કાયમી કે પાક્કુ બાંધકામ હોય કે હંગામી વ્યવસ્થાના સ્થળો તમામ માટે ફાયરસેફ્ટી નિયમો વધુ કડક બનાવવામાં આવ્યાં છે. ગુજરાત સરકારે ૨૩ ઓક્ટોબરે સુધારાઓને કાયદાનું સ્વરૂપ આપતાં રાજ્યમાં ભાગ્યે જ કોઈ સ્થળ એવું બચશે કે જેને ફાયર એન.ઓ.સી.માંથી મુક્તિ મળી શકે. હંગામી પંડાલો અને પ્રદર્શનોમાં આગ બુઝાવી શકે તેવી સિક્યુરિટી રાખવાનો નિયમ ઘડાયો છે. નવા કાયદામાં વ્યાપ વધારાયો છે તેવા ફાયરસેફ્ટી અને ઈમરજનસી એક્ઝિટ સહિતના સાર્વત્રિક નિયમોની અમલવારી ગુજરાતના ૨૨૦ ફાયર સ્ટેશનો મારફતે કરાશે. જો કે, વર્તમાન અને નવી કામગીરી જેટલો સ્ટાફ છે કે કેમ? તે સવાલ ચર્ચામાં છે.

## હંગામી પંડાલો-પ્રદર્શનોમાં આગ બુઝાવી શકે તેવી સિક્યુરિટી રાખવી! ફાયરસેફ્ટી, ઈમરજન્સી એક્ઝિટના સાર્વત્રિક નિયમો

ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા 'ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ સુધારા નિયમો ૨૦૨૬'ને મંજુરી આપીને નાગરિકોની સુરક્ષા અને બિલ્ડિંગોની સેફ્ટી વધારવા માટે અમલી બનાવ્યાં છે. ગુજરાતમાં ૧૫ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી તમામ હાઈરાઈઝ ઈમારતો, નવ મિટર કે વધુ ઊંચાઈવાળું બિલ્ડીંગ ધરાવતી સ્કૂલ, કોલેજ કે શૈક્ષણિક સંસ્થાઓ માટે તેમજ તમામ નાની-મોટી હોસ્પિટલો, હોટલો, પેટ્રોલ પંપો અને કોમર્શિયલ મોલ, મલ્ટિપ્લેક્સ માટે નિયમો વધુ કડક બનાવીને સર્ટિફિકેટ મેળવવું અથવા રિન્યુ કરાવવું ફરજિયાત બનાવાયું છે.

ગરબા, પ્રદર્શનો કે અન્ય કોઈપણ કાર્યક્રમો જેમાં યોજાય છે તેવા કામચલાઉ પંડાલ અને જાહેર આયોજનોના કામચલાઉ સ્ટ્રક્ચર્સ માટે ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવવું ફરજિયાત બનાવાયું છે. આવા પંડાલ કે ઈવેન્ટના સ્થળે આગ ઓલવવાના સાધનો ચલાવતા આવડતું હોય તેવા ૨ થી ૩ ટ્રેન્ડ સિક્યોરિટી ગાર્ડ ૨૪ કલાક રાખવા તેમજ જ્યાં પણ ૫૦થી વધુ લોકો એકઠા થતા હોય ત્યાં આયોજકોએ ફાયર વિભાગ સમક્ષ તમામ વિગતો રજૂ કરી બાંહેધરીપત્ર આપવાનું ફરજિયાત બનાવવા સાથે એન્ટ્રી અને એક્ઝિટ ગેટ ઓછામાં ઓછા પાંચ ફૂટ પહોળા અને ઊંચા રાખવાના નિયમ લાગુ કરાયાં છે.

કોઈપણ નિયમીત ફાયરસેફ્ટીના રિન્યુઅલ માટેની અરજી ફાયર સેફ્ટી સર્ટિફિકેટ પુરું થવાના ઓછામાં ઓછા ૯૦ દિવસ અગાઉ સબમિટ કરવી ફરજિયાત બનાવવા સાથે કોઈપણ બિલ્ડિંગમાં લગાવેલી ફાયર સિસ્ટમ ચાલુ સ્થિતિમાં છે કે નહીં તેનું નિયમિત સમયાંતરે સેલ્ફ-ડેકલેરેશન કે ઈન્સ્પેક્શન રિપોર્ટ ગુજરાત ફાયરબ્રિગેડના પોર્ટલ ઉપર અપલોડ કરવાનાં રહેશે.

હવે ૫૦૦ ચોરસ મીટરથી વધુ બાંધકામ ધરાવતી હોટલો અને કોમર્શિયલ ઈમારતો માટે ફાયર સેફ્ટી પ્રમાણપત્ર જરૂરી બનશે.રાજ્યના તમામ પેટ્રોલ પંપ અને મલ્ટીલેવલ કાર પાર્કિંગ માટે પણ ફાયર સેફ્ટી સર્ટિફિકેટ ફરજિયાત કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારે ઔદ્યોગિક એકમો માટે પણ ફાયર સેફ્ટીના નવા નિયમો જાહેર કર્યા છે. ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતના મહાનગરો ઉપરાંત જિલ્લા મથકોમાં કાર્યરત ૨૨૦ ફાયર સ્ટેશનો માટે આ નવા નિયમો કાયદાનું સ્વરૂપ અપાયું હોવાથી અમલી બનશે. જો કે, ૨૨૦ ફાયર સ્ટેશનોમાં પૂરતો સ્ટાફ ન હોવાની સમસ્યા વચ્ચે નવા નિયમોની અમલવારી કેટલી સુદ્રઢપણે થશે તે યક્ષપ્રશ્ન છે.

### ગુજરાતમાં કાર્યરત ૨૨૦ ફાયર સ્ટેશનો માટે નવા નિયમો

### ઔદ્યોગિક એકમો માટે ૧ એપ્રિલથી નવા નિયમો

ગુજરાતમાં ઔદ્યોગિક એકમો માટે આ નિયમોનો અમલ ૧ એપ્રિલ ૨૦૨૭થી કરવામાં આવશે. ઔદ્યોગિક એકમોમાં મશીનરી, વીજળી અને વિવિધ પ્રકારની સામગ્રીનો ઉપયોગ થતો હોવાથી આગ સામે સુરક્ષાની પૂરતી વ્યવસ્થા હોવી જરૂરી હોવાનું જણાવી ફાયરસેફ્ટીના નવા નિયમોનો કડક અમલ જરૂરી જણાવાયો છે.

### વોટચોરી મુદ્દે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજના પ્રહારો

# જ્યાં સુધી જ્ઞાનેશકુમાર છે ત્યાં સુધી ન્યાયિક ચૂંટણી શક્ય નથી

અમદાવાદ,રવિવાર

મતદાર યાદીઓમાં કથિત ગેરરીતિઓને લઈને કોંગ્રેસે હવે આરપારની લડાઈનું એલાન કર્યું છે. જ્યાં સુધી ચૂંટણીપંચના સર્વોચ્ચપદે જ્ઞાનેશકુમાર રહેશે ત્યાં સુધી દેશમાં ન્યાયિક રીતે ચૂંટણી થાય તે શક્ય નથી. અમદાવાદની એક દિવસીય મુલાકાતે આવેલાં મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ સામે ગંભીર આક્ષેપોની ઝડી વર્શાવી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, નાગરિકોના મતાધિકારની રક્ષા કરવા માટે આગામી ૧ નવેમ્બરના રોજ દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાન ખાતે 'વોટ બચાવો, દેશ બચાવો' અંતર્ગત રેલી યોજી વિરોધ પ્રદર્શન કરાશે.

## સમિતીમાં મુખ્ય ન્યાયાધીશને પડતાં મૂકીને અમિત શાહને લેવાયા, ચૂંટણીપંચની સ્વાયત્તતા પર સવાલ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતાં પૃથ્વીરાજ ચૌહાણે આક્ષેપ કર્યો હતો કે, ડિસેમ્બર ૨૦૨૩માં કાયદામાં સુધારો કરીને સુપ્રીમ કોર્ટની ભલામણ વાળી સમિતિમાંથી દેશના મુખ્ય ન્યાયાધીશ ને જ પડતા મૂકવામાં આવ્યા હતાં. એટલુ જ નહી,ન્યાયાધીશનાસ્થાને કેબિનેટ મંત્રી અમિત શાહનો સમાવેશ કરાયો હતો પરિણામે ચૂંટણી પંચની સાર્વભૌમત્વતા અનેસ્વાયત્તતાનો જનાજો કાઢી નાખવામાં આવ્યો છે.સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયાના ઓઠા હેઠળ દેશના ૩૦ રાજ્યોમાંથી આશરે ૧૩ કરોડથી વધુ મતદારોના નામ મતદાર યાદીમાંથી કમી કરી દેવાયા છે. આ સીધેસીધી લોકશાહીની હત્યા સમાન છે. એટલુ દ નહીં, મતોની ચોરી છે. તેમણે આક્રોશ ઠાલવતા કહ્યું કે, ૧૮ વર્ષના યુવાનને તેના માતા-પિતા કે દાદા-દાદીએ ૨૫ વર્ષ પહેલાં (વર્ષ ૨૦૦૩માં) કયા બૂથ પર મતદાન કર્યું હતું તેની વિગતો પૂછવામાં આવે છે.અસંવેદનશીલ અને જટિલ નિયમોના કારણે દેશના લાખો યુવાનો પોતાના બંધારણીય મતાધિકારથી વંચિત રહ્યાં છે.

તેમણે માંગ કરીકે, જ્ઞાનેશ કુમારને મુખ્ય ચૂંટણી કમિશ્નર પદેથી હટાવવામાં આવે અને શાસક પક્ષના ઈશારે ચૂંટણી પ્રક્રિયા ચલાવવા બદલ ફોજદારી ગુનો દાખલ કરવામાં આવે. ભવિષ્યની ચૂંટણીઓમાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે ફરીથી બેલેટ પેપર દ્વારા મતદાન શરૂ કરવામાં આવે. મતદાન મથકો પર થતી ગરબડો રોકવા

### ગુજરાતમાં ભાજપે ૧૪ ટકા વોટચોરી કરી ચૂંટણીઓ જીતી

ગુજરાતમાં પણ વોટચોરી થઈ છે તેવું ઉદાહરણ આપતાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આરોપ મૂકયો કે, કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલના મત વિસ્તાર નવસારી ના ચોર્યાસી વિધાનસભા વિસ્તારના મતદારોની ચકાસણી કરતા ૧૨ ટકા મતદારો ખોટા હોવાનુ માલુમ પડ્યુ હતું. આ રેશિયો પ્રમાણે, ગુજરાતમાં ૬૦ લાખ મતદારો શંકાસ્પદ હોવાનું કોંગ્રેસે ચૂંટણીપંચમાં રજૂઆત કરી હતી. હવે ખુદ ચૂંટણી પંચે સ્વિકાર્યું છે કે, સર પ્રક્રિયામાં કુલ ૫,૦૮,૪૩,૪૩૬ મતદારો પૈકી ૭૪ લાખથી વધુ મતદારો મૃત્યુ પામેલા છે, ડુપ્લિકેટ છે અથવા સ્થળાંતરિત છે. આનો સ્પષ્ટ અર્થ છે કે ગુજરાતમાં ૨૦૦૨થી અત્યાર સુધીની ભાજપ દ્વારા જીતેલી દરેક ચૂંટણીમાં ૧૪ ટકા વોટચોરી થઈ છે.કોંગ્રેસ આગામી સમયમાં બૂથ દીઠ 'વોટ રક્ષક' તૈનાત કરશે.. આ ઉપરાંત બૂથદીઠ 'ચોપાલ મીટીંગો' યોજીને જનજાગૃતિ ફેલાવવામાં આવશે.

### સાયબર ગઠિયાઓ હવે મોબાઈલ ફોન ઉપર વધુ સક્રિય

# ચેતજો : દિવાળી તહેવારોમાં ફ્રોડ લિન્ક મોકલવાનું પ્રમાણ ૪૦ ટકા વધી જશે

અમદાવાદ, રવિવાર

દિવાળીના તહેવારો આવી રહ્યાં છે ત્યારે સાયબર ગઠિયા પેંતરાબાજી બદલીને મોબાઈલ ફોન ઉપર લિન્ક કે મેસેજ મોકલીને છેતરપિંડી કરવા માટે સક્રિય થયાં છે. સાયબર ક્રાઈમ બ્રાન્ચે આપેલી ચેતવણી મુજબ, આવનારાં દિવાળીના તહેવારો દરમિયાન સાયબર ફ્રોડ લિન્કમાં ૪૦ ટકા જેટલો વધારો થઈ શકે છે. વોટ્સ-એપ ઉપર કે એસ.એમ.એસ.થી ખરીદીમાં ડિસ્કાઉન્ટ અને ઓફર્સની લિન્ક મોકલીને છેતરપિંડી કરનારાં સાયબર ગઠિયાઓ તમારાં એકાઉન્ટસ ખાલી કરી શકે છે, ચેતતા રહેજો.

ગુજરાત પોલીસ અને સાયબર ક્રાઈમ બ્રાન્ચે ગણેશ ઉત્સવ અને નવરાત્રી પછી હવે દિવાળીના તહેવારોની પર્વમાળા દરમિયાન ઓનલાઈન છેતરપિંડીમાં મોટા પાયે વધારાની ભીતિ વ્યક્ત કરી નાગરિકોને સતર્ક રહેવા ચેતવણી આપી છે. ઉત્સવના ઉત્સાહ અને ખરીદીના માહોલમાં સાયબર ગઠિયા સક્રિય બની લોકોના ખિસ્સા ખાલી કરે તેવી ભીતિ વ્યક્ત કરાઈ છે. તહેવારોના માહોલ વચ્ચે કપડાં, મિઠાઈઓ, ઈલેક્ટ્રોનિક્સ સહિતની ભારે ખરીદી થવાની છે. ખરીદીના માહોલમાં ધરખમ ડિસ્કાઉન્ટના બહાને છેતરપિંડી થઈ શકે છે.



ઓનલાઈન ખરીદીમાં ભળતી વેબસાઈટ્સ થકી સસ્તામાં વેચાણના બહાને ક્રેડિટ કાર્ડની કે તમારી ઓળખની વિગતો મેળવીને છેતરપિંડી થઈ શકે છે. સાયબર નિષ્ણાતોના મતે તહેવારો દરમિયાન સાયબર ચીટિંગના કિસ્સામાં ૪૦ ટકાનો ઉછાળો આવે તેવી સંભાવના છે.

તહેવારો અગાઉથી જ ઓનલાઈન ઓફર્સ અને લોભામણી લાલચો મોબાઈલ ફોન ઉપર આવવા લાગી છે. પોલીસના જણાવ્યા મુજબ, દર વર્ષે તહેવારોના મહિનાઓ દરમિયાન ઓનલાઈન કૌભાંડોના કેસોમાં વધારો થાય છે. લોકોને ડિસ્કાઉન્ટ, મફત ભેટો અથવા રિવોર્ડ લિંક્સ મોકલી, લલચાવી છેતરપિંડી કરવામાં આવે છે.પોલીસનું કહેવું છે કે, કોઈપણ લિન્ક કે એસ.એમ.એસ. ઉપર ક્લિક કરતા પહેલા કાળજીપૂર્વક ચકાસણી કરવી જરૂરી છે.

નવરાત્રી અને દિવાળી પહેલાં જ વોટ્સએપ, એસએમએસ, ઈમેઈલ્સ, નકલી વેબસાઈટ્સ અને અન્ય સોશિયલ મીડિયા ચેનલો દ્વારા શંકાસ્પદ ઓફરો મોકલાય છે. આવી ઠગાઈના કિસ્સામાં તહેવારો દરમિયાન ઉછાળો આવે છે. વર્ષ ૨૦૨૩માં ૫૪ ટકા, ૨૦૨૪માં ૬૬ ટકા, ૨૦૨૫માં ૫૦ ટકાનો ઉછાળો આવ્યો હતો. આ વખતે સાયબર ઠગાઈની ઓફર્સ આપતી નવી-નવી સ્કીમોમાં ૪૦ ટકાનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરી સતર્કતા જ સલામતી છે. આ વાત ધ્યાને રાખી મોબાઈલ ફોન ઉપર આવતી ઓફર્સ અને લિન્કની લાલચમાં ન આવી જતાં નાગરિકોને વધુ સતર્ક બનવા સાયબર ક્રાઈમ પોલીસ ચેતવી રહી છે.

### તહેવારોમાં આ પ્રકારે ઠગાઈ થઈ શકે

- ** તહેવારોમાં સસ્તી વસ્તુની લાલચ આપતી ઓફર્સની લિન્ક
- ** સસ્તા ડોમેન ઉપરથી કે નકલી શોપિંગ સાઈટ્સ તરફથી ઓફરો.
- ** સોશિયલ મીડિયા દ્વારા ૮૦% થી ૯૦% ડિસ્કાઉન્ટની ઓફર
- ** તહેવારની શુભેચ્છા આપતી એપ્લિકેશન ફાઈલો સાથે નકલી સંદેશા
- ** તહેવારોમાં ચેરિટી કે ઈવેન્ટ પાસના બહાને છેતરપિંડી
- ** વ્યક્તિગત UPI IDથી દ્વારા અજાણ્યા લોકોને પૈસા ચૂકવવા અપીલ
- ** હોટલ બુકીંગની નકલી સાઈટ્સ પરથી લોભામણી ઓફરો

### લોભામણી ઓફરોના SMS ૧૪૬ ટકા વધશે

તહેવારો આવતાં મોબાઈલ ફોન ઉપર લોભામણી ઓફરો આપતાં મેસેજમાં ઉછાળો આવશે. નિષ્ણાતોના મતે, સાયબર એસ.એમ.એસ. મોકલી ગઠિયા લોકોને છેતરવા સક્રિય છે. એક ધારણા મુજબ, લાલચ આપતી ઓફરોના મેસેજ મોકલવાના પ્રમાણમાં આ તહેવારો દરમિયાન ૧૪૬ ટકા જેટલો ઉછાળો આવે તેવી શક્યતા છે. વોટ્સ-એપ અને અન્ય પધ્ધતિઓ નિષ્ફળ રહેતાં હવે એસ.એમ.એસ. મોકલી ઠગાઈની માયાજાળ રચાય છે.

### ઈ-ચીટિંગના નવતર કિસ્સાઃ માત્ર NO લખ્યું તો પણ એકાઉન્ટ ખાલી! વોટર્સ લિસ્ટથી ઠગાઈ

સાયબર ચિટીંગના નવતર કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યાં છે. તાજેતરમાં સુરત ખાતે એવું બેન્કિંગ ફ્રોડ કરાયું હતું કે, વોટ્સ-એપ ઉપર આવેલા મેસેજનો જવાબ 'નો' આપ્યો તો પણ છેતરપિંડી થઈ હતી. એવો સવાલ કરવામાં આવ્યો હતો કે, તમારા ખાતામાંથી પૈસા ઉપડી ગયાં છે, જો તમે વ્યવહાર નથી કર્યો તો કૃપા કરીને 'નો' જવાબ લખો. 'નો' જવાબ લખવામાં આવ્યો તો પણ એકાઉન્ટમાંથી ૧.૭૬ લાખ જતા રહ્યાં હતાં. લિન્ક ફાઈલ ખોલવામાં આવી નહોતી પણ 'નો' જવાબ લખતાં જ ઓટો એક્ઝિક્યુશન સાથેની ફાઈલ એક્ટિવ થઈ હતી અને એકાઉન્ટ હેક કરી પૈસા સેરવી લેવાયા હતા. અમદાવાદમાં બોપલના નાગરિકને ચૂંટણી શાખામાંથી વાત કરે છે તેમ કહીને વોટર્સ લિસ્ટમાં નામ-વિગતો વેરીફાઈ કરવાના બહાને વિગતો મેળવી ૧૦ લાખની છેતરપિંડી કરાઈ હતી.

## દિવાળી પર્વમાળાના દિવસો અગાઉથી વોટ્સ-એપ ઉપર ખરીદીમાં ડિસ્કાઉન્ટ અને ઓફર્સની લિન્કના SMSમાં ઉછાળો ચેતવણીરૂપ

### સવારે ૧૦થી સાંજે ૬ દરમિયાન સાતેય ઝોનમાં

# અમદાવાદના સાત આધાર કેન્દ્રો હવે રવિવારે પણ કાર્યરત્ રહેશે

અમદાવાદ,રવિવાર

નોકરીયાત વર્ગ, વિદ્યાર્થીઓ, વેપારીઓ તથા કાર્યદિવસોમાં આધાર સંબંધિત કામગીરી માટે સમય ફાળવી ન શકતા નાગરિકો માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હવે રવિવારે પણ ૭ આધાર સેવા કેન્દ્રો કાર્યરત્ રહેશે.

## નોકરીયાત-વેપારી-વિદ્યાર્થી વર્ગની સરળતા માટે કોર્પોરેશન દ્વારા લેવાયેલો નિર્ણય

શહેરના મધ્ય, ઉત્તર, પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર પશ્ચિમ અને દક્ષિણ પશ્ચિમ ઝોનમાં એક-એક મળી કુલ ૭ આધાર સેવા કેન્દ્રો દર રવિવારે સવારે ૧૦થી સાંજે ૬ વાગ્યા સુધી કાર્યરત રહેશે. આ કેન્દ્રો પર નાગરિકો આધાર સંબંધિત ઉપલબ્ધ સેવાઓનો લાભ લઈ શકશે.

### વિવિધ ઝોનમાં કાર્યરત આધાર સેવા કેન્દ્રો

મધ્ય : ગિરધરનગર વોર્ડ ઓફિસ, કી ત એપાર્ટમેન્ટની બાજુમાં, રચના સ્કૂલ પાસે, સિવિલ હોસ્પિટલની સામે, શાહીબાગ.
ઉત્તર : રાજીવ ગાંધી ભવન, મેમ્કો ચાર રસ્તા પાસે, નરોડા રોડ, મેમ્કો.
પૂર્વ : અમરાઈવાડી સબ ઝોનલ ઓફિસ, નેશનલ હેન્ડલૂમની બાજુમાં, સ્વસ્તિક ચાર રસ્તા, અમરાઈવાડી.
દક્ષિણ : કોન્ફરન્સ રૂમ, પ્રથમ માળ, મણિનગર ઝોનલ ઓફિસ, ફાયર સ્ટેશન સામે, રામબાગ, મણિનગર.
પશ્ચિમ : રૂમ નં. ૪૧૫, ચોથો માળ, મલ્ટી-લેવલ પા કગ, નવરંગપુરા બસ સ્ટેશનની બાજુમાં, નવરંગપુરા.
ઉત્તર પશ્ચિમ : સ્વ. બંસીભાઈ પ્રાણલાલ પટેલ બોડકદેવ સબ ઝોનલ ઓફિસ, ગુરુદ્વારા ચાર રસ્તા પાસે, બોડકદેવ.
દક્ષિણ પશ્ચિમ : મકતમપુરા સબ ઝોનલ ઓફિસ, APMC માર્કેટની બાજુમાં, વિશાલા ચાર રસ્તા પાસે, સરખેજ રોડ, મકતમપુરા.

### કલેક્ટરના આદેશ બાદ પોલીસે ગુનો નોંધ્યો

# વૃદ્ધ દંપતીનો ફ્લેટ પચાવી પાડનારા ચાર સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો

અમદાવાદ,રવિવાર

મોટેરા વિસ્તારમાં આવેલા રત્નમ-૧ એપાર્ટમેન્ટમાં ફ્લેટની માલિકી ધરાવતા સિનિયર સિટીઝન પાસેથી ફ્લેટ ભાડે લઈને એક યુવતી અને તેના પરિવારજનોએ ભાડુ નહી આપીને ખાલી નહી કરવાની સાથે સિનિયર સિટીઝનને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. આ અંગે જિલ્લા કલેક્ટરે લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધવાનો આદેશ આપતા ચાંદખેડા પોલીસે ગુનો નોંધવો પડ્યો હતો.

## યુવતીએ પહેલા એકલા માટે મકાન ભાડે લીધા બાદ પરિવારને રહેવા બોલાવીને ત્રણ વર્ષથી ભાડું ન ચુકવ્યું

મોટેરા ખાતે રહેતા રૂપાબેન મિશ્રાના પિતા શરદભાઈ મિશ્રાએ મોટેરામાં આવેલા રત્નમ-૧ એપાર્ટમેન્ટમાં ફ્લેટ લીધો હતો. જેનું ભાડું આવવાથી તેમને ઘડપણમાં આવક મળી રહે તેવુ આયોજન હતું. જ્યારે હાલ શરદભાઈ ઓરિસ્સા રહે છે. તેમણે ફ્લેટનો પાવર ઓફ એટર્ની પુત્રી રૂપાબેનને આપ્યો હતો. વર્ષ ૨૦૨૩માં નિલમ શાહ નામની યુવતીએ શરદભાઈ પાસેથી ફ્લેટ ભાડે લેવાનું નક્કી કર્યું હતું અને તે હાલ એકલી રહેશે તેમ જણાવ્યું હતું. પરંતુ, ભાડા કરાર બાદ નિલમના માતા પિતા અન્ય પરિવારના સભ્યો રહેવા માટે આવી ગયા હતા. એપ્રિલ ૨૦૨૪ બાદ નિલમે ભાડુ આપવાનું બંધ કરી દીધું હતું અને ભાડુ ન આપવા અંગે ગોળ ગોળ જવાબ આપ્યા હતા. ભાડા કરાર પુરા થયા બાદ પણ તેણે મકાન ખાલી કર્યુ નહોતું.

જેથી શરદભાઈએ નોટિસ આપતા તેમને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી હતી. અંતે જિલ્લા કલેક્ટરમાં લેન્ડ ગ્રેબિંગની અરજી કરતા તપાસના અંતે કલેક્ટરે ગુનો નોંધવા માટે અને શરદભાઈને તેમનું મકાન પરત અપાવવા માટે પોલીસને આદેશ કર્યો હતો. જેના આધારે નિલમ શાહ અને તેના પરિવારજનો વિરૂદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી કરી છે.

## સહજાનંદ કોલેજના નિવૃત્ત આચાર્યને એપીકે ફાઈલ મોકલી ઉચાપત

અમદાવાદ,રવિવાર

સેટેલાઈટ વિસ્તારમાં આવેલા સાનિધ્ય બંગ્લોઝમાં રહેતા ૮૬ વર્ષના સિનિયર સિટીઝનને ગઠિયાએ પરિવહનની એપીકે ફાઈલ મોકલીને તેમના બંને એકાઉન્ટમાંથી કુલ ૧૧ લાખની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ સેલમાં નોંધવામાં આવી છે.

સેટેલાઈટ બિલેશ્વર મહાદેવ પાસે આવેલા સાનીધ્ય બંગ્લોઝમાં રહેતા ૮૬ વર્ષીય સુરેશભાઈ પંચોલી આંબાવાડીમાં આવેલી સહજાનંદ કોલેજમાં ઈકોનોમીક્સ પ્રોફેસર અને પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવતા હતા અને વર્ષ ૨૦૦૨ બાદ નિવૃત્ત જીવન પસાર કરે છે. થોડા દિવસ પહેલા તેમને આઈસીઆઈસીઆઈ બેંકના એકાઉન્ટમાંથી ટ્રાન્ઝેક્શન થયાના મેસેજ આવ્યા હતા. જેથી તપાસ કરતા આશરે સાડા સાત લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર થયાનું જાણવા મળ્યું હતું. સાથેસાથે બેંક ઓફ બરોડા એકાઉન્ટમાંથી પણ ૩.૨૯ લાખ રૂપિયાના ટ્રાન્ઝેક્શન થયા હતા. જેથી સાયબર ક્રાઈમ સેલમાં જાણ કરી હતી અને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે કોઈએ એમ પરિવહનની એપીકે ફાઈલ મોકલીને બેંક એકાઉન્ટને હેક કરીને છેતરપિંડી આચરી હતી.

### સિવિલમાં ૬ વર્ષમાં ૧૦૦થી વધુ કેસ નોંધાયા

# મેદસ્વિતા, દારૂના વધુ પડતા સેવનથી પુરુષોને પણ બ્રેસ્ટ કેન્સરનું જોખમ

અમદાવાદ, રવિવાર

સામાન્ય રીતે બ્રેસ્ટ કેન્સર માત્ર મહિલાઓનો જ રોગ મનાય છે, પરંતુ આ ભ્રમણા હવે ભાંગી રહી છે. આશ્ચર્યજનક રીતે, પુરુષોમાં પણ બ્રેસ્ટ કેન્સર દસ્તક દઈ શકે છે. તબીબી વિજ્ઞાન મુજબ આ કેન્સર દુર્લભ છે પણ શરીરમાં બ્રેસ્ટ ટિશ્યુઝ હોવાથી કેન્સરના કોષ અનિયંત્રિત રીતે વધવાની સંભાવના રહે છે. આપણી ખરાબ જીવનશૈલી આ જોખમને અનેકગણું વધારે છે. જેના માટે દારૂ અને મેદસ્વીપણું મુખ્યત્વે જવાબદાર છે.

## પીડારહિત સખત ગાંઠ, ત્વચામાં ફેરફાર, રૂઝ નહીં આવતી ચાંદી જેવા લક્ષણોને અવગણવા જોખમી પુરવાર થઈ શકે છે

તાજેતરમાં જ અમદાવાદના ૪૫ વર્ષીય એક વેપારીની છાતીના ભાગમાં અચાનક પીડારહિત સખત ગાંઠ દેખાઈ હતી. પ્રાથમિક તબક્કે તેને સામાન્ય સોજો ગણીને નજરઅંદાજ કરાયા બાદ, તબીબી તપાસ દરમિયાન બ્રેસ્ટ કેન્સરનું પ્રથમ તબક્કાનું નિદાન થયું હતું. અમદાવાદની સિવિલ મેડિસિટી ખાતે આવેલી ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ ખાતે છેલ્લા ૬ વર્ષમાં જ પુરુષોમાં બ્રેસ્ટ કેન્સરના ૧૦૪ કેસ નોંધાયા છે.

નિષ્ણાતોના જણાવ્યા મુજબ પુરુષોમાં બ્રેસ્ટ કેન્સર થવા પાછળ અતિશય દારૂનું સેવન એક મોટું કારણ છે. આલ્કોહોલને કારણે લિવર નબળું પડે છે, જેથી શરીરમા એસ્ટ્રોજનનું પ્રમાણ વધી જાય છે. આ ઉપરાંત સ્થૂળતા, આનુવંશીક કારણો, વધતી ઉંમરથી પણ બ્રેસ્ટ કેન્સરનું જોખમ રહે છે. તબીબોના મતે પુરુષોમાં સ્તનના કોષો ઓછા પ્રમાણમાં હોવાથી કેન્સર શરીરના અન્ય ભાગમાં ઝડપથી ફેલાવવાની શક્યતા રહે છે. જેના કારણે છાતીના ભાગમાં કોઈપણ અસામાન્ય ફેરફાર જણાય તો તાત્કાલિક કેન્સર નિષ્ણાતની સલાહ લેવી અનિવાર્ય છે.

પીડારહિત સખત ગાંઠ, ત્વચામાં ફેરફાર, રૂઝ નહીં આવતી ચાંદી જેવા લક્ષણોને અવગણવા જોખમી પુરવાર થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, સિવિલ હોસ્પિટલ ખાતે બ્રેસ્ટ કેન્સરના ૬ વર્ષમાં કુલવ ૭૯૨૦ કેસ નોંધાયા છે. જેમાં ૫૩.૧૮ ટકા ૫૦થી વધુ, ૩૦.૫૨ ટકા કેસ ૪૦થી ૫૦ની વયજૂથમાં હોય છે.

### સિવિલમાં પાંચ વર્ષમાં વયજૂથ પ્રમાણે બ્રેસ્ટ કેન્સરના કુલ કેસ

| વયજૂથ | દર્દી | પ્રમાણ |
|---|---|---|
| ૩૦થી ઓછી | ૧૭૬ | ૨.૨૨% |
| ૩૦-૪૦ | ૧૧૧૫ | ૧૪.૦૮% |
| ૪૦-૫૦ | ૨૪૧૭ | ૩૦.૫૨% |
| ૫૦થી વધુ | ૪૨૧૨ | ૫૩.૧૮% |
| કુલ | ૭૯૨૦ | ૧૦૦% |

### સિવિલ હોસ્પિટલ ખાતે બ્રેસ્ટ કેન્સરના કેસ

| વર્ષ | પુરુષ | મહિલા | કુલ |
|---|---|---|---|
| ૨૦૨૧ | ૧૮ | ૧૩૮૫ | ૧૪૦૩ |
| ૨૦૨૨ | ૧૫ | ૧૪૫૨ | ૧૪૬૭ |
| ૨૦૨૩ | ૨૩ | ૧૩૬૫ | ૧૩૮૮ |
| ૨૦૨૪ | ૧૫ | ૧૪૪૯ | ૧૪૬૪ |
| ૨૦૨૫ | ૨૫ | ૧૫૧૬ | ૧૫૪૧ |
| ૨૦૨૬ | ૦૮ | ૭૫૩ | ૭૬૧ |

### કેન્દ્રીય શિક્ષણમંત્રી બદલાતા રિપોર્ટ ઘોંચમાં ?

# યુનિ.ઓ-કોલેજો માટે નેશનલ રેન્કિંગ રિપોર્ટ આ વર્ષે જાહેર જ નથી કરાયો

અમદાવાદ,રવિવાર

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ૨૦૧૬માં દેશની યુનિવર્સિટીઓ અને કોલેજો માટે નેશનલ રેન્કિંગની શરૂઆત કરાઈ હતી.જેને એનઆઈઆરએફ એટલે કે નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક નામ આપવામા આવ્યુ હતું. દેશની તમામ યુનિ.ઓ-કોલેજો પાસેથી અરજીઓ મંગાવ્યા બાદ ડોકયુમેન્ટના આધારે ચકાસણી થાય છે અને ત્યારબાદ રિપોર્ટ એટલે કે પરિણામ જાહેર થાય છે.જેમાં ટોપ-૧૦૦ રેન્કિંગ લિસ્ટ જાહેર કરાય છે.

## મેથી ઓગસ્ટ સુધીમાં રિપોર્ટ જાહેર કરવાનો હોય છે પરંતુ દસ વર્ષમાં પ્રથમવાર ઓક્ટોબર અંત સુધીમાં ઠેકાણા નથી

આ રેન્કિંગ ફ્રેમવર્કની પ્રક્રિયામાં દસ વર્ષમાં પ્રથમવાર આ વર્ષે ઓક્ટોબર પુરો થવા આવનાર છે ત્યારે હજુ સુધી રિપોર્ટ જાહેર થયો નથી.મહત્વનું છે કે નીટના વિવાદ મુદ્દે સીજેપી-જેન ઝીના આંદોલન બાદ શિક્ષણમંત્રી જ બદલાઈ ગયા છે ત્યારે પ્રક્રિયા જ ઘોંચમા પડી હોવાના તર્ક-વિતર્ક ઉભા થયા છે. નેશનલ ઈન્સ્ટિટ્યુટશનલ રેન્કિંગ ફ્રેમવર્કની પ્રક્રિયા અંતર્ગત દર વર્ષે કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગ દ્વારા યુનિ.-ઓ અને કોલેજો -ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે અરજી પોર્ટલ ઓપન કરીને ઓક્ટોબરમાં અરજીઓ મંગાવવાની શરૂઆત કરાય છે અને ડિસેમ્બર સુધી અરજીઓ લીધા બાદ માર્ચ સુધીમાં પૂર્તતાનો સમય અપાય છે.પરંતુ આ વર્ષે ઓક્ટોબરમાં હવે પુરો થવા આવનાર છે ત્યારે હજુ સુધી કેન્દ્રિય શિક્ષણ મંત્રાલયે રેન્કિંગ રિપોર્ટ જાહેર કર્યો નથી. દર વર્ષે કેન્દ્રિય શિક્ષણમંત્રીની અધ્યક્ષતામાં જ આ રિપોર્ટ જાહેર કરાતો હોય છે.પરંતુ મહત્વનું છે કે આ વર્ષે નીટના વિવાદ બાદ શરૂ થયેલા આંદોલનને પગલે કેન્દ્રિય શિક્ષણમંત્રી જ બદલાઈ ગયા છે અને નવા શિક્ષણમંત્રી આવ્યા છે ત્યારે રિપોર્ટમાં થઈ રહેલા વિલંબને લઈને તર્ક વિતર્ક સાથે યુનિ.ઓ-કોલેજોમાં મૂંઝવણ ઉભી થઈ છે.ફ્રેમવર્ક સીસ્ટમ અંતર્ગત યુનિ.ઓ,કોલેજ તેમજ ફાર્મસી,મેનેજમેન્ટ સહિતની કેટેગરીમાં પણ અલગ અલગ રેન્કિંગ જાહેર કરાયછે.

### મે સુધીમાં રિપોર્ટ આવે તો વિદ્યાર્થીઓને ફાયદો

નેશનલ રેન્કિંગ રિપોર્ટ જો ખરેખર મે સુધીમાં જાહેર કરી દેવામા આવે તો વિદ્યાર્થીઓ-વાલીઓને પ્રવેશ પહેલા ખબર પડે કે કઈ યુનિ.નું રેન્કિંગ સારુ છે અને કઈ યુનિ.ટોપ ૫૦થી ટોપ-૧૦૦ રેન્કિંગમાં સ્થાન જ ધરાવતી નથી. ખરેખર રેન્કિંગનો હેતુ જ યુનિ.ઓ-કોલેજોની શૈક્ષણિક ગુણવત્તાને બહાર લાવવાનો અને સુધારવાનો છે.પરંતુ રિપોર્ટ જ સમયસર ન આવે તો વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે કઈ રીતે ખબર પડશે કે કઈ યુનિ.-કોલેજની શૈક્ષણિક ગુણવત્તા સારી છે કે નહીં.અનેક યુનિ.ઓ-કોલેજો તો અરજી પણ કરતી નથી.

અરજી પ્રક્રિયા શરૂ થવાનું તો દૂર હજુ સુધી ૨૦૨૫ના વર્ષ માટેનો નેશનલ રેન્કિંગ રિપોર્ટ જ જાહેર કરાયો નથી. ૨૦૧૬થી શરૂ થયેલી રેન્કિંગની પ્રક્રિયા અંતર્ગત દર વર્ષે મોડામાં મોડું ઓગસ્ટ સુધીમાં રિપોર્ટ જાહેર કરાતો હોય છે અને ગત વર્ષે ૪ સપ્ટેમ્બરે રિપોર્ટ જાહેર કરાયો હતો.પરંતુ આ વર્ષે તો ઓક્ટોબર પણ

### ૨૦૧૬થી રેન્કિંગ શરૂ થયા બાદ કયારે કયારે પરિણામ

| વર્ષ | રિપોર્ટ તારીખ |
|---|---|
| ૨૦૧૬ | ૪ એપ્રિલ |
| ૨૦૧૭ | ૩ એપ્રિલ |
| ૨૦૧૮ | ૩ એપ્રિલ |
| ૨૦૧૯ | ૮ એપ્રિલ |
| ૨૦૨૦ | ૧૧ જુન |
| ૨૦૨૧ | ૯ સપ્ટેમ્બર |
| ૨૦૨૨ | ૧૫ જુલાઈ |
| ૨૦૨૩ | ૫ જુન |
| ૨૦૨૪ | ૧૨ ઓગસ્ટ |
| ૨૦૨૫ | ૪ સપ્ટેમ્બર |

### નેશનલ ડેન્ટલ કમિશન દ્વારા પબ્લિક નોટિસ જાહેર

# ડેન્ટિસ્ટના પ્રિસ્ક્રિપ્શનમાં નામ અને રજિસ્ટ્રેશન નંબર હોવા ફરજિયાત

અમદાવાદ,રવિવાર

એમબીબીએસ પ્રેક્ટિશનર ડોક્ટરોની જેમ ડેન્ટિસ્ટ માટે પણ પ્રિસ્ક્રિપ્શન માટેની એડવાઈઝરી જાહેર કરાઈ છે.નેશનલ ડેન્ટલ કમિશને જાહેર કરાયેલી પબ્લિક નોટિસ મુજબ દાંતના ડોક્ટરોએ એટલે કે ડેન્ટિસ્ટે પ્રિસ્ક્રિપ્શનમાં નામ, ક્લિનિકલ એડ્રેસ, રજિસ્ટ્રેશન નંબર તેમજ ક્વોલિફિકેશન ફરજીયાત લખવાના રહેશે અથવા તેની વિગતો સાથેનું પ્રિન્ટેડ પ્રિસ્ક્રિપ્શન હોવુ જોઈએ.

## દર્દીઓની જાણકારી માટે ક્વોલિફિકેશન તેમજ ક્લિનિક એડ્રેસ સહિતની વિગતો પણ હોવી જોઈએ

એમબીબીએસ-એમડી ડોક્ટરોના રેગ્યુલેશન્સ માટે જેમ નેશનલ મેડિકલ કમિશન છે તેવી જ રીતે દાંતના ડોક્ટરો એટલે કે ડેન્ટિસ્ટ્સ માટે નેશનલ ડેન્ટલ કમિશન છે. ડેન્ટલ કમિશને પ્રેક્ટિસ કરતા તમામ દાંતના ડોકટરો માટે પબ્લિક નોટિસ દ્વારા એડવાઈઝરી જાહેર કરી છે.જેમાં ડોક્ટરો દ્વારા દર્દીઓને અપાતા પ્રિસ્ક્રિપ્શનમાં કઈ કઈ બાબતો ફરજીયાત હોવી જોઈએ તેને લઈને સૂચના અપાઈ છે.



કમિશનની આ એડવાઈઝરી મુજબ ડેન્ટિસ્ટના પ્રિસ્કિપશનમાં જે તે રાજ્યની સ્ટેટ ડેન્ટલ કાઉન્સિલમાં નોંધાયા મુજબનું ડોક્ટરનું નામ, સ્ટેટ કાઉન્સિલે આપેલો રજિસ્ટ્રેશન નંબર, ડેન્ટલ ક્વોલિફિકેશન, ક્લિનિક કે પ્રેક્ટિસનું સરનામું (પિનકોડ સાથે), ઈમર્જન્સી કોન્ટેક્ટ નંબર તથા ડેન્ટિસ્ટની મેન્યુઅલી કે ડિજિટલ સિગ્નેચર હોવા જોઈએ.

જો પ્રિ પ્રિન્ટેડ પ્રિસ્ક્રિપ્શન ન હોય તો સ્ટેમ્પ ફરજીયાત રહેશે. તમામ ડેન્ટિસ્ટને કમિશને આ સાથે એ પણ સૂચના આપી છે કે ફાર્મા કંપનીઓ દ્વારા અપાતા સ્પોન્સર્ડ પેડ્સ કે પ્રિન્ટેડ પ્રિસ્ક્રિપ્શન ન હોવા જોઈએ.

# કચ્છ સરહદે કરચલા પકડવા ઘુસેલા વધુ ચાર પાકિસ્તાની માછીમાર ઝડપાયા

ભુજ, રવિવાર

કચ્છની સંવેદનશીલ સરક્રીક અને આસપાસની જળસીમામાં કરચલા પકડવા ઘુસેલા વધુ ચાર પાકિસ્તાની માછીમારો બોર્ડર સિક્યોરિટી ફોર્સની ટીમે પકડ્યાં છે. અઠવાડિયામાં ત્રીજી વખત ઘુસણખોરી પકડાઈ છે.

## રવિવારે બીએસએફએ ફાઈબર બોટ કબ્જે કરી અઠવાડિયા અગાઉ ૨૩ પાકિસ્તાની ઘૂસ્યા હતા

સરક્રીકના સામાન્ય વિસ્તારમાંથી બીએસઅફએ વધુ ૪ પાકિસ્તાની માછીમારોને એક ફાઈબર બોટ સાથે ઝડપી લીધા છે. ઝડપાયેલા માછીમારોની ઓળખ કાદિર થાઈમોર, મુહમ્મદ મુસ્સા અજગર થાઈમોર અને અહસાન જાટ તરીકે થઈ છે. ચોથા શખ્સનું નામ હજુ સત્તાવાર રીતે સ્પષ્ટ કરાયું નથી. આ તમામ પાકિસ્તાનના સિંધ પ્રાંતના ચાચ જાનખાન વિસ્તારના રહેવાસી હોવાનું અને કરચલા પકડવાના બહાને ઘૂસ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે.ઝડપાયેલા ઈસમો પાસેથી કોઈ શંકાસ્પદ ચીજ વસ્તુઓ મળવા પામી નથી છેલ્લા એક જ સપ્તાહમાં બીએસએફ દ્વારા કરચલા અને માછલી પકડવા માટે ભારતીય જળસીમામાં આવેલી કુલ ૩ પાકિસ્તાની બોટ અને ૬ પાકિસ્તાની ઘૂસણખોરોને ઝડપી લેવામાં આવ્યા છે. ૨૧ ઘુસણખોરો અગાઉ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. જે ૨૧ પાકિસ્તાની જંગલોમાં નાસી છૂટ્યા છે તેમને શોધવા ડ્રોન કેમેરા અને ફાસ્ટ બોટ મારફતે સર્ચ ઓપરેશન સઘન બનાવાયું છે.અગાઉના ઓપરેશનમાં બે બિનવારસી બોટ પણ કબજે લેવાઈ હતી, જેમાંથી કરચલા પકડવાનો સામાન, રાશન, ૩ કીપેડ મોબાઈલ અને પાકિસ્તાની આઈકાર્ડ મળી આવ્યા હતા. અગાઉ પકડાયેલા યુવાનને નારાયણ સરોવર પોલીસને સોંપ્યા બાદ વધુ પૂછપરછ માટે ભુજ ખસેડાયો છે. પાકિસ્તાનને સ્પર્શતી કચ્છ સરહદે સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ મોડ ઉપર છે.






















| | 125 | NS 125 | N160 S/SS | RS 200 | 220 | NS 400 |
|---|---|---|---|---|---|---|
| એક્સ-શોરૂમ કિંમત | ₹94 937/- | ₹1 03 433/- | ₹1 25 576/- | ₹1 80 115/- | ₹1 39 270/- | ₹1 86 015/- |
| કેશ ઑફર | ₹2 500/- | ₹2 500/- | ₹3 000/- | ₹3 000/- | ₹3 000/- | ₹5 000/- |
| PF સેવિંગ્સ + 5 મફત સર્વિસીસ | ₹3 500/- | ₹3 700/- | ₹4 500/- | ₹5 900/- | ₹4 700/- | ₹7 000/- |
| કુલ બચત | ₹6 000/- | ₹6 200/- | ₹7 500/- | ₹8 900/- | ₹7 700/- | ₹12 000/- |

Flipkart amazon.in પર પણ ઉપલબ્ધ* | 10 YEAR WARRANTY | BAJAJ SECURE • AMC • ROAD SIDE ASSISTANCE | 72198 21111 | SHRIRAM Finance | IDFC FIRST Bank | BAJAJ AUTO CREDIT | L&T Finance | TATA CAPITAL Two Wheeler Loans

*નિયમો અને શરતો લાગુ. બચત મર્યાદિત સમય માટે જ લાગુ રહેશે. જણાવેલી કુલ બચત કૅશ ઑફર, શૂન્ય પ્રોસેસિંગ ફી અને 5 મફત સર્વિસીસ (2 વધારાની મફત સર્વિસીસ) નો સરવાળો છે. શૂન્ય પીએફ પર બચત ફાઈનાન્સર અનુસાર દરેક સ્થળે અલગ અલગ હોઈ શકે છે. ફાઈનાન્સ ફાઈનાન્સકર્તાની સંપૂર્ણ મુનસફી પર. લાગુ ઑફર મૉડેલ્સ/ક્ષેત્રો અનુસાર અલગ અલગ હોઈ શકે છે. જણાવેલી એક્સ-શોરૂમ કિંમતો જે તે મૉડેલ્સની બેઝ વેરિયંટ કિંમત છે. સ્ટંટ્સ નિષ્ણાતો દ્વારા વ્યાવસાયિક નિરીક્ષણ હેઠળ, નિયંત્રિત અને બંધ વાતાવરણમાં જાહેર જનતા અથવા જાહેર રસ્તાઓથી દૂર એકાંત સ્થળે કરવામાં આવ્યાં છે. આ સ્ટંટ્સની નકલ કરવાનો પ્રયત્ન ન કરશો તેમ જ ટ્રાફિક અને સુરક્ષા નિયમોનું હંમેશા પાલન કરો.

**Authorised Dealers for Bajaj Auto Ltd.: Ahmedabad: Lal Darwaja** AMIN BAJAJ 9879203364, **Isanpur** 7600002894 • **Maninagar** ADITYA BAJAJ 6356024241, **Odhav** 6356024243, **Bapunagar** 6356024244, **Naroda** 6357102424 • **Sanand** ADITYA BAJAJ 9375073137• **Gandhinagar** BANSARI BAJAJ 9429023456, **Kalol** 7027412345 • **Kadi** PARTH BAJAJ 9409421001 • **Himmatnagar** SAKAL BAJAJ 9909026046, **Modasa** 9925002281• **Mehsana** PARTH BAJAJ 7046670466 • **Unjha** 7621020111• **Palanpur** MAHESH BAJAJ 8401303130, **Deesa 7383437522, Dhanera 7567892213, Tharad** 9979863923 • **Patan** SHIVAM BAJAJ 9925015140, **Sidhpur** 9157573343 • **Radhanpur SHIVAM BAJAJ 9825533061, Sami 9638422030** • **Anand** AMIN BAJAJ 8734010115, **Borsad** 7622822223, **Ras** 9974577067 **Khambhat** 9909921997 • **Asodar** 9081993452 **Vasad** 9157711196 **Nadiad** SANTRAM BAJAJ 9904708740. • **Surendranagar** YUG BAJAJ 7069220225.

## ધરતીનાં પેટાળમાં ભયભીત કરતો ભેદી સળવળાટ યથાવત

# તાલાલા વિસ્તારમાં પાંચ દિવસમાં ભૂકંપનાં ૧૯ આંચકાથી ફફડાટ

તાલાલા ગીર, રવિવાર

તાલાલા પંથકમાં ધરતીના પેટાળમાં હિલચાલ યથાવત રહેતા મોડીરાત્રીથી સવાર સુધીમાં ધરતીકંપનાં વધુ પાંચ આંચકા અનુભવાતા લોકો ભયભીત થઈ ગયા છે. તા.૨૧ થી તા.૨૫ સુધીમાં કુલ ૧૯ આંચકા અનુભવાતા લોકોમાં ચિંતા પ્રસરી છે. વળી, તમામ આંચકાનું કેન્દ્રબિન્દુ તાલાલાથી ૧૦ થી ૧૬ કિ.મી દૂર નોર્થ-નોર્થ-ઈસ્ટ દિશામાં નોંધાયું છે.

ગાંધીનગર સ્થિત સિસ્મોગ્રાફી સેન્ટરના જણાવ્યા વિગત પ્રમાણે તાલાલા પંથકમાં મોડી રાત્રે ૩.૨૨ કલાકે ૨.૮ની તિવ્રતાનો આંચકો નોંધાયો હતો. ત્યારબાદ બીજો આંચકો ૩.૪૩ કલાકે નોંધાયો હતો, જેની તિવ્રતા ૧.૪ હતી. ત્રીજો આંચકો ૪.૦૪ કલાકે નોંધાયો હતો, જેની તિવ્રતા ૧.૨ હતી. ચોથો આંચકો ૪.૧૩ કલાકે નોંધાયો હતો, તેની તિવ્રતા ૧.૦ હતી. ત્યારબાદ સવારે ૯.૫૫ કલાકે પાંચમો આંચકો નોંધાયો હતો, તેની તિવ્રતા ૧.૪ હતી. પાંચેય આંચકાનું એ.પી.સેન્ટર તાલાલા ગીરથી ૧૦ થી ૧૬ કિ.મી દુર નોર્થ-નોર્થ-ઈસ્ટ દિશામાં નોંધાયું હતું. તમામ આંચકા ભુગર્ભમાંથી માત્ર ૬ કિ.મી.ની ઊંડાઈએથી આવ્યા હતા. મોડી રાત્રે પોણા કલાકની અંદર ચાર આંચકા અનુભવાતા મીઠી નિંદર માણી રહેલ લોકો સફાળા જાગી ગયા હતા. આ ધરતીકંપના આંચકાની અસર ઉત્તર અને પૂર્વ દિશામાં આવેલા અનેક ગામોમાં થઈ હતી. તા.૨૧ થી ૨૫ સુધીમાં ઉપરાઉપરી ધરતીકંપનાં ૧૯ આંચકા નોંધાતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. તાલાલા પંથકમાં ધરતીકંપ નાં આંચકાથી કોઈ નુકસાનીનાં અહેવાલ મળ્યા નથી.

## હવે કાઉન્ટર

(છેલ્લા પાનાનું ચાલુ)

ઓછી ઉંમરનાં જે બાળકોની ટિકિટ બર્થ વિના બુક કરવામાં આવી હોય, તેઓ વીમા હેઠળ આવરી લેવામાં આવશે નહીં.

પોલિસી હેઠળ આવરી લેવાયેલી રેલવે દુર્ઘટના અથવા અપ્રિય ઘટનાના કિસ્સામાં મૃત્યુ અથવા કાયમી સંપૂર્ણ દિવ્યાંગતા માટે રૂ. ૧૦ લાખ, કાયમી આંશિક દિવ્યાંગતા માટે રૂ. ૭.૫૦ લાખ સુધી અને ઈજાને કારણે હોસ્પિટલમાં દાખલ થઈ સારવાર કરાવવાના ખર્ચ માટે રૂ. ૨ લાખ સુધીનું વીમા કવર આપવામાં આવે છે.

પોલિસીના નિયમો પ્રમાણે મૃતદેહના પરિવહન માટે રૂ. ૧૦ હજારનો લાભ પણ આપવામાં આવે છે.

## સૌની યોજનાની

(છેલ્લા પાનાનું ચાલુ)

વ્યવસ્થામાં કોઈ છીંડા ન રહે તે માટે ઉચ્ચ અધિકારીઓને એસી ઓફિસો છોડીને ગ્રાઉન્ડ ઝીરો પર ઉતરવાનો આદેશ અપાયો છે. અધિક્ષક ઈજનેરો અને જળાશયના ઈન્ચાર્જીએ સંયુક્ત રીતે રોજ સ્થળ તપાસ કરવાની રહેશે. એટલું જ નહીં, સુરક્ષા અને વિતરણની દૈનિક પ્રગતિનો અહેવાલ દરરોજ સવારે અને સાંજે સીધો ગાંધીનગર મુખ્ય કચેરીએ મોકલવાનો રહેશે.

સરકારે માત્ર પાણીચોરો પર જ નહીં, પરંતુ ફરજમાં બેદરકારી દાખવતા અધિકારીઓ સામે પણ લાલ આંખ કરી છે. જો કોઈ પણ વિસ્તારમાં પાણીની ચોરી થતી હોવાનું સામે આવશે અને તેમાં સ્થાનિક તંત્ર કે ઈજનેરોની મિલીભગત અથવા લાપરવાહી જણાશે, તો તેમની સામે તાત્કાલિક અસરથી ખાતાકીય પગલાં અને સસ્પેન્શન સુધીની કાર્યવાહી કરવાની ચીમકી આપવામાં આવી છે.

## જરૂર જણાશે

(છેલ્લા પાનાનું ચાલુ)

જરૂર હોય તે ઘાસચારો-પાણી પહોંચાડવામાં આવી રહ્યુ છે. કૃષિ વિભાગ આ સર્વે પૂર્ણ થયા બાદ સ્થળ પરના વાસ્તવિક અહેવાલો અને આંકડાના આધારે કયા વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા તે અંગે સરકાર આખરી નિર્ણય લેશે.

સરકાર દુષ્કાળ જાહેર કરવા વિચારણા કરી રહી છે, પરંતુ જમીની હકીકત જોતા ખેડૂતોનો પારો સાતમા આસમાને પહોંચ્યો છે. ખેડૂતોએ મંત્રીને કાગળ પરની સમીક્ષા છોડીને દ્વારકા જિલ્લાના ગામડાંઓમાં રૂબરૂ આવી સ્થિતિ જોવા ખુલ્લું આમંત્રણ આપ્યું છે.

તેમનું કહેવુ છેકે, અનેક ગામોમાં છેલ્લા ૮ દિવસથી લઈને ૨૮ દિવસ સુધી પીવાનું પાણી જ આવ્યું નથી. પશુધન બચાવવા માલધારીઓની હિજરત કરી રહ્યાં છે. સરકારી ઘાસચારા વિતરણ કેન્દ્રો માત્ર કાગળ પર જ ચાલતા હોય તેવી સ્થિતિ છે.

નિયમ મુજબ ૭ કિલોમીટરની ત્રિજ્યામાં ઘાસ મળવું જોઈએ, તેના બદલે માલધારીઓએ ૧૫ થી ૨૦ કિલોમીટર દૂર લાંબા ધક્કા ખાવા પડે છે. ખેડૂતો આક્રોશ વ્યક્ત કર્યો છેકે, સરકાર સર્વેના નાટકો બંધ કરે અને તાકીદે નિયમ મુજબ દુષ્કાળગ્રસ્તના લાભો આપવાનું શરૂ કરે.

**વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**- જાહેરખબર મેનેજર**

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28




## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ) ના તાલુકા દશક્રોઈ ના મોજે વહેલાલ ની સીમના ખાતા નં.૮૮૬ માં ચાલતા રિ-સર્વે/બ્લોક નં.૧૨૨૮ (જુના સર્વે નં. ૧૨૩૨) ની ૦-૨૭-૦૨ હે.આરે.ચો.મી., આકાર રૂા.૧.૭૫ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન જીયા પ્રદિપભાઈ ની સ્વતંત્ર માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**

ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફલોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ -૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) સુખદેવસિંહ જીલુભાઈ (૨) ગીરીશસિંહ જીલુભાઈ (૩) પરસનબેન તે હર્ષદભાઈ જીલુભાઈના વિધવા (૪) હરપાલસિંહ હર્ષદસિંહ તથા (૫) વર્ષાબા હર્ષદસિંહ, સર્વે રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે ગોધાવીની સીમના સર્વે/બ્લોક નંબર-૨૪/૧ના ખાતા નંબર-૨૧૬ની હે-આરે-ચોમી ૦-૮૬-૦૦ યાને કે ૮૬૦૦ચોરસમીટરની ખેતીની જમીન તેઓની સંપૂર્ણ, સંયુક્ત, સહિયારી, માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકોનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૨૪-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**

ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોન: (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## મંત્રમુગ્ધ

- જીવનમાં ગમે તેવી કઠિન પરિસ્થિતિ આવે તો પણ હિંમત ન હારવી કારણ કે આ દુનિયામાં કશું જ કાયમી નથી, આપણી મુશ્કેલીઓ પણ નહીં.
  **- ઈંગ્લેન્ડના વિશ્વવિખ્યાત હાસ્ય કલાકાર ચાર્લી ચેપ્લિન**
- **-: આજે વાલ્મીકિ જયંતી :-**
  ''માણસનો આંતરિક ઉત્સાહ જ તેનું સૌથી મોટું બળ છે. ઉત્સાહથી ભરેલી વ્યક્તિ માટે આ જગતમાં કંઈ જ અશક્ય નથી. નિરાશાથી મોટો કોઈ શત્રુ નથી અને ઉત્સાહથી મોટી કોઈ શક્તિ નથી.''
  **- ભારતીય ઋષિ પરંપરાના તેજસ્વી દીપસ્તંભ સમા મહર્ષિ વાલ્મીકિ**
- ઝખ્મ કહાં કહાં સે મિલે હૈ છોડ ઈન બાતો કો,
  ઝિંદગી તું તો બસ યહી બતા કિ સફર અબ કિતના બાકી હૈ.
  **- સંકલિત**
- ''પોતાના દોષોને નિખાલસતાથી સ્વીકારવા અને અન્યોના સદ્‌ગુણોને પારખવાની દ્રષ્ટિ જ માનવ જીવનના ઉન્નિતની સાચી ગુરુ ચાવી છે.''
  **- ગુણગ્રાહક દ્રષ્ટિની મહત્તા સમજાવનાર મા કલ્યાણમયી**
- પ્ર.: 'મનુષ્યની વાસ્તવિક પ્રગતિ કેવી રીતે શક્ય છે ?'
  ઉ.: ''જ્યારે માણસ પોતાની ઉચ્ચ સમજણ અને શ્રેષ્ઠ વિચારોને પોતાની રોજિંદી જાગૃત જિંદગીમાં સાચા અર્થમાં ઉતારે છે, ત્યારે જ તેની સાચી પ્રગતિ શરૂ થાય છે.''
  **- જીવનની સહજતાનો માર્ગ ચીંધનાર ચીનના મહાન દાર્શનિક લોઓત્સુ**

સંકલન : russhabhshahgs@gmail.com




## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદના ગામ મોજે વિરોચનનગરની સીમના (એ) બ્લોક નંબર-૨૦૪૦ ની ૧૩૮૬૧ ચોરસમીટર બિનખેતીની જમીનનો સીટી સર્વે રેકર્ડમાં સમાવેશ થતા તેને સીટી સર્વે વોર્ડ-વિરોચનનગર (બિનખેતી) ના શીટ નંબર-NA૯૯ અન્વયે ફાળવવામાં આવેલ સીટી સર્વે નંબર-NA૨૦૪૦ ની ૧૩૮૬૧ ચોરસમીટર બિનખેતીની જમીન (બી) બ્લોક નંબર-૨૦૪૨ ની ૧૫૨૭૭ ચોરસમીટર બિનખેતીની જમીન (સી) બ્લોક નંબર-૨૦૪૮ ની ૪૨૩૯૧ ચોરસમીટર બિનખેતીની જમીન (ડી) બ્લોક નંબર-૨૦૪૯ ની ૬૩૭૩૮ ચોરસમીટર બિનખેતીની જમીન તથા (ઇ) બ્લોક નંબર-૨૦૫૮/અ ની ૨૮૬૩૧ ચોરસમીટર બિનખેતીની જમીન એમ (એ) થી (ઇ) ની મળીને કુલ્લે ૧૬૩૮૯૮ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન (૧) મફતભાઇ ભગવાનદાસ પટેલ (૨) શંકરભાઇ દેવચંદદાસ પટેલ (૩) મહેન્દ્રભાઇ હીરાભાઇ પટેલ (૪) સોમાભાઇ દેવચંદદાસ પટેલ (૫) ગીરીશભાઇ જોઇતારામ પટેલ (૬) સુરેશભાઇ હીરાભાઇ પટેલ (૭) સેંધાભાઇ શિવરામ પટેલ (૮) નરસિંહભાઇ દેવચંદદાસ પટેલ (૯) જગદીશભાઇ દેવચંદદાસ પટેલ (૧૦) અરવિંદભાઇ હીરાભાઇ પટેલ (૧૧) સંદીપકુમાર રમેશભાઇ તથા (૧૨) ભાવિકકુમાર રમેશભાઇએ તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૪૧૭
તારીખ : ૨૬-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**

ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

## વાત વાતમાં

# ભણેલું શું કામ આવે ?

ગુજરાત સરકાર પોતાની સરકારી સ્કુલોની ઈજ્જત બચાવવા માટે જાતજાતના નિયમો બહાર પાડે છે ! પણ અમે તો કહીએ છીએ કે મોંઘી સ્કૂલોમાં ભણેલી 'જેન-ઝિ'ને તમે પૂછી જોજો... એમને વળી શું ભણેલું કામ આવી રહ્યું છે ? દાખલા તરીકે...

***

જેન-ઝિ ને પૂછો કે...
જો વેફરના હવા ભરેલા ૨૦ ગ્રામના પેકેટની અંદરથી જે ૨૦ ચિપ્સ નીકળે છે એના જો ૨૦ રૂપિયા થતા હોય તો બટાકાનો કિલોનો ભાવ શું થયો ?

***

જેન-ઝિ ને પૂછો કે...
તમે જ્યોગ્રાફીમાં નોર્થ-ઈસ્ટ, વેસ્ટ-સાઉથ વગેરે ભણ્યા છો... છતાં કોઈ ઠેકાણે પહોંચવું હોય તો મોબાઈલમાં 'લોકેશન' મંગાવ્યા સિવાય કેમ પહોંચી શકતા નથી ?

***

જેન ઝિ ને પૂછો કે...
જો તમે ફિઝિક્સમાં ભણ્યા છો કે ૧ લિટર આઈસક્રીમ એ પ્રવાહીનું નહીં પણ ઘનતાનું નામ છે... તો ભૂલથી એ આઈસક્રીમનું બોક્સ ફ્રિઝમાં મુકવાનું ભૂલી ગયા હો...
તો અડધા કલાક પછી એનું કદ અડધા લિટરનું કેમ થઈ જાય છે ?

***

જેન-ઝિ ને પૂછો કે...
છેક ૧૦ ધોરણ સુધી તમે 'સિવિક સાયન્સ' ભણો છો છતાં જ્યારે પણ કોઈ ઈલેક્શન આવે છે ત્યારે બોઘાની માફક એમ કેમ પૂછો છો કે 'આ વળી શેની ચૂંટણીઓ આવી ?'

***

જેન-ઝિ ને પૂછો કે...
જ્યોમેટ્રીમાં તમે 'સરફેસ એરિયા' વિશે સ્કવેર ફીટ, સ્કવેર મીટર, સ્કવેર યાર્ડ વગેરે ભણી ગયા હો છતાં કોઈ ફ્લેટ બુક કરાવતી વખતે તમને 'બિલ્ટ-અપ એરિયા'માં કંઈ ટપ્પી પડતી નથી ?

***

જેન-ઝિ ને પૂછો કે....
છેક ફિફ્થ સ્ટાન્ડર્ડથી તમે કોમ્પ્યુટર એજ્યુકેશન લીધું છે, છતાં નવું લેપટોપ લેવાનું હોય તો છોકરીઓ કેમ એવું પૂછે છે કે 'કયું લઉં ? યલો કલરનું, કે પિન્ક કલરનું ?'

***

જેન-ઝિ ને પૂછો કે...
૧૨ વરસ સ્કુલમાં અને ૪ વરસ કોલેજમાં તમે 'લખતાં અને વાંચતાં' શીખ્યા છો, તો તમને ન્યુઝ પેપર કેમ નથી વાંચી શકતા ?
બોલો.

**- મન્નુ શેખચલ્લી**

## જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૨૬/૧૦/૨૦૨૬,સોમવાર

આજથી શરૂ થઇ રહેલું આપનું જન્મવર્ષ પ્રતિકૂળ રહે.
**આરોગ્ય સુખાકારી :** આરોગ્ય સુખાકારીની દ્રષ્ટિએ આપે ધ્યાન રાખવું પડે. જૂની બીમારી, વારસાગત બીમારી વધી ન જાય તેની તકેદારી રાખવી પડે. છાતીમાં દર્દ-પીડા, શ્વાસ લેવામાં તકલીફ, ગભરામણ જેવું જણાય.
**નોકરી ધંધો :** નોકરી ધંધાકીય દ્રષ્ટિએ વર્ષ દરમ્યાન આપે સંભાળવું પડે. આપના કાર્યમાં રૂકાવટ મુશ્કેલીનો અનુભવ થાય. કોર્ટ કચેરીના ચક્કરમાં ફસાઈ ન જાવ તેની તકેદારી આપે રાખવી પડે.
**સ્ત્રીવર્ગ :** સ્ત્રીવર્ગને વર્ષ દરમ્યાન ઘર-પરિવારની ચિંતા રહે. નોકરી વ્યવસાય કરનારી મહિલાઓની મુશ્કેલીમાં વધારો થાય. બન્ને જવાબદારીઓ સંભાળવામાં તકલીફ પડે. આપના સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખવું પડે.

## આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

**મેષ :** આપના ગણત્રી ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ રહે. મિલન-મુલાકાતમાં સાનુકુળતા રહે.

**વૃષભ :** આપને રાજકીય સરકારી કામમાં ખાતાકીય કામમાં મુશ્કેલી અનુભવાય. વાહન ચલાવવામાં સાવધાની રાખવી.

**મિથુન :** આપના કામમાં આકસ્મિક સાનુકુળતા મળી રહેતાં કામનો ઝડપી ઉકેલ લાવી શકો. ધર્મકાર્ય શુભકાર્ય થાય.

**કર્ક :** દિવસની શરૂઆતથી જ આપે સતત કોઇને કોઇ કામમાં વ્યસ્ત રહેવું પડે. જમીન-મકાન વાહનના કામ થાય.

**સિંહ :** કોર્ટ કચેરીના કામકાજમાં આપને રૂકાવટ મુશ્કેલી જણાય. રાજકીય સરકારી કામકાજ અંગે મુલાકાત થઇ શકે.

**કન્યા :** આપે તન-મન-ધનથી વાહનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. કામકાજમાં પ્રતિકૂળતા રહે.

**તુલા :** આપના અગત્યના કામનો ઉકેલ આવતો જાય. આપને રાહત થતી જાય. મહત્ત્વના નિર્ણય લેવામાં સરળતા રહે.

**વૃશ્ચિક :** આપના કામમાં હરિફવર્ગ ઈર્ષ્યા કરનાર વર્ગની મુશ્કેલી અનુભવાય. કોર્ટ કચેરીના કામ અંગે વ્યસ્તતા રહે.

**ધન :** આપના રૂકાવટ વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે ધીરે ઉકેલ આવતો જાય. સંતાનની ચિંતા અનુભવાય.

**મકર :** આપને કામમાં પ્રતિકૂળતા જણાય. જમીન-મકાન-વાહનના કામમાં સાવધાની રાખવી પડે. ઘર-પરિવારની ચિંતા જણાય.

**કુંભ :** આપના યશ-પદ ધનમાં વધારો થાય તેવી કાર્યરચના થવાથી આનંદ રહે. બઢતી બદલીના કામ થઇ શકે.

**મીન :** આપના કામમાં સાનુકૂળતા રહે. ધંધામાં આવક જણાય. સામાજિક વ્યવહારિક કામ અંગે વ્યસ્તતા અનુભવાય.

## ગુજરાત સમાચાર સુડોકુ

ક્રમ નં. ૬૨૮૮
૨૬ઓક્ટોબર, ૨૦૨૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | | | | | ૩ | |
| ૬ | | ૪ | | | | ૭ | | ૫ |
| | | ૯ | ૬ | | ૨ | ૮ | | |
| | ૧ | | ૫ | | ૯ | | ૮ | |
| | | ૫ | ૮ | | ૪ | ૩ | | |
| | ૪ | | ૭ | | ૬ | | ૧ | |
| | | ૮ | ૯ | | ૧ | ૪ | | |
| ૪ | | ૧ | | | | ૨ | | ૭ |
| | ૭ | | | | | | ૯ | |

**સુડોકુના નિયમો**

(૧) ૧ થી ૯ સુધીના જ અંકનો ઉપયોગ કરવો.
(૨) દરેક ખાનામાં એકજ અંકનો ઉપયોગ કરવો.
(૩) આડી અને ઊભી હરોળમાં અંકનો ઉપયોગ માત્ર એકજ વાર કરવો.
(૪) ૩X૩ = ૯ ખાનામાં ૧ થી ૯ અંકનો ઉપયોગ કરવો અને દરેક અંકનો માત્ર એક જ વાર ઉપયોગ કરવો.
(કર્તા : યોગેશ શુક્લ)

## આજનુ પંચાંગ

તા.૨૬/૧૦/૨૦૨૬,સોમવાર



### ડાકોરનો મેળો

**દિવસના ચોઘડિયા :** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિના ચોઘડિયા :** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**અમદાવાદ સૂર્યોદય :** ૬ ક. ૪૩ મિ. સૂર્યાસ્ત : ૧૮ ક. ૦૪ મિ.
**નવકારસી સમય :** (અ) ૭ ક. ૩૧મિ.
**જન્મરાશિ :** આજે જન્મેલા બાળકની મેષ (અ.લ.ઇ.) રાશિ આવશે.
**નક્ષત્ર :** અશ્વિની ૧૭ ક. ૪૨ મિ. સુધી પછી ભરણી
**ગોચર ગ્રહ :** સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-તુલા, ગુરૂ-કર્ક, શુક્ર-તુલા, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-મેષ
હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન, પ્લુટો-મકર રાહુકાળ ૭.૩૦ થી ૯.૦૦ (દ.ભા.)
**વિક્રમ સંવત :** ૨૦૮૨ પિંગલ સંવત્સર શાકે : ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત : ૨૫૫૨
દક્ષિણાયન હેમંત ઋતુ રાષ્ટ્રીય દિનાંક : કાર્તિક ૪ વ્રજમાસ : અશ્વિન-૩૦
**માસ-તિથિ-વાર :** આસો સુદ પૂનમ
- કાર્તિક સ્નાનારંભ
- ડાકોરનો મેળો
- આયંબિલ ઓળી સમાપ્ત
- વાલ્મિકી જયંતી
- જ્યેષ્ઠાપત્ય નિરાંજન

**મુસલમાની હિજરીસન :** ૧૪૪૮ જમાદીઉલઅવ્વલ માસનો ૧૪મો રોજ
**પારસી શહેનશાહી વર્ષ :** ૧૩૯૬ ખોરદાદ માસનો ૧૩મો રોજ તીર

## કાકુરો

3814 | ૨૬ ઓક્ટોબર,૨૦૨૬



**નિયમો :** 7 x 7=49 ખાનાની આ સરવાળાની રમત છે. રાખોડી અથવા સફેદ રંગની ઉપરના ભાગમાં લખેલ અંક આડી હરોળ ગણાશે જ્યારે નીચેના ભાગમાં લખેલ અંક ઉભી હરોળ ગણાશે. રમતમાં માત્ર ૧ થી ૯ સુધીના અંકનો જ ઉપયોગ કરવાનો છે. આડી કે ઉભી હરોળમાં કોઈપણ અંક પુનરાવર્તિત થવો જોઈએ નહિં. રમત પુરી કરવા માટે આપ એ માત્ર સફેદ ખાનામાં અંક મુકવાનો રહેશે.

**-ભાવના શુક્લ**



## એરાઉન્ડ ધ વર્ડ્સ

- રીટા શાહ



**આડી ચાવી**

૧. ..... ફેરવવી, બોલીને ફરી જવું (૩)
૨. સ્ટેચ્યુ ઑફ ..... (૩)
૪. વ્યાજનો ..... કેટલો છે ? (૨)
૫. ..... નંદજીના લાલ રાસ રમતા મારી નથણી ખોવાણી (૩)
૭. આયુર્વેદના મહાન વૈદક શાસ્ત્રી (૩)
૯. એક રાશિ (૨)
૧૧. વા ..... લઈ જાય (૨)
૧૩. તપસ્યા (૨)
૧૫. ..... કરવા ગયો ને વહુ ભૂલીને આવ્યો (૨)
૧૬. ..... તેવી અસર (૩)
૧૭. મીઠું પકવવાની ક્યારી (૩)
૧૮. મોટી લડાઈ, યુદ્ધ (૨)
૧૯. સો, ૧૦૦ (૨)
૨૧. ..... કહે તે હા ને બાપ પરણે તે મા (૨)
૨૪. ..... સહુ સ્વાર્થના (૨)
૨૬. આંખને છાવરી લેતું પડ (૩)
૨૭. સોના કે ચાંદીની પાટ (૩)
૨૮. બાળ ભાષામાં ઝભલું (૨)
૨૯. કાશ્મીરમાં ઊંચાઈ પર આવેલું એક શહેર (૩)
૩૦. નોકરીમાંથી નિવૃત્ત થયે મળતો બેઠો પગાર (૩)

**ઊભી ચાવી**

૧. બેડા ..... કરો મા (૨)
૩. નાકનું ટેરવું (૩)
૪. એક દિવસનું મહેનતાણું (૩)
૫. ..... કપાઈ જવું, આબરૂ જવી (૨)
૬. ગંજીફાના પત્તાંની એક રમત (૨)
૭. ભગવાને દાંત આપ્યા છે તો ..... તો આપશે જ ને (૩)
૮. લીન, આસક્ત (૨)
૧૦. નમેલું (૨)
૧૨. પ્રથમ મોગલ બાદશાહ (૩)
૧૪. ફૂલમાંની રજ (૩)
૧૫. ..... તૂટી પડવું, ઓચિંતી આપત્તિ આવવી (૩)
૧૬. દાવ આવે ત્યારે ..... મારવી (૩)
૧૮. ભલું થયું ભાંગી ..... સુખેથી ભજશું (૩)
૨૦. ન દેખાય એવી બારીક ફાટ (૨)
૨૧. ચીસ, મોટી બૂમ (૨)
૨૨. ઈશ્વરનું યહૂદી નામ (૩)
૨૩. રેલવેનું બોગદું (૩)
૨૫. ..... હોય તો ઘણાંય ગપ્પાં (૨)
૨૬. ..... પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ (૨)
૨૮. વર્ણ, રંગ (૨)

મુંબઈ-અમદાવાદમાં રહેતા વ્યાજખોરો સહિત છ લોકો વિરૂદ્ધ ફરિયાદ

# વેપારી પાસેથી રૂ. ૧૯.૩૯ કરોડ વસૂલ્યા બાદ પણ ગોંધી રાખી વધુ ૯ કરોડ માંગ્યા

અમદાવાદ,રવિવાર

ઉસ્માનપુરામાં રહેતા-નવરંગપુરામાં બિલ્ડિંગ મટીરિયલ-પ્રોપર્ટી લે-વેચનો વ્યવસાય કરતા પરિવારે અમદાવાદના બે બિલ્ડરોને મુંબઈમાં રહેતા રોહિત ચોવટિયા પાસેથી ૧૨ કરોડનું ધિરાણ અપાવ્યું હતું. જેમાં વ્યાજ સાથેની રકમ બિલ્ડરો ચુકવવાના હતા. પરંતુ, તે વ્યાજ ચુકવવામાં નિષ્ફળ ગયા હતા. જેથી રોહિત ચોવટિયા, ગોવિંદ વઘાસિયા અને ભરત પડીયા સહિતના લોકોએ ફરિયાદીના પતિ અને તેના પુત્રને મુંબઈમાં બોલાવીને ગોંધી રાખીને ૧૯.૩૯ કરોડની રકમ વસુલી હતી અને બાદમાં બીજા નવ કરોડની ખંડણી માંગી હતી. આ સમગ્ર મામલે આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા તપાસ શરૂ કરાઈ છે.

## ફરિયાદીએ રોહિત ચોવટિયા પાસેથી બિલ્ડરોને ૧૨ કરોડનું ધિરાણ અપાવ્યું બિલ્ડરોએ વ્યાજ ચુકવી નહીં શકતાં મધ્યસ્થી કરનારા ફસાયા

ઉસ્માનપુરામાં આવેલી પંચશીલ વીર રેસિડેન્સીમાં રહેતા હર્ષાબેન પોપટ તેમના પતિ ભરતભાઈ સાથે નવરંગપુરા સીજી રોડ પર ઓફિસ ધરાવીને બિલ્ડિંગ મટિરિયલ સપ્લાય અને પ્રોપર્ટી લેવડ દેવડનો વ્યવસાય કરે છે. જેથી અમદાવાદના અનેક બિલ્ડરોના સંપર્કમાં હતા. થોડા વર્ષ પહેલાં તેમના પરિચિત એવા સત્યમ ગ્રુપના વ્યોમેશભાઈ પટેલ અને એમ્બરલિન ગ્રુપના હનુભાઈ પટેલને નાણાંકીય જરૂરિયાત ઉભી થતા હર્ષાબેનના પરિચિત વ્યક્તિની મદદથી રોહિત ચોવટિયા (રહે. ઓમકાર મોન્ટે,કોકનીપાડા,મલાડ (ઈસ્ટ) મુંબઈ) સાથે ઓળખ કરાવી હતી. રોહિત ચોવટિયા ગુજરાતના બિલ્ડરોને આગળથી વ્યાજે નાણાં લાવીને તેનું કમિશન કાપીને ધિરાણનું કામ કરતો હતો. રોહિત ચોવટિયાએ હર્ષાબેન અને તેમના પતિને વચ્ચે રાખીને નાણાં ધિરાણ પર આપવાનું કહ્યું હતું. અને તેણે ત્રણ વર્ષની સમય મર્યાદામાં વ્યોમેશભાઈ પટેલને છ કરોડ અને એમ્બરલિન ગ્રુપના હનુભાઈ પટેલને પાંચ કરોડ રૂપિયા આપ્યા હતા. જેની સિક્યોરીટી પેટે વિવિધ મિલકતોના બાનાખત અલગ અલગ લોકોના નામે કરી આપ્યા હતા. પરંતુ, મોટા પ્રોજેક્ટની લોન ચાલતી હોવાથી આર્થિક કારણસર બિલ્ડર વ્યાજ કે ધિરાણના રૂપિયા ચુકવી શક્યા નહોતા. જેથી તેમણે હર્ષાબેનના પતિ ભરતભાઈને વાત કરી હતી. જેમાં તેમણે ભરતભાઈને સાત કરોડ અને બે કરોડ વ્યાજ ચુકવી આપવા કહ્યું હતું. જેથી તેમણે બિલ્ડરોને કહેવાથી ધંધાકીય વિશ્વાસ રાખીને રોહિત ચોવટિયા, તેમના પરિચીત વ્યક્તિ, ગોવિંદ વઘાસિયા અને અન્ય તેમજ રોકડથી ૩.૭૬ કરોડની રકમ ચુકવી હતી. દુબઈનો ચાર કરોડનો ફ્લેટ અને અને કાર મળીને કુલ ૧૦ કરોડ રૂપિયા ચુકવી આપ્યા હતા.

આટલા નાણાં વસુલ્યા બાદ ભરતભાઈ અને તેમના પુત્રને મુંબઈ બોલાવીને હોટલમાં ગોંધી રાખીને ધમકી આપી હતી. તેમજ એકવાર બોપલમાં બોલાવીને ધમકી આપી હતી. આ પછી બોપલમાં ભરતભાઈને બોલાવીને ગોંધી રાખ્યા હતા. જેથી તેમના મિત્રોએ ત્યાં જઈને સ્થાનિક લોકોની મદદથી ભરતભાઈને છોડાવ્યા હતા. આમ, તેમની પાસે કુલ ૧૯ કરોડ ઉપરાંતની રકમ વસુલીને બાકીના નવ કરોડની માંગણી ચાલુ રાખી હતી. આ મામલે આર્થિક ગુના નિવારણ શાખાએ રોહિત ચોવટિયા (રહે. મુંબઈ), ગોવિંદ વઘાસિયા (રહે.માધવ એપાર્ટમેન્ટ, બોપલ), ભરત પડીયા(રહે. આમંત્રણ બંગ્લોઝ, ઘુમા), દર્શના પડીયા (રહે, બોપલ), હેના રોહિત ચોવટિયા (રહે. મુંબઈ) અને કાજલ વઘાસિયા વિરૂદ્ધ ગુનો નોંધીને સમગ્ર મામલે પુરાવા તેમજ તથ્યોને આધારે તપાસ શરૂ કરી છે.

## ગામની સીમમાં ગીરના રાજાની શાહી લટાર



ઉનાના સુલતાનપુરની સીમમાં સમી સાંજે ખેતરના રસ્તે નિર્ભયપણે ચાલતા સિંહનો અનોખો અંદાજ કેમેરામાં કેદ થયો હતો. સ્થાનિક ખેડૂતો સાથે વનરાજનો મિત્રતાપૂર્ણ સ્વભાવ વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

શોષણ અને દમન સામે ગાર્ડ અને ફોરેસ્ટરો લડી લેવાના મૂડમાં

# આજે સિંહોનાં પૂનમ અવલોકન પર વનકર્મીઓનાં આંદોલનનો ઓછાયો

જૂનાગઢ, રવિવાર

ગુજરાત રાજ્ય વન રક્ષક કર્મચારી મંડળના નેજા હેઠળ રાજ્યભરના વનરક્ષક (ગાર્ડ) અને વનપાલ (ફોરેસ્ટર) કર્મચારીઓએ લાંબા સમયથી પડતર પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર સામે આરપારની લડાઈ આદરી છે. અવારનવાર રજૂઆતો કરવા છતાં કોઈ જ સંતોષકારક પગલાં ન લેવાતા વનકર્મીઓ ભારે રોષે ભરાયા છે અને ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનનું શસ્ત્ર ઉગામ્યું છે. ગાર્ડ, ફોરેસ્ટર તેના સત્તાવાર વોટ્સએપ ગ્રુપમાંથી નીકળી ગયા છે અને દર માસે યોજાતા સિંહોનાં પૂનમ અવલોકન પર મોટી અસર થવાની છે.

## આજે રાતથી માસ સીએલ, ૨૮થી અનિશ્ચિત મુદતની હડતાલઃ આંદોલન તોડવા પોલીસ દ્વારા પ્રયાસ થતા હોવાના આક્ષેપ

વન વિભાગ દ્વારા દર મહિને પૂનમના દિવસે સિંહોની ગણતરી કરવામાં આવે છે. આ કામગીરીને પૂનમ અવલોકન કહેવામાં આવે છે. આ વખતે તા.૨૬ના પૂનમ અવલોકન જાહેર કરવામાં આવ્યું છે. પૂનમ અવલોકન જે દિવસે હોય તે દિવસે સવારે ૭થી ૯ અને સાંજથી મોડી રાત સુધી ચાલે છે. આ વખતે તા.૨૬ના સવારના પૂનમ અવલોકન થશે, બાદમાં રાત્રીના ૧૨ વાગ્યે વનકર્મીઓ માસ સીએલ પર ઉતરી જવાના હોવાથી રાત્રીની પૂનમ અવલોકનની કામગીરી ઠપ્પ થઈ જશે. તા. ૨૬ની રાત્રીએ જ માસ સીએલ પર ઉતરવાના કારણે દર મહિને યોજાતી મહત્વપૂર્ણ પૂનમ અવલોકનની વન વિભાગીય કામગીરી ઉપર મોટી અને વિપરીત અસર પડવાની પૂરી સંભાવના છે. તા.૨૭ની માસ સીએલ યથાવત રહેશે. ૨૮થી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરવા કર્મચારીઓ મક્કમ છે. આ આંદોલનને દબાવી દેવા માટે પોલીસતંત્ર દ્વારા વન કર્મચારીઓ પર માનસિક દબાણ લાવવાના અને ધમકીઓ આપવાના પ્રયાસ થતા હોવાના ગંભીર આક્ષેપો ઉઠી રહ્યા છે.

### પગાર વિસંગતતાથી લઈને સિક્યુરિટી એલાઉન્સઃ વન કર્મચારીઓની પાંચ મુખ્ય માંગણીઓ

* વનરક્ષક તથા વનપાલ કર્મચારીઓની જોખમી ફરજોને ધ્યાને રાખીને સુરક્ષા અને સિક્યુરિટી એલાઉન્સ આપવામાં આવે. * રજાના દિવસે બજાવવામાં આવતી ફરજ વાર્ષિક ૪૮ દિવસના બદલે પૂરેપૂરી આપવામાં આવે તથા રજા પગારનું ચૂકવણું પોલીસ વિભાગના ધોરણો મુજબ કરવામાં આવે. * વર્ગ-૪ના રોજમદારોને મળેલા રૂ.૧૯૦૦ ગ્રેડ-પેની સરખામણીએ વર્ગ-૩ વનરક્ષકોના પગારમાં રહેલી ગંભીર વિસંગતતા દૂર કરી યોગ્ય વેતન સુધારો આપવા ઉચ્ચ કક્ષાની સમિતિ રચી સમીક્ષા કરવી. * વનપાલની બંધ કરવામાં આવેલી જગ્યાઓનું મહેકમ પુનઃ ચાલુ કરી, રાઉન્ડ, બીટ તથા રેન્જનું વિસ્તરણ કરી નવી જગ્યાઓ ઊભી કરવી તેમજ રેન્જ ફોરેસ્ટ ઓફિસર સંવર્ગમાં અનુભવી વનપાલોને બઢતી માટેનો રેશિયો ૧:૫ કરવો. * વનરક્ષક અને વનપાલ કર્મચારીઓની લાંબા સમયથી પેન્ડિંગ રહેલી બદલીના પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવવું.

વિદ્યાર્થીઓની ફરિયાદ સાંભળવા માટે

# ગુજરાત યુનિ.માં હાલ લોકાયુક્ત જ નથીઃ હવે કમિટી દ્વારા નિમણૂંક

અદાવાદ,રવિવાર

યુજીસી દ્વારા ૨૦૧૮માં યુનિ.ઓમાં વિદ્યાર્થીઓની ફરિયાદોના નિવારણ માટે રેગ્યુલેશન્સ જાહેર કરવામા આવ્યા હતા.જેમાં ફરજીયાત તમામ યુનિ.ઓને લોકાયુક્ત એટલે કે ઓમ્બડસપર્સન(લોકપાલ)ની નિમણૂંક કરવાનો આદેશ કરાયો હતો.જેને પગલે ગુજરાત યુનિ.એ પણ ત્રણ વર્ષ પહેલા લોકાયુક્તની નિમણૂંક કરી હતી.પરંતુ જેઓની ટર્મ પુરી થયાને ૧ મહિનાથી વધુ સમય થઈ ગયો છે ત્યારે હવે નવા લોકાયુક્તની નિમણૂંક સર્ચ કમ સીલેકશન કમિટીના આધારે કરાશે.

## યુનિ.માં લોકાયુક્ત નિમણૂંક કાગળ પર ? અગાઉ ૩ વર્ષમાં એક પણ નિર્ણાયક કેસ નહીં

ગુજરાત યુનિ.માં અગાઉ લોકાયુક્તની નિમણૂંકસીધી કરવામા આવી હતી અને જેમાં યુનિ.ના જ એક પૂર્વ સીનિયર પ્રોફેસરને લોકપાલ તરીકે અપોઈન્ટ કરવામા આવ્યા હતા.જેઓની ત્રણ વર્ષની ટર્મ પુરી થઈ ગઈ છે. જેને એક મહિનાથી વધુ સમય થઈ ગયો છે.પરંતુ હવે નવી નિમણૂંક સીધી નહીં કરવામા આવે. યુજીસીના રેગ્યુલેશન્સમાં લોકાયુક્ત કે લોકપાલની નિમણૂંક માટે કમિટીની જોગવાઈ કરાઈ છે.જેમાં રાજ્યપાલના નોમીની ચેરપર્સન હોય છે. ઉપરાંત કોઈ પણ યુનિ.ના કુલપતિ મેમ્બર હોય છે અને જે સરકાર દ્વારા નિમાય છે.જે યુનિ.માટે લોકપાલ નિમવાના હોય તે યુનિ.ના કુલપતિ પણ મેમ્બર હોય છે અને જે તે યુનિ.ના રજિસ્ટ્રાર પણ નોન વોટિંગ મેમ્બર હોયછે.

આમ આ સર્ચ કમ સીલેકશન કમિટીના આધારે હવે ગુજરાત યુનિ.દ્વારા આગામી નવા લોકપાલ નિમાશે.જો કે તેમાં ઘણો વિલંબ થઈ શકે છે.જો કે બીજી બાજુ એવી પણ ચર્ચા છે કે લોકાયુક્તની નિમણૂંક માત્ર કાગળ પજ રહે છે.કારણકે ગુજરાત યુનિ.માં અગાઉ નિમાયેલા લોકાયુક્તની ત્રણ વર્ષની ટર્મમાં બેથીત્રણ જ બેઠક થઈ હતી અને એક પણ ગંભીર ફરિયાદ તેઓ સુધી પહોંચી ન હતી કે કોઈ નિર્ણાયક કેસ પણ આવ્યો ન હતો.યુજીસીના આદેશ મુજબ દરેક યુનિ.-કોલેજે સ્ટુડન્ટ રીડ્રેસલ કમિટી પણ નિમવાની હોયછે.

મેનેજમેન્ટ બેઠકો પર ઓફલાઈન પ્રવેશમાં

# ખાનગી પીટીસી કોલેજોમાં મોટું ડોનેશન લેવાતું હોવાની ફરિયાદ

અમદાવાદ,રવિવાર

પીટીસીમાં પ્રવેશ માટે ડિમાન્ડ વધતા ખાનગી કોલેજો દ્વારા ડોનેશનલ લેવાતુ હોવાની ગેરરીતિઓ વચ્ચે સરકારે આ વર્ષે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા તો કરી છે પરંતુ મેનેજમેન્ટ ક્વોટાની ૧૫ ટકા બેઠકો પર હજુ પણ ઓફલાઈન પ્રવેશ છે.જેથી કેટલીક ખાનગી કોલેજો મેનેજમેન્ટ ક્વોટાની બેઠકોમાં ૩થી૫ લાખ રૂપિયાનું ડોનેશન લેતી હોવાની પણ ફરિયાદો ઉઠી છે.બીજી બાજુ કેટલીક કોલેજો વિદ્યાર્થીઓને ઘર બેઠા પીટીસી કરાવવાની લાલચ આપીને પણ ૩થી૪ લાખ રૂપિયા ઉઘરાવતી હોવાની ફરિયાદ છે.

## કેટલીક કોલેજોમાં ઘરબેઠા પીટીસી કરાવવાના નામે પણ ૩થી૪ લાખ વિદ્યાર્થી પાસેથી લેવાય છે

ગુજરાતમાં એક સમયે પીટીસીમાં ૪૦૦થી વધુ કોલેજો હતી પરંતુ પીટીસીમાં વિદ્યાર્થીઓ ઘટતા અનેક કોલેજો બંધ થઈ હતી.પરંતુ બે વર્ષ પહેલા સરકારે પીટીસીના આધારે પ્રાથમિક સ્કૂલોમાં મોટા પાયે ભરતીની જાહેરાત કરતા પીટીસીની ડિમાન્ડ ફરી વધી છે.સરકાર દ્વારા વિદ્યાર્થીઓ ઘટતા અગાઉ ત્રણ વર્ષ સુધી ઓફલાઈન પ્રવેશ કરાયા હતા.ગત વર્ષે પણ ઓફલાઈન પ્રવેશ થયા હતા અને કેટલીક ખાનગી કોલેજોએ ડોનેશનલ લઈને પ્રવેશ આપ્યાની ફરિયાદો ઉઠી હતી.ત્યારબાદ આ વર્ષે સરકારે ઓનલાઈન કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી છે.

જેમાં ખાનગી કોલેજોની ૧૫ ટકા મેનેજમેન્ટ સીટોને બાદ કરતા તમામ બેઠકો માટે ઓનલાઈન ચોઈસ ફિલિંગ અને ઓનલાઈન પ્રવેશ ફાળવણી થઈ રહ્યા છે.પરંતુ ૧૫ ટકા જેટલી ૨૦૦૦થી વધુ મેનેજમેન્ટ સીટોમાં હજુ પણ ઓફલાઈન પ્રવેશ હોઈ કેટલીક ખાનગી કોલેજો હજુ પણ આ બેઠકોમાં પ્રવેશ માટે ૩થી૫ લાખ ડોનેશનલ લઈ રહી છે.ખાનગી કોલેજો ઓફલાઈન પ્રવેશમાં રૂબરૂ ફોર્મ ભરાવી રહી છે અને જેમાં ૨૪મી સુધી કોલેજો ખાતે ફોર્મ ભરાયા હતા.આવતીકાલે ફોર્મ ફી ભરવાનો છેલ્લો દિવસ છે.૨૭થી૨૮મી સુધી મેનેજમેન્ટ ક્વોટાના પ્રવેશની ચકાસણી થશે.

જ્યારે બીજી બાજુ એવી પણ ફરિયાદ ઉઠી છે કે કેટલીક ખાનગી કોલેજો ઘરબેઠા પીટીસી કરાવવાના નામે ૩થી૪ લાખ રૂપિયા લે છે.જેમાં પ્રાયોગિક પાઠો,પ્રાયોગિક કાર્યો,વર્ગ હાજરી,ઈન્ટર્નશિપ વગેરેની કોલેજોમાં આવ્યા વિના ગોઠવણ કરાય છે.ઈન્ટર્નલ ગુણ પણ આપી દેવાની લાલચ આપીને ૩થી૪ લાખ રૂપિયાનું ડોનેશનલ લેવાય છે.ડીઈઓ કચેરીઓ દ્વારા માત્ર કોલેજોમાં સ્થળ તપાસનું નાટક ચલાવાઈ રહ્યાની પણ ચર્ચા છે.

### બે રાઉન્ડમાં ૩૩૮૭ વિદ્યાર્થીએ મળેલો પ્રવેશ જતો કર્યોઃ હજુ ૩૫૪૭ બેઠક ખાલી

પીટીસીમાં કુલ ૨૧૧ કોલેજોની ૧૬૮૦૦થી વધુ બેઠકો માટે અત્યાર સુધીમાં બે ઓનલાઈન રાઉન્ડ થઈ ચુક્યા છે.બે રાઉન્ડના અંતે ૩૫૪૭ બેઠકો હજુ ખાલી છે.અગાઉ બે રાઉન્ડમાં ૩૩૮૭ વિદ્યાર્થીએ પ્રવેશ મળવા છતાં કોલેજ ખાતે જઈને કન્ફર્મ કરાવ્યો નથી.જ્યારે ન ફાળવાયેલી હોય તેવી ૧૬૦ બેઠકો છે.હવે આ કુલ ૩૫૪૭ બેઠકો માટે ત્રીજો રાઉન્ડ શરૂ થશે.આવતીકાલે ૨૬મીએ વિદ્યાર્થીઓને ઓનલાઈન સબમિટ થયેલા ફોર્મમાં પ્રવાહ-માધ્યમ સહિતના સુધારા માટેની તક અપાઈ છે.ગાંધીનગર કચેરીમાં રૂબરૂ જઈ અરજી આપવાની રહેશે.

## ટાટ હાયર સેકન્ડરી પરિણામ દિવાળી પહેલા જાહેર કરાશે

અમદાવાદ,રવિવાર

રાજ્યની ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ધો.૧૧-૧૨માં શિક્ષક બનવા માટેની ટાટ હાયર સેકન્ડરીની મેઈન પરીક્ષાનું પરિણામ હજુ બાકી છે ત્યારે દિવાળી પહેલા પરિણામ જાહેર થાય તેવી શક્યતા છે.

કોંગ્રેસ દ્વારા જ્યાં પરિણામને લઈને ઉમેદવારની ભરતીમાં વિલંબની ફરિયાદ ઉઠાવાઈ છે ત્યારે રાજ્ય પરીક્ષા બોર્ડનું કહેવુ છે કે આ પરીક્ષા ડિસ્ક્રિપ્ટિવ હોય છે અને ૫૦ હજારથી વધુ ઉમેદવારોના પરિણામની ચકાસણીમાં વિલંબ થાય છે. પરંતુ હાલ મોટા ભાગની તૈયારી થઈ ચુકી છે અને ૮થી૧૦ દિવસમાં પરિણામ જાહેર કરવામા આવી શકે છે.

શિક્ષણ વિભાગના પોર્ટલમાં નોંધાયેલા

# આદિજાતિના ૪ લાખથી વધુ વિદ્યાર્થીનું સ્કોલરશિપ માટે રજિસ્ટ્રેશન જ બાકી

અમદાવાદ,રવિવાર

સ્કૂલોમાં ભણતા અનામત કેટેગરીના વિદ્યાર્થીઓને અપાતી પ્રી-મેટ્રિક સ્કોલરશિપમાં આદિજાતિના ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓની નોંધણી સરકારના ઓનલાઈન ચોપડે થઈ ચુકી છે પરંતુ સ્કોલરશિપ માટેના ડિજિટલ ગુજરાત પોર્ટલમાં હજુ સુધી રજિસ્ટ્રેશન થયુ નથી. ૨૦૨૬-૨૭ના વર્ષ માટે સ્કોલરશિપની પ્રક્રિયા શરૂ કરાઈ છે ત્યારે સ્કૂલોમાંથી પોર્ટલ પર સમયસર નોંધણી ન થતી હોવાથી આ પેન્ડિંગ અરજીઓનો નિકાલ કરવા માટે આદિજાતિ વિભાગ દ્વારા આદેશ કરાયો છે.જેના પગલે તમામ ડીઈઓ-ડીપીઈઓ અને શાસનાધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરવા પરિપત્ર કરવામા આવ્યો છે.

## આદિજાતિ વિભાગે તમામ ડીઈઓ-ડીપીઈઓ અને શાસનાધિકારીઓને પ્રક્રિયા પુરી કરાવવા આદેશ કર્યો

પ્રી-મેટ્રિક સ્કોલરશિપ યોજના અંતર્ગત સ્કૂલોમાં ધો.૧થી૧૦માં ભણતા આદિજાતિ વિદ્યાર્થીઓની નોંધણી જ ચાલુ વર્ષ માટે હજુ પેન્ડિંગ છે. આદિજાતિ વિકાસની કચેરી દ્વારા તમામ ડીઈઓ-ડીપીઈઓ અને શાસનાધિકારીઓને કરાયેલા પત્રમમાં જણાવવામા આવ્યુ ચે કે પ્રથમિક શિક્ષણ નિયામક કચેરીના પોર્ટલમાં અનુસૂચિત જન જાતિના નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી ૪.૧૦ લાખ વિદ્યાર્થીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર રજિસ્ટર્ડ જ થયા નથી. આ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવાની નિયમોનુસારની પાત્રતાની ચકાસણી કરી પાત્ર વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનો લાભ આપવા માટે પ્રક્રિયા પૂર્ણ કરવા સરકાર દ્વારા આદેશ કરાયો છે. જેથી તમામ ડીઈઓ ડીપીઈઓને અને શાસનાધિકારીઓને સ્કૂલ કક્ષાએ વિદ્યાર્થીઓની દરખાસ્ત ડિજિટલ ગુજરાત પોર્ટલ પર રજિસ્ટર કરાવીને આદિજાતિ વિકાસની જિલ્લા કચેરીઓમાં ઓનલાઈન મોકલી આપવા પરિપત્ર પણ કરવામા આવ્યો છે. ધો.૧થી૧૦માં અભ્યાસ કરતા એસટી કેટેગરીના વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા પ્રી-મેટ્રિક સ્કોલરશિપ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિ ચુકવાય છે. જ્યારે ધો.૯ અને ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ભારત સરકાર પ્રીમેટ્રિક સ્કોલરશિપ યોજનામાં ચુકવણી કરાય છે. શિષ્યવૃત્તિની મંજૂરી મળ્યા બાદ ચુકવણી સીધી બેંક ખાતામાં થાય છે. ધો.૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે ૨.૫૦ લાખ રૂપિયાની આવક મર્યાદા છે.જ્યારે કોલેજોમાં પણ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ અપાય છે અને જેમાં પણ અનેકવાર વિલંબ થતો હોય છે.

# ટાટા સન્સનો સેવા-સખાવતી વારસો બચાવવા નવસારીના પારસી અગ્રણીનો પીએમને પત્ર

નવસારી,રવિવાર

ટાટા સન્સના ૧૫૦ વર્ષના સખાવતી વારસો ભાવિ પેઢી માટે બચાવવા નવસારીના પારસી અગ્રણી અને રાષ્ટ્રીય લઘુમતી આયોગના પૂર્વ ઉપાધ્યક્ષે વડાપ્રધાનને એક પત્ર લખીને અપીલ કરી છે. આરબીઆઈ દ્વારા ટાટાસન્સને નોન બેન્કિંગ, ફાઈનાન્શિયલ અપરલેયર કેટેગરીમાં સમાવેશ કર્યો હતો અને શેરબજારમાં લીસ્ટીંગ કરવાના નિયમ બાબતે વિવાદ સર્જાયો છે.

## ટાટા સન્સના નોન બેન્કિંગ ફાઈનાન્સીયલ અપરલેયર કેટેગરીમાં સમાવેશથી ૩ વર્ષમાં શેરબજારમાં લિસ્ટેડ થવું ફરજિયાત, સખાવતી મોડેલ બદલાશે

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જે કંપની બેંક જેવું કામ કરે છે, લોન આપે, રોકાણ કરે પણ પૂર્ણ પણે બેંક તરીકે ગણાતી નથી તેવી કંપનીઓને નોન બેન્કીંગ ફાયનાન્શીયલ કંપની (N.B.F.C.)ઓને ત્રણ કેટેગરીમાં વહેંચી હતી. જેમાં દેશની ખૂબ મોટી અને મહત્વની કંપની (અપરલેયર) કેટેગરીમાં ટાટાસન્સ કંપનીને સામેલ કરી હતી. રૂ.૨ લાખ કરોડથી વધુની સંપત્તિ ધરાવતી આ કંપનીને નિયમો હેઠળ લાવીને તેણે ૩ વર્ષમાં શેરબજારમાં લિસ્ટેડ થવું ફરજિયાત બનાવાયું છે. જેથી કોઈપણ વ્યક્તિ તેમના હિસાબ જોઈ શકે અને આર.બી.આઈ.ની કડક નજર તેના પર રહેશે.

આ બાબતે ટાટાસન્સને મુક્ત રાખવા માટે કંપનીએ વિનંતી કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, ટાટા સન્સના લગભગ ૬૬ ટકા શેર ચેરીટેબલ ટ્રસ્ટો પાસે છે. આ શેરહોલ્ડીંગ ટાટા ફેમિલીના અંગત લાભ માટે નથી પણ સમાજની સેવા માટે છે. ટાટા ગ્રુપ ફક્ત બિઝનેસ હાઉસ નથી, તે રાષ્ટ્રના નિર્માણનો પાયો છે, શિક્ષણ, આરોગ્ય, વિજ્ઞાન અને સમાજ સેવામાં મોટું યોગદાન રહ્યું છે. સ્થાપકોના ઈરાદા અને જાહેર હિતનું નિયમ-કાનૂનમાં ફેરફાર વખતે ધ્યાન રાખવામાં આવે તેવી કરેલી વિનંતીને આરબીઆઈએ નકારી કાઢી હતી. આ મુદ્દા પર ટાટાસન્સ બોર્ડમાં બે મતો વ્યક્ત થયા હતા. જેમાં શેરબજારમાં કંપની લીસ્ટીંગ કરાશે તો ૧૫૦ વર્ષની સખાવતી મોડલ બદલાશે. જેની સખાવતના કામો પર અસર થશે એવો એક મત જ્યારે બીજો મત લીસ્ટીંગ કરવાનો રહ્યો હોવાનું કહેવાય છે.

આ પ્રકરણમાં રાષ્ટ્રીય લઘુમતી આયોગના પૂર્વ ઉપાધ્યક્ષ અને નવસારીની પારસી અગ્રણી કેરસી દેબુએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર પાઠવીને જણાવ્યું છે કે, ભારતને ટાટા પર વિશ્વાસ છે, તેમનો સેવાનો, સખાવતનો વારસો બચાવવાની અપીલ કરી છે.

નિકોલમાં ફ્લેટની ખરીદી કરનારાઓમાં ફફડાટ

# બિલ્ડરના ખોટા સોગંધનામા મામલે વધુ ગુના નોંધાવવાની શક્યતા

અમદાવાદ,રવિવાર

શહેરના નિકોલમાં આવેલી બે સર્વે નંબરની જમીન અંગે બિલ્ડર દ્વારા ખોટું સોગંધનામુ કરવાના મામલે નિકોલ પોલીસે તપાસ શરૂ કરી છે. ત્યારે આ જમીન પર બની ગયેલી એપાર્ટમેન્ટની સ્કીમને કારણે ફ્લેટની ખરીદી કરનારાઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

## બિલ્ડરે કરેલા ખોટા સોગંધનામાને કારણે જમીનનું બિન ખેતીનું પ્રમાણપત્ર હટી જવાની શક્યતા

ખાસ કરીને ખોટુ સોંગધનામુ કરવાને કારણે આ જમીનનું બિન ખેતીનું પ્રમાણપત્ર રદ થઈ શકે છે.

નિકોલમાં આવેલી સર્વે નંબર ૪૬૦ અને ૪૬૨-૧ની જમીનને લઈને બિલ્ડર નિતીન પ્રજાપતિએ કલેક્ટર કચેરીમાં ખોટુ સોગંધનામુ રજૂ કર્યું હતું. જે અંગે તપાસમાં ખુલાસો થતા સીટી ડેપ્યુટી કલેક્ટર રોનકભાઈ પટેલે નિકોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ત્યારે આ જમીન પર તૈયાર થયેલા એપાર્ટમેન્ટમાં ૭૦ ટકા ફ્લેટમાં લોકો રહેવા માટે આવી ગયા છે. ત્યારે પોલીસ તપાસમા બિલ્ડરે અન્ય પણ છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. જે અનુસંધાનમાં આગામી સમયમાં વધુ એક ફરિયાદ થઇ શકે તેમ છે.

સાથેસાથે ખોટા સોગંધનામા બાદ હવે કલેક્ટર દ્વારા આ જમીનને બિન ખેતીના દરજ્જામાંથી હટાવી દેવામાં આવે તેવી પણ શક્યતા છે. જેથી પોતાની મુડી આ સ્કીમમાં રોકીને મકાન લેનારાઓમાં પણ ફફડાટ જોવા મળી રહ્યો છે.

ઓઢવમાં અકસ્માત કરનારા સગીર સામે ગુનો નોંધ્યા બાદ

# આધેડના મોત કેસમાં સગીરને બુલેટ ચલાવવા આપનારા સામે ફરિયાદ

અમદાવાદ, રવિવાર

ઓઢવમાં સગીરના બુલેટરની ટક્કરથી આધેડનું મોત થયું હતું. આ કેસમાં જે તે સમયે પોલીસે સગીર સામે ગુનો નોધ્યા હતો અને તપાસ દરમિયાન સગીર પાસે ડ્રાઈવિંગ લાયસન્સ ન હોવા છતાં બુલેટ ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

નિકોલમાં રહેતા બાબુલાલ ભાદાણી તા.૩૦-૦૯-૨૬ના રોજ બપોરે એક્ટિવા ચલાવીને ઓઢવ હેન્ડલુમ ચાર રસ્તાથી પસાર થતા હતા. આ સમયે પૂરઝડપે આવી રહેલા ૧૭ વર્ષના સગીરના બુલેટની ટક્કરથી માથા સહિત શરીરે ગંભીર ઈજાથી સારવાર દરમિયાન તેમનુ મોત થયું હતું. આ બનાવમાં પોલીસે જે તે સમયે સગીર સામે ગુનો નોંધ્યો હતો અને તપાસ દરમિયાન સગીરને બુલેટ ચલાવવા આપવા બદલ નિકોલમાં રહેતા બુલેટના માલિક અમન ચૌહાણ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજા બનાવમાં જયેશકુમાર મકવાણા બાઈક લઈને નારોલ અપોલો સ્કૂલ પાસેથી પસાર થઈ રહ્યા હતા આ સમયે આઈસર ટ્રકની ટક્કરથી તેમને માથા સહિત શરીરે ગંભીર થઈ હતી તેમનું બેભાન હાલતમાં સારવાર દરમિયાન મોત થયું હતું.






### ચાર વર્ષથી પીછો કરાતાં ૨૫ દિવસથી ફોઈના ઘરે રહેતી

# લાચાર યુવતીનો રોમિયોના ત્રાસથી સાબરમતી નદી ઝંપલાવી આપઘાત

અમદાવાદ, રવિવાર

રોમિયોના ત્રાસથી લાચાર બનેલી મેઘાણીનગરમાં રહેતી યુવતીએ સાબરમતી નદીમાં પડી આપઘાત કર્યો છે. પરિચિત યુવક ચાર વર્ષથી પીછો કરીને ત્રાસ આપતો હોવાથી કંટાળીને યુવતી ૨૫ દિવસથી ગાંધીનગર વાવોલમાં ફોઇના ઘરે રહેતી હતી. 'તું મરવા પડી છે, જાતે જ મરી જા' તેમ કહી યુવક આપઘાત કરવા પ્રેરતો હોવાની યુવતીની સ્યુસાઈડ નોટ મળતાં સાબરમતી રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે ગુનો નોંધ્યો છે.

## 'તું મરવા પડી છે જાતે મરી જા, જીવવાનો કોઈ અધિકાર નથી' મેઘાણીનગરની યુવતીની સ્યૂસાઈડ નોટમાં ચોંકાવનારો ઉલ્લેખ

મેઘાણીનગરમાં રામેશ્વર, સચ્ચીદાનંદ સોસાયટીમાં રહેતા અને ચાંદલોડિયામાં ખાનગી કંપનીમાં નોકરી કરતા પિનાક બેન્કર (ઉ.વ.૨૧)એ સાબરમતી રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસ સ્ટશનમાં મેઘાણીનગરમાં છેલ્લા બસ સ્ટેન્ડ, બગીચા પાસે રહેતા હર્ષ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવી છે કે તેની બહેન દેવાંશી (ઉ.વ.૨૩) સાથે આરોપી ધોરણ ૧થી ૫માં સ્કૂલમાં અભ્યાસ કરતા હતો જેથી એકબીજાથી પરિચિત હતા. ચાર વર્ષ પહેલા તેમની બહેનને મેમ્કો પાસે અકસ્માત થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ સમયે આરોપીએ બહેનનો મોબાઈલ લઈને વોટ્સએપ સ્ટેટસ ઉપર આરોપીએ પોતાની સાથેનો ફોટો મૂકીને હેરાન કરતો હતો.

બે વર્ષ પહેલાં આરોપીએ મેઘાણીનગર સ્ટેન્ડ પાસે બહેન સાથે તકરાર કરી લાફો માર્યો હતો જો કે હવે પછી હેરાન નહી કરે તેવી પરિવારજનોએ ખાતરી આપતાં ફરિયાદ કરી ન હતી. એક વર્ષ અગાઉ આરોપીના ત્રાસથી કંટાળીને રિવરફ્રન્ટ ગઈ હતી ત્યારે સમજાવીને ઘરે પરત લાવ્યા હતા. આરોપી પીછો કરીને હેરાન કરતો હોવાથી ૨૫ દિવસથી ગાંધીનગરના વાવોલમાં ફઈના ઘરે રહેતી હતી. બીજીતરફ તા.૧૭-૧૦-૨૬ના રોજ ફોઈના ઘરેથી આવીને સાબરમતી નદીમાં ઝંપલાવીને આપઘાત કર્યો હતો.

## જાહેરમાં ગંદકી કરવા ફેલાવવા માટે પીએમ જ્વેલર્સ, માફિયા ટ્રેન્ડ સીલ

અમદાવાદ, રવિવાર

અમદાવાદ શહેરના ઉત્તર પશ્ચિમ ઝોનમાં મ્યુનિ. કોર્પોરેશને જાહેરમાં ગંદકી ફેલાવવા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશ બદલ ૧૩૦ સ્થળોની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૯૯ એકમોને નોટિસ ફટકારી રૂ.૯૭,૧૦૦ દંડ વસૂલ કરવામાં આવ્યો છે. જ્યારે વસ્ત્રાપુરમાં કેશવબાગ ક્રોસ રોડ સ્થિત પીએમ જ્વેલર્સ અને શોપ નં.૧૨ તેમજ બોડકદેવમાં કોર્પોરેટ હાઉસમાં લાલા પ્રેમાંનાદ સન્સ અને પ્રભુ કૂટિર કોમ્પલેક્સમાં માફિયા ટ્રેન્ડ લિ.ને જાહેરમાં ગંદકી ફેલાવવા બદલ સીલ કરાયા છે.

### કાગળ પરની લીલીછમ સરકારી નીતિ સામે ગ્રાઉન્ડ સર્વેનો ખુલાસો

# રાજ્યમાં આ વર્ષે મગફળી ઉત્પાદનમાં ૮.૫૮ લાખ ટનનાં ગાબડાંનો અંદાજ

જૂનાગઢ, રવિવાર

રાજ્ય સરકાર દ્વારા ચોમાસા દરમિયાન વિપુલ ઉત્પાદન અને સુકાળની કાગળ પર દર્શાવાતી રાહત વચ્ચે દેશની અગ્રણી ઓઈલ ઈન્ડસ્ટ્રી સંસ્થા 'ધી સોલવન્ટ એક્સટ્રેક્શન એસોસિએશન ઓફ ઈન્ડિયા' (સીઈએ)નો વાસ્તવિક ગ્રાઉન્ડ સર્વે કશુંક જુદું જ ચિત્ર ઉપસાવે છે. આ સંસ્થાના સૂત્રોનું કહેવું છે કે ચાલુ વર્ષે ૨૦૨૬-૨૭માં રાજ્યમાં મગફળીનું કુલ ઉત્પાદન ઘટીને ૩૩.૩૦ લાખ મેટ્રિક ટન રહેવાનો અંદાજ છે, જે ગત વર્ષના ૪૧.૮૮ લાખ મેટ્રિક ટન ઉત્પાદનની સરખામણીએ ૮.૫૮ લાખ મેટ્રિક ટન એટલે કે લગભગ ૨૦.૫ ટકાનો તોતિંગ ઘટાડો દર્શાવે છે.

## ખેતરો ખૂંદીને સર્વે કર્યા બાદ સીઈએની ટીમનો દાવોઃ સરેરાશ મગફળીનો દાણો ઝીણો, વજન ઓછું અને ઉતારો ઘટ્યો

સીઈએ નામની એનજીઓ દ્વારા છેલ્લાં ૧૬ વર્ષથી આ સર્વે કરવામાં આવે છે. સંસ્થા સાથે સંકળાયેલા પ્રવીણભાઈ આસોદરિયાએ સર્વેની પધ્ધતિ અંગે વિગતો આપતા જણાવ્યું કે, આ સર્વે કોઈ એરકન્ડિશન્ડ ઓફિસમાં બેસીને તૈયાર કરાયેલા સરકારી કાગળો જેવો નથી, ૨૦ અનુભવી સભ્યોની ટીમે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના તમામ પ્રદેશોમાં સઘન ભ્રમણ કર્યું હતું. ટીમે પ્રત્યક્ષ રીતે ખેડૂતોનાં ખેતરોમાં જઈ વાવેતરની જાળી માપી, વરસાદની તારીખો અને વાવણી પછી ખેંચાયેલા વરસાદનું આકલન કયુ હતું. ૨૦૦૦થી વધુ પ્રગતિશીલ ખેડૂતો, તેલ મિલરો, પ્રોસેસર્સ, દલાલો અને માર્કેટિંગ યાર્ડની ચાલુ હરાજીઓમાં જઈને સીધા તારણો મેળવવામાં આવ્યા છે.

સર્વેનું એવું પણ તારણ છે કે વરસાદ ખેંચાતા અને જમીનમાં ભેજ ન રહેતા મગફળીના દાણાનો ભરાવ થયો નથી. ગત વર્ષે પ્રતિ કિલો મગફળીમાંથી ૭૫૦ ગ્રામ દાણા નીકળતા હતા, જે આ વર્ષે ઘટીને ૭૦૦ ગ્રામથી પણ ઓછા રહી ગયા છે.

દેવભૂમિદ્વારકામાં ગત વર્ષે વીઘે ૧૭ મણનો સરેરાશ ઉતારો હતો તે ઘટીને આ વર્ષે માત્ર ૩ મણ પ્રતિ વીઘે આવી ગયો છે, જ્યારે પોરબંદરમાં પણ ઉતારો ૨૦ મણથી ઘટીને સાત મણ થયો છે.

ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન વરસાદમાં વિકટ વિષમતા રહી હતી. એક જ જિલ્લાના ચોક્કસ તાલુકામાં સારો વરસાદ થયો હોય તો બાજુનો તાલુકો કોરોધાકોડ રહ્યો છે. તેમ છતાં, વાસ્તવિકતા સ્વીકારીને અછત કે દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારો જાહેર કરવાને બદલે સરકાર આંખ આડા કાન કરી રહી હોવાનો આરોપ ઉઠ્યો છે. પિયતની સુવિધા ન ધરાવતા સામાન્ય ખેડૂતોના ખેતરોમાં મગફળીના છોડ સૂકાઈ ગયા છે કે ઉતારો સાવ તળિયે બેસી ગયો છે, તેમ છતાં સહાય અને દુષ્કાળ રાહતના લાભોથી ખેડૂતોને વંચિત રાખવાની સરકારી માનસિકતા છતી થઈ છે.

## ગુજરાતમાં મગફળીઃ ગત વર્ષ અને ચાલુ વર્ષના વાવેતર અને ઉત્પાદનની જિલ્લાવાર સ્થિતિ

| જિલ્લો | ૨૦૨૫-૨૬ વાવેતર (લાખ હે.) | ૨૦૨૫-૨૬ ઉત્પાદન (લાખ ટન) | ૨૦૨૬-૨૭ વાવેતર (લાખ હે.) | ૨૦૨૬-૨૭ ઉત્પાદન (લાખ ટન) | ૨૦૨૬-૨૭ સરેરાશ ઉતારો (મણ/વિઘે) |
|---|---|---|---|---|---|
| અમરેલી | ૨.૫૦ | ૨.૮૧ | ૨.૨૫ | ૩.૩૮ | ૧૨ |
| ભાવનગર | ૧.૧૬ | ૧.૮૧ | ૧.૧૪ | ૨.૦૦ | ૧૪ |
| જામનગર | ૨.૨૫ | ૫.૬૩ | ૨.૧૭ | ૩.૨૬ | ૧૨ |
| દ્વારકા | ૨.૧૭ | ૪.૬૧ | ૧.૮૯ | ૦.૭૧ | ૩ |
| જૂનાગઢ | ૨.૨૨ | ૪.૪૪ | ૨.૩૦ | ૫.૩૨ | ૧૮.૫૦ |
| ગીર-સોમનાથ | ૦.૯૧ | ૧.૫૯ | ૦.૯૨ | ૨.૪૦ | ૨૧ |
| પોરબંદર | ૦.૮૫ | ૨.૧૩ | ૦.૮૨ | ૦.૭૧ | ૭ |
| રાજકોટ | ૩.૩૦ | ૬.૬૦ | ૩.૨૫ | ૫.૯૦ | ૧૪.૫૦ |
| મોરબી | ૦.૭૨ | ૧.૫૩ | ૦.૬૦ | ૧.૨૦ | ૧૬ |
| સુરેન્દ્રનગર | ૦.૪૫ | ૦.૬૮ | ૦.૪૩ | ૦.૬૪ | ૧૨ |
| સૌરાષ્ટ્ર સબ ટોટલ | ૧૬.૫૩ | ૩૧.૮૨ | ૧૫.૭૮ | ૨૫.૫૩ | ૧૨.૯૪ |
| કચ્છ | ૧.૩૦ | ૩.૦૯ | ૦.૬૪ | ૧.૧૧ | ૧૪ |
| સાબરકાંઠા | ૦.૮૫ | ૧.૫૪ | ૦.૮૩ | ૧.૪૦ | ૧૩.૫૦ |
| અરવલ્લી | ૦.૭૪ | ૧.૩૦ | ૦.૬૭ | ૧.૦૯ | ૧૩ |
| બનાસકાંઠા | ૧.૯૦ | ૩.૦૯ | ૧.૪૨ | ૨.૪૯ | ૧૪ |
| અન્ય જિલ્લા | ૦.૭૦ | ૧.૦૫ | ૧.૩૮ | ૧.૭૩ | ૧૦ |
| કુલ | ૨૨.૦૨ | ૪૧.૮૮ | ૨૦.૭૧ | ૩૩.૩૦ | ૧૨.૮૬ |

### રિવરફ્રન્ટમાં વોકવે ખાતે

# પોલીસની ઓળખ આપી ને કપલ પાસેથી નાણાં પડાવતો શખ્સ ઝડપાયો

અમદાવાદ,રવિવાર

શહેરના રિવરફ્રન્ટ પરના એરોડ્રોમ પાછળના વોકવે પર વહેલી સવારે એક યુવકે પોલીસની ઓળખ આપીને પાળી પર બેઠેલા યુવક યુવતીનો ફોટો પાડીને ગુનો નોંધીને બદનામ કરવાની ધમકી આપીને નાણાં પડાવ્યાની ફરિયાદ રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ મથકે નોંધવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મોહંમદ હુસૈન નામના યુવકે અગાઉ પણ અનેક કપલને ડરાવીને નાણાં પડાવ્યા હતા.

## મોહંમદ હુસૈન શેખ નામના યુવકે અગાઉ પણ અનેક કપલને બદનામ કરવાનું કહીને નાણાં પડાવ્યા હતા

શહેરના મેમનગરમાં આવેલી એક પીજીમાં રહેતો અને આઈટી કંપનીમાં નોકરી કરતો કિર્તન (નામ બદલેલ છે) તેની સાથે પીજીમાં રહેતી યુવતી સાથે રિવરફ્રન્ટ પર ચાલવા ગયો હતો અને બંને એરોડ્રોમ પાછળના વોક વે પર ચાલીને બેઠા હતા ત્યારે એક યુવક તેમની પાસે આવ્યો હતો અને બંને જણા કઈ સમજે તે પહેલાં જ તે યુવકે ફોનથી બંનેના ફોટો પાડી લીધા હતા. બાદમાં યુવતીનો મોબાઈલ ફોન ઝુંટવીને જણાવ્યું હતું કે તે પોલીસમાં નોકરી કરે છે અને બંનેના આપત્તીજનક સ્થિતિમાં ઝડપી લીધા હોવાથી તે ગુનો નોંધશે. સાથેસાથે સોશિયલ મિડીયામાં આ ફોટો વાયરલ કરશે.

જેથી કિર્તન ગભરાઈ ગયો હતો અને તેણે માફી માંગી હતી. પરંતુ, પોલીસની ઓળખ આપનાર યુવકે ફરિયાદ ન નોંધવાના બદલામાં ૧૦ હજાર રૂપિયા માંગ્યા હતા. જે પૈકી ચાર હજાર રૂપિયા એકાઉન્ટમાંથી હોવાથી તેણે યુવકને ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા અને બાકીના નાણાં મિત્ર પાસેથી ઓનલાઈન મંગાવીને આપ્યા હતા. બાદમાં બંને જણા નીકળી ગયા હતા. આ દરમિયાન કિર્તને નાણાં ચુકવ્યાના ક્યુઆર કોડ અંગે તપાસ કરતા તે સૈયદ નુર મીરના નામનો હતો. જેથી યુવકે ફરીથી રિવરફ્રન્ટ જઈને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે તેને પોલીસની ઓળખ આપીને નાણાં પડાવનારનું નામ મોહંમદ હુસૈન શેખ (રહે.શંભુ પટેલની ચાલી, ગોમતીપુર) હતું. તેણે પોલીસની ઓળખ આપીને અગાઉ પણ અનેક યુવક યુવતીઆ પાસેથી નાણાં પડાવ્યા હતા. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી શરૂ કરી છે.

### ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ તંત્ર જાગ્યું

# જૂના બ્રિજો પર હવે ટ્રાફિક સમયે જ સેન્સર મૂકી રિયલ ટાઈમ મોનિટરિંગ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,રવિવાર

**ગંભીરા બ્રિજ તૂટી પડવાની ઘટના બાદ તંત્ર મોડે મોડે પણ જાગ્યું છે. આ પ્રકારની ઘટના ના બને તે માટે હવે જૂના બ્રિજો પર ટ્રાફિક ચાલુ હોય ત્યારે રિયલ ટાઈમ વાઈબ્રેશન મોનિટર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.**

## રોડ એન્ડ ટ્રાન્સપોર્ટના ધારાધોરણો મુજબ કેબલ સ્ટ્રિટ બ્રિજની જેમ દરેક બ્રિજોમાં હેલ્થ મોનિટરિંગ

સૂત્રોએ જણાવ્યું હતું કે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગંભીરા બ્રિજનું દર સપ્તાહે ડ્રોન સર્વે કરી ટ્રાફિક ચાલુ હોય ત્યારે પણ વાઈબ્રેશન મોનિટરિંગ કરાતું હતું. જેથી હવે રેગ્યુલર ટ્રાફિક ચાલતો હોય ત્યારે સેન્સર મૂકી રિયલ ટાઈમ મોનિટરિંગ અન્ય જૂના બ્રિજો માટે કરવામાં આવશે. તાજેતરમાં માર્ગ અને મકાન વિભાગની યોજાયેલી પ્રથમ ચિંતન શિબિરમાં અન્ય મુદ્દાઓ પર પણ ચર્ચાઓ થઈ હતી.

સામાન્ય સંજોગોમાં બ્રિજ હેલ્થ મોનિટરિંગ કેબલ સ્ટ્રિટ બ્રિજમાં કરવામાં આવતું હતું પરંતુ હવે રોડ એન્ડ ટ્રાન્સપોર્ટના ધારાધોરણો મુજબ દરેક બ્રિજોમાં હેલ્થ મોનિટરિંગ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે બ્રિજ અથવા રોડના કામો સમયમર્યાદામાં પૂરા થતા નહી હોવાથી તંત્ર પર માછલા ધોવાય છે. દરેક કામો માટે સમયમર્યાદા નક્કી કરવામાં આવેલી હોય છે. પરંતુ વરસાદ, લેબર સ્ટ્રાઈક અથવા અન્ય કોઈપણ કારણોસર કામમાં વિલંબ થતો હોય છે. આ વિલંબ દૂર કરવા માટે માત્ર ચિંતન જ થયું હતું પરંતુ હવે અસરકારક કેટલું બનશે તે તો સમય જ બતાવશે.


## બેસણું



મારા ધર્મપત્ની નીલમબેનનું અવસાન તારીખ ૨૪/૧૦/૨૬ના રોજ થયેલ છે. તેમનું બેસણું તારીખ ૨૬/૧૦/૨૬, સોમવારના રોજ સવારે ૯:૦૦થી ૧૧:૦૦ વાગ્યા સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળઃ સુવર્ણજયંતી હોલ, ઉન્નતિ સ્કૂલની બાજુમાં, મહાલક્ષ્મી ચાર રસ્તા, IOC પેટ્રોલ પંપની સામે, પાલડી, અમદાવાદ.

લી. મેહુલ આનંદપ્રસાદ ભટ્ટ
(Firm: M.R. Enterprise)
સ્વ. જ્યોતિષ આનંદપ્રસાદ ભટ્ટ — રંજન જ્યોતિષ ભટ્ટ
નયનકમલ આનંદપ્રસાદ ભટ્ટ — હર્ષિદા નયનકમલ ભટ્ટ
અમીત - રચના, મનીષ - નીલિમા, ધવલ - મેઘા.

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળ તેમજ સમયે રાખેલ છે.

## બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે, મારા પત્ની

**સ્વ. ગીતાબેન મહેશભાઇ સોની**

તા. ૨૨-૧૦-૨૦૨૬ને ગુરૂવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૬-૧૦-૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે રાખેલ છે.

સ્થળ : સર્વમંગલ હોલ, ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ.

મહેશભાઇ આઇ. સોની — અજયભાઇ એમ. સોની
સંજયભાઇ આઇ. સોની — સુરજભાઇ એસ. સોની
પ્રશાંતભાઇ એસ. સોની — મો.: ૯૯૨૫૮૨૩૨૯૦

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
ઘનશ્યામભાઇ સી. પાટડીયા, બિપીનભાઇ સી. પાટડીયા, વિનોદભાઇ સી. પાટડીયા

લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી
**સ્વ. કિરીટકુમાર વિનુભાઈ શાહ**

તા.૧૯-૧૦-૨૦૨૬ સોમવારના રોજ દેવલોક પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૬-૧૦-૨૦૨૬ સોમવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૦:૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળઃ લાવણ્ય સંસ્કૃતિ હોલ, જીવરાજ મહેતા હોસ્પિટલ પાસે, મલાવ તળાવની પાછળ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ મો.૯૯૯૮૮ ૨૩૦૯૦

જ્યોતિ કિરીટકુમાર શાહ(પત્ની) — મનીષકુમાર હેમેન્દ્રભાઈ પટેલ(જમાઈ)
હર્ષ કિરીટકુમાર શાહ(પુત્ર) — ધરા મનીષકુમાર પટેલ(પુત્રી)
અમી હર્ષ શાહ(પુત્રવધુ) — નરેશકુમાર પ્રવીણચંદ્ર શાહ(જમાઈ)
વિધિ નરેશકુમાર શાહ(પુત્રી)

ENTIRE CONSULTANCY SERVICES - SHREE HARI ASSOCIATES - DWARKESH ENTERPRISE

અમારા બનેવીનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
ભુપેશભાઈ સરૈયા - ઉમેશભાઈ સરૈયા - બીપીનભાઈ શાહ

## વિસનગરા નાગર બેસણું



અમારા સ્વજન **સ્વ. દિપકભાઈ રજનીકાંત મહેતા** તા.૨૪-૧૦-૨૬ને શનિવારના રોજ હાટકેશ શરણ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૬-૧૦-૨૬ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ, વિશ્વકર્મા મંદિર સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર

ગીરાબેન દિપકભાઈ મહેતા (પત્ની)
જિગર દિપકભાઈ મહેતા (પુત્ર) — કુંજલ જિગર મહેતા (પુત્રવધૂ)
ચિન્મય દિપકભાઈ મહેતા (પુત્ર) — દિયા ચિન્મય મહેતા (પુત્રવધૂ)
રાજેન્દ્રભાઈ રજનીકાંત મહેતા (ભાઈ) — પ્રજ્ઞાબેન રાજેન્દ્રભાઈ મહેતા (ભાભી)
મિથિલ, આરુષ, દુર્વિષ

નોંધ : પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે

## બેસણું



અમારા પ.પૂ. પિતાશ્રી **નાગજીભાઈ કાનજીભાઈ જીયાણી**
(રીટાયર્ડ જજ, ઈન્ડસ્ટ્રીયલકોર્ટ) (વાંડળીયા ગામ)
તા. ૨૩-૧૦-૨૦૨૬ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે.
સદ્‌ગતની પ્રાર્થના સભા તા. ૨૬-૧૦-૨૦૨૬ ને સોમવારે રાત્રે ૮ થી ૧૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ૩૩, ગોકુલ બંગ્લોઝ, વેરાને કાંઠે, નિકોલ, અમદાવાદ.

ગં. સ્વ. જ્યોત્સનાબેન નાગજીભાઈ જીયાણી
પિયુષભાઈ નાગજીભાઈ જીયાણી — છાયા હિતેષભાઈ કાથરોટીયા (પુત્રી)
મો. : ૯૮૨૫૮૭૭૭૮૪ — હિતેષ ધીરજલાલ કાથરોટીયા (જમાઈ)
વૈશાલી પિયુષભાઈ જીયાણી — મો. : ૯૮૨૫૦૯૧૮૨૮
ક્રિષા પિયુષભાઈ જીયાણી — વેદાંશી હિતેષભાઈ કાથરોટીયા
વિવાન પિયુષભાઈ જીયાણી — આત્મન હિતેષભાઈ કાથરોટીયા

## બેસણું



અત્યંત દુઃખદ સાથે જણાવવાનું કે મારા પૂજ્ય પિતાશ્રી
**શ્રી રીતેશકુમાર ચિનુભાઈ ભાટિયા**

તા.૨૦-૧૦-૨૦૨૬ ને મંગળવાર ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૬-૧૦-૨૦૨૬ સોમવાર ના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સિંધુભવન હોલ, સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ.

સ્વ.ચીનુભાઈ પુનમચંદ ભાટિયા — સ્વ.લીલાબેન ચીનુભાઈ ભાટિયા
રાજુભાઈ (આશિષ) ચીનુભાઈ ભાટિયા (ભાઈ) — કામીની રાજુભાઈ ભાટિયા (ભાભી)
ગં.સ્વ.કીન્તુ રીતેશભાઈ ભાટિયા (પત્ની)
વત્સલ રીતેશભાઈ ભાટિયા (પુત્ર) — માસુમ વત્સલ ભાટિયા (પુત્રવધુ)
અર્થ રાજુભાઈ ભાટિયા (ભત્રીજો) — હની અર્થ ભાટિયા (પુત્રવધુ)
વાસુદેવ ભગવાનજી મારડીયા (જમાઈ) — ધુમાલી વાસુદેવ કુમાર મારડીયા (ભત્રીજી)

ચીનુભાઈ ભાટિયા એન્ડ સન્સ પરિવાર.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જત ડીસ્ટ્રીકટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૪ (પાલડી)ના સાબરમતી તાલુકાના મોજે - પાલડી ગામની સીમના ટી.પી. સ્કીમ નંબર-૬ ના ફાઈનલ પ્લોટ નંબર-૫૧૩ (જુનો રેવન્યુ સર્વે નંબર-૧૫૪/પૈકી/૫૮) ની ૭૧૫ ચોરસમીટર રહેણાંકના હેતુસારૂની બીનખેતીની જમીન તથા તેમાં આવેલા બાંધકામ સહિતની મિલકત કે જે ''દેવસિધ્ધી હોમ્સ'' તરીકે ઓળખાય છે. સદર ''દેવસિધ્ધી હોમ્સ'' સ્કીમમાં ફર્સ્ટ ફલોર ઉપર આવેલ ફલેટ નંબર - ૧૦૨ કે જે આશરે ૯૭-૭૫ ચોરસમીટર બીલ્ટઅપ એરીયાના બાંધકામવાળો છે કે જેનો સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ - અમદાવાદ-૧ ના સિટી સર્વે વોર્ડ - ટીપી-૬ પાલડીમાં સિટી સર્વે નંબર-૨૮/XX/૦૧/૧૦૨/૫ માં સમાવેશ થયેલ છે તે તથા સદર સ્કીમમાં એલોટેડ પાર્કીંગના સ્લોટ નંબર - ૧૦૨ એલોટ કરેલ છે તેવી મિલકત તથા સદર સ્કીમની ફાઈનલ પ્લોટની જમીન પૈકીની વગર વહેંચાયેલી વહેંચી ના શકાય તેવી ૪૧-૦૮૪ ચોરસમીટર જમીન સહીતની મિલકત અનિલકુમાર કચરાલાલ શાહ, મહેશ કચરાલાલ શાહ તથા અલ્પાબેન રમેશભાઈ શાહ સંયુક્ત રીતે દરેક ૧/૩ અવિભાજિત હિસ્સે, માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટો ધરાવતા હોવાનું તથા સદર મિલકત કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી અમારી પાસે સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે. ઉપરોક્ત મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાંકીય ધીરાણ કરેલ હોય, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ, વારસાઈ કે વસિયતનામા આધારે હક્ક, ભરણપોષણ કે રહેઠાણ (ખોરાકી-પોષાકી)નો હક્ક વિગેરે કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો પોષાતો હોય/રહેલો હોય અગર દાવા-દુવી, લીટેગેશન, તકરાર, કોર્ટ કેસો, એટેચમેન્ટ કે તે અંગેની કોઈપણ કાર્યવાહી ચાલતી નથી / હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની અંદર તે બદલના આધાર-પુરાવાઓ સહિત અમોને નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી. થી લેખીત જાણ કરવી જો તેમ નહી કરવામાં આવે તો સદર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાંકીય ધીરાણ કરેલ હોય, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ, વારસાઈ કે વસિયતનામા આધારે હક્ક, ભરણપોષણ કે રહેઠાણ (ખોરાકી-પોષાકી)નો હક્ક વિગેરે અન્ય કોઈ હક્ક, હિત, હિસ્સો પોષાતો નથી અગર દાવા-દુવી, લીટીગેશન, તકરાર, કોર્ટ કેસો, એટેચમેન્ટ અન્વયેની કોઈપણ કાર્યવાહી ચાલતી નથી અને ચાલતી હોય તે પડતી મુકવામાં આવેલ છે અગર મિલકતના માલીકની તરફેણમાં બીનશરતી જતા યાને કે (Waive) કરેલ છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૨૬ - ૧૦ - ૨૦૨૬
(ફાઈલ નંબર - ૪૪૪૭)

**ચેતન શાહ એન્ડ એસોસીએટસ, એડવોકેટ્સ**
૩૦-૩૧, રંગીન પાર્ક સોસાયટી, ભાજપ કાર્યાલયની બાજુમાં, સર્વીસ રોડ, રાજપથ કલબની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ- ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૩(મેમનગર)ના સાબરમતી તાલુકાના મોજે શેખપુર-ખાનપુર ઉર્ફે નવરંગપુરા ગામની ટી.પી.સ્કીમ નંબર-૧૯ ના ફાઈનલ પ્લોટ નંબર-૩૩૧/એ પૈકીના સબ-પ્લોટ નંબર-૩૩૧-એ ની બીનખેતીની જમીન તથા તેમાં આવેલ બાંધકામ સહીતની મિલકત કે જે ''મહારાજા પેલેસ'' તરીકે ઓળખાય છે. સદર ''મહારાજા પેલેસ''ના વીંગ-બી ના ગ્રાઉન્ડ ફલોરની ૧૪૯-૦૧ ચોરસમીટર જમીન તથા તેમાં આવેલ આશરે ૨૬૮-૪૭ ચોરસમીટર (અપર લેવેલનું ૧૨૪-૬૪ ચોરસમીટર + ૧૪૦-૮૩ ચોરસમીટર ગ્રાઉન્ડ ફ્લોર) એરીયાના બાંધકામ વાળી મિલકત M/S. CENTRE FOR COMPUTER TECHNOLOGY એ નામની ભાગીદારી પેઢીની તથા સદર ''મહારાજા પેલેસ''ના વીંગ-બી ના સેલર(બેઝમેન્ટ)ની ૭૫-૨૫ ચોરસમીટર જમીન તથા તેમાં આવેલ આશરે ૭૪-૫૦ ચોરસમીટર એરીયાના બાંધકામ વાળી મિલકત દેવરસન્સ ટ્રેડઈન એલ.એલ.પી.ની કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી તેના ઓથોરાઈઝ સીગ્નેચરી ગૌરાંગ નવીનચંદ્ર શાહે અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારી પાસે સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે. ઉપરોક્ત મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાંકીય ધીરાણ કરેલ હોય, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ, વિગેરે કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો પોષાતો હોય/રહેલો હોય અગર દાવા-દુવી, લીટેગેશન, તકરાર, કોર્ટ કેસો, એટેચમેન્ટ નથી કે તે અંગેની કોઈપણ કાર્યવાહી ચાલતી નથી /હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની અંદર તે બદલના આધાર-પુરાવાઓ સહિત અમોને નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી. થી લેખીત જાણ કરવી જો તેમ નહી કરવામાં આવે તો સદર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાંકીય ધીરાણ કરેલ હોય, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ વિગેરે કે અન્ય કોઈ હક્ક, હિત, હિસ્સો પોષાતો નથી અગર દાવા-દુવી, લીટીગેશન, તકરાર, કોર્ટ કેસો, એટેચમેન્ટ અન્વયેની કોઈપણ કાર્યવાહી ચાલતી નથી અને ચાલતી હોય તે પડતી મુકવામાં આવેલ છે અગર મિલકતના માલીકની તરફેણમાં બીનશરતી જતા યાને કે (Waive) કરેલ છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને અમારા અસીલની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરાવી લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ : ૨૬ - ૧૦-૨૦૨૬
(ફાઈલ નંબર - ૪૪૧૦)

**ચેતન શાહ એન્ડ એસોસીએટસ, એડવોકેટ્સ**
૩૦-૩૧, રંગીન પાર્ક સોસાયટી, ભાજપ કાર્યાલયની બાજુમાં, સર્વીસ રોડ, રાજપથ કલબની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જત ડીસ્ટ્રીકટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદના સાબરમતી તાલુકાના મોજે શેખપુર-ખાનપુર ગામની સીમના ટી.પી. સ્કીમ નંબર-૧૯ (મેમનગર) ના ફાઈનલ પ્લોટ નંબર-૧૯ (સબ-પ્લોટ નંબર-૧૦એ તથા ૧૦બી) ની બીનખેતીની જમીનની માલિકી સરદાર પટેલ કોલોની કો.ઓ.હા.સો.લી. ની છે. સદર સોસાયટીમાં આવેલા જુદાં-જુદાં બંગલાઓ પૈકી બંગલા નંબર-૩ કે જેનો સીટી સર્વે નંબર-૨૧૩૦ ની ૩૧૬-૦૫ ચોરસમીટર બીનખેતીની જમીન તથા બંગલા નંબર-૪ કે જેનો સીટી સર્વે નંબર-૨૧૨૯ ની ૩૬૪- ૫૪ ચોરસમીટર બીનખેતીની જમીન મળીને કુલ ૬૮૦-૫૯ ચોરસમીટર બીનખેતીની જમીન તથા તેમાં આવેલ કોમર્શીયલ યુઝ માટે બાંધકામ સહિતની મિલકત મે. શીલ્પ બિલ્ડકોન એ નામની ભાગીદારી પેઢીની કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી તેના ભાગીદારો હેતલ અશ્વિનરાય દોશીએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારી પાસે સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે. ઉપરોક્ત મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાંકીય ધીરાણ કરેલ હોય, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ વિગેરે કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો પોષાતો હોય/રહેલો હોય અગર દાવા-દુવી, લીટેગેશન, તકરાર, કોર્ટ કેસો, એટેચમેન્ટ કે બેનામી ધારા અન્વયે કે લેન્ડ ગ્રેબીંગના કાયદાનો ભંગ કરેલ નથી કે તે થકી ઉદ્દભવેલ નાણાંથી મિલકત ખરીદેલ નથી કે અગર તે અંગેની કોઈપણ કાર્યવાહી ચાલતી નથી / હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ ની અંદર તે બદલના આધાર-પુરાવાઓ સહિત અમોને નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી. થી લેખીત જાણ કરવી જો તેમ નહી કરવામાં આવે તો સદર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાંકીય ધીરાણ કરેલ હોય, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ કે અન્ય કોઈ હક્ક, હિત, હિસ્સો પોષાતો નથી અગર દાવા-દુવી, લીટેગેશન, તકરાર, કોર્ટ કેસો, એટેચમેન્ટ કે બેનામી ધારા અન્વયે કે લેન્ડ ગ્રેબીંગ કાયદા અન્વયેની કોઈપણ કાર્યવાહી ચાલતી નથી અને ચાલતી હોય તે પડતી મુકવામાં આવેલ છે અગર મિલકતના માલીકની તરફેણમાં બીનશરતી જતા યાને કે (Waive) કરેલ છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને વેચાણ દસ્તાવેજ કરવાની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ :- ૨૬ - ૧૦ - ૨૦૨૬
(ફાઈલ નંબર - ૪૪૪૬)

**ચેતન શાહ એન્ડ એસોસીએટસ, એડવોકેટ્સ**
૩૦-૩૧, રંગીન પાર્ક સોસાયટી, ભાજપ કાર્યલયની બાજુમાં, સર્વીસ રોડ, રાજપથ કલબની સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૧૫.

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ) ના તાલુકા દશક્રોઈ ના મોજે વહેલાલ ની સીમના ખાતા નં.૩૮૬ માં ચાલતા રિ-સર્વે/બ્લોક નં.૧૨૬૦ (જુના સર્વે નં. ૧૨૩૩) ની ૦-૧૪-૧૬ હે.આરે.ચો.મી., આકાર રૂા.૦.૯૦ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન અશોકભાઈ રતીભાઈ, રાજેશભાઈ રતીભાઈ, ભાવનાબેન રતીભાઈ નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફલોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ -૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૩ (મેમનગર), તાલુકો ઘાટલોડીયાના ગામ મોજે મેમનગરની સીમનાં ખાતા નંબર-૪૫૩ ના સર્વે/બ્લોક નંબર- ૧૩૪/૨ ની હે-આરે-ચોમી ૦-૧૬-૬૪ યાને કે ૧૬૬૪ ચોરસમીટરની આકાર રૂા.૨-૦૬ પૈસાવાળી ખેતીની જમીન તથા પોતખરાબા (અ) ની હે. આરે. ચો. મી. ૦-૦૦-૫૬ યાને કે ૫૬ ચોરસમીટર ખેતીની જમીન તથા પોતખરાબા (બ) ની હે. આરે. ચો. મી. ૦-૦૨-૦૨ યાને કે ૨૦૨ ચોરસમીટર ખેતીની જમીન મળી કુલ હે. આરે. ૦-૧૯-૨૨ યાને કે ૧૯૨૨ ચોરસમીટર ખેતીની જમીન (જેને હવે પછી આ જાહેરનોટીસમાં સદરહુ જમીન તરીકે સંબોધવામાં આવશે) તેના માલીક નીતાબેન ભરતકુમાર મહંત ઉર્ફે નીતાબેન ભરતભાઈ મહંત, રહેવાસી-અમદાવાદનાએ તેઓની સંપૂર્ણ, સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની અને તમામ પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે અને અમારા અસીલે સદરહુ જમીનના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને સદરહુ મિલકતના માલીકના સંમતિપત્ર અને સુચના અનુસાર આ જાહેરનોટીસ પ્રસીધ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ સ્પીડ પોસ્ટ થી કરવી, જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, કિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો યાને વેવ કરેલો છે, તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તારીખઃ ૨૪-૧૦-૨૦૨૬

**HEMANG H. RANA**
**Advocate & Mediator**
**BHARGAVI THAKKAR**
**Advocate**
HENITA RANA & ASSOCIATES
OFFICE : A-1320, WEST BANK, Near Vallabh Sadan, Ashram Road, Ahmedabad 380009.
Phone : 00 91 94 26 40 73 80
સહી/-
નીતાબેન ભરતકુમાર મહંત

## નવમા ગ્રહના પ્રથમ સંકેતો મળી આવ્યા હોવાની શક્યતા



### તાઈવાનના સંશોધકોને ૨૩ વર્ષના અભ્યાસ બાદ સફળતા મળી

તાઈવાનના વૈજ્ઞાનિકોએ પ્રથમ વખત પ્લેનેટ નાઈન વિશે વાસ્તવિક પુરાવા મેળવ્યા છે, જેનાથી સંકેત મળે છે કે તે આખરે અસ્તિત્વ ધરાવતો હોઈ શકે છે. તેમણે પોતાની સ્થિતિ પરથી ખસી ગયેલી અવકાશીય વસ્તુઓની તપાસ કરવા માટે ૨૩ વર્ષના અંતરાલમાં હાથ ધરાયેલા બે આકાશી સર્વેક્ષણોનો અભ્યાસ કર્યો. અને પરિણામ સ્વરૂપે, તેમને એક આવી વસ્તુ મળી આવી છે. વૈજ્ઞાનિકોને પ્લેનેટ નાઈનની શોધમાં મોટી સફળતા મળી હોઈ શકે છે. તેમણે એક ઝાંખા પદાર્થની ઓળખ કરી છે, જેનો પ્રકાશ અને ધીમી ગતિ પૃથ્વી તથા સૂર્યથી આટલા અંતરે આવેલા કોઈપણ અવકાશી પદાર્થ માટે અપેક્ષિત લક્ષણો સાથે બરાબર મેળ ખાય છે. દાયકાઓ પહેલાં એકત્રિત કરાયેલા ઈન્ફ્રારેડ અવલોકનોની તપાસ કરતાં તેમને એક એવો પદાર્થ મળ્યો જે એક સર્વેક્ષણમાં ચોક્કસ જગ્યાએ હતો અને ૨૩ વર્ષ પછી કરાયેલા બીજા સર્વેક્ષણમાં આગળ વધી ચૂક્યો હતો.

તાઈવાનની નેશનલ સિંગ હુઆ યુનિવર્સિટીના સંશોધકો દ્વારા કરવામાં આવેલો આ અભ્યાસ પબ્લિકેશન્સ ઓફ ધ એસ્ટ્રોનોમિકલ સોસાયટી ઓફ ઓસ્ટ્રેલિયા માં પ્રકાશિત થયો છે. લેખકોએ જણાવ્યું હતું કે લાખો ઈન્ફ્રારેડ સ્ત્રોતોના વિશ્લેષણ પછી આ પદાર્થ એકમાત્ર શ્રેષ્ઠ ઉમેદવાર તરીકે ઊભરી આવ્યો છે. જોકે, તેમણે સ્પષ્ટતા કરી છે કે આ નવમા ગ્રહની સત્તાવાર પુષ્ટિ નથી, પરંતુ આ રહસ્યમય પદાર્થની શોધમાં ધ્યાન કેન્દ્રિત કરવા માટે તેમને એક નવો લક્ષ્યાંક પૂરો પાડે છે, જે કદાચ અસ્તિત્વ ધરાવતો હોઈ પણ શકે અથવા ન પણ હોય.

## સ્પેસ ડેબ્રિસનો નિકાલ કરવા UK 'સ્પેસ ક્લૉઝ' લોન્ચ કરશે



### યુકે પોતાના જ બે સેટેલાઈટના નિકાલ દ્વારા મિશનની શરૂઆત કરશે

યુકે સ્પેસ એજન્સીએ સેટેલાઇટ બિલ્ડર ક્લિયરસ્પેસ સાથે એક સ્પેસક્રાફ્ટ બનાવવા માટે કરાર કર્યો છે, જે ભ્રમણકક્ષામાં રહેલા નિષ્ક્રિય ઉપગ્રહોને પકડશે અને તેમને પૃથ્વીના વાતાવરણમાં લાવીને નષ્ટ કરશે. આ ''સ્પેસ બિનમેન''ને સત્તાવાર રીતે 'યુકે એક્ટિવ ડેબ્રિસ રિમૂવલ પ્રોગ્રામ' નામ આપવામાં આવ્યું છે. તેમાં કામ ન કરતા અને ભ્રમણકક્ષામાં અન્ય સક્રિય ઉપગ્રહો માટે જોખમ ઊભું કરી શકે તેવા અનિયંત્રિત ઉપગ્રહોને પકડવા માટે ચાર વિશિષ્ટ પકડનાર હાથ એટલે કે ક્લોઝ હશે. તેથી તેને સ્પેસ ક્લોઝ પણ કહેવામાં આવે છે.

આ પંજા સેટેલાઇટને મજબૂતીથી પકડશે અને તેને ધીમેથી ભ્રમણકક્ષામાંથી બહાર કાઢી પૃથ્વીના વાતાવરણ તરફ મોકલશે, જેથી તે ટુકડાઓમાં વિભાજિત થઈને વાતાવરણના ઘર્ષણથી બળીને ખાખ થઈ જાય. આ મિશનનો પ્રારંભિક ઉદ્દેશ્ય બ્રિટનના એવા બે સેટેલાઇટને નીચે લાવવાનો છે જે ટૂંક સમયમાં જ સ્પેસ ડેબ્રિસ બનવાના છે. ત્યારબાદ, આ વાહનને એક સુરક્ષિત ભ્રમણકક્ષામાં પાર્ક કરવામાં આવશે અને ભવિષ્યમાં અન્ય સેટેલાઇટ્સનો સુરક્ષિત નિકાલ કરવા માટે તેનો ફરીથી ઉપયોગ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, યુકે સ્પેસ એજન્સીએ આ સ્પેસક્રાફ્ટની ડિઝાઈન, નિર્માણ, પ્રક્ષેપણ અને સંચાલન માટે ક્લિયરસ્પેસ યુકે સાથે ૬૧.૩ મિલિયન પાઉન્ડનો કોન્ટ્રાક્ટ સાઈન કર્યો છે. આ સંપૂર્ણપણે યુકેમાં જ તૈયાર થનારું અને ત્યાંથી જ લોન્ચ થનારું પ્રથમ મિશન હશે. તેનું પ્રક્ષેપણ ૨૦૨૯ માં કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. સ્પેસ એજન્સી સામાન્ય જનતાને આ સ્પેસક્રાફ્ટનું નામકરણ કરવાની તક પણ આપશે, જેના માટે એક જાહેર સ્પર્ધા શરૂ કરવામાં આવી રહી છે.

## ભારતના ખાનગી અવકાશ મિશન દ્વારા અનોખી પહેલ, સેટેલાઈટને રિફ્યૂઅલ કરીને કાર્યરત રાખી શકાશે

# આયુસેટ-1A : હવે અવકાશમાં જ રિફ્યૂલિંગ કરી શકાશે

ભારતીય સ્પેસ ટેક્નોલોજી સેક્ટર સતત નવા સીમાચિહ્નો સર કરી રહ્યું છે, અને હવે એક ભારતીય સ્પેસ સ્ટાર્ટઅપ એવી અદ્યતન ટેકનોલોજીનું સફળ પ્રદર્શન કરવાની તૈયારી કરી રહ્યું છે, જે ભવિષ્યમાં ઉપગ્રહોને અવકાશમાં જ રિફ્યુઅલિંગ કરવાની ક્ષમતા પ્રદાન કરશે. તેના કારણે જ એવું કહેવાય છે કે, પૃથ્વીના વાતાવરણની બહાર અવકાશમાં ઉપગ્રહો માટે ઈંધણ ભરવાનું સ્ટેશન એટલે કે 'પેટ્રોલ પંપ' વાસ્તવિકતા બનવા જઈ રહ્યું છે. સામાન્ય રીતે પૃથ્વી પરથી લોન્ચ કરવામાં આવતા ઉપગ્રહોની કાર્યકારી ક્ષમતા તેમનું ઈંધણ સમાપ્ત થવાની સાથે જ અટકી જાય છે, પછી ભલે તેના અંદરના અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક ઉપકરણો સંપૂર્ણપણે કાર્યક્ષમ હોય. આ મર્યાદાને દૂર કરવા અને વૈશ્વિક અવકાશ સંશોધનને વધુ ટકાઉ બનાવવા માટે ભારતીય સ્ટાર્ટઅપ ઓર્બિટએડ એરોસ્પેસ દ્વારા એક ક્રાંતિકારી પહેલ હાથ ધરવામાં આવી છે. ઓર્બિટએડ એરોસ્પેસના સ્થાપક અને સીઈઓ શક્તિ કુમારે જણાવ્યું હતું કે આ મહત્વકાંક્ષી સેટેલાઈટનું નિર્માણ અને પ્રાથમિક ચકાસણી સંપૂર્ણપણે પૂર્ણ થઈ ચૂકી છે. કંપની આગામી સપ્તાહમાં આ સેટેલાઈટના અંતિમ તબક્કાના જટિલ પરીક્ષણો સંપન્ન કરવાની યોજના ધરાવે છે. આ પરીક્ષણો સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ, સેટેલાઈટને અંતિમ લોન્ચિંગ તૈયારીઓ માટે સીધા શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતે મોકલવામાં આવશે. જોકે લોન્ચિંગની ચોક્કસ તારીખ હજુ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી, પરંતુ કંપનીના જણાવ્યા મુજબ નવેમ્બરના મધ્યભાગની આસપાસ આ ઐતિહાસિક પ્રક્ષેપણ હાથ ધરવામાં આવે તેવી સંભાવના છે.



**ઓર્બિટએડ એરોસ્પેસનો આ સેટેલાઈટ ડોકિંગ, રિફ્યૂઅલિંગ, ઓર્બિટરી ઓબ્ઝર્વેશનની સગવડ પૂરી પાડશે**

**સેટેલાઈટ રિફ્યૂલિંગ માટે વારંવાર મોંઘા સ્પેસક્રાફ્ટની આવનજાવન કરવામાંથી રાહત મળશે**

### ભારતીય સ્પેસ ઈકોનોમી માટે ગેમ ચેન્જર સાબિત થશે



અવકાશ ક્ષેત્રમાં રિફ્યુઅલિંગની આ તકનીક ભારતીય સ્પેસ ઈકોનોમી માટે પણ એક ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. અત્યાર સુધી સેટેલાઈટનું મિશન આયુષ્ય પૂરું થતાં જ નવી લોન્ચિંગ પાછળ લાખો ડોલરનો ખર્ચ કરવો પડતો હતો, પરંતુ ભ્રમણકક્ષામાં જ ઈંધણ મળવાથી વૈશ્વિક સ્પેસ એજન્સીઓ અને ખાનગી કંપનીઓના ખર્ચમાં જંગી બચત થશે. ભારતીય સ્ટાર્ટઅપ દ્વારા વિકસાવવામાં આવી રહેલી આ ટેકનોલોજી દેશને સ્પેસ સેક્ટરમાં માત્ર લોન્ચિંગ સેવાઓ પૂરતો સીમિત ન રાખતા, અદ્યતન ઓન-ઓર્બિટ મેઈન્ટેનન્સ અને સ્પેસ લોજિસ્ટિક્સ ક્ષેત્રે પણ વિશ્વસ્તરીય નેતૃત્વ અપાવવાની વિશાળ ક્ષમતા ધરાવે છે.

### ઓન-ઓર્બિટ સર્વિસિંગની માંગ ભવિષ્યમાં અભૂતપૂર્વ રીતે વધવાની છે

આ સમગ્ર યોજના પાછળનો મુખ્ય વિચાર એવી શક્તિશાળી પ્રોપલ્શન ક્ષમતા વિકસાવવાનો છે જે કોઈપણ સેટેલાઇટને ભ્રમણકક્ષામાં દિશા બદલવામાં, તેની સ્થિતિ જાળવી રાખવામાં અથવા જરૂર પડ્યે અન્ય અવકાશયાનને ગતિશીલ સહાય પૂરી પાડવામાં સંપૂર્ણ સક્ષમ બનાવે. વર્ષ ૨૦૨૭ના આ મહત્વાકાંક્ષી મિશન માટે સ્પેસક્રાફ્ટના હાર્ડવેર અને સ્ટ્રક્ચર નિર્માણનું કામ હાલ પુરજોશમાં ચાલી રહ્યું છે. નવેમ્બરના આગામી મિશનની સફળતા બાદ, ડિસેમ્બરની આસપાસ આ નવા ઉપગ્રહોનું ઈન્ટિગ્રેશન અને એસેમ્બલીનું કામ શરૂ થવાની સંપૂર્ણ ધારણા છે. આ બંને ક્રમિક મિશનો ઓર્બિટએડને ગ્લોબલ સ્પેસ માર્કેટમાં વ્યાવસાયિક સેવાઓ આપતી એક અગ્રણી ભારતીય કંપની તરીકે સ્થાપિત કરવામાં મદદરૂપ બનશે. વૈશ્વિક સ્તરે સેટેલાઇટ કોમ્યુનિકેશન, અર્થ ઓબ્ઝર્વેશન અને બ્રોડબેન્ડ ઈન્ટરનેટ માટે સેંકડો નવા સેટેલાઇટ ભ્રમણકક્ષામાં મોકલવામાં આવી રહ્યા છે, જેના કારણે લાંબા સમય સુધી ટકી શકે તેવા સ્પેસક્રાફ્ટ અને ઓન-ઓર્બિટ સર્વિસિંગની માંગ ભવિષ્યમાં અભૂતપૂર્વ રીતે વધવાની છે.

### નવેમ્બરના મધ્યમાં આશરે ૩૦ કિલોગ્રામ વજનના સેટેલાઈટને તરતો મુકાશે

ઓર્બિટએડ એરોસ્પેસ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન સ્મોલ સેટેલાઇટ લોન્ચ વ્હીકલ (SSLV) દ્વારા આશરે ૩૦ કિલોગ્રામ વજન ધરાવતા સેટેલાઈટને પૃથ્વીની ભ્રમણકક્ષામાં લોન્ચ કરવાની યોજના ઘડી રહ્યું છે. આયુસેટ-૧એ નામનો આ સેટેલાઈટ મુખ્યત્વે સ્પેસક્રાફ્ટ ડોકિંગ, આંતરિક રિફ્યુઅલિંગ પ્રક્રિયા અને ભ્રમણકક્ષામાં સ્થિત સેટેલાઈટ્સનું વિગતવાર નિરીક્ષણ કરવાની ક્ષમતા પૂરી પાડશે. આ મિશન માત્ર એક વૈજ્ઞાનિક પ્રયોગ નથી, પરંતુ ભવિષ્યમાં અવકાશ આધારિત વ્યાવસાયિક સેવાઓ સ્થાપિત કરવા તરફનું એક મોટું પગલું માનવામાં આવે છે. ઓર્બિટલ રિફ્યુઅલિંગ પાછળ રહેલો મૂળભૂત વિચાર વિજ્ઞાનની દ્રષ્ટિએ અત્યંત સ્પષ્ટ અને વ્યવહારુ છે. સામાન્ય સંજોગોમાં જ્યારે કોઈ સેટેલાઈટનું ઈંધણ ઘટી જાય છે અથવા પૂર્ણ થઈ જાય છે, ત્યારે તે નિયંત્રણ ગુમાવે છે અને અંતે અવકાશી કચરો બની જાય છે. આવી સ્થિતિમાં તે સેટેલાઈટને તરછોડી દેવાને બદલે એક ખાસ સર્વિસિંગ સ્પેસક્રાફ્ટ ભ્રમણકક્ષામાં તેની નજીક પહોંચે, તેની સાથે સુરક્ષિત રીતે ડોક થાય અને તેના ઈંધણ ટેન્કમાં ફરીથી જરૂરી બળતણ ભરી દે તે આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ પ્રકારની ક્ષમતા ઉપગ્રહોના કાર્યકારી આયુષ્યમાં વર્ષોનો વધારો કરી શકે છે, રિપ્લેસમેન્ટ માટે થતા કરોડો રૂપિયાના ખર્ચને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે અને સ્પેસક્રાફ્ટને નષ્ટ કરવાને બદલે તેનું સમારકામ તથા સર્વિસિંગ શક્ય બનાવી શકે છે. આ દીર્ઘકાલીન ફાયદાઓ આ ટેકનોલોજીના સફળ પરિણામો અને ભવિષ્યમાં તેના વ્યાપારી વિસ્તરણ પર નિર્ભર કરે છે.

### ફ્યુચર સ્પેસ સર્વિંગ ટેકનોલોજી વિકસાવવામાં મદદ મળશે



જાણકારોના મતે નવેમ્બર માસમાં યોજાનાર ઓર્બિટએડનું આ મિશન આ સમગ્ર ક્રાંતિની દિશામાં એક નિર્ણાયક પ્રારંભિક પગલું સાબિત થશે. કંપની આ મિશનમાંથી પ્રાપ્ત થનારા પરિણામો, ડેટા અને એન્જિનિયરિંગ અનુભવનો ઉપયોગ ભવિષ્યના સેટેલાઈટ ઓપરેટરો અને ગ્રાહકો માટે વ્યાવસાયિક ધોરણે સ્પેસ સર્વિસિંગ ટેકનોલોજી વિકસાવવા માટે કરશે. અવકાશમાં ખાનગી ઉપગ્રહોની સંખ્યા જે ઝડપે વધી રહી છે, તેને જોતાં આવી ઓન-ઓર્બિટ સહાયક સેવાઓ આવનારા સમયમાં અત્યંત અનિવાર્ય બની જશે. સંશોધકોનું કહેવું છે કે, આયુસેટ-૧એ મિશન અવકાશમાં કાયમી ઈંધણ સ્ટેશન સ્થાપિત કરવાની લાંબી યાત્રાનો એક અત્યંત મહત્વપૂર્ણ તબક્કો છે. આ મિશનનો મુખ્ય હેતુ સેટેલાઈટની અંદર આંતરિક ડોકિંગ ક્ષમતા ચકાસવી, સફળતાપૂર્વક ઈંધણ ટ્રાન્સફર કરવું, તેમજ સિસ્ટમ્સ વચ્ચે પાવર અને ડેટાનું અવિરત ટ્રાન્સફર સુનિશ્ચિત કરવાનો છે. આ સાથે જ ભ્રમણકક્ષામાં અન્ય વસ્તુઓનું બારીકાઈથી નિરીક્ષણ કરવાની સેટેલાઇટની ક્ષમતાનું પણ ચોક્કસ મૂલ્યાંકન કરવામાં આવશે.

### ૨૦૨૭માં ચેઝર અને ટાર્ગેટ જેવા બે સેટેલાઈટનું મિશન હાથ ધરાશે



આ પ્રારંભિક મિશન ઉપરાંત ઓર્બિટએડ એરોસ્પેસ વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે એક વધુ જટિલ અને અદ્યતન મિશનની સઘન યોજના બનાવી રહ્યું છે. આ ભાવિ મિશનમાં બે અલગ અલગ ઉપગ્રહોનો સમાવેશ થશે, જેમાં એક 'ચેઝર' સેટેલાઇટ હશે અને બીજો 'ટાર્ગેટ' સેટેલાઇટ હશે. આ બંને સ્પેસક્રાફ્ટ અવકાશમાં એકબીજાની ભ્રમણકક્ષા સાથે તાલમેલ સાધીને સંકલિત કામગીરી કરશે અને વાસ્તવિક પરિસ્થિતિમાં ડોકિંગ, ઈંધણ ભરવું, તેમજ અન્ય જટિલ સર્વિસિંગ ક્ષમતાઓનું પ્રત્યક્ષ પ્રદર્શન કરશે. કંપની સેટેલાઈટ પ્રોપલ્શન ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે ખાસ સેટેલાઇટ 'જેટ-પેક' ટેકનોલોજીનું પણ પ્રદર્શન કરવાની યોજના પર કામ કરી રહી છે. આ ટેકનોલોજીનો મુખ્ય ઉદ્દેશ્ય અન્ય સક્રિય ઉપગ્રહોની નજીક પહોંચતા પહેલા પોતાના સ્પેસક્રાફ્ટનો ઉપયોગ કરીને ભ્રમણકક્ષામાં વિવિધ દિશામાં ખસવાની તેમજ સ્થિતિ બદલવાની કુશળતા ચકાસવાનો છે. અવકાશમાં ચોકસાઈપૂર્વક આગળ વધવું અને લક્ષ્ય સેટેલાઇટ સાથે નુકસાન પહોંચાડ્યા વિના જોડાણ કરવું એ અત્યંત પડકારજનક પ્રક્રિયા છે, જેના માટે આ ટેકનોલોજી અને કામગીરી અત્યંત મહત્વપૂર્ણ છે.

# MMX મિશન : મંગળના ચંદ્ર પરથી સેમ્પલ લાવશે જાપાન



## મંગળના બંને ચંદ્ર ફોબોસ અને ડિમોસનો અભ્યાસ કરીને યાન ૨૦૩૧માં પૃથ્વી પર પરત ફરશે

જાપાને મંગળ ગ્રહના ચંદ્ર ફોબોસની માટી અને ખડકોના નમૂના પૃથ્વી પર લાવવા માટે MMX એટલે કે 'માર્શિયન મૂન્સ એક્સપ્લોરેશન' મિશન લોન્ચ કર્યું છે. અત્યાર સુધી વિશ્વનો કોઈ પણ દેશ મંગળના ચંદ્ર સુધી પહોંચી શક્યો નથી. પરંતુ જાપાન પોતાના આ મિશન દ્વારા મંગળના બંને ચંદ્રો ફોબોસ અને ડિમોસ સુધી પહોંચવાનો પ્રથમ પ્રયાસ કરવા જઈ રહ્યું છે. જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સી (JAXA) એ તાજેતરમાં દક્ષિણ જાપાનના તાનેગાશિમા સ્પેસ સેન્ટર પરથી પોતાના માર્શિયન મૂન્સ એક્સપ્લોરેશન (MMX) નામના સ્પેસક્રાફ્ટને H3 રોકેટ દ્વારા લોન્ચ કર્યું. ઉલ્લેખનીય છે કે, JAXAના આ મિશનનો ઉદ્દેશ્ય ફોબોસની સપાટી પરથી ઓછામાં ઓછી ૧૦ ગ્રામ માટી અને ખડકોના નમૂના એકત્રિત કરવાનો છે. આ માટે અંતરિક્ષયાન મંગળ સુધી પહોંચ્યા પછી ફોબોસનો અભ્યાસ કરશે અને એક નાના રોવરની મદદથી નમૂના એકત્ર કરવા માટે યોગ્ય સ્થળ શોધશે. વૈજ્ઞાનિકોને એ સમજવામાં મદદ મળી શકે છે કે આ ચંદ્રો કેવી રીતે બન્યા અને રાતા ગ્રહના પ્રારંભિક ઈતિહાસ વિશે પણ કેટલીક મહત્વપૂર્ણ કડીઓ મળી શકે છે. જાપાની એજન્સીએ જણાવ્યું છે કે, સ્પેસક્રાફ્ટને નિર્ધારિત કક્ષામાં મૂકી દેવામાં આવ્યું છે. આશરે ચાર ટન વજનનું આ સ્પેસક્રાફ્ટ મંગળ પ્રણાલી સુધી પહોંચવા માટે ૫૦ કરોડથી ૬૦ કરોડ કિલોમીટરનું અંતર કાપશે. તે મંગળના બંને ચંદ્રો ફોબોસ અને ડિમોસનો અભ્યાસ કરશે, ત્યારબાદ ફોબોસ પરથી નમૂના એકઠા કરીને પૃથ્વી પર પાછું લાવશે. પરત ફરનાર કેપ્સ્યુલ ૨૦૩૧માં દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં ઉતરવાની યોજના છે.



**આ મિશનનો ઉદ્દેશ ફોબોસની સપાટી પરથી ઓછામાં ઓછી ૧૦ ગ્રામ માટી અને ખડકોના નમૂના એકત્રિત કરવાનો છે**

### જાપાનના અગાઉના એસ્ટરોઈડ મિશનો સફળ રહ્યા છે

ખાસ વાત એ છે કે, જાપાનના અગાઉના હયાબુસા અને હયાબુસા ૨ મિશનના અનુભવો પર સારા રહ્યા છે. આ બંને મિશનોએ અનુક્રમે ૨૦૧૦ અને ૨૦૨૦માં એસ્ટરોઈડ પરથી નમૂના પૃથ્વી પર પાછા લાવવામાં સફળતા મેળવી હતી. પરંતુ મંગળ પ્રણાલી સુધી પહોંચવું અને તેના ચંદ્ર પરથી પદાર્થ પાછો લાવવો એ જુદા પ્રકારના પડકારો ઊભા કરે છે; જેમ કે અન્ય ગ્રહની આસપાસ કામ કરવું, અત્યંત ઓછા ગુરુત્વાકર્ષણવાળી સપાટી પર ઉતરાણ કરવું અને નમૂનાઓને સુરક્ષિત રીતે પૃથ્વી પર પહોંચાડવા. જો આ મિશન સફળ થશે તો MMX વૈજ્ઞાનિકોને ફોબોસ પરથી સીધા એકત્રિત કરાયેલા પ્રથમ નમૂના આપશે. આ પદાર્થો મંગળના ચંદ્રોની ઉત્પત્તિ સંબંધિત રહસ્યો ઉકેલવામાં અને મંગળ પ્રણાલીના વિકાસ પર પ્રકાશ પાડવામાં મદદ કરી શકે છે. નમૂના લઈને અંતરિક્ષયાન ૨૦૩૧ સુધીમાં પૃથ્વી પર પાછું ફરે તેવી અપેક્ષા છે. આ લેન્ડિંગ દક્ષિણ ઓસ્ટ્રેલિયાના વૂમેરા વિસ્તારમાં થવાનું નિર્ધારિત છે. આ નમૂનાઓ મંગળના ઈતિહાસ અને સૌરમંડળના પ્રારંભિક તબક્કાને સમજવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

### મંગળના ચંદ્રોની વાસ્તવિકતા અને અસ્તિત્વનું કારણ શોધવા પ્રયાસ

જાપાનના આ મિશનનો મુખ્ય હેતુ ફોબોસ અને ડિમોસના નિર્માણનું જૂનું રહસ્ય ઉકેલવાનો છે. વૈજ્ઞાનિકો પાસે આ અંગે બે મુખ્ય થિયરીઓ છે. પ્રથમ થિયરી મુજબ, આ બંને એસ્ટરોઈડ છે જેમને મંગળના ગુરુત્વાકર્ષણ બળે પકડી લીધા હતા. બીજી થિયરી એ છે કે અબજો વર્ષો પહેલા કોઈ વિશાળ પિંડ મંગળ સાથે અથડાયા બાદ ઉડેલા કાટમાળમાંથી તેમનું નિર્માણ થયું હતું. ચંદ્રોની સપાટી, તેમની રચના અને ભૂસ્તરશાસ્ત્રીય વિશેષતાઓનો અભ્યાસ કરીને વૈજ્ઞાનિકો એ જાણવાનો પ્રયાસ કરશે કે આ બેમાંથી કઈ થિયરી વધુ સચોટ છે. ખાસ વાત એ છે કે, MMX સ્પેસક્રાફ્ટ ઓગસ્ટ ૨૦૨૭માં મંગળ પ્રણાલી સુધી પહોંચવાનું છે. ત્યારપછી તે લગભગ ત્રણ વર્ષ સુધી વિશેષ કક્ષાઓમાંથી ફોબોસ અને ડિમોસનું નિરીક્ષણ કરશે, તેમજ તેમની ભૌતિક વિશેષતાઓ અને સપાટીની રચનાનો ડેટા એકત્ર કરશે. ચંદ્રની આ માટી અને ખડકોનો અભ્યાસ વૈજ્ઞાનિકોને મંગળના પ્રારંભિક ઈતિહાસ અને અબજો વર્ષો પહેલા ત્યાંની પરિસ્થિતિઓ વિશે એવી માહિતી આપી શકે છે, જે અત્યાર સુધી માનવજાત પાસે ઉપલબ્ધ નથી.



### બંને ચંદ્ર ઉપરથી સેમ્પલ ભેગા કરવા અત્યંત પડકારજનક કાર્ય

જાણકારોના મતે ફોબોસ પરથી માટી લેવી એ એન્જિનિયરિંગની દ્રષ્ટિએ અત્યંત પડકારજનક કાર્ય છે, કારણ કે આ ચંદ્ર નાનો છે અને તેનું ગુરુત્વાકર્ષણ બળ ઘણું નબળું છે. ફોબોસ લગભગ ૨૨ કિલોમીટર પહોળો છે અને તેનું ગુરુત્વાકર્ષણ ખેંચાણ પૃથ્વી કરતાં ઘણું ઓછું છે. તેથી સ્પેસક્રાફ્ટે સપાટી પર ખૂબ જ સાવધાનીપૂર્વક કામગીરી કરવી પડશે જેથી તે ભટકી ન જાય અથવા સેમ્પલિંગ પ્રક્રિયા ખોરવાઈ ન જાય. જાપાન ફોબોસ પર એક કે બે વાર ઉતરાણ કરવાની યોજના બનાવી રહ્યું છે. તેઓ બે અલગ-અલગ સ્થળોએથી સપાટી પરની ઓછામાં ઓછી ૧૦ ગ્રામ માટી (રેગોલિથ) એકત્રિત કરવા માગે છે. સ્પેસક્રાફ્ટમાં એવા સેમ્પલિંગ સાધનો હશે જે સપાટી પરથી તેમજ થોડા ઊંડાણમાંથી પણ માટી એકઠી કરી શકશે. વૈજ્ઞાનિકોને આશા છે કે આ નમૂનાઓમાં ચંદ્રની રચના અને તેના નિર્માણની પ્રક્રિયા વિશે એવી માહિતી સુરક્ષિત હશે જે ફક્ત દૂરથી નિરીક્ષણ કરવાથી જાણી શકાતી નથી.

ગુજરાત સમાચાર

## હિન્દુ વિરોધી વંટોળ

તાજેતરમાં ભારતની મુલાકાતે આવેલા યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ યુએસમાં ભારતીયો સામે વંશીય દ્વેષ અંગેના પ્રશ્નોને એમ કહીને ટાળ્યા કે દરેક દેશમાં કેટલાક મૂર્ખ લોકો હોય છે. જોકે, તાજેતરમાં ઈલિનોઈસના ઓરોરામાં શ્રી વેંકટેશ્વર સ્વામી, જેને બાલાજી મંદિર તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને નિશાન બનાવવાના કાવતરાનો પર્દાફાશ થવાથી સ્પષ્ટ થાય છે કે પરિસ્થિતિ અલગ અને વધુ ગંભીર છે. આ કાવતરાનો આરોપી, એલેક્ઝાન્ડ્રોસ પાપોરાકિસ, ભારતીય-અમેરિકન સમુદાયના એક મોટા ધાર્મિક મેળાવડા પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યો હતો. તે રાઈફલ સાથે સજ્જ પહોંચ્યો, પરંતુ તે બંદૂક જામ થઈ ગઈ. તે ફરીથી મંદિર પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યો હતો. તેના ઘરમાંથી શ્વેત સર્વોપરિતાવાદી મેનિફેસ્ટો અને નાઝી સામગ્રી મળી આવી. આ ઘટના એક ખતરનાક અભિગમનું ઉદાહરણ છે જેના વિશે ત્યાંના ભારતીયો બૂમો પાડીને લાંબા સમયથી ચેતવણી આપતા રહ્યા છે.

ઓરોરાની ઘટના પહેલી કે કંઈ નવી નવેલી નથી. ગયા વર્ષે, સ્પેનિશ ફોર્ક, ઉટાહમાં ઈસ્કોન મંદિરમાં ગોળીબાર થયો હતો. અમેરિકામાં લાંબા સમયથી હિન્દુ દ્વેષના સંકેતો સપાટી પર આવી રહ્યા છે. ન્યૂ યોર્કના મેલવિલેમાં આવેલા સ્વામિનારાયણ મંદિરમાં તોડફોડની ઘટના હોય કે પછી કેલિફોર્નિયાના ફ્રેમોન્ટ અને હેવર્ડમાં મંદિરો પર હિન્દુ વિરોધી સૂત્રોની લખાપટ્ટી હોય, યુનાઈટેડ સ્ટેટ્સમાં હિન્દુઓને ધાકધમકી આપવી એ વાત હવે સામાન્ય બની ગઈ છે. આ ઘટનાઓ દેશના સૌથી શાંતિપ્રિય ઈમિગ્રન્ટ સમુદાયોમાંના એક સામે વધતી જતી નફરતની ગવાહી આપે છે. આ ઘટનાઓ જે રીતે નોંધાય છે તે પણ ચિંતાજનક છે. જ્યારે અમેરિકન નેતાઓ અને મીડિયા અન્ય જૂથો સામે સાંપ્રદાયિક અને વંશીય દ્વેષની નિંદા કરવા માટે ઉતાવળ કરે છે, ત્યારે હિન્દુ સંસ્થાઓ પરના હુમલાઓ ભાગ્યે જ સમાન આક્રોશ મેળવે છે. ધાર્મિક પરિબળો દ્વારા સ્પષ્ટપણે પ્રેરિત ઈસ્લામિક ઉગ્રવાદ વિશેની ચર્ચાઓને ઘણીવાર ઈસ્લામોફોબિયા તરીકેનું લેબલ લગાવીને શાંત કરવામાં આવે છે, છતાં હિન્દુઓ પ્રત્યેનો દ્વેષ સામાન્ય બની ગયો છે. હિન્દુ મંદિરો પરના હુમલાઓ અંગેના સત્તાવાર નિવેદનો ઘણીવાર તેમને નગણ્ય ઘટનાઓ તરીકે ફગાવી દે છે.

હિન્દુ-અમેરિકનો (NRI) લગભગ દરેક માપદંડથી અમેરિકાના સૌથી સફળ જૂથોમાંના એક છે. આંકડા અને અભ્યાસો દર્શાવે છે કે ભારતીય અમેરિકનોની સરેરાશ આવક, શૈક્ષણિક પ્રાપ્તિ અને દવા અને એન્જિનિયરિંગ જેવા ક્ષેત્રોમાં વ્યાવસાયિક પ્રતિનિધિત્વ દેશના અગ્રણીઓમાં સામેલ છે. તેમનો અપરાધ દર પણ ખૂબ જ ઓછો છે. આર્થિક અનિશ્ચિતતા અને રાજકીય લોકપ્રિયતાના સમયમાં, NRI સમુદાયની વધારે પડતી સફળતા એ વતની અમેરિકનોને નિરાશા અને ઈર્ષ્યા તરફ લઈ જાય છે. NRI ની દરેક સફળતા હવે અમેરિકન પ્રજાની બળતરા છે. જમણેરી MAGA જૂથોના વાણી-વર્તન આર્થિક ખતરો અને સાંસ્કૃતિક વિસ્થાપનના દ્રષ્ટિકોણથી ઉચ્ચ કુશળ ઈમિગ્રન્ટ્સની સફળતાને વધુને વધુ જોવા લાગ્યા છે. આ રોષને વેગ આપે છે, ખાસ કરીને સ્થાનિક હિન્દુ અમેરિકનો સામે. રક્ષણાત્મક કવચ તરીકે સેવા આપવાને બદલે, હિન્દુ સફળતા દુશ્મનાવટને વેગ આપી રહી છે. લાંબા સમયથી ચાલતા અને ઊંડા મૂળ ધરાવતા સાંસ્કૃતિક પૂર્વગ્રહ સાથે આર્થિક ઈર્ષ્યા પણ નફરતનું કારણ છે.

આધુનિક અને સુસંસ્કૃત જીવનશૈલીના આવરણ પાછળ, અમેરિકન સમાજના એક વર્ગમાં બહુદેવવાદ અને મૂર્તિપૂજા પ્રત્યેનો મજબૂત અણગમો સ્પષ્ટપણે દેખાય છે. મંદિર નિર્માણ અને હિન્દુ દેવતાઓની મૂર્તિઓને 'ડરામણી' તરીકે દર્શાવવા સામેના વિરોધમાં આ પૂર્વગ્રહ પોતાને પ્રગટ કરે છે. ટેક્સાસના સુગરલેન્ડમાં ભગવાન હનુમાનની ૯૦ ફૂટ ઊંચી પ્રતિમાનો વિરોધ ચરમસીમાએ પહોંચ્યો. બહુદેવવાદ પ્રત્યેનો આ દ્વેષ બેવડા વલણને જન્મ આપે છે કે અમેરિકન સમાજ કટ્ટરપંથી ઈસ્લામિક માન્યતાઓ પ્રત્યે થોડી ઉદારતા બતાવે છે, છતાં હિન્દુઓ પ્રત્યે કોઈ સહાનુભૂતિ દર્શાવવાનું ટાળે છે. ભારતીય મૂળના રૂઢિચુસ્ત ખ્રિસ્તી વિવેચકો પશ્ચિમી પાદરીઓના પૂર્વગ્રહોને ભડકાવીને આ વાતાવરણને વધુ ઝેરી બનાવી રહ્યા છે. મુખ્ય પ્રવાહનું અમેરિકન રાજકારણ પણ આ સાંપ્રદાયિક સંકુચિત માનસિકતાથી મુક્ત નથી. ચૂંટણી સમયગાળા દરમિયાન, ઘણા રિપબ્લિકન સમર્થકોએ વિવેક રામાસ્વામીને તેમની હિન્દુ ઓળખ વિશે પ્રશ્ન કર્યો હતો.આવી અભદ્રતા ભારતીય રાજકારણમાં પણ જોવા મળતી નથી. તેવી જ રીતે, જે.ડી. વાન્સની પત્ની, ઉષા વાન્સને પણ ખ્રિસ્તી ધર્મ ન અપનાવવા બદલ પ્રશ્ન કરવામાં આવ્યો હતો.

# સ્વતંત્રતા, અન્ન અને ઈંધણ દેશમાં પ્રદર્શનોને પ્રબળ બનાવવા માટેના પરિબળો

જ્યારે લોકોને સ્વતંત્રતા અથવા અન્ન અથવા ઈંધણ અથવા અન્ય અતિ આવશ્યક ચીજવસ્તુથી વંચિત રાખવામાં આવે ત્યારે તેઓ પોતાનો રોષ વ્યકત કરે છે. ફ્રાન્સ, અલ્બેનિઆ, બેલ્જિયમ, બ્રાઝિલ, ચીલે, ઈટાલી, મોરોક્કો, પોર્ટુગલ અને ભારતમાં હાલમાં ખાસ કરીને યુવાનો દ્વારા વ્યાપક દેખાવો થઈ રહ્યા છે. ભૂલોને સુધારવા અથવા કટોકટીને હળવી કરવા સરકાર પૂરતા પગલાં લેતી નહીં હોવાથી તેને જવાબદાર ગણવામાં આવી રહી છે. યુરોપમાં કેટલાક પ્રદર્શનો હિંસક બન્યા છે જે નિંદનીય છે.

અમેરિકામાં, લોકો ફરિયાદ કરી રહ્યા છે કે, ખાદ્ય પદાર્થોની કિંમત પરવડી ન શકે તેવા સ્તરે પહોંચી ગઈ છે અને ઈંધણના ભાવ પણ ઊંચે ગયા છે. આ માટે ટ્રમ્પને જવાબદાર ગણાવાઈ રહ્યા છે. શાળામાં નબળી વ્યવસ્થા અને શિક્ષકોની અછતને કારણે સારું શિક્ષણ મળતું નહીં હોવાની ફ્રાન્સમાં લોકો ફરિયાદ કરી રહ્યા છે. આ માટે મેક્રોન પર માછલા ધોવાઈ રહ્યા છે. એક કિંમતી જમીન અમેરિકાના મૂડીવાદીને વ્યવસાયીક ઉપયોગ માટે પૂરી પાડી દેવાઈ હોવાનો અલ્બેનિઆના લોકો દાવો કરી રહ્યા છે અને આ માટે ઈદી રામાને જવાબદાર ગણાવાઈ રહ્યા છે. હાલના પ્રદર્શનો નાગરિકોની એવી લાગણીના ભાગ છે, જેમાં તેઓ એમ માને છે કે, હું સ્વતંત્ર ત્યારે જ છું જ્યારે મને પરવડી શકે તેવા દરે અન્ન મળે છે, સારુ શિક્ષણ પ્રાપ્ત થાય છે અને પર્યાવરણને રક્ષણ કરી શકુ છું. આ પ્રદર્શનો ભારતમાં બ્રિટિશકાળમાં મીઠા કર (સોલ્ટ ટેકસ) સામેના દેખાવો જેવા છે. સોલ્ટ ટેકસમાં જો કે કોઈની સ્વતંત્રતા છીનવાઈ નહોતી ગઈ પરંતુ મહાત્મા ગાંધીની સ્વતંત્રતાની વિચારધારાથી અલગ લાગુ કરાયેલો ટેકસ હતો. આ સાથેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

### માની ન શકાય તેવી અણસમજ

મતાધિકાર એ એક લોકશાહી દેશના નાગરિકને નકારી ન કરી શકાય તેવો સૌથી કિંમતી અધિકાર છે. હું માની શકતો નથી કે, ભાજપ સરકાર એટલી અણસમજ કઈ રીતે હોઈ શકે જેમાં તેણે માની લીધું કે ૧૩,૩૦,૦૦,૦૦૦ (૨૬ રાજ્યોની પુખ્ત વસતિના ૧૪ ટકા) લોકોના નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવાથી કોઈ વિરોધ નહીં ઉઠે. દેશના ચૂંટણી પંચે દાવો કર્યો છે કે પ્રક્રિયાને અનુસરીને નામો રદ કરવામાં આવ્યા છે. એક પ્રક્રિયા ઉચિત પ્રક્રિયા નથી. ચૂંટણી પંચે આ ગુનાને કબૂલી લીધો છે. જે લોકોના નામ રહી ગયા છે તેમનો



ઉમેરો કરવા હવે તે ખાસ શિબિર યોજી રહ્યું છે. રહી ગયા છે, એ તો માત્ર બચાવ છે. હકીકતમાં તો તે ગેરકાયદે રીતે કાઢી નંખાયા હતા. આ સાથેના



**ઓપિનિયન**

**પી.ચિદમ્બરમ્**

કોષ્ટકમાં દર્શાવ્યા છે.

એસ. આઈ. આર. પાછળ કેટલા કરોડ રૂપિયા ખર્ચી નંખાયા. નવી યાદી તૈયાર કરવામાં કેટલા કરોડ રૂપિયા ખર્ચાશે? બેવડો ખર્ચ કોણ ભોગવશે?

### રદ કરાયેલાનો ફરી ઉમેરો

**એસ. આઈ. આર. પાછળ કેટલા કરોડ રૂપિયા ખર્ચી નંખાયા. નવી યાદી તૈયાર કરવામાં કેટલા કરોડ રૂપિયા ખર્ચાશે?**

સંપૂર્ણ એસ. આઈ. આર. પ્રક્રિયાને વિવિધ મુદ્દાઓ પર સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી છે. કોર્ટે નોટિસ જારી કરી હતી. બીજે દિવસે ચૂંટણી પંચે પલટી મારી અને બાકીના રાજ્યો માટે એસ.આઈ.આર.ને પડતી મૂકી જૂની પદ્ધતિ સ્પેશિયલ સમરી રિવિઝન (એસએસઆર) પર આવી ગયા. આમ કરીને તેણે કબૂલાત કરી લીધી છે, જેનો મેં ઉપર ઉલ્લેખ કર્યો છે.

પશ્ચિમ બંગાળમાં જે વ્યક્તિઓના નામ રદ કરી દેવાયા હતા તેમને એકલાને જ સુપ્રીમ કોર્ટે અપીલ્સ રજૂ કરવા મંજુરી આપી હતી. રજૂ કરાયેલી ૨૨,૦૦,૦૦૦ અપીલ્સમાંથી અંદાજે ૧,૨૬,૦૦૦ અપીલ્સનો છ મહિનામાં નિકાલ કરાયો હતો. ૯૧-૯૩ ટકા અપીલ્સને માન્ય રખાઈ હતી અને મતદારયાદીમાં તેમના નામ સમાવી લેવા નિર્દેશ અપાયો હતો. જો કે તાજેતરમાં જ યોજાઈ ગયેલી વિધાનસભાની ચૂંટણીમાં આ મતદારો મતદાન કરી શક્યા નહોતા. અન્યત્ર રદ કરાયેલા કરોડો નામો (મૃત્યુ પામેલા સહિત)ને અપીલની જોગવાઈ નથી. તેમના નામ જ્યાંસુધી મતદારયાદીમાં ફરી ઉમેરાશે નહીં ત્યાંસુધી તેઓ મતદાન કરી શકશે નહીં. નામનો ફરી ઉમેરો ચૂંટણી પંચની મરજી પર છે.

### હક માટે લડાઈ

આ કોઈ સામાન્ય વિરોધ નથી. આ એક સ્વતંત્રતા તથા મતાધિકાર માટેની લડાઈ છે. હવે પછીની લડાઈ અન્ન માટેની હશે. ખાદ્ય પદાર્થની કિંમતો એટલી વધી ગઈ છે કે પરિવારોની ક્ષમતાની બહાર પહોંચી ગયા છે. ૮૦ કરોડ લોકોને સરકાર પાંચ કિલો નિઃશુલ્ક અનાજ આપે છે ખરા, પરંતુ અન્ય અસંખ્ય લોકો ખાસ કરીને દેશની અંદર જ સ્થળાંતર કરી ગયેલા શ્રમિકો ને નિઃશુલ્ક અનાજ મળતું નથી. દેશના કર્મચારી બળમાં વીસ ટકા જેટલો હિસ્સો ધરાવતા દૈનિક કામદારો - રોજમદારો ના વેતન આજે જ્યારે સ્થિર થઈ ગયા છે અથવા તો ઘટી ગયા છે તેમનો વિચાર કરીશું તો તેમની વેદના સમજી શકાશે.

અન્ય એક લડાઈ આકાર પામી રહી છે. પરવડી શકે તેવા દરે ઈંધણ. પેટ્રોલ, ડીઝલ, વીજળી, ગેસ, કેરોસીન તથા બસ, ટ્રેન અથવા વિમાન મારફત પ્રવાસ કરવાનું ખર્ચાળ બની ગયું છે.

દેશમાં હોલસેલ ફુગાવો ૧૧.૩૯ ટકા અને રિટેલ ૫.૫૪ ટકા તથા ખાદ્ય પદાર્થનો ફુગાવો ૭.૭૪ ટકા પર પહોંચી ગયો છે. આ માટે બહારી પરિબળો જેમ કે યુદ્ધ અને ટેરિફ્સ જવાબદાર છે. તેમ છતાં સરકારે જવાબદારી સ્વીકારવી રહી. યાદ રાખો કે, ૨૦૦૯-૨૦૧૧માં ફુગાવા (કારૈંણ આંતરરાષ્ટ્રીય નાણાં કટોકટી) અને ૨૦૧૩-૧૪ માં ફુગાવા (કારણ નાણાંકીય છૂટછાટ પાછી ખેંચવાનો ગભરાટ) બદલ ભાજપે યુપીએ સરકારને જવાબદાર ગણાવી હતી.

અન્ય હકો જેને દબાવી દેવાયા છે અથવા કાપ મુકાયો છે તેની માટે લડાઈ ચાલુ રહેશે. મને જાણ છે કે રેજિમ ચેન્જે હવે નકારાત્મક અર્થ ધરાવે છે, તેને હવે સરકારમાં બદલાવ તરીકે વાંચવો રહ્યો. એક સરકારને દૂર કરવા શાંતિપૂર્ણ આંદોલન કરવા વિપક્ષો અથવા સામાજિક સંસ્થાઓના હક્કો સામે કોઈ તકરાર કરી શકે નહીં. એચ. વી. કામત (૧લી ડિસેમ્બર, ૧૯૬૪) અને પ્રણવ મુખરજી (૧૯, નવેમ્બર ૨૦૧૬)એ જણાવ્યું હતું કે, સરકારનો વિરોધ, ખૂલ્લી પાડવી અને પદભ્રષ્ટ કરવાની વિપક્ષની ફરજ છે. કોંગ્રેસ, આઈએનડીઆઈએ જૂથ, સીજેપી, એઆઈએસએ અને અન્યોને આ અધિકાર શા માટે નકારાઈ રહ્યા છે?

હવે પછીની લડાઈ ૨૦૨૭માં ઉત્તર પ્રદેશ, પંજાબ, ગુજરાત તથા અન્ય ચાર રાજ્યો માટે હશે.

૨૬ રાજ્યોમાં એસ.આઈ.આર. ત્રણ તબક્કામાં યોજવામાં આવ્યું હતું.

| તબક્કો | રાજ્યો | પુખ્ત નાગરિકો | નામો રદ કરાયા | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧ રાજ્ય | ૮.૨૧ કરોડ | ૦.૬૫ કરોડ | ૭.૯૨ |
| ૨ | ૯ રાજ્ય | ૫૧.૬૦ કરોડ | ૬.૫૦ કરોડ | ૧૨.૬૦ |
| ૩ | ૧૬ રાજ્ય | ૩૫.૫૦ કરોડ | ૬.૧૫ કરોડ | ૧૭.૧૮ |
| | ૨૬ રાજ્યો | | ૧૩.૩૦ કરોડ* | ૧૪.૦૦ |

*(મૃત્યુ પામેલાઓ સહિત)

# ટેરિફના અવરોધોને અવગણી એન્જિનિયરિંગ નિકાસની વૃદ્ધિ તેજ બની

ભારતના નિકાસ ક્ષેત્રમાં કુલ નિકાસના ૨૭-૨૮% જેટલો સૌથી મોટો હિસ્સો અને વિનિર્માણ (મેન્યુફેક્ચર્ડ) માલસામાનની નિકાસમાં લગભગ ૪૦% યોગદાન હોવા છતાં, એન્જિનિયરિંગ સામાન ભાગ્યે જ ચર્ચામાં આવે છે. આનું કારણ તેની અંદર સમાવિષ્ટ ઉત્પાદનોની વ્યાપક વિવિધતા છે, જેમાં એસોર્ટેડ ધાતુ અને સ્ટીલ ઉત્પાદનો, મશીનરી, ઓટોમોબાઈલ્સ, ઓટો પાર્ટ્સ, સંરક્ષણ સાધનો અને વિમાનના પાર્ટ્સનો સમાવેશ થાય છે. કોઈપણ એક ઉદ્યોગનું પ્રભુત્વ ન હોવાથી, એન્જિનિયરિંગ સામાનના નિકાસકારો વધુ ચોક્કસ વ્યાખ્યાયિત ક્ષેત્રો જેવી પ્રસિદ્ધિ મેળવી શકતા નથી. છતાં, તેમણે છેલ્લા એક વર્ષ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રના સતત ટેરિફ હુમલા વચ્ચે સૌથી શ્રેષ્ઠ પુનરાગમન નોંધાવ્યું છે.

વધુ મહત્ત્વની વાત એ છે કે, ગયા વર્ષે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ૫૦% વધારાના ટેરિફને કારણે અમેરિકામાં એન્જિનિયરિંગ સામાનની નિકાસમાં બે આંકડાનો ઘટાડો નોંધાયા બાદ, તે ઝડપથી પાટા પર આવી ગઈ છે. ચાલુ વર્ષના એપ્રિલ-ઓગસ્ટમાં અમેરિકામાં નિકાસ વધુ વેગવંતી બની અને ૧૫.૫%ના પ્રભાવશાળી દરે વધીને ૯.૯૭ બિલિયન ડોલર થઈ, જેમાં ઓગસ્ટ મહિનામાં જ શિપમેન્ટ્સમાં ૩૧%નો ઉછાળો જોવા મળ્યો હતો. આ વિસ્તરણનો દર ટેરિફના હુમલા પહેલાના સ્તર કરતા પણ વધારે છે.

સ્ટીલ અને એલ્યુમિનિયમ આઈટમ્સ પરના ૫૦% પ્રોડક્ટ-વિશિષ્ટ ટેરિફ પણ નિકાસની ગતિ ધીમી કરવામાં નિષ્ફળ રહ્યા હતા. ૫૦% ડ્યુટી તમામ દેશો માટે લાગુ છે, તેથી અમેરિકન ખરીદદારો પાસે વ્યવહારિક રીતે તેને સ્વીકારી લેવા સિવાય કોઈ વિકલ્પ નથી. તેમની ખરીદશક્તિમાં કદાચ આંશિક ઘટાડો થયો હશે. યોગ્ય શિપમેન્ટ વ્યૂહરચના અને ભારતીય સપ્લાયર્સ તેમજ અમેરિકન ગ્રાહકો દ્વારા માર્જિન પરનો અસ્થાયી બોજ વહેંચવાની તૈયારીએ એન્જિનિયરિંગ ક્ષેત્રના નિકાસકારોને ટેરિફની અનિશ્ચિતતાઓ સામે ટકી રહેવામાં મદદ કરી છે.

જે કંપનીઓ અમેરિકાની સપ્લાય ચેઈનમાં સ્થાન મેળવવામાં સફળ રહી છે, તેમને ટૂંકી નોટિસ પર બદલવી મુશ્કેલ છે. જ્યાં સુધી સ્પર્ધકો ખૂબ આકર્ષક ભાવ ન આપે, ત્યાં સુધી ગ્રાહકો સામાન્ય રીતે વિક્રેતા બદલતા નથી, કારણ કે નવા સપ્લાયર્સ સાથે સપ્લાય સિસ્ટમ અને લોજિસ્ટિક્સનું પુનઃનિર્માણ કરવું સરળ નથી.

જોકે, નિકાસના સારા આંકડા વાસ્તવિક ગ્રાઉન્ડ લેવલની અમુક હકીકતોને છુપાવે છે. મોટાભાગે ઊંચા નિકાસ મૂલ્યો વૈશ્વિક ભાવવધારાને પ્રતિબિંબિત કરે છે, જેના કારણે ભારતનો આયાત ખર્ચ પણ વધ્યો છે. ચોખ્ખી નિકાસ આ હેડલાઈન આંકડાઓ કરતા ઘણી ઓછી છે.

બજારના વૈવિધ્યકરણ (ડાઈવર્સિફિકેશન)થી પણ સમગ્ર શિપમેન્ટ્સને ટેકો મળ્યો છે, જેમાં આ ક્ષેત્રમાંથી કુલ નિકાસ ૪.૯% વધીને ૧૨૨.૪૩ બિલિયન ડોલર થઈ છે. ૨૦૨૫-૨૬માં ચીનના બજારમાં ૩૨.૪%, જર્મનીમાં ૧૪.૬%, યુકેમાં ૧૮.૨% અને ઈટાલીમાં ૧૬%નો વધારો જોવા મળ્યો હતો. દક્ષિણ કોરિયા, જાપાન, બ્રાઝિલ અને નેધરલેન્ડ્સમાં પણ બે આંકડામાં વૃદ્ધિ થઈ છે. સ્ટીલ ઉત્પાદનો માટે, ભારતે યુરોપિયન યુનિયન તરફથી ૧.૯ મિલિયન ટનનો દેશ-વિશિષ્ટ ટેરિફ-રેટ ક્વોટા સુરક્ષિત કર્યો છે. આ ક્વોટા હેઠળના શિપમેન્ટ્સ કસ્ટમ્સ યુનિયનમાં ૦% ડ્યુટી સાથે પ્રવેશ કરે છે, જ્યારે ક્વોટા મર્યાદાથી વધુની નિકાસ પર ૫૦% ટેરિફ લાગે છે.

જાણકારોએ જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ મહિનામાં જોવા મળેલો વૃદ્ધિ દર આગળ પણ ચાલુ રહેવાની અથવા વધુ વેગ પકડવાની નિકાસકારો અપેક્ષા રાખે છે. અમેરિકા તરફથી સ્થિર માંગ છે. ગયા વર્ષે પણ, નિકાસકારોએ ઊંચા ટેરિફ છતાં બજારમાં પોતાની હાજરી જાળવી રાખવા માટે ઉત્પાદનો પર ડિસ્કાઉન્ટ આપીને ટેરિફની અસર ઘટાડવાનો પ્રયાસ ચાલુ રાખ્યો હતો, ભલે તેમના માર્જિનને ફટકો પડ્યો હોય. ૫૦% ટેરિફ ઓગસ્ટ ૨૦૨૫ના અંતથી ફેબ્રુઆરી ૨૦૨૬ની શરૂઆત સુધી અમલમાં રહ્યા હતા. ઘણા નિકાસકારોએ અમેરિકન ખરીદદારો સાથે ૫૦% ટેરિફની અસર સરખે હિસ્સે વહેંચવાની વ્યવસ્થા કરી હતી. આ ટેરિફના રિફંડની પ્રક્રિયા શરૂ થતાં, સંમત થયા મુજબ આયાતકારો તેમની સાથે રિફંડ વહેંચશે તેવી નિકાસકારોને અપેક્ષા છે, જોકે આ પ્રક્રિયા ખૂબ ધીમી ચાલી રહી છે.

**ખરીદદારો દ્વારા ટેરિફનો ખર્ચ સ્વીકારી લેવાતા અમેરિકામાં નિકાસ ફરી વધી; નવા બજારોનો લેવાઈ રહેલો લાભ**

**ટ્રમ્પની રશિયા પાસેથી ઓઈલ ખરીદવાની મજબૂરી કે મુસીબત ?**

# પ્રમુખ ટ્રમ્પે ચૂંટણી જીતવી હશે તો ડિઝલના ભાવ ઓછા કરવા પડશે

ટ્રમ્પે હમણાં જ ૯મી ઓક્ટોબરે ૨૦૨૬ના રોજ જાહેરાત કરી કે તેઓ રશિયા પાસેથી પ્રથમ ૩૦૦૦૦૦ મેટ્રિક ટન પછી ૫ લાખ મેટ્રિક ટન અને એ પછી ૧૦ લાખ મેટ્રિક ટન ઓઈલ ખરીદશે. તે પછી ચાઈના અને ભારત પર સો ટકા ટેરિફની વાત હતી તેમાં રાહત આપી દીધી. રશિયા પરના પ્રતિબંધો દૂર કર્યા.

જે ટ્રમ્પે તેમના પ્રિય મિત્રને બિરદાવવા સ્વર્ગસ્થ સેનેટર લિન્ડસે ગ્રેહામના સન્માનમાં 'લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬' તા.૧૮મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ તો આ બિલ પસાર કર્યું હતું. જેમાં તેમના વિપક્ષે પણ સહકાર આપ્યો હતો.

આ કાયદાનો મુખ્ય હેતુ રશિયાના સંરક્ષણ અને ઉર્જા ક્ષેત્ર પર કડક આર્થિક પ્રતિબંધો લાદવાનો તથા રશિયા પાસેથી તેલ-ગેસ ખરીદતા દેશો પર ૧૦૦% સુધીની આયાત ડ્યુટી (ટેરિફ) લગાવવાની સત્તા આપવાનો છે, જેથી યુક્રેન સામેના યુદ્ધ માટેનું રશિયાનું ફંડિંગ રોકી શકાય.

૧૨ અને ૧૩મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બ્રિક્સ સમિટ ભારતમાં મળેલી. જેમાં રશિયાના પુતિન અને ચીનના શી જિન્ગપિંગ આવેલા. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેકિશ્યન પણ આવેલા.

ટ્રમ્પ, મોદી સહિત આ ચારેય નેતાઓને તા.૧૩મી સપ્ટેબરના રોજ દિલ્લી કરાર પર સહી કરતા જોઈને ખીજાઈ ગયેલા. તેમણે અમેરિકી સંસદમાં ૧૮ની સપ્ટેમ્બરે, લિન્ડસે ઓ ગ્રેહામ બિલ પસાર કરી નાખ્યું કે રશિયા પાસેથી ઓઈલ ખરીદશે તો ચાઈના અને ભારત બન્ને પર ૧૦૦% ટેરિફ નાખવામાં આવશે. તેમજ ઈરાન પર પણ એટલી જ પાબંદી રાખેલી છે.

બ્રિક્સ સમિટમાં જાહેરમાં થયેલા ભાષણોની વાતો અને જાહેરમાં આપેલા સ્ટેટમેન્ટ્સ આપણે સાંભળ્યા હોય પરંતુ ખાનગીમાં જે વાતો થઈ હોય તે આપણે સાંભળી પણ ન હોય અને ખબર પણ ન હોય. એ ફક્ત ત્યારે જ ખબર પડે કે જ્યારે તેનું પરિણામ જોવા મળે.

બ્રિક્સ બેઠકમાં અંદરખાને જે કંઈ



રંધાયું હોય તે પરંતુ ૧૨મી સપ્ટેમ્બરની આસપાસ જ હુતીઓ એ સાઉદી પર સૌથી મોટો હુમલો કર્યો. તેની રાજધાની રિયાધના એરપોર્ટ પર હુમલો કર્યો અને બાબા અલ મંડબ પર કબજો કરી લીધો. ઈરાને હોર્મસ ખાડીને વધારે ટાઈટ કરી દીધી. આમ મિડિલ ઈસ્ટના મુખ્ય બે સામુદ્રી વેપારી રસ્તા બંધ કરી દીધા.

તેનું પરિણામ એ આવ્યું કે વિશ્વમાં અને અમેરિકામાં તેલની અછત મોટા પાયે ઉભી થઈ.

રશિયાએ તો ઓઈલનું એકસપોર્ટ કરવા પર પ્રતિબંધ મૂકી દીધેલો જ છે. જેલન્સકીએ રશિયન રિફાઈનરી ઉપર એટલી મિસાઈલ નાખેલી છે કે જેના કારણે રશિયાની ઓઈલ રિફાઈન કરવાની કેપેસિટી ૫૦ ટકા ઘટી ગઈ છે. પરિણામે યુરોપને ઓઈલ મળતું બંધ થયું. જેથી યુરોપમાં પણ ઓઈલની અછત ઉભી થઈ છે ત્યાં પણ ઓઈલના ભાવોમાં ખૂબ જ વધી ગયા છે. ૨૦૨૪ માં ડીઝલનો ભાવ ૧.૬૧ યુરો હતો જે ૨૦૨૬માં વધીને ૨.૬૧ સુધી પહોંચી ગયો છે. આમ સમગ્ર પશ્ચિમ ઓઈલ અછતથી ગળે આવી ગયું છે.

અમેરિકામાં ડીઝલનો એક ગેલનનો ભાવ ૬.૫૦ ડોલર સુધી પહોંચી ગયો. જેના કારણે અમેરિકામાં મોંઘવારીએ માઝા મૂકી છે. જે ભાવ ૨૦૨૪માં ૩.૫૦ ડોલર હતો. એટલે ઓલમોસ્ટ ડબલ ભાવ થઈ ગયો. જેની અસર મોઘવારી ઉપર પણ એટલી જ પડી. નવેમ્બર ૨૦૨૬ માં અમેરિકામાં મધ્યસ્થ ચૂંટણી આવે છે. અમેરિકામાં ભાવ વધારો એ કાયમ શૂટિંગ પોઈન્ટ રહ્યો છે. આથી જો ડીઝલના ભાવ નીચા નહીં આવે તો ચૂંટણી જીતવી ટ્રમ્પને અઘરી પડી જાય.

આ બધા જ સમીકરણો જોઈએ તો લાગે કે બ્રિક્સ સમિટની આસપાસના ગાળામાં જે ઘટનાઓ બની છે તેની અસર એવી ઊભી થઈ કે જે ટ્રમ્પે ૧૮મી સપ્ટેમ્બરે જે બિલ પસાર કર્યું

તેને હજુ આજે લખું છું એ દિવસે એક મહિનો પણ પૂરો નથી થયો એ પહેલા તો આ બિલનું પીડલું વળી ગયું. બ્રિક્સના નેતાઓ એ એવું કયું પ્રેશર ઊભું કર્યું કે ટ્રમ્પને નાકની લીટી તાણતાં આવવું પડ્યું.

ટ્રમ્પ અને અમેરિકા બંને માટે આ ખૂબ જ શરમજનક સ્થિત થઈ છે. જે ટ્રમ્પ માટે રશિયન ઓઈલ ખરીદવું એટલે યુક્રેન વાસીઓની લોહીની કિંમત ચૂકવવી એવું ગળું ફાડી ફાડીને કહેતા હતા. એજ ટ્રમ્પ હવે એમ કહે છે જેલન્સકી કબાબમાં હડ્ડી છે. આવતા દિવસોમાં ચોક્કસ જેલનસ્કી ઉપર એટલું દબાણ લાવશે કે તેની હાલત ખરાબ તો છે પણ વધુ ખરાબ કરી નાખશે.

બાકી ટ્રમ્પ ઈલેક્શન જીતવા હજુ કેવા કેવા પગલાં લેશે એ તો સમય જ કહી શકે છે.

- પરેશ.કે.ભટ્ટ

**જીઓ પોલિટિકસ એક એવી રમત છે કે જેમાં ડોટ જોડતા આવડે તો સુંદર ચિત્ર બને. આપણે તારીખો મેળવીએ તો ડોટ્સ સાથે ચિત્ર તૈયાર થઈ જાય છે**

# વિવિધ પ્રકારના પોલિશીસ અંગે વિસ્તૃત માહિતી

(ગતાંકથી ચાલુ)

* આલકલી :- આલકલી એટલે એસિડીટ સ્ટ્રકચરને ન્યુટ્રલ કરે અને સોલ્યુબીલીટીમાં વધારો કરે તેને આલકલી કહેવાય છે. પોલિશીસ માટે આલકલીમાં વધારે પડતો ટ્રાટા ઈથેનોલ એમાઈનનો ઉપયોગ થાય છે.

* મેન્યુફેકચરીંગ મેથડ :- કોઈપણ પ્રકારના વેક્સને મેલ્ટ કરવામાં આવે

**ઔદ્યોગિક માર્ગદર્શન**

**ધીરૂ પારેખ**

છે. ત્યારે તે વેક્સના મેલ્ટીંગ પોઈન્ટને ધ્યાનમાં રાખીને પછીથી જ તેને મેલ્ટ કરી શકાય છે. વેક્સને બે પધ્ધતિથી મેલ્ટ કરી શકાય છે. (૧) ડાયરેક સ્ટીમ (૨) જેકેટ પાન આ બે - પધ્ધતિમાં જેકેટ પાન વધારે સુરક્ષીત ગણાય છે.

જ્યારે વેક્સ હોમોજિનાઈઝ અને પછીથી આ વેક્સના ગરમ માસમાં સોલવન્ટ ઉમેરી શકાય છે. સોલવન્ટ ઉમેરવાના સમયે સ્ટરીંગ જરૂરી બને છે.

* કાર પોલિશના કી-ઈનગ્રેડીએન્ટ :- કાર્નુબા વેક્સ, બેન્ઝાન, ટ્રાય ઈથેનોલ એમાઈન, ફીલર, કલર અને પરફયુમ્સ વડે કાર પોલિશ બનાવી શકાય છે.

* મેટલ પોલિશના કી-ઈનગ્રેડીએન્ટ :- પેરાફીન વેક્સ, કાર્બન ડાયસલફાઈડ, ચોક પાવડર, સોડિયમ હાઈડ્રો સલફાઈડ વડે મેટલ પોલિશ બનાવી શકાય છે.

* ફ્લોર પોલિશના કી-ઈનગ્રેડીએન્ટ :- બીઝ વેક્સ, પોટેશિયમ પરમેનગેટ, લાઈટ લીકવીડ પેરાફીન, ટર્પેનટાઈન વડે ફ્લોર પોલિશ બનાવી શકાય છે.

* લેધર પોલિશના કી-ઈનગ્રેડીએન્ટ :- પેરાફીન વેક્સ, સ્પરમેટિક ઓઈલ, ટર્પેન્ટાઈન ઓઈલ, બોરેક્સ વડે લેધર પોલિશ બનાવી શકાય છે.

* શૂઝ પોલિશના કી-ઈનગ્રેડીએન્ટ :- કાર્નુબા વેક્સ, માઈક્રોક્રિસ્ટલાઈન વેક્સ, ટર્પેન્ટાઈન ઓઈલ, બેન્ઝીન લમ્પસ બ્લેક કલર વડે શૂઝ પોલિશ બનાવી શકાય છે.

* લાઈસન્સ :- ધ લાઈસન્સ અંડર ધ ઈન્ડસ્ટ્રીઝ એક્ટ એન્ડ ક્લીયરન્સ ફોમ-પોલ્યુસન કન્ટ્રોલ બોર્ડ તેમજ એક્સપ્લોઝીવ ઓથોરિટીઝ ઈઝ એ મસ્ટ.

# ૫૭મી GST કાઉન્સિલ : દંડ અને ધરપકડના ડરથી વિશ્વાસ આધારિત કરવ્યવસ્થા તરફ

જીએસટીના નવ વર્ષના ઈતિહાસમાં ૫૭ મી કાઉન્સિલની બેઠક માત્ર સુધારાઓ માટે જ નહીં, પરંતુ કરદાતા પ્રત્યે સરકારના બદલાતા અભિગમ માટે પણ યાદગાર બની શકે છે. અત્યાર સુધી કરવસૂલાત અને કડક અમલીકરણને પ્રાધાન્ય આપતી વ્યવસ્થા હવે વિશ્વાસ, સરળતા અને વેપાર કરવાની સુગમતા તરફ વળતી દેખાય છે. આ બેઠકનો સૌથી મહત્વનો સંદેશ એ છે કે કરદાતાને પ્રથમ દ્રષ્ટિએ ગુનેગાર નહીં, પરંતુ અર્થતંત્રના જવાબદાર ભાગીદાર તરીકે જોવાની દિશામાં સરકાર આગળ વધી રહી છે.

### ધરપકડની સત્તા દૂર કરવાની ઐતિહાસિક ભલામણ

GST કાઉન્સિલે કરદાતાઓને સૌથી મોટી રાહત આપતી ભલામણમાં CGST કાયદાની કલમ ૬૯ હેઠળ અધિકારીઓને આપવામાં આવેલી ધરપકડની સત્તા દૂર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. ફોજદારી કાર્યવાહી માટેની સામાન્ય નાણાકીય મર્યાદા રૂા. ૧ કરોડથી વધારીને રૂા. ૫ કરોડ કરવાની ભલામણ પણ કરવામાં આવી છે.

### રૂા. ૧૦,૦૦૦ થી ઓછી કરમાગ માટે નોટિસ નહીં

**વેચાણવેરો**

**સોહમ મશરુવાળા**

જીએસટીની વ્યવસ્થામાં નાના વેપારીઓને ઘણી વખત નજીવી કરમાગ માટે પણ નોટિસ મળતી હોય છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને કાઉન્સિલે રૂા. ૧૦,૦૦૦થી ઓછી કરમાગ માટે કારણદર્શક નોટિસ નહીં આપવાની ભલામણ કરી છે. આ મર્યાદા નક્કી કરતી વખતે CGST, SGST, IGST અને સેસની સંયુક્ત કરરકમ ધ્યાનમાં લેવાશે.

### રિફંડમાં ક્રાંતિ : વેપારીઓની અટવાયેલી મૂડી છૂટી થશે

કાઉન્સિલે રિફંડ પ્રક્રિયાને વધુ ઝડપી અને ટેકનોલીજ આધારિત બનાવવા મહત્વપૂર્ણ ભલામણો કરી છે. ઈલેક્ટ્રોનિક કેશ લેજરમાં રહેલી વધારાની રકમના રિફંડને સ્વચાલિત કરવાની ભલામણ છે. રિફંડ અરજીની સ્વીકૃતિ અથવા ખામી અંગે જાણ કરવાની સમયમર્યાદા ૧૫ દિવસથી ઘટાડીને ૧૦ દિવસ કરવાની દરખાસ્ત છે. સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે નિકાસ તથા ઈન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર સંબંધિત યોગ્ય રિફંડ દાવાની ૯૦ ટકા રકમ જોખમ-આધારિત ચકાસણી પછી પ્રાથમિક ધોરણે સિસ્ટમ દ્વારા મંજૂર કરવાની ભલામણ કરવામાં આવી છે. નિકાસ અને ઈન્વર્ટેડ ડ્યુટી સંબંધિત પાત્ર કેસોમાં કેપિટલ ગુડ્ઝની ઈનપુટ ટેક્સ ક્રેડિટનું રિફંડ પણ સૂચવાયું છે. આ લાભ માટે ૧ એપ્રિલ, ૨૦૨૭ થી મેળવેલી પાત્ર ક્રેડિટ ધ્યાનમાં લેવાશે અને રિફંડની ગણતરી ૬૦ મહિનામાં વહેંચવામાં આવશે.

ક્રમશઃ

# માસ્ટર સ્ટ્રોક: વીજ કાપ પછી કોઈ ઊંચા વીજબિલોનું નહિ રડે

અધિકારીશ્રીએ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું. 'સર, પાવર ક્રાઈસિસને લીધે ચોમેર દેકારો મચ્યો છે.'

મંત્રીશ્રી લાલઘૂમ થઈ ગયા. 'આવી દેશદ્રોહી, ધર્મદ્રોહી, સમાજદ્રોહી, વિશ્વદ્રોહી, બ્રહ્માંડદ્રોહી વાતો ફેલાવતાં તમને સરકારી અધિકારી તરીકે પણ શરમ નથી આવતી? અત્યારે વિશ્વના એક લાખ વર્ષના ઈતિહાસમાં ક્યારેય ન હતી તેવી પાવરફુલ સરકાર દેશમાં છે. આવી પાવરફુલ સરકાર આવતાં એક લાખ વર્ષના ભવિષ્યમમાં પણ ક્યારેય આવવાની નથી તે લખી રાખજો. અત્યારે આપણો પાવર તો જુઓ. અમેરિકા જેવા દેશના વિદેશમંત્રી દિલ્હીમાં પગ મૂકતાં ડરે છે. ચીન બિચારું આપણને સલમાનની 'માતૃભૂમિ' ફિલ્મની સ્ક્રિપ્ટ બદલાવવા તેની દીવાલ જેવી કાળમીંઢ વિનમ્રતાથી વિનંતીઓ ઉપર વિનંતીઓ કરે જાય છે અને આપણે સ્વીકારે જઈએ છીએ. લોરેન્સ બિશ્નોઈ જેવા ખતરનાક ગુનેગારોએ એમનું ખંડણી રેકેટ ચલાવવા માટે પણ આપણી સરકારી જેલોનો જ આશરો લેવો પડે છે. બોલો, આનાથી તો વધારે પાવર તમે ક્યારેય જોયો?'

મંત્રીશ્રીએ એટલા ઊંચા અવાજે

**સ્માઈલ ઇન્ડેક્સ**

**વ્યર્થશાસ્ત્રી**

બરાડો પાડ્યો કે ઘડીભર તો અધિકારીશ્રીના કાનમાં ધાક પડી ગઈ. માંડ માંડ થોડીવારે કળ વળતાં અધિકારીશ્રી કહે ,'સર, હું રાજકીય પાવરની વાત નથી કરતો. આ તો અત્યારે બધે વીજકાપની બબાલ છે એની

**વિશ્વના એક લાખ વર્ષના ઈતિહાસમાં આવી પાવરફુલ સરકાર આવી જ નથી**

વાત કરું છું. આપણે કલાકોના કલાકો સુધી કારખાનાં બંધ રાખવાના આદેશો આપવા પડ્યા છે, સર. ઉદ્યોગપતિઓ એવી ફરિયાદ કરે છે કે આવો ને આવો વીજકાપ ચાલશે તો ઉત્પાદન ઠપ પડી જશે, કારીગરો બેકાર થઈ જશે અને સમગ્ર અર્થતંત્ર પર અસર પડશે.'

મંત્રીશ્રી દાંત કચકચાવીને કહે,



'તમને ખબર છે, અધિકારીશ્રી? આ દેશની પ્રજા મહાડફોળ છે, મહામૂર્ખ અને સાવ નમાલી ને સ્વાર્થી છે.'

'મારી તો ખબર નહીં, પરંતુ આ વાત આપ બરાબર પામી ગયા લાગો છો.' બિચારા અધિકારીશ્રીથી બોલી જવાયું.

જોકે, પાવરકટના દિવસો ચાલતા હોવાથી મંત્રીશ્રીને તરત ટ્યુબલાઈટ ન થઈ. તેમણે તો આગળ ચલાવ્યું. 'અધિકારીશ્રી, આ ગમાર અને ભોટ પ્રજાને જાણ નથી કે અત્યારે દેશમાં પાવર સંકટ છે જ નહિ, વીજળીની તંગી છે જ નહિ, કોલસાની કોઈ અછત જ નથી. સબ ચંગા સી...યુ નો? '

'હેં? ' અધિકારીશ્રીને ચક્કર આવતાં આવતાં રહી ગયા.

'યસ્સસસ...' મંત્રીશ્રી એકદમ ગર્વિષ્ઠ મુદ્રામાં કહે. 'યે વીજ કાપ આયા નહિ, બુલાયા ગયા હૈ? માસ્ટર સ્ટ્રોક છે આ. તમે સમજ્યા? આપણે અત્યારે જાણીજોઈને વીજળીનું રેશનિંગ કરી રહ્યા છીએ. જુઓ, પબ્લિક વીજકાપથી ત્રાહિમામ થઈ જશે એટલે ડફોળ પ્રજા સ્માર્ટ મીટરો સામેની ફરિયાદો ભૂલી જશે. વીજ બિલો બહુ ઊંચા આવે છે એવી રડારોળ બંધ કરી દેશે. પબ્લિક આપણને હાથપગ જોડશે કે ભલે ઘરનું મહિનાનું પચ્ચીસ હજાર બિલ આવતું પણ એટલિસ્ટ વીજળી તો આપો..ઊંચા વીજ બિલોના કકળાટનો કાયમી અંત...'

'ધન્ય... ધન્ય... જનતાને 'ફૂલ' બનાવતાં તમારાં પાવરફુલ દિમાગને ધન્ય છે...' અધિકારીશ્રી મંત્રીશ્રીના પગમાં પડી ગયા. મંત્રીશ્રીનો ચહેરો ૪૦૦ વોટના બલ્બ જેવો ઝગારા મારી ઉઠ્યો.

**સ્માઈલ ટિપ**

**પબ્લિકમાં કરંટ ન હોય તો વીજકાપ આવે પણ ખરો!**

## બજારની વાત

### ૮ વર્ષના ઋષિ શિવનો IQ આઈન્સ્ટાઈન કરતા પણ વધુ



ઋષિ શિવ પ્રસન્ન એ મેન્સા ઈન્ટરનેશનલના સૌથી નાની વયના સભ્ય છે, જે ઉચ્ચ IQ ધરાવતા લોકોની સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીમાં ઋષિ શિવ પ્રસન્નન ને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યો.

બેંગલુરુનો આઠ વર્ષનો છોકરો ઋષિ શિવ પ્રસન્ન પ્રતિષ્ઠિત પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર મેળવનારાઓમાંનો એક છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આટલી નાની ઉંમરે ૩ એન્ડ્રોઈડ એપ્લિકેશન્સ વિકસાવવા માટે પ્રસન્નને એવોર્ડ એનાયત કર્યો હતો. નોંધપાત્ર રીતે, પ્રસન્નનો IQ અલ્બર્ટ આઈન્સ્ટાઈન કરતા પણ વધુ છે, જેમનો IQ ૧૬૦ હતો. પ્રસન્ન પાસે પ્રમાણિત ૧૮૦ IQ છે જે મોટાભાગના લોકો માટે ૮૫-૧૧૫ના સામાન્ય માનક કરતા ઘણો વધારે છે. IQ એ વ્યક્તિની બુદ્ધિમત્તાનું એક માનક માપદંડ છે અને ૧૩૦ ના IQ વાળા વ્યક્તિને સામાન્ય રીતે ખૂબ જ બુદ્ધિશાળી માનવામાં આવે છે. તેઓ મેન્સા ઈન્ટરનેશનલના સૌથી નાની વયના સભ્ય છે

### બે કલાકમાં, DDA એ નરેલામાં ૨,૫૦૦થી વધુ LIG ફ્લેટ્સ વેચ્યા



દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (DDA) એ ગયા મંગળવારે તેની નવી શરૂ કરાયેલી યોજના, આવાસ નિવેશ યોજના ૨૦૨૬ હેઠળ ૨૫ ટકા ડિસ્કાઉન્ટ ઓફર કર્યા પછી, ઓનલાઈન બુકિંગ શરૂ થયાના બે કલાકમાં નરેલામાં ૨,૫૦૦થી વધુ લો-ઈન્કમ ગ્રુપ (LIG) ફ્લેટ્સ બુક થતા જોયા. ફ્લેટની કામચલાઉ કિંમતો ૧૪.૯૫ લાખથી શરૂ થતી હતી. નરેલાના સેક્ટર G૨-G૬માં પોકેટ ૩ અને ૬ માં ૨,૫૧૬ ફ્લેટ્સ માટેનું બુકિંગ મંગળવારે બપોરે વહેલા તે પહેલાના ધોરણે ખુલ્યું હતું. આ યોજના રેડી-ટુ-મૂવ-ઈન ફ્લેટ્સ ઓફર કરે છે જે લાંબા સમય સુધી અણવેચાયેલા અથવા ખાલી રહ્યા હતા. DDAની હાઉસિંગ ઈન્વેન્ટરીના ભાગ રૂપે આ યુનિટ્સનું બાંધકામ ૨૦૨૩-૨૪ની આસપાસ પૂર્ણ થયું હોવાનું કહેવાય છે.

### ઘરે રાંધેલું ભોજન ૧૦% મોંઘુ થયું



ડુંગળી, વેજિટેબલ ઓઈલ, ચોખા અને એલપીજીના ભાવ વધવાને કારણે સપ્ટેમ્બરમાં ઘરે રાંધેલી શાકાહારી થાળીની કિંમતમાં વાર્ષિક ધોરણે ૧૦ ટકાનો વધારો થયો છે.

ડુંગળી, ખાદ્ય તેલ, ચોખા અને એલપીજીના વધતા ભાવે સપ્ટેમ્બરમાં શાકાહારી થાળીનો ખર્ચ ૧૦% વધાર્યો.

ગુરુવારે જાહેર કરાયેલા એક અહેવાલ મુજબ, ડુંગળી, વેજિટેબલ ઓઈલ, ચોખા અને એલપીજીના ભાવ વધવાને કારણે સપ્ટેમ્બરમાં ઘરે રાંધેલી શાકાહારી થાળીની કિંમતમાં વાર્ષિક ધોરણે ૧૦ ટકાનો વધારો થયો છે. શાકાહારી થાળી તૈયાર કરવાનો ખર્ચ સપ્ટેમ્બરમાં વધીને ૩૦.૮ થયો છે જે એક વર્ષ પહેલા ૨૮.૧ હતો, જ્યારે માંસાહારી થાળીનો ખર્ચ ૫૬થી વધીને ૫૯.૫ થયો છે

### ડ્યુટી કાપ પછી ખાદ્ય તેલના છૂટક ભાવ ઘટી શકે છે



ખાદ્ય તેલના ભાવ ભારત માર્ચ ૨૦૨૬, બ્રિન્ટ ક્રૂડ ઉછાળાની અસર, હોર્મુઝમાં તણાવ, સૂર્યમુખી સોયાબીન પામ ઓઈલનો લેન્ડેડ પ્રાઈસ, ભારત વેજિટેબલ ઓઈલ આયાત ૨૦૨૫, મલેશિયા ઈન્ડોનેશિયા પામ ઓઈલ સપ્લાય, રશિયા યુક્રેન સૂર્યમુખી તેલ માર્ગ, બાયો-ડીઝલ ક ડભાવ અંકુશમાં લેવા સરકારે પામ, સોયા અને સૂર્યમુખી તેલ પરની આયાત ડ્યુટીમાં કાપ મૂક્યો નજીકના ભવિષ્યમાં ઉપલબ્ધતા મર્યાદિત રહેવાની ધારણા છે કારણ કે જૂનનો વરસાદ લાંબા ગાળાની સરેરાશ કરતાં ૪૦ ટકા ઓછો હતો, જેના કારણે ખરીફ રોપણીમાં વિલંબ થયો અને નવી આવક પાછળ ધકેલાઈ. પામ તેલ પર બેઝિક કસ્ટમ ડ્યુટી ઓછી હોવા છતાં વેજિટેબલ ઓઈલના ભાવ વાર્ષિક ધોરણે ૧૨ ટકા વધ્યા છે, જેનું કારણ ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓ અને વૈશ્વિક પામ તેલ ઉત્પાદન પર અલ નીનોની અસર અંગેની ચિંતાઓ છે.

### પ્રિસ્ક્રિપ્શન નહીં, તો ટેબલેટ નહીં




પ્રિસ્ક્રિપ્શન નથી, તો ગોળીઓ નહીં: પેઈનકિલર્સ, એન્ટીબાયોટીક્સના દુરુપયોગ પર સરકારે સખત પગલાં લીધાં છે. પહેલી નજરે આવી જાહેરાત સારી લાગે છે પરંતુ દવાની દુકાનો પર પેઈન કીલર ખુલ્લેઆમ વેચાય છે. કેન્દ્ર સરકારે ફાર્મસીઓ, ડોકટરો અને હોસ્પિટલોને પેઈનકિલર્સ અને એન્ટીબાયોટીક્સના બેદરકાર ઉપયોગ પર સખત પગલાં લેવા જણાવ્યું છે, જેમાં નોન-સ્ટીરોઈડલ એન્ટી-ઈન્ફ્લેમેટરી ડ્રગ્સ (NSAIDs)ના આડેધડ ઉપયોગથી કિડની સંબંધિત જટિલતાઓ અને અયોગ્ય એન્ટીબાયોટીકના ઉપયોગથી વધતા જતા એન્ટિમાઈક્રોબાયલ પ્રતિકારના જોખમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ૨૧ સપ્ટેમ્બરના પરિપત્રમાં, સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) એ ફાર્માસિસ્ટ, રિટેલર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સને શેડ્યૂલ અને H૧ દવાઓ માટે પ્રિસ્ક્રિપ્શન આવશ્યકતાઓનું સખતપણે પાલન કરવા જણાવ્યું છે.

---

**જેમ ન્યુયોર્કમાં ટ્રમ્પ ટાવરનો પ્રોજેક્ટ છે એમ શિકાગોમાં પણ છે. નોઈડા -સેક્ટર ૯૪ માં પણ ટ્રમ્પ ટાવર પ્રોજેક્ટ છે**

# શિકાગો કરતાં નોઈડામાં મિલ્કત મોંઘી

# ટ્રમ્પ ટાવરની સરખામણી

# ભારતમાં લકઝરી હોમની ડિમાન્ડ વધી

**કોર્પોરેટ પ્લસ**

**ગણેશ દત્તા**

વાંચીને આશ્ચર્ય થાય એવી આ વાત છે. કેટલાક સમય પહેલાં સોશ્યલ નેટવર્કમાં રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલી એક વ્યક્તિએ શિકાગોના રિયલ એસ્ટેટના ભાવ સાથે ભારતના નોઈડાના ભાવોની સાથે સરખાવ્યા ત્યારે તે વાત હવા હવાઈ લાગતી હતી પરંતુ હવે તે સરખામણી સાચી પડી રહી છે. નોઈડાના કેટલાક પ્રોજેક્ટની કિંમત શિકાગોના રિયલ એસ્ટેટના પ્રોજેક્ટ કરતાં વધુ છે. નોઈડાના અલ્ટ્રા લક્ઝરી પ્રોજેક્ટ્સની પ્રતિ ચોરસ ફૂટ કિંમત શિકાગો કરતાં વધુ બતાવવામાં આવી છે.




જેમ ન્યુયોર્કમાં ટ્રમ્પ ટાવરનો પ્રોજક્ટ છે એમ શિકાગોમાં પણ છે. નોઈડા - સેક્ટર ૯૪ માં પણ ટ્રમ્પ ટાવર પ્રોજેક્ટ છે. નોઈડામાં કાર્પેટ એરિયા મુજબ કિંમત લગભગ રૂપિયા ૮૧,૦૯૦ પ્રતિ ચોરસ ફૂટ (અંદાજે લગભગ $૮૫૦) નોંધવામાં આવી છે. જ્યારે શિકાગોના ટ્રમ્પ ઈન્ટરનેશનલ ટાવરની કાર્પેટ એરિયા મુજબ કિંમત લગભગ રૂપિયા ૭૬,૩૨૦ પ્રતિ ચોરસ ફૂટ (અંદાજે લગભગ $૮૦૦) નોંધવામાં આવી છે.

બ્રાન્ડેડ લક્ઝરી ઘરોમાં નિર્વિવાદ અગ્રેસર બનાવે છે.

ભારતના અન્ય ટ્રમ્પ પ્રોજેક્ટ્સના ભાવની સરખામણી આ અભ્યાસમાં ભારત અને યુએસએના આઠ ટ્રમ્પ-બ્રાન્ડેડ રેસિડેન્શિયલ ડેવલપમેન્ટ્સને આવરી શિકાગોથી બિલકુલ પાછળ રાખે છે. ગુરુગ્રામના પ્રોજેક્ટ્સમાં, ટ્રમ્પ રેસિડેન્સીસ સેક્ટર ૬૯ ની કિંમત રૂા. ૫૫,૯૭૦ પ્રતિ ચોરસ ફૂટ ($૫૮૭) છે, જ્યારે M3M ટ્રમ્પ ટાવર સેક્ટર ૬૫ની કિંમત રૂા. ૫૫,૧૨૦ પ્રતિ ચોરસ ફૂટ

### ભારતમાં ટ્રમ્પ ટાવર બ્રાન્ડ વિશે મુખ્ય હકીકતો: ટ્રમ્પ નામની રોયલ્ટી ચૂકવવી પડે છે

રિયલ એસ્ટેટમાં ટ્રમ્પ બ્રાન્ડ બિઝનેસ મોડલ સાથે સંકળાયેલી છે. ટ્રમ્પની કોઈ કંપની ભારતમાં જમીન ખરીદીને પ્રોડક્ટઉભી નથી કરતી પરંતુ તે ટ્રમ્પ બ્રાન્ડ ભારતના ડેવલોપર્સને વેચે છે. ટ્રમ્પનું નામ વાપરવા માટે લાયસન્સ ફી-રોયલ્ટીચૂકવવી પડે છે. વિશ્વમાં ૫૦થી વધુ ટ્રમ્પ ટાવર્સ છે.

ભારતમાં ટ્રમ્પ બ્રાન્ડના મુખ્ય એક્સક્લુઝિવ લાઈસન્સ ધરાવનાર ટ્રિબેકા ડેવલપર્સ છે, જે લોઢા ગ્રુપ, પંચશીલ રિયલ્ટી,એમ૩એમ ઈન્ડિયા જેવા સ્થાનિક બિલ્ડર્સ સાથે મળીને પ્રોજેક્ટ્સ વિકસાવે છે. ઉત્તર અમેરિકા બહાર ભારત એ ટ્રમ્પ ટાવર્સ માટે સૌથી મોટું બજાર બની ગયું છે. પુણે, મુંબઈ, કોલકાતા અને ગુરુગ્રામ (Delhi-NCR) જેવા શહેરોમાં ટ્રમ્પ રેસિડેન્શિયલ પ્રોજેક્ટ્સ પહેલેથી જ કાર્યરત કે નિર્માણાધીન છે. નવા ટ્રમ્પ ટાવર હૈદરાબાદ, નોઈડા અને બેંગલુરુ જેવા શહેરોમાં પણ ઉભા થઈ રહ્યા છે. પુણેમાં ભારતના પ્રથમ ટ્રમ્પ-બ્રાન્ડેડ કોમર્શિયલ-ઓફિસ પ્રોજેક્ટTrump WorldCenterle પણ શરૂઆત કરવામાં આવી છે એપાર્ટમેન્ટ્સ સામાન્ય રીતે અલ્ટ્રા-લક્ઝરી શ્રેણીમાં આવે છે, જેની કિંમતો સામાન્ય રીતે રૂા. ૫ કરોડથી શરૂ થઈને રૂા.૨૩ કરોડ કે તેથી વધુ સુધી હોય છે. ભારતમાં ડઝનથી વધુ ટ્રમ્પ પ્રોજક્ટ છે. ભારતના કોઈ નેતાની ટ્રમ્પ જેવી બ્રાન્ડ નથી. મહાત્મા ગાંધીનું નામનો વિશ્વભરમાં ઉપયોગ થાય છે

**નોઈડામાં કાર્પેટ એરિયા મુજબ કિંમત લગભગ રૂપિયા ૮૧,૦૯૦ પ્રતિ ચોરસ ફૂટ નોંધવામાં આવી છે. જ્યારે શિકાગોના ટ્રમ્પ ઈન્ટરનેશનલ ટાવરની કાર્પેટ એરિયા મુજબ કિંમત લગભગ રૂપિયા ૭૬,૩૨૦ પ્રતિ ચોરસ ફૂટ નોંધવામાં આવી છે**

આ સરખામણી અનુસાર નોઈડાના પ્રોજેક્ટનો ભાવ શિકાગોની સરખામણીમાં લગભગ રૂા. ૪,૦૦૦ થી રૂા. ૫,૦૦૦ પ્રતિ ચોરસ ફૂટ વધારે છે તે હકીકત છે. આ સરખામણી માત્ર વિશેષ પ્રોજેક્ટ્સ પર જ લાગુ પડે છે : આ આંકડો સમગ્ર નોઈડા શહેરની જમીન કે સામાન્ય પ્રોપર્ટીની સરેરાશ નથી, પરંતુ તે ટ્રમ્પ ટાવર જેવા પસંદગીના બ્રાન્ડેડ લક્ઝરી પ્રોજેક્ટના કાર્પેટ એરિયાની સરખામણી પર આધારિત છે. રિયલ એસ્ટેટ નિષ્ણાતોનું માનવું છે કે માત્ર એક પ્રોજેક્ટના આધારે સમગ્ર શહેરની સરખામણી કરવી યોગ્ય નથી, કારણ કે બંને દેશોમાં ટેક્સ સિસ્ટમ, નિર્માણ ધોરણો, માલિકીના કાયદા અને બજારની પરિસ્થિતિઓ ખૂબ જ અલગ હોય છે. સામાન્ય રીતે અમેરિકા અને શિકાગોમાં જીવનશૈલીનો ખર્ચ અને સમગ્ર હાઉસિંગ કોસ્ટ નોઈડાની સરખામણીમાં નોંધપાત્ર રીતે વધુ છે. સરખામણી અનુસાર એમ કહી શકાય કે નોઈડાના રિયલ એસ્ટેટના ભાવ અમેરિકાના મોટા શહેર કરતાં વધુ છે. શિકાગોની કિંમત સમાન ધોરણે રૂા. ૭૬,૩૨૦ પ્રતિ ચોરસ ફૂટ (આશરે $૮૦૦) છે. આ નિષ્કર્ષ દર્શાવે છે કે ભારતમાં પ્રીમિયમ રેસિડેન્શિયલ માર્કેટ, ખાસ કરીને નેશનલ કેપિટલ રીજન (NCR), હવે કિંમતોની બાબતમાં સ્થાપિત વૈશ્વિક લક્ઝરી સ્થળો સાથે સ્પર્ધા કરી રહ્યું છે. તેમ છતાં નાત્ત્ઈડાએ શિકાગોના ટ્રમ્પ ટાવરને કિંમતમાં પાછળ છોડી દીધું છે તે અહેવાલો રિયલ એસ્ટેટમાં ભારતની પ્રગતિ તરીકે ચમકી રહ્યા છે.

અમેરિકાના ટોચના શહેરોમાંના એક શિકાગો કરતાં નોઈડામાં જમીનના ભાવ વધુ છે તે અહેવાલો લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયા છે. અમેરિકાનું ન્યુયોર્ક હજુ પણ સૌથી મોંઘું છે. ફિફ્થ એવેન્યૂ પર આવેલ ટ્રમ્પ ટાવર રૂા. ૧,૫૫,૯૭૯ પ્રતિ ચોરસ ફૂટ ($૧,૬૩૫) ના કાર્પેટ એરિયા ભાવ સાથે સરખામણીમાં સૌથી ઉપર છે. ત્યારબાદ મેનહટનનું ટ્રમ્પ ટાવર




આવે છે. રૂા. ૧,૩૩,૮૪૬ પ્રતિ ચોરસ ફૂટ ($૧,૪૦૩) ના ભાવ સાથે ટ્રમ્પ વર્લ્ડ ટાવર આવે છે, જે મેનહટનને ટ્રમ્પ-લેવામાં આવ્યા હતા. નોઈડા પછી, લોઢા ટ્રમ્પ ટાવર મુંબઈની કિંમત રૂા. ૭૫,૫૦૦ પ્રતિ ચોરસ ફૂટ ($૭૯૧) છે, જે તેને ($૫૭૮) છે. આ યાદીમાં સૌથી નીચે પંચશીલ ટ્રમ્પ ટાવર્સ પુણે છે, જેનો કાર્પેટ એરિયા ભાવ રૂા. ૩૯,૬૨૯ પ્રતિ ચોરસ ફૂટ ($૪૧૫) છે. નૉઈડા ડેટા સેન્ટર્સ, ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ, ગ્લોબલ ઓફિસો અને ઈન્ટરનેશનલ એરપોર્ટ ઈકોસિસ્ટમ ઉમેરી રહ્યું છે . આ બધું શહેરની આર્થિક સ્થિતિ બદલી રહ્યું છે. પરંતુ જમીની હકીકત પણ સમજવા જેવી છે. મોંઘુ રિયલ એસ્ટેટ આપોઆપ ગ્લોબલ સિટી નથી બનાવી દેતું. શિકાગો હજુ પણ દાયકાઓનું અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જાહેર જગ્યાઓ અને સિટી પ્લાનિંગ ઓફર કરે છે જેની સરખામણી નૉઈડા હજુ સુધી કરી શક્યું નથી. કાર્પેટ એરિયાના આધારે સરખામણી કરવામાં આવે ત્યારે ટ્રમ્પ ટાવર નૉઈડાની કિંમત ટ્રમ્પ ઈન્ટરનેશનલ ટાવર શિકાગો કરતાં વધુ છે. કેટલાક વર્ષો પહેલાં , મિલકતના ભાવ મુખ્યત્વે તેના લોકેશન પર આધારિત હતા.

### ભારતમાં કેટલાક વિસ્તારો લકઝરી હાઉસિંગ સેગમેન્ટમાં ટોપ પર છે

૧. મલબાર હિલ : ભારતનું સૌથી પ્રતિષ્ઠિત રેસિડેન્શિયલ સરનામું ગણાતું મલબાર હિલ એક્સક્લુસિવિટી અને પ્રીમિયમ લિવિંગ ઈચ્છતા અતિ-શ્રીમંત ઘર ખરીદનારાઓને આકર્ષિત કરે છે.

૨. વરલી : વરલીને પ્રીમિયમ ડેવલપમેન્ટ્સ, સી-ફેસિંગ (દરિયા કિનારાના) ઘરો અને મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ દ્વારા મજબૂત કનેક્ટિવિટીનો લાભ મળે છે.

૩. બાંદ્રા વેસ્ટ : પોતાની લાઈફસ્ટાઈલ, મનોરંજન ઉદ્યોગની હાજરી અને પ્રીમિયમ સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે જાણીતું બાંદ્રા વેસ્ટ મુંબઈના સૌથી ઈચ્છનીય રહેણાંક સ્થળોમાંથી એક છે.

૪. લોઅર પરેલ : લોઅર પરેલનું બિઝનેસ અને રેસિડેન્શિયલ હબમાં થયેલું પરિવર્તન મિલકતના વધતા મૂલ્યોમાં નોંધપાત્ર યોગદાન આપે છે.

મુંબઈ ભારતના સૌથી ઊંચા પ્રોપર્ટી દરોમાં મોટો હિસ્સો ધરાવે છે.

દિલ્હી NCR પણ ભારતનું સૌથી મોંઘું રહેણાંક બજાર બની રહ્યું છે

દિલ્હી NCR તેના સ્થાપિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લક્ઝરી હાઉસિંગ ઈકોસિસ્ટમને કારણે પ્રીમિયમ ઘર ખરીદનારાઓને આકર્ષવાનું ચાલુ રાખે છે. કેટલાક વિસ્તારોમાં અત્યંત ઊંચા રહેણાંક મૂલ્યો જોવા મળે છે :

૧. લ્યુટિયન્સ દિલ્હી : તેના ઐતિહાસિક મહત્વ અને મર્યાદિત પ્રોપર્ટી ઉપલબ્ધતા માટે જાણીતું લ્યુટિયન્સ દિલ્હી ભારતનું સૌથી પ્રતિષ્ઠિત બજાર છે.

૨. ગોલ્ફ કોર્સ રોડ : ગુડગાંવનો આ કોરિડોર NCRના સૌથી પ્રીમિયમ રહેણાંક સ્થળોમાંથી એક તરીકે ઉભરી આવ્યો છે.

૩. વસંત વિહાર અને ગ્રેટર કૈલાશ : આ સ્થાપિત વિસ્તારો તેમની ઉત્તમ કનેક્ટિવિટી અને લાઈફસ્ટાઈલ સુવિધાઓને કારણે શ્રીમંત ખરીદદારોને આકર્ષે છે. દિલ્હી NCR ભારતના પ્રીમિયમ રહેણાંક ક્ષેત્રે મોટું યોગદાન આપનારું વિસ્તાર છે.

બેંગલુરુના સૌથી મોંઘા વિસ્તારોને સમજો ટેકનોલોજી કેપિટલ તરીકે બેંગલુરુના વિકાસની સાથે તેના સૌથી મોંઘા વિસ્તારો પણ વિકસિત થયા છે.

### સૌથી મોંઘા રિયલ એસ્ટેટ બજારો ધરાવતા ટોચના ૧૦ દેશો

મોનાકોના અલ્ટ્રા-લક્ઝરી એપાર્ટમેન્ટ્સથી લઈને હોંગકોંગના ગીચ સ્કાયલાઈન અને લંડનના ઐતિહાસિક ઘરો સુધી, આ દેશો વિશ્વના સૌથી મોંઘા રિયલ એસ્ટેટ બજારોની યાદી પર નજર કરીયેતો ટોપમાં મનોકો આવે છે.

(૧) મોનાકો (પ.યુરોપ) માં સરેરાશ કિંમત પ્રતિ ચોરસ મીટર આશરે ૫૧,૯૬૭૯(પાઉન્ડ) છે. વિશ્વનું સૌથી મોંઘું રિયલ એસ્ટેટ બજાર ધરાવતું મોનાકો, ૨૦૨૫ માં પ્રતિ ચોરસ મીટર સરેરાશ કિંમત ૫૧,૯૬૭ સુધી પહોંચવાની સાથે મજબૂત વૃદ્ધિ દર્શાવે છે.

(૨) હોંગકોંગ - સરેરાશ કિંમત : પ્રતિ ચોરસ મીટર આશરે $૨૫,૦૦૦

મર્યાદિત જગ્યા અને ભારે માંગને કારણે હોંગકોંગનું બજાર અત્યંત મોંઘું રહ્યું છે. ઊંચી વસ્તી ગીચતા કિંમતોને પ્રતિ ચોરસ મીટર $૨૫,૦૦૦ ની નજીક રાખે છે. નીતિવિષયક પડકારો હોવા છતાં આ શહેર વૈશ્વિક રોકાણકારોને આકર્ષવાનું ચાલુ રાખે છે.

(૩)યુનાઈટેડ કિંગડમ - લંડન સરેરાશ કિંમત : પ્રતિ ચોરસ મીટર આશરે $૨૦,૦૦૦

લંડનના મુખ્ય રહેણાંક વિસ્તારો પ્રતિ ચોરસ મીટર $૨૦,૦૦૦ ની આસપાસ તેમનું મૂલ્ય જાળવી રાખે છે. શહેરનું નાણાકીય કેન્દ્ર તરીકેનું સ્થાન અને વૈશ્વિક રસ મિલકતના મૂલ્યોને પ્રોત્સાહન આપે છે. રાજકીય ફેરફારો છતાં, લંડન પ્રોપર્ટી રોકાણ માટેનું ટોચનું હબ બની રહ્યું છે

(૪) સિંગાપુર - સરેરાશ કિંમત : પ્રતિ ચોરસ મીટર $૧૮,૦૦૦

સમૃદ્ધ નાણાકીય હબ ધરાવતું સિંગાપુર, અત્યંત નિયંત્રિત બજાર અને મર્યાદિત જગ્યા ધરાવે છે. કડક વિદેશી માલિકીના નિયમો દ્વારા સમર્થિત, કિંમતો ઘણીવાર પ્રતિ ચોરસ મીટર અંદાજે $૧૮,૦૦૦ પર રહે છે.

(૫) યુનાઈટેડ સ્ટેટ્સ - ટોચના શહેરોની સરેરાશ કિંમતો પ્રતિ ચોરસ મીટર $૧૭,૦૦૦ સુધી ન્યુયોર્ક અને સેન ફ્રાન્સિસ્કો યુએસ બજારમાં આગળ છે, જેમાં સરેરાશ કિંમતો પ્રતિ ચોરસ મીટર $૧૭,૦૦૦ સુધી છે. ટેક અને ફાઈનાન્સ ક્ષેત્રોની ઊંચી માંગ કિંમતોને મજબૂત રાખે છે. લક્ઝરી હાઉસિંગમાં સતત વૃદ્ધિ જોવા મળી રહી છે.

(૬) સ્વિત્ઝરલેન્ડ - ઝ્યુરિચ અને જીનિવા સરેરાશ કિંમતો

સ્વિત્ઝરલેન્ડ સુરક્ષિત રોકાણ અને જીવનધોરણના ઉચ્ચ ધોરણોનો સમન્વય કરે છે. ગોપનીયતા અને રાજકીય સ્થિરતાની માંગ ઝ્યુરિચ અને જીનિવા પ્રોપર્ટીની કિંમતોને ઊંચી રાખે છે, જે ઘણીવાર પ્રતિ ચોરસ મીટર હજારો ડોલર સુધી પહોંચે છે.

(૭) ફ્રાન્સ - પેરિસની કિંમતોમાં ઉછાળો

હાલમાં તોફાનોના કારણે પેરિસની રિયલ સ્ટેટની કિમતો તૂટેલી છે. જોકે ઓવરઓલ પેરિસ રિયલ એસ્ટેટમાં મર્યાદિત પુરવઠો અને સતત માંગ જોવા મળે છે, જે કિંમતોને વધુ ઊંચે લઈ જાય છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ખરીદદારો બંને તરફથી લક્ઝરી એપાર્ટમેન્ટ્સ અને ઐતિહાસિક ઈમારતોની ભારે માંગ છે.

(૮) ઓસ્ટ્રેલિયા - સિડની અને મેલબોર્નની કિંમતો

વધતી વસ્તી અને રોકાણ સાથે, સિડની અને મેલબોર્નના રિયલ એસ્ટેટ બજારો વિશ્વના સૌથી મોંઘા બજારોમાં રહે છે, જે મજબૂત ખરીદદાર રસ અને આર્થિક વૃદ્ધિ દર્શાવે છે.

(૯) કેનેડા - ટોરોન્ટો અને વાંકુવર

ટોરોન્ટો અને વાંકુવરમાં ખાસ કરીને શહેરી વિસ્તારોમાં માંગ, વિદેશી રોકાણ અને મર્યાદિત હાઉસિંગ સપ્લાયને કારણે કિંમતોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે.

(૧૦) યુનાઈટેડ આરબ અમીરાત - દુબઈ લક્ઝરી માર્કેટ

દુબઈના લક્ઝરી રહેણાંક વિસ્તારો આંતરરાષ્ટ્રીય માંગ અને વિશ્વસ્તરીય સુવિધાઓને કારણે ઊંચી કિંમતો મેળવે છે. આ શહેર સુપર-પ્રાઈમ રિયલ એસ્ટેટ માટેનું ટોચનું સ્થાન બની રહ્યું છે.

**અમેરિકાના ટોચના શહેરોમાંના એક શિકાગો કરતાં નોઈડામાં જમીનના ભાવ વધુ છે તે અહેવાલો લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયા છે. અમેરિકાનું ન્યુયોર્ક હજુ પણ સૌથી મોંઘું છે**

---

## રોકાણ ક્ષેત્રે લિસ્ટેડ શેરો અને બોન્ડ્સ જેવા વિકલ્પોથી આગળ વિસ્તરણ

ભારતમાં રોકાણનું ક્ષેત્ર લિસ્ટેડ શેરો અને બોન્ડ્સ જેવા પરંપરાગત વિકલ્પોથી આગળ વિસ્તરી રહ્યું છે. અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ (AIFs) આ પ્રકારની જ એક શ્રેણી છે. તે પાત્ર રોકાણકારોને ખાનગી બજારોમાં રોકાણ કરવાની તક આપે છે, જેમાં અનલિસ્ટેડ વ્યવસાયો, પ્રાઈવેટ ક્રેડિટ અને આવક સર્જન કરતી વાસ્તવિક સંપત્તિઓનો સમાવેશ થાય છે. સીધું રોકાણ કરવાને બદલે, રોકાણકારો વ્યવસાયિક રીતે સંચાલિત ફંડમાં નાણાંનું રોકાણ કરે છે. આ ફંડ રોકાણકારો વતી રોકાણ કરે છે, જેનો ઉદ્દેશ્ય લાંબા ગાળે મૂલ્યનું સર્જન કરવાનો હોય છે.

અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સનું નિયમન સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ આફ્ ઈન્ડિયા (સેબી) દ્વારા કરવામાં આવે છે. ટીબીએ AIFsને ત્રણ કેટેગરીમાં વર્ગીકૃત કર્યા છે. કેટેગરી ૧ AIFs સ્ટાર્ટઅપ્સ, વેન્ચર કેપિટલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા ક્ષેત્રોમાં રોકાણ કરે છે. કેટેગરી ૨ AIFs મુખ્યત્વે પ્રાઈવેટ ઈક્વિટી અને પ્રાઈવેટ ક્રેડિટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કેટેગરી ૩ AIFs લિસ્ટેડ અને અનલિસ્ટેડ રોકાણોમાં વધુ ફ્લેક્સીબલ વ્યૂહરચનાઓ અપનાવે છે.




AIFsની રચના લાંબા ગાળાના રોકાણને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. તેમાં સામાન્ય રીતે ઓછામાં ઓછા રૂ. ૧ કરોડનું રોકાણ કરવું જરૂરી હોય છે અને રોકાણકારોએ કેટલાંક વર્ષોસુધી પોતાનું રોકાણ જાળવી રાખવું પડી શકે છે. તેથી, આ ફંડ સામાન્ય રીતે એવા હાઈ નેટવર્થ ઈન્ડિવિઝ્યુઅલ્સ (HNIs), ફેમિલી ઑફિસિસ અને સંસ્થાઓ માટે યોગ્ય છે, જેઓ ઓછી લિક્વિડિટી સ્વીકારવા સક્ષમ હોય.

AIFs મુખ્યત્વે બે અભિગમ અપનાવે છે. વૃદ્ધિ અને આવક. પ્રાઈવેટ ઈક્વિટી જેવી વૃદ્ધિલક્ષી વ્યૂહરચનાઓ હેઠળ, વ્યવસાયોના વિસ્તરણને ટેકો આપવા અને સમય જતાં તેમનું મૂલ્ય વધારવાના ઉદ્દેશ્ય સાથે રોકાણ કરવામાં આવે છે. જ્યારે આવકલક્ષી વ્યૂહરચનાઓનો મુખ્ય હેતુ રોકડ પ્રવાહનું સર્જન કરવાનો હોય છે.

લાંબા ગાળાના રોકાણનો અભિગમ ધરાવતા રોકાણકારો માટે AIF એવા રોકાણની તકો પૂરી પાડી શકે છે, જે પરંપરાગત રોકાણ વિકલ્પો દ્વારા મેળવવી મુશ્કેલ હોઈ શકે છે. તે વૃદ્ધિલક્ષી રોકાણો અથવા આવક સર્જન કરતી તકોમાં રોકાણ

**અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ પાત્ર રોકાણકારોને ખાનગી બજારોમાં રોકાણ કરવાની તક આપે છે**

કરવાની તક આપે છે અને રોકાણ પોર્ટફોલિયોમાં વૈવિધ્યીકરણ ઉમેરવામાં પણ મદદરૂપ થઈ શકે છે. જોકે, વળતર રોકાણની વ્યૂહરચના, ફંડ મેનેજર અને રોકાણના સમયગાળા પ્રમાણે અલગ-અલગ હોઈ શકે છે અને તેની કોઈ ખાતરી હોતી નથી. ભારતમાં વૈકલ્પિક રોકાણ ક્ષેત્રના ખેલાડીઓએ સામાન્ય રીતે ૧૨-૧૮% કે તેથી વધુ વળતર મેળવવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાતો, શહેરીકરણ, ડિજિટાઈઝેશન અને ઊર્જા ક્ષેત્રમાં પરિવર્તનને કારણે લાંબા ગાળાની મૂડીની જરૂરિયાત ધરાવતી રોકાણની નવી તકો ઊભી થઈ રહી છે. સાથે જ, રોકાણકારો લાંબા ગાળે સંપત્તિનું સર્જન કરવાની સાથે સંભવિત રોકડ પ્રવાહ મેળવવાની તકો પણ શોધી રહ્યા છે. વૈકલ્પિક રોકાણ ક્ષેત્રમાં સંસ્થાકીય રોકાણકારોની ભાગીદારી પણ વધી રહી છે. તેમાં વીમા કંપનીઓ, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) અને નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) જેવી સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે.

AIFs સામાન્ય રીતે એવા રોકાણકારો માટે યોગ્ય છે, જેઓ કેટલાંક વર્ષો સુધી પોતાનું રોકાણ જાળવી રાખી શકે અને ઓછી લીકવીડિટી સાથે સંકળાયેલી મર્યાદાઓનું સંચાલન કરી શકે. આ ફંડ પરંપરાગત રોકાણ વિકલ્પોના સ્થાને નથી, પરંતુ તેમના પૂરક તરીકે કામ કરી શકે છે.

# GSTની શો કોઝ નોટિસમાં કાનૂની જોગવાઈનો ઉલ્લેખ માત્ર માંગણાને ટકાવી શકે નહી, ટ્રિબ્યુનલના ચુકાદાની વિગતો

**GSTનું Ato Z**

**■ હર્ષ કિશોર**

શું કારણદર્શક નોટિસમાં જીએસટી કાયદાની જોગવાઈનો માત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો હોય, પરંતુ કરદાતાએ તેનો ભંગ કર્યો છે કે નહીં અથવા તેનો ભંગ કેવી રીતે કર્યો છે તે જણાવવામાં આવ્યું ન હોય, તો તેને કરદાતા વિરુદ્ધનો એવો આરોપ ગણાવી શકાય કે જેના વિશે કરદાતાને યોગ્ય જાણ કરવામાં આવી હોવાનું કહી શકાય? ના. તા ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના ટ્રિબ્યુનલના ચુકાદાની વિગતો જોઈએ.

**કેસનું નામ :** શ્રી ટ્રેડર્સ, પાલક્કાડ વિરુદ્ધ CGST અને CE કમિશનર. કોચી, કેરળની અદાલત. આદેશ નંબર : ૧૬/EKM/KERALAM/૨૦૨૬ (અપીલ નંબર : APL/૧૯/ERN/૨૦૨૬). વર્તમાન અપીલ M/s. શ્રી ટ્રેડર્સ, પાલક્કાડ ('અપીલકર્તા') દ્વારા જોઈન્ટ કમિશનર (અપીલ્સ), CGST, કોચી દ્વારા તારીખ ૧૯/૮/૨૦૨૫ના રોજ પસાર કરાયેલા Order-in-Appeal વિરુદ્ધ દાખલ કરવામાં આવી હતી.

૨.૧ અપીલકર્તા M/s. શ્રી ટ્રેડર્સ GST હેઠળ નોંધાયેલ છે. વર્ષ ૨૦૧૮-૧૯ માટે અપીલકર્તા દ્વારા દાખલ કરાયેલા રિટર્નની ચકાસણી દરમિયાન કેટલીક વિસંગતતાઓ ધ્યાનમાં આવી હતી. અપીલકર્તાને તારીખ ૨૦/૧૧/૨૦૨૩ની કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી. તેમાં એવો આરોપ હતો કે સંબંધિત કર સમયગાળા માટે GSTR-3B રિટર્ન દાખલ ન કરનારા સપ્લાયરો દ્વારા જારી કરાયેલા ઈન્વૉઈસના સંદર્ભમાં અપીલકર્તાએ અયોગ્ય ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) મેળવી હતી. સુપરિન્ટેન્ડન્ટ દ્વારા તારીખ ૩/૪/૨૦૨૪ના રોજ જારી કરાયેલા મૂળ આદેશમાં GST અધિનિયમ, ૨૦૧૭ ની કલમ ૭૩(૧) હેઠળ કરની માંગણી થયેલ. તેની સાથે કલમ ૫૦(૩) હેઠળ વ્યાજ અને કલમ ૭૩(૯) હેઠળ દંડ પણ લાદવામાં આવ્યો હતો. દ્વિતીય અપીલકર્તાએ આ મૂળ આદેશ (OIO) વિરુદ્ધ અપીલ સત્તાધિકારી સમક્ષ અપીલ કરી હતી. અપીલ સત્તાધિકારીએ વિવાદિત અપીલ આદેશ દ્વારા મૂળ આદેશના ઉપરોક્ત ભાગને યથાવત્ રાખ્યો હતો. આ નિર્ણયથી નારાજ થઈ અપીલકર્તાએ વર્તમાન અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ દાખલ કરેલ.

**વેપારી પક્ષે રજૂઆત :** કારણદર્શક નોટિસ (SCN) અને મૂળ આદેશ (OIO)માં સંપૂર્ણપણે અલગ કેસ રજૂ કરવામાં આવ્યા છે. મુખ્ય પ્રશ્ન એ છે કે




સપ્લાયરો દ્વારા GSTR-3B રિટર્ન દાખલ ન કરવાના કારણે કલમ ૧૬(૨)(aa) હેઠળ અયોગ્ય ગણાયેલી ITCની માંગણીને કાયદેસર રીતે કલમ ૧૬(૨)(c) હેઠળના અલગ તથ્યના આધારે માન્ય રાખી શકાય કે નહીં, એટલે કે સપ્લાયરોએ સરકારને કર ચૂકવ્યો ન હતો તે આધારે. કારણદર્શક નોટિસમાં મુખ્ય આરોપ માત્ર એટલો હતો કે સંબંધિત કર સમયગાળા માટે સપ્લાયરોએ GSTR-3B રિટર્ન દાખલ કર્યા નહોતા. ઓળખી શકાય તેવા સપ્લાયર રેકોર્ડના આધારે આ છ ઈન્વાર્ઈસને લગતો કર ચૂકવાયો નહોતો એવો કોઈ આરોપ મૂકવામાં આવ્યો નહોતો. સપ્લાયર દ્વારા DRC-03 મારફતે સ્વૈચ્છિક ચુકવણી કરવામાં આવી હતી કે નહીં, અથવા સપ્લાયર વિરુદ્ધ કરની માંગણી અને વસૂલાતની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી કે નહીં, તેવા મહત્ત્વના તથ્યો પણ નોંધવામાં આવ્યા નહોતા.

આમ, કારણદર્શક નોટિસમાં વાસ્તવિક આરોપ સ્પષ્ટ કરવામાં આવ્યો નહોતો અને અધિનિયમની કલમ ૧૬(૨)(c) હેઠળ કરની ચુકવણી ન થઈ હોવાનો આરોપ મૂકવા માટે જરૂરી તથ્યો પણ સ્થાપિત કરવામાં આવ્યા નહોતા. આથી અપીલકર્તાએ તારીખ ૨૨-૦૨-૨૦૨૪ના પોતાના જવાબમાં નોટિસમાં વાસ્તવમાં મૂકવામાં આવેલા આરોપનો જવાબ આપ્યો હતો. તેણે સમજાવ્યું હતું કે કલમ ૧૬(૨)(aa) માત્ર ૧ જાન્યુઆરી, ૨૦૨૨થી અમલમાં આવી હતી અને સપ્ટેમ્બર ૨૦૧૮ અથવા માર્ચ ૨૦૧૯માં થયેલા પુરવઠા પર લાગુ થઈ શકતી નહોતી. અપીલકર્તાએ પોતાના ઈન્વાર્ઈસ, ખાતાવહી, બેંક રેકોર્ડ અને સ્ટૉક રેકોર્ડ અંગેની સમજૂતી પણ રજૂ કરી હતી. અપીલકર્તાનો જવાબ મળ્યા પછી અધિકારીએ ન તો કારણદર્શક નોટિસમાં સુધારો કર્યો હતો કે ન તો સરકારને સપ્લાયરો દ્વારા કરની ચુકવણી ન કરવામાં આવી હોવાનો આરોપ અને સંબંધિત તથ્યો દર્શાવતી પૂરક નોટિસ જારી કરી હતી. તેમ છતાં મૂળ આદેશમાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે 'આજદિન સુધી કરની રકમ સરકારના ખાતામાં જમા થઈ નથી.' ત્યારબાદ કલમ ૧૬(૨)(c) હેઠળ ITC નકારવામાં આવી હતી.

**પ્રથમ અપીલ :** પ્રથમ અપીલ સત્તાધિકારીએ કલમ ૧૬(૨)(aa)ના સંદર્ભને સ્પષ્ટપણે 'સ્પષ્ટ ભૂલ' ગણાવ્યો હતો. તેમ છતાં તેણે એ હકારાત્મક તારણના આધારે માંગણીને યથાવત્ રાખી હતી કે સંબંધિત કર 'ચૂકવાયો નથી'. તેણે વધુમાં જણાવ્યું હતું કે સપ્લાયરોએ ઈન્વાર્ઈસ જાહેર કર્યા નહોતા અને તે GSTR-૨Aમાં દર્શાવવામાં આવ્યા નહોતા.

કલમ ૭૫(૭) નોટિસમાં નિર્દિષ્ટ કરાયેલા કારણો સિવાય અન્ય કારણોના આધારે માંગણી માન્ય રાખવા પર અલગથી પ્રતિબંધ મૂકે છે. આ જોગવાઈ નીચે મુજબ છે :

'આદેશમાં માંગવામાં આવેલ કર, વ્યાજ અને દંડની રકમ નોટિસમાં નિર્દિષ્ટ રકમ કરતાં વધારે ન હોવી જોઈએ અને નોટિસમાં નિર્દિષ્ટ કરાયેલા કારણો સિવાય અન્ય કારણોના આધારે કોઈ માંગણી માન્ય રાખવામાં આવશે નહીં.'

મૂળ આદેશ અધિનિયમની કલમ ૭૫(૭)નો ભંગ કરે છે. અપીલકર્તાની ફરિયાદ માત્ર એટલી નથી કે અન્યથા પૂરતી કારણદર્શક નોટિસમાં ખોટી પેટા-કલમનો નંબર દર્શાવવામાં આવ્યો હતો. વાસ્તવિક ફરિયાદ એ છે કે ઈનપુટ ટેક્સ ક્રેડિટ નકારવા માટે તથ્ય અને કારણ બંને બદલી નાખવામાં આવ્યાં હતાં.

**સુનાવણી :** ટ્રિબ્યુનલે સર્વોચ્ચ અદાલતે M/s Armour Security (India) Ltd v Commissioner, CGST, Delhi East Commissionerate, (૨૦૨૫) ૧૭૭ taxmann.com ૪૭૮ (SC)ના કેસમાં આપેલ નિર્ણય ધ્યાને લીધેલ. ટ્રિબ્યુનલે નોંધ્યું કે, Gorkha Security Services v. Govt. (NCT of Delhi) (૨૦૧૪) ૮ taxmann.com ૭૧૭ (SC)/(૨૦૧૪) ૯ SCC ૧૦૫ કેસમાં આ અદાલતે કારણદર્શક નોટિસ જારી કરવા પાછળના મૂળભૂત સિદ્ધાંતો સ્પષ્ટ કર્યા હતા.

કારણદર્શક નોટિસ આપવાનો મૂળભૂત હેતુ નોટિસ મેળવનારને તેની સામેનો ચોક્કસ કેસ સમજાવવાનો છે, જેથી તે તેનો સામનો કરી શકે. આ માટે તેના દ્વારા કરવામાં આવેલા કથિત ભંગ અને ક્ષતિઓની વિગતો આપતાં આરોપો સ્પષ્ટપણે જણાવવા જરૂરી છે, જેથી તેને તેનો જવાબ આપવાની તક મળે. બીજી આવશ્યકતા એ છે કે આવા ભંગ બદલ કઈ પ્રકારની કાર્યવાહી કરવાની દરખાસ્ત છે તે પણ જણાવવું જોઈએ. જેથી નોટિસ મેળવનાર વ્યક્તિ સમજાવી શકે કે ફરિયાદ કરાયેલ ક્ષતિઓ અથવા ભંગ અંગે સંતોષકારક સમજૂતી ન આપી શકે તો પણ સૂચિત કાર્યવાહી આ કેસમાં જરૂરી નથી.

> **કારણદર્શક નોટિસ આપવાનો મૂળભૂત હેતુ નોટિસ મેળવનારને તેની સામેનો ચોક્કસ કેસ સમજાવવાનો છે, જેથી તે તેનો સામનો કરી શકે.**

The Commissioner of Central Excise ૫. Champdany Industries Limited (૨૦૦૯) ૯ SCC ૪૬૬ કેસમાં, શણના કાર્પેટના વર્ગીકરણ અંગે નિર્ણય લેતી વખતે સર્વોચ્ચ અદાલતે નોંધ્યું હતું કે મહેસૂલ વિભાગે કાર્યવાહી દરમિયાન જે ચોક્કસ પરીક્ષણો પર આધાર રાખ્યો હતો તેનો નોટિસમાં ઉલ્લેખ ન કર્યો હોય, તો તે પછીના તબક્કે તે પરીક્ષણો પર આધાર રાખી શકતો નથી. કારણદર્શક નોટિસે કેસનો પાયો નાખવો જોઈએ. કાર્યવાહી શરૂ કરવા માટે નોટિસનું આટલું મહત્ત્વ છે.

ટ્રિબ્યુનલે જણાવ્યું કે, કારણદર્શક નોટિસ સત્તાધિકારી દ્વારા હાથ ધરવામાં આવનારી કાર્યવાહીનો વ્યાપ અને વિષય નક્કી કરે છે. કારણદર્શક નોટિસમાં જે નિયમો, દાવાઓ અથવા કારણોનો ઉલ્લેખ નથી, તેનો સત્તાધિકારી દ્વારા પછીના તબક્કે ઉપયોગ કરી શકાય નહીં. એટલે કે, કારણદર્શક નોટિસમાં જે આધાર, તર્ક અથવા દાવો દર્શાવવામાં આવ્યો નથી, તેનો ઉપયોગ નોટિસ મેળવનાર વ્યક્તિને નુકસાન પહોંચાડવા માટે કરી શકાય નહીં.

**ડીપાર્ટમેન્ટનો પક્ષ :** જીએસટીની કલમ ૧૬૦(૧)નો આધાર લેવામાં આવ્યો. કારણદર્શક નોટિસના એક ભાગમાં પેટાકલમ ૧૬(૨)(બ)ને બદલે પેટાકલમ ૧૬(૨)(aa)નો ઉલ્લેખ થયો હતો, જે ભૂલ હતી. તેમ છતાં જે આરોપના આધારે માંગણી કરવામાં આવી હતી તે નોટિસમાં યોગ્ય રીતે સમજાવવામાં આવ્યો હતો. કારણદર્શક નોટિસમાં કલમ ૧૬(૨)(c)ના ભંગનો આરોપ મૂકવામાં આવ્યો નહોતો, જ્યારે મૂળ આદેશમાં CGST અધિનિયમની કલમ ૧૬(૨)(c)નો ભંગ થયો હોવાનું ઠરાવવામાં આવ્યું હતું.

**ટ્રિબ્યુનલનો નિર્ણય :** વિગતવાર છણાવટ બાદ ટ્રિબ્યુનલે જણાવ્યું કે, આ કેસની સમગ્ર કાર્યવાહી GST અધિનિયમની કલમ ૭૦(૫)ની સ્પષ્ટ જોગવાઈઓના ભંગ સમાન છે. તેથી અમારું માનવું છે કે GST અધિનિયમની કલમ ૧૬૦(૧) વર્તમાન કેસમાં લાગુ પડતી નથી. અપીલ મંજૂર કરવામાં આવે છે અને તેના પરિણામે મળવાપાત્ર અનુસંગિક રાહતો આપવામાં આવે છે.

# દિવાળી સમયે સોનુ-ચાંદી સસ્તુ થતાં જ્વેલરી બજારમાં વધેલો ધમધમાટ

**કોમોડિટી કરંટ**

**■**

આગામી સમયમાં દિપાવલી અને ત્યારબાદ લગ્નસરાની સીઝન સમયે હાલમાં સોના-ચાંદી સસ્તા થતાં ઝવેરી બજારના વર્તુળોએ રાહતનો દમ ખેંચ્યો છે. છેલ્લા ચારેક માસથી સોના-ચાંદી બજારમાં હાલમાં નબળી માંગ સામે વેચવાલીનું પ્રેશર વધુ છે. ગલ્ફ દેશોમાં ચાલી રહેલ યુદ્ધને પરિણામે કાચા તેલની વિશ્વભરમાં સર્જાયેલી અછતને લીધે સતત વધતી રહેલી કિંમતોને કારણે ડોલર મજબૂત થઈ રહ્યો છે. અમેરિકામાં લાંબા સમયથી વ્યાજના દરો પણ ઊંચા હોવાથી બુલિયન માર્કેટ ઉપર નેગેટીવ અસરો પડી રહી છે. ભારત ઉપર ૧૦૦ ટકા શિક્ષાત્મક ડ્યુટી લાદવાની ટ્રમ્પની ચિમકીનું હાલમાં સુરસુરીયું થઈ ગયું છે. ડીઝલ પેટ્રોલના વધતા જતા ભાવો અમેરિકાના ખેડૂતોને ભારે અસર કરી રહી છે. વધુમાં અમેરિકામાં વચગાળાની ચૂંટણી તોળાઈ રહી છે ત્યારે અમેરિકાની ઢીલી નીતિથી તહેવારો ટાણે જ્વેલરી નિકાસકારોએ પણ રાહતનો દમ ખેંચ્યો છે.

દેશમાં હાલમાં સોનાચાંદીના ભાવોમાં સતત થઈ રહેલો ઘટાડો માગને વધવામાં સપોર્ટેડ છે. તહેવારોની માંગને પહોંચી વળવા માટે જ્વેલર્સ સ્ટોકિસ્ટો સક્રિય છે. ગ્રાહકો હાલમાં ઓછા વજનની જ્વેલરી ખરીદવા આગળ આવી રહ્યા છે. દાગીનાની ખરીદીની સમાંતર સોનાના સિક્કા, લગડી તથા ETF તરફ પણ પ્રવાહ ફંટાઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૬ની શરૂઆતથી સોના-ચાંદી બજારમાં લાલચોળ તેજીના શ્રીગણેશ થયા હતા. જાન્યુઆરી- ૨૦૨૬માં MCX પર સોનાના ભાવો રૂપિયા ૧.૮૦ લાખ અને ચાંદીના ભાવો પ્રતિ કિલોએ ૪.૨૦ લાખ રેકોર્ડ સ્તરે રહ્યા હતા જ્યારે આજે રેકોર્ડ લેવલથી સોનાના ભાવોમાં ૨૧ ટકાનો અને ચાંદીના ભાવોમાં ૫૬ ટકાનો ઘટાડો થયો છે. હાલમાં સોનાના ભાવો પ્રતિ ૧૦ ગ્રામે રૂા. ૧.૪૦ લાખ આસપાસ અને ચાંદીના ભાવો પ્રતિ કિલોએ રૂા. ૧.૯૫ લાખ રૂપિયા આસપાસ છે. જ્યારે ક્રૂડ ઓઈલના ભાવો ૧૧૦ ડોલર પ્રતિ બેરલની આસપાસ ઉંચા સ્તરે રહેતા સમગ્ર વિશ્વમાં મોંઘવારી વધતાં પરેશાનીનો પાર નથી.

દરમ્યાન વધતા જતા કાચા તેલના ભાવોને કારણે નિકાસકારો સામે પણ પડકારો વધ્યા છે. કોવિડ બાદ પ્રથમવાર નૂર ભાડામાં તોતીંગ વધારો ઝીંકાયો છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિને લીધે દરિયાઈ રસ્તાઓ બદલાઈ રહ્યા છે જેના લીધે દરિયાઈ ભાડામાં તોતિંગ વધારો થઈ રહ્યો છે. જેમ કે, અમેરિકા માટે ભાડુ ૧૫૦૦ ડોલર હતું જે વધીને દશ હજાર ડોલર પાર થયું છે. યુરોપ માટેનું ભાડું ૧૨૦૦ ડોલરથી ઉછળીને પાંચ હજાર ડોલર અને ચીનથી મુદ્રા સુધીનું ભાડું ૩૧૦૦ ડોલરથી પણ વધુ છે. જ્યારે ગલ્ફ દેશો તરફ જતા કન્ટેનરનું ભાડું ૩૦૦ ડોલરથી વધીને ચાર હજાર ડોલરને પાર થયું છે. ઉંચા ફ્રેટ રેટને લીધે ઈનપુટ કોસ્ટમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. વૈશ્વિક માર્કેટમાં તીવ્ર હરીફાઈ સમયે ઈનપુટ કોસ્ટ વધી જતાં વેપાર ઉપર પ્રેશર વધી રહ્યું છે. આ સંજોગો વચ્ચે કન્ટેનરોની અછતને લીધે શિપીંગ શિડ્યુલ પણ ખોરવાઈ જતાં નિકાસકારો માટે હાલમાં પડકારજનક સ્થિતિ છે.

> **યુદ્ધની અસરને લીધે નિકાસકારો માટે પડતર વધતા ચિંતાનો માહોલ**

બીજી તરફ આગામી સમયમાં અલનીનોને કારણે દેશના અડધા વિસ્તારમાં દુષ્કાળની ભીષણ પરિસ્થિતિ ઉભી થવાની દહેશતને પગલે ખાદ્ય ચીજોમાં લાલઘૂમ તેજી તરફ બજારો ફંટાઈ રહ્યું છે. મસાલા, અનાજ, દાળો તેમજ તેલીબીયાની ચીજોમાં પણ દિવાળી સમયે ભાવો બેકાબૂ બનતા સરકાર તથા પ્રજા માટે મોંઘવારીનો પ્રશ્ન શિરદર્દ બની ગયો છે. શિયાળાના સમયે પણ ગરમીનું પ્રમાણ દિવસે વધુ રહેતું હોવાથી રવિ સીઝનના વાવેતર ઉપર અસર પડી શકે છે. વાવેતર લેટ થવાની સાથે સાથે અપેક્ષિત લક્ષ્યાંક પણ પૂર્ણ નહિ થવાના સંકેતો છે. રવિ સીઝનના વાવેતર ઉપર દેશની આર્થિક સ્થિતિનો આધાર છે. સરકાર પાસે અનાજનો સ્ટોક છે પરંતુ દાળો તથા ખાદ્ય તેલોનો સ્ટોક ઓછો હોવાથી વિદેશથી આગામી સમયમાં આયાત થાય તેમ છે. જો કે, અલનીનોની અસરને લીધે ખાદ્ય બજારોમાં તેજીનો ધમધમાટ યથાવત્ રહે તેમ છે.

# ઈન્ડેક્સ અને નિફ્ટી ફ્યુચર ૭૨૮૭૭ અને ૨૨૫૬૬ મહત્ત્વનાં ક્લોઝીંગ સપોર્ટ

**ચાર્ટ સંકેત**

**■ અશોક ત્રિવેદી**

(ક્લોઝીંગ તા.૨૩-૧૦-૨૦૨૬)

**બીએસઈ ઈન્ડેક્સ (૭૩૧૨૩.૮૩)** ૭૪૮૪૯.૭૮નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૭૩૭૬૭ ઉપર ૭૪૮૫૦ પ્રતિકાર સપાટી ગણાય. નીચામાં ૭૨૮૭૭ નીચે ૭૨૪૫૨, ૭૧૨૯૨ તુટે તો ૬૯૩૩૦, ૬૭૭૫૦ સુધીની શક્યતા.

**બેંક નિફ્ટી ફ્યુચર (૫૪૨૪૨.૨૦)** ૫૬૧૮૬નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૫૫૦૯૦ ઉપર ૫૬૧૮૬ પ્રતિકાર સપાટી ગણાય. નીચામાં ૫૩૮૧૦ નીચે ૫૨૫૯૦, ૫૧૩૭૦, ૫૦૫૦૦ સુધીની શક્યતા.

**નિફ્ટી ફ્યુચર** (૨૨૫૭૬.૬૦)૨૩૧૮૨નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૨૨૬૭૮ ઉપર ૨૨૮૫૩, ૨૨૯૦૦, ૨૩૦૫૦, ૨૩૧૮૨ તુટે તો ૨૧૮૬૦, ૨૧૭૬૦ સુધીની શક્યતા.

**ડી.માર્ટ (૩૧૫૭.૭૦)** ૩૮૮૦નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૩૨૭૫, ૩૩૫૮ પ્રતિકાર સપાટી ગણાય.નીચામાં ૩૧૦૨ નીચે ૩૦૭૦, ૨૯૩૭, ૨૮૦૩, ૨૬૭૦ સુધીની શક્યતા.

**ફોર્ટીસ હેલ્થકેર (૭૧૨.૯૦)** ૧૦૦૮.૯૯નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૭૩૪ ઉપર ૭૫૦ પ્રતિકાર




સપાટી ગણાય. નીચામાં ૭૦૫ નીચે ૬૭૪, ૬૪૧ સુધીની શક્યતા.

**હિન્દ.યુનીલીવર (૧૮૧૪.૭૦)** ૨૩૮૩.૬૮નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૧૮૫૮ ઉપર ૧૮૯૦ પ્રતિકાર સપાટી ગૅણાય. નીચામાં ૧૭૮૧ નીચે ૧૭૨૫ મહત્ત્વની સપાટી ગણાય. જેની નીચે ભારે વેચવાલી જોવા મળે.

**નેશનલ એલ્યુમીનીયમ (૩૦૧.૭૫)** ૪૨૧.૧૦નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૩૧૮ ઉપર ૩૨૪ પ્રતિકાર સપાટી ગણાય. નીચામાં ૨૯૩ નીચે ૨૮૮, ૨૬૯, ૨૫૦ સુધીની શકયતા.

**રેડીકો ખેતાન (૪૧૫૭.૩૦)** ૪૭૪૭નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૪૩૨૭, ૪૩૭૫, ૪૪૮૦ પ્રતિકાર સપાટી ગણાય. નીચામાં ૪૦૨૫ નીચે ૩૯૦૨, ૩૮૭૨ સુધીની શક્યતા.

**રિલાયન્સ (૧૧૯૦.૦૦)** ૧૨૩૪.૩૦નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૧૨૩૪ ઉપર ૧૨૫૮ પ્રતિકાર સપાટી ગણાય. નીચામાં ૧૧૫૨ નીચે ૧૧૦૫ અંતિમ સપોર્ટ ગણાય.

**જીવાડે પ્રેમથી એવું તો કોઈ ક્યાં મળે બેફામ?**
**કે મતલબ હોય છે તો લોક મરવા પણ નથી દેતાં.**

-બેફામ.

# ઈથેનોલ પ્રશ્ને સુગરની બાદબાકી પછી હવે મકાઈ પર ખેલાડીઓની મંડાયેલી નજર

**ઊભી બજારે**

**■ દિલીપ શાહ**

આ વર્ષે ઈરાન તથા અમેરિકા વચ્ચેના યુદ્ધના પગલે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઉંચા ગયા છે તથા તેના પગલે ભારતમાં આયાત થતા ક્રૂડ તેલની ઈમ્પોર્ટના બિલમાં નોંધપાત્ર વૃદ્ધી થઈ છે ત્યારે આયાત પર આધાર ઘટાડવા ઘરઆંગણે ફ્યુઅલમાં બ્લેન્ડીંગ માટે વપરાતા ઈથેનોલનો વિષય ટોક ઓફ ધી ટાઉન બન્યો હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. અગાઉ ઈથેનોલના ઉત્પાદનમાં ખાંડ તથા શેરડીનો વ્યાપક વપરાશ થતો હતો પરંતુ તાજેતરમાં દેશમાં ખાંડના ભાવ ઝડપી વધી જતાં ઈથેનોલના ઉત્પાદન માટે ખાંડ-શેરડીના વપરાશ પર સરકારે અંકુશો મુક્યા છે. ત્યારે મકાઈમાંથી ઈથેનોલ બનાવવા તરફ બધાનું લક્ષ ફંટાયું છે.

દરમિયાન, મકાઈમાંથી બનાવવામાં આવતાં ઈથેનોલના ખરીદભાવમાં તાજેતરમાં લીટરદીઠ ત્રણ રૂપિયાનો ઘટાડો કરવામાં આવતાં ગ્રેઈન-બેઝ્ડ ડિસ્ટીલરીઓએ નારાજગી દર્શાવી હોવાના સમાચાર પણ તાજેતરમાં આવ્યા હતા. આ દરમિયાન શેરડીનો જ્યુસ તથા સીરપ અને બી-હેવી મોલાસીસમાંથી બનાવાતા ઈથેનોલ પર અંકુશો મુકાતાં ખાંડ ઉદ્યોગે સરકારના આ પગલાંને આવકાર આપ્યાના વાવડ પણ મળ્યા હતા. ઈથેનોલ બ્લેન્ડીંગ પ્રોગ્રામ શરૂ કરાયા પછીના અત્યાર સુધીના ગાળામાં પ્રથમ વખત ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ મકાઈમાંથી બનાવાતા ઈથેનોલના ખરીદભાવમાં ઘટાડો કર્યો હોવાનું અનાજ બજારના જાણકારો જણાવી રહ્યા હતા. આવા ભાવ ઈથેનોલ સપ્લાય વર્ષ ૨૦૨૨-૨૩માં નીચા રાખવામાં આવ્યા હતા તે ત્યાર પછીના ગાળામાં વધારાયા પછી તાજેતરમાં આ ભાવ ફરી ઘટાડવામાં આવ્યાના સમાચાર મળ્યા હતા.

દરમિયાન, ઈથેનોલ સપ્લાય વર્ષ ૨૦૨૬-૨૭ માટે સી-હેવી મોલાસીસ તથા ડેમેજ થયેલા અનાજ (બ્રોકન ચોખા)માંથી બનાવાતા ઈથેનોલના ભાવ લીટરના અનુક્રમે રૂ.૫૭.૯૭ તથા રૂ.૬૪ રહ્યા છે. તથા ૨૦૨૫-૨૬ના ભાવની સરખામણીએ આ ભાવ એ જ મથાળે જાળવી રાખવામાં આવ્યા હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. જો કે સરકાર હસ્તકના ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા પુરા પાડવામાં આવતા ચોખામાંથી બનાવવામાં આવેલા ઈથેનોલના ભાવ લીટરના રૂ.૧.૮૨ વધારવામાં આવ્યા હોવાનું અનાજ બજારના જાણકારોએ જણાવ્યું હતું. દરમિયાન, ૨૦૨૬-૨૭ના ઈથેનોલ સપ્લાય વર્ષ માટે ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ (નવેમ્બરથી ઓકટોબરના ગાળા માટે) પ્રથમ રાઉન્ડના ટેન્ડરો તાજેતરમાં બહાર પાડ્યા હતા તથા પ્રથમ રાઉન્ડમાં ૧૧૦૦ કરોડ લીટર ઈથેનોલ માટે આવા ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા હોવાનું ઓઈલ માર્કેટિંગ કંપનીઓના સૂત્રોએ જણાવ્યું હતું.

> **મકાઈમાંથી બનતા ઈથેનોલના ખરીદભાવ ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ઘટાડતાં ચકચાર**

દરમિયાન, અનાજ પર આધારીત ડિસ્ટીલરીઓએ મકાઈના નાફેડના ખાતરી ધરાવતા એસ્યોર્ડ ટેકાના ભાવ સામે નારાજગી દર્શાવી છે. આ ડિસ્ટીલરીઓના સૂત્રોના જણાવ્યા મુજબ બજાર ભાવ ન ીચા હોય તો પછી અમે નાફેડના ટેકાના ભાવોએ મકાઈ શા માટે ખરીદીએ? આના પગલે પણ અનાજ બજારમાં તાજેતરમાં ખાસ્સી ચર્ચા જાગી હતી. દેશમાં મકાઈ ઉપરાંત ચોખામાંથી પણ ઈથેનોલ બનાવવામાં આવી રહ્યું છે. દરમિયાન સી-મોલાસીસ પર આધારીત ઈથેનોલના ભાવ વધારી લીટરના રૂ.૬૨.૨૩ કરવા માટે ધી ઈન્ડિયન સુગર એન્ડ બાયોએનર્જી મેન્યુફેકચરર્સ એસોસીએશન દ્વારા માગ કરવામાં આવ્યાના સમાચાર પણ મળ્યા છે. દરમિયાન, મકાઈમાંથી ઈથેનોલ બનાવવા માટે ગતીવિધી વધતાં અનાજ બજારમાં મકાઈની સપ્લાય પર પણ અસર પડવાની ભીતિ અનાજ બજારના જાણકારો બતાવી રહ્યા હતા. ભારતમાં આ વર્ષે ચોમાસા પર અલનીનોની ઈમ્પેકટ દેખાઈ છે તથા મોન્સૂન નબળું રહેતાં મકાઈના ઉત્પાદન તથા પુરવઠા પર તેની અસર દેખાઈ રહી છે .

# જમીન-મિલકતના વિવાદમાં અપીલ-રિવિઝન અંતર્ગત જમીન કાયદાઓ હેઠળના સતાધિકારીઓ

**લોકાભિમુખ માર્ગદર્શન**

**■ - એચ.એસ. પટેલ IAS (નિ.)**

જમીન / મિલ્કતોના નિયમન માટે જમીન મહેસુલ કાયદો-૧૮૭૯ અમલમાં છે. બ્રિટીશ શાસન વ્યવસ્થા દરમ્યાન ઘડાયેલ આ કાયદામાં જમીન મહેસુલ વસુલાત, જમીન રેકર્ડ અદ્યતન રાખવા, હક્કપત્રકની જોગવાઈઓ સાથે આ પ્રક્રિયામાં મહેસુલી અધિકારીઓના નિર્ણય / હુકમ સામે Quasi-Judicial અર્ધન્યાયિક પ્રક્રિયાનાભાગરૂપે અપીલ / રીવીઝન / રીવ્યુની જોગવાઈઓ છે. આજ રીતે આઝાદી બાદ ઘડાયેલ જમીન સુધારા કાયદાઓ જેમાં ગણોતધારો અને ટોચ મર્યાદા કાયદો અમલમાં છે તેમાં પણ અપીલ અને રીવીઝનની જોગવાઈઓ છે.

આમ તો આ જોગવાઈઓ રાખવાનો મુખ્ય ઉદ્દેશ ટુંકાગાળામાં (Summary Trials) પ્રક્રિયા અનુસરીને નિર્ણય આપવામાં આવે જેથી લાંબી (Judicial Process) ન્યાયિક પ્રક્રિયામાંથી પસાર થવું ન પડે. બંધારણ અમલમાં આવ્યા બાદ કારોબારીને ન્યાયતંત્રને (Executives Judiciary) અલગ કરવાના Separation of Judiciary from Executives ના માર્ગદર્શક સિધ્ધાંતોમાં જણાવ્યા પ્રમાણે ઘણી ફોજદારી / ન્યાયીક પ્રક્રિયાના Executive Magistrate ની સત્તાઓ તબદીલ થઈ છે.

પરંતુ જમીન મહેસુલ કાયદાઓમાં જે અપીલ / રીવીઝનની જોગવાઈઓ હતી તે આજે પણ ચાલુ છે. પરંતુ સર્વ સ્વીકૃત સિધ્ધાંતો મુજબ મહેસુલી સત્તાધિકારીઓને ન્યાયતંત્ર દ્વારા જે નિર્ણયો લેવામાં આવે તે બંધનકર્તા છે.

પરંતુ સરકાર પણ યોગ્ય જણાયે ન્યાયિક પ્રક્રિયામાં ઉપાય તરીકે આશરો લઈ શકે છે. દા.ત. સીવીલ કોર્ટના હુકમ સામે હાઈકોર્ટ અને હાઈકોર્ટના હુકમ સામે સુપ્રિમ કોર્ટ જમીન / મિલ્કતની બાબતમાં જ્યારે માલીકી હક્ક બાબતે પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે સીવીલ કોર્ટને હકુમત છે.

જમીન / મિલ્કતના ઉપરના વ્યવહારોનું નિયમન હક્ક પત્રકના નિયમો પ્રકરણ-૧૦એ જમીન મહેસુલ અધિનિયમ હેઠળ થાય છે અને આ વ્યવહારો વિરૂદ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી Unless Contrary Proved ત્યાં સુધી માન્ય રાખવાના છે. એટલે કે હક્કપત્રકની નોંધોની Presumptive Value છે અને પાયાના સિધ્ધાંત પ્રમાણે Fiscal Purpose માટે છે.

> **મહેસુલી અધિકારીઓએ પણ રીવીઝનમાં લેવાની સત્તાઓમાં સમય મર્યાદાનું પાલન જરૂરી**

જમીન મહેસુલ અધિનિયમમાં મહેસુલી અધિકારીઓની વ્યાખ્યા અને હક્કો અને જવાબદારી શું છે તે અંગે કાયદાકીય જોગવાઈઓ નિમણુંકના પ્રાવધાન સાથે સ્પષ્ટ કરવામાં આવેલ છે અને તે અનુસાર તલાટી અવલ કારકુન (નાયબ મામલતદાર) મામલતદાર / મદદનીશ / ડેપ્યુટી કલેક્ટર / કલેક્ટરની જોગવાઈઓ કરવામાં આવેલ છે. આ અધિકારીઓના ડેપ્યુટી કલેક્ટર / મદદનીશ કલેક્ટર (પેટા વિભાગના પ્રાન્ત અધિકારી) હોદ્દાનીરૂયે તેમના તાબાના પેટા વિભાગની કલેક્ટર તરીકેની ફરજો સિવાય કે અમુક અધિકારો કલેક્ટર દ્વારા અનામત રાખવામાં આવ્યા હોય. બીજું કે જમીન મહેસુલ કાયદામાં જણાવ્યા પ્રમાણે કોઈપણ મહેસુલી અધિકારીએ જે નિર્ણય લીધેલ હોય તેને તરતના ઉપલા અધિકારી (Immediate Superior Officer)એટલે કે નાયબ મામલતદાર / મામલતદાર / નાયબ / મદદનીશ કલેક્ટર / કલેક્ટર / સચિવશ્રી અપીલ્સ આ ઉપરના ક્રમાંક પ્રમાણેના અધિકારીઓ છે. આજ રીતે મામલતદાર કોર્ટ એક્ટમાં મામલતદારના નિર્ણય ઉપર ડેપ્યુટીકલેક્ટર અને કલેક્ટર સમક્ષ અપીલની જોગવાઈઓ છે અને અપીલીય હકુમતમાં સીવીલ પ્રોસીઝર કોડ પ્રમાણે અનુસરણ કરવાનું છે. જમીન મહેસુલના હક્કપત્રકના નિયમો હેઠળ કલમ-૧૦૮(૫) હેઠળ અપીલ્સ અને ૧૦૮(૬) હેઠળ કલેક્ટરને કોઈપણ હક્કપત્રકની નોંધ Suo-Moto રીવીઝનમાં લેવાની જોગવાઈઓ છે.

જ્યારે જમીન મહેસુલ કાયદા હેઠળના અન્ય કોઈપણ હુકમો સામે જમીન મહેસુલ અધિનિયમની કલમ-૨૦૩ થી ૨૧૧માં રીવ્યું / રીવીઝન અને અપીલની જોગવાઈઓ છે. જમીન મહેસુલ અધિનિયમમાં કલેક્ટરના હુકમો ઉપર સરકારના મહેસુલ વિભાગને અપીલ કરવાની જોગવાઈ છે તે અધિકારો રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત સચિવશ્રી અપીલ્સ મહેસુલ વિભાગ (SSRD) સમક્ષ થાય છે. આ સત્તાધિકારીને રાજ્ય સરકાર દ્વારા અશાન્ત ધારા (Disturbed Area Act) હેઠળની જોગવાઈઓ મુજબ



લકેક્ટરના હુકમો સામે અપીલ કરવાની જોગવાઈઓ છે.

જમીન સુધારા કાયદાઓમાં ગણોતધારો, જમીન ટોચ મર્યાદા, સૌરાષ્ટ્રના જમીન સુધારા કાયદાઓ વિગેરેમાં પણ મામલતદાર અને કૃષિપંચને ટ્રીબ્યુનલ ગણવામાં (ALT) આવે છે. અને મામલતદાર કક્ષાએ જે તે સમયે જમીન સુધારાઓની જોગવાઈઓનો ઝડપથી અમલ કરવાના ભાગરૂપે પાયાની સત્તાઓ આપવામાં આવેલ, જેમાં ગણોતીયાના કાયમી હક્કો આપવા, ગણોતીયો ઠરાવવો, ખરીદ કિંમત નક્કી કરવા / ખરીદ પ્રમાણપત્ર આપવા તેમજ ગણોતધારાની કલમ-૬૩નો ભંગ થાય તો કલમ-૮૪સી હેઠળની કાર્યવાહી સહિતનો સમાવેશ થાય છે.

આ પ્રક્રિયામાં ગણોતધારાની કલમ-૭૪ હેઠળ નાયબ કલેક્ટર (જમીન સુધારા) અથવા તો સબંધિત પેટા વિભાગના પ્રાન્ત અધિકારીને મામલતદાર અને કૃષિપંચના હુકમ સામે અપીલ કરવાની જોગવાઈઓ છે. ગણોતધારાની કલમ-૭૬ હેઠળ કલેક્ટર, મામલતદાર અને કૃષિપંચ સમક્ષ ચાલતા અથવા નાયબ કલેક્ટર જમીન સુધારા પાસે ચાલતા કેસોની તબદીલ કરવાની સત્તાઓ છે. નાયબ કલેક્ટર જમીન સુધારાના હુકમ સામે ગણોતધારા હેઠળના ગુજરાત જમીન મહેસુલ પંચ (Gujarat Land Revenue Tribunal) GRT સમક્ષ રીવીઝન / અપીલ અંગેની જોગવાઈઓ છે.

> **જમીન સુધારા કાયદાઓ જેમાં ગણોતધારો અને ટોચ મર્યાદા કાયદો અમલમાં છે તેમાં પણ અપીલ અને રીવીઝનની જોગવાઈઓ છે**

ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદામાં (ALT) કાયદામાં પણ મામલતદાર અને કૃષિપંચને ખેડુત ખાતેદારને રાજ્ય સરકાર દ્વારા ગામવાર નક્કી કરેલ ક્ષેત્રફળ ૩ મુજબની જમીન નિયત તારીખે જે રાખવાપાત્ર જમીન હોય તે અંગે નિર્ણય લેવાની સત્તાઓ છે અને રાખવાપાત્ર જમીન હોય તેના કરતાં વધારે હોય તો જમીન ફાજલ કરવાના અધિકારો છે અને જેમ ગણોતધારામાં જોગવાઈ છે તેમ ખેત જમીન ટોચમર્યાદા ધારામાં પણ મામલતદાર અને કૃષિ પંચના હુકમો સામે નાયબ કલેક્ટર જમીન સુધારા સમક્ષ અને તબક્કાવાર ગુજરાત જમીન મહેસુલ પંચ સમક્ષ રીવીઝન અને અપીલ કરવાની જોગવાઈઓ છે.

આ તમામ પ્રક્રિયામાં રીવીઝન / અપીલ્સ કરવાની સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ છે. રીવીઝન બાબતની સમય મર્યાદામાં સુપ્રિમકોર્ટનું ૧૦-જીએલઆર રાઘવનાથ / શકવર્તી ચુકાદો છે જેમાં Reasonable Period એટલે કે એક વર્ષની સમય મર્યાદામાં રીવીઝનમાં લેવાનું સુચિત કરેલ છે. ઉપર્યુક્ત તમામ મહેસુલી સત્તાધિકારીઓને અપીલ / રીવીઝનની સત્તાઓ છે. તે સામાન્ય જનસમુદાયને જાણકારી મળે તે માટે વર્ણન કરવામાં આવ્યું છે.

## દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

પ્રસાદએ રાહુલ ગાંધીની ટીકા કરતા કહ્યું છે કે, કોંગ્રેસે જાણી જોઈને રેલીની તારીખ બદલવાનો ઈન્કાર કર્યો છે. એમના પ્રમાણે ૧લી નવેમ્બરે રેલી કરવાને કારણે ૧૯૮૪ના શીખ વિરોધ હુલ્લડની યાદ તાજી થશે અને શીખ સંપ્રદાયની લાગણી ઘવાશે. પ્રસાદના કહેવા પ્રમાણે રાહુલ ગાંધી એક સમજી વિચારેલી યોજના હેઠળ ૧લી નવેમ્બરે જ રેલી કાઢવાની જીદ કરી રહ્યા છે. પ્રસાદનું કહેવું છે કે, એ જ દિવસે રેલી કાઢીને રાહુલ ગાંધી લોકોને શું સંદેશો આપવા માંગે છે?

### એકનાથ શિંદેને પુરા કરવાની કોશિશ ?

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસએ એક ઓડિયો ક્લીપની ફોરેન્સીક તપાસ કરવાનો આદેશ આપ્યો છે. આ ક્લીપમાં દાવો કરવામાં આવ્યો હતો કે, મરાઠા અનામતના કાર્યકર્તા મનોજ જરાંગે પાટીલને મેનેજ કરવા માટે ૫૦૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા. આ બાબતે ગઠબંધનના સાથીપક્ષો ભાજપ અને શિવસેના (એકનાથ શિંદે) વચ્ચે મોટો વિવાદ થયો છે. ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના સામ સામે છે. વચમા શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના નેતા પ્રિયંકા ચતુર્વેદી પણ કુદી પડ્યા છે. પ્રિયંકા ચતુર્વેદીએ એક પોસ્ટ મૂકીને લખ્યું છે કે એકનાથ શિંદેને પુરા કરવાની કોશિશ થઈ રહી છે. દશેરાની રેલીમાં એકનાથ શિંદેએ એમના જ એક મંત્રીને કહ્યું હતું કે દેશ એકનાથને મુખ્યમંત્રી તરીકે જોવા માંગે છે. આ નિવેદનના થોડા દિવસો પછી જ ઓડિયો ક્લીપ વાયરલ થઈ હતી. શિવસેનાના નેતા રામદાસ કદમનું કહેવું છે કે ઓડિયો ક્લીપમાં ભાજપના ઘણા નેતાઓના નામો સંભળાઈ છે. ક્લીપમાં કથીત રીતે એવું કહેવાયું છે કે ચૂંટણી સમયે પાટીલને મેનેજ કરવા માટે ભાજપે એકનાથ શિંદેને ૫૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા.

### પુલવામામાં આરએસએસનું પહેલું કાર્યાલય

રાષ્ટ્રીય સ્વયસેવક સંઘ સાથે જોડાયેલા ભારતીય મજુર સંઘ (બીએમએસ)એ દક્ષિણ કાશ્મીરના પુલવામા જિલ્લાના બારસુમા ખાતે પોતાનું પહેલું કાયમી કાર્યાલય ખોલ્યું છે. કાશ્મીર ઘાટીમાં આરએસએસ પોતાની ગતિવીધી તેજ કરવા માંગે છે. આરએસએસના કાશ્મીર પ્રભારી સમીત કૂચેનું કહેવું છે કે, સંઘની ઓફિસ ખુલવી એ જ બદલાયેલા કાશ્મીરની નિશાની છે. હવે બાળકો અને યુવાનો પથ્થર ઉપાડવાને બદલે પુસ્તકો પકડી રહ્યા છે. બીએમએસના અખિલ ભારતીય સંગઠન મંત્રી બી સુરેન્દ્રનએ કહ્યું હતું કે, કાયમી કાર્યાલયને કારણે સંગઠનની પ્રવૃત્તિ વચ્ચે સમન્વય તેમજ કાર્યકર્તાઓ અને સ્થાનીક લોકો વચ્ચે સંપર્ક વધારવામાં સરળતા થશે. પુલવામામાં જૈશ, લશ્કર અને હીઝબુલ જેવા આંતકવાદી સંગઠનો સક્રિય રહ્યા છે. બુરહાન વાની, ઝાકીર મુશા અને આદીલ અહમદ દાર જેવા આંતકવાદીઓ આ જિલ્લામાંથી આવ્યા છે.

### સમાજવાદી પાર્ટી બળવાખોરોને પાઠ ભણાવશે

ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે બેઠકની વહેંચણી મુશ્કેલ બની રહી છે. કોંગ્રેસ જેટલી બેઠકો માંગે છે એનાથી ત્રીજા ભાગની બેઠકો આપવા સમાજવાદી પાર્ટી તૈયાર છે. રાષ્ટ્રીય રાજકારણમાં પોતાની તાકાત બતાવવા માટે કોંગ્રેસે વધુ બેઠકો પર દાવેદારી કરવી જરૂરી છે. સમાજવાદી પાર્ટી જે બેઠકો જીતી છે એમાંથી એક ડઝન બેઠકો પર કોંગ્રેસે દાવો કર્યો છે. એમા સમાજવાદી પાર્ટીના બળવાખોર ધારાસભ્યોની બેઠકો પણ છે. સમાજવાદી પાર્ટીના એક સિનિયર નેતાએ એવું કહ્યું હતું કે ચા કરતા તો કીટલી ગરમ છે.

અમેઠી અને રાયબરેલીની બેઠકો વર્ષોથી સંસદમાં કોંગ્રેસનો ગઢ ગણાય છે. વિધાનસભાની ચૂંટણીમાં સપાની સ્થિતિ મજબૂત રહે છે, પરંતુ કોંગ્રેસે આ બંને જિલ્લાઓમાં વિધાનસભાની ૧૦ બેઠકોની માંગણી કરી છે.

### 'નફરતના રાજકારણથી થાકી ગયો છું'

મમતા બેનર્જીની તૃણમુલ કોંગ્રેસ છોડીને ઋતબ્રત બેનર્જીના જુથમાં જોડાઈ જનાર કમર હાટીના ધારાસભ્ય મદન મિશ્રા રાજકારણ છોડવાનો વિચાર કરી રહ્યા છે. મદન મિશ્રાનું કહેવું છે કે તેઓ રાજકારણથી થાકી ગયા છે અને રાજકારણ છોડવાની તૈયારીમાં છે. એક જમાનામાં મમતા બેનર્જીના ખાસ સાથીદાર ગણાતા મિશ્રા પશ્ચિમ બંગાળના રાજકારણથી નિરાશ દેખાઈ રહ્યા છે. એમના કહેવા પ્રમાણે તેઓ ભય અને ચિંતામાં જીવી રહ્યા છે અને આ વર્ષની દુર્ગા પૂજા અગાઉના વર્ષો કરતા જુદી હતી. એમણે એક મુલાકાતમાં કહ્યું હતું કે, 'પહેલા પૂજા દરમિયાન આટલા આંસુ વહ્યા નહોતા. આ આંસુ દુઃખ અને તકલીફની નિશાની છે. સામાન્ય માણસને પડી રહેલી તકલીફથી મને ચિંતા થાય છે. હું ૨૪ પરગણા જિલ્લામાં પોતાના જ રાજકીય ક્ષેત્રમાં સ્વતંત્રતાથી ફરી શકતો નથી. જેમણે મને મત આપ્યો છે તેઓ મને મળી નથી શકતા.'

### 'જો બુઢ્ઢા નાળુ સાફ નહીં કરાવી શકું તો સાંસદ રહેવાનો શું ફાયદો?'

પંજાબમાં પ્રદુષણની સમસ્યા વધી રહી છે. આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ અને પર્યાવરણવાદી બલવીર સિંહ સિચેવાલએ પોતાના પક્ષ સામે નિવેદનો કર્યા છે. લુધિયાણાના પ્રદુષિત બુઢ્ઢા નાળાની સફાઈમાં બાધાઓ આવી રહી છે. જેને કારણે સિચેવાલે કહ્યું છે કે જો આ નાળાની સફાઈ નહીં કરી શકો તો મને રાજ્યસભામાં સાંસદ તરીકે ચાલુ રહેવાનો કોઈ અધિકાર નથી. લગભગ બે વર્ષથી સફાઈ કામ ચાલુ હોવા છતાં સમસ્યાનું નિરાકરણ નહીં આવતા તેઓ નિરાશ થયા હતા. જોકે સિચેવાલે ફક્ત વાતો જ કરી છે એમણે રાજ્યસભાના સભ્ય તરીકે રાજીનામું આપવાની કોઈ જાહેરાત કરી નથી. જોકે એમના નિવેદન પછી પંજાબના પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને બીજી સરકારી એજન્સીઓની કાર્યપદ્ધતિ સામે પ્રશ્નો ઉભા કર્યા છે.

### સૌરવ ગાંગુલીને ફિલ્મ પર સ્ટે મળ્યો નહીં

પહેલાના જમાનામાં ફક્ત ફિલ્મસ્ટારો કે રાજકારણીઓની જિંદગી પરથી બાયોપીક બનતી હતી. હવે કપીલ દેવ પર બનેલી બાયોપીક પરથી ક્રિકેટરોની જિંદગી પરથી પણ ફિલ્મો બનવાની શરૂઆત થઈ ગઈ છે. બાયોપીક કોઈપણ વ્યક્તિ પરથી બનતી હોય, પરંતુ મોટે ભાગે વિવાદ થાય છે. જેમની જિંદગી પરથી ફિલ્મ બનતી હોય છે એમને કોઈક બાબતે ફિલ્મ સામે વાંધો પડે છે. ભૂતપૂર્વ ક્રિકેટર સૌરવ ગાંગુલીની જિંદગી પરથી પણ ફિલ્મ 'દુસરા' બની રહી છે. આ ફિલ્મ રજુ નહીં થવા દેવા માટે સૌરવ ગાંગુલી હાઈકોર્ટ પહોંચ્યા હતા. કોર્ટે મૌખીક રીતે કહ્યું હતું કે હમણા તો એવું લાગે છે કે ફિલ્મના નિર્માતાઓનો પક્ષ વજનદાર છે. ફિલ્મ 'દુસરા'ની વાર્તા એક મધ્યમ વર્ગીય રાજસ્થાની છોકરીની આસપાસ હોવાનું કહેવાય છે, પરંતુ સૌરવ ગાંગુલીને એવું લાગે છે કે ફિલ્મ એમના જીવન પર આધારીત છે.

## મારી ઈમાનદારીને આગળ રાખીને જસ્ટિસ ચંદ્રચૂડની સલાહોનો સ્વીકાર કર્યા વગર જ નિર્ણય લીધા હતા : જસ્ટિસ કૌલ

### જસ્ટિસ ચંદ્રચૂડ

(પહેલા પાનાનું ચાલુ)

સલાહ લેવી જોઈએ? જોકે મે આવુ કરવાની ના પાડી દીધી હતી. બાદમાં કોલેજિયમ પાંચ નામો સાથે સંમત થઈ હતી, જોકે જસ્ટિસ ચંદ્રચૂડ છઠ્ઠુ નામ ઈચ્છતા હતા, જે અંતિમ સમયે પ્રસ્તાવમાં સામે આવ્યું હતું. જોકે મે અને કોલેજિયમના અન્ય સભ્યોએ આ નામનો સ્વીકાર કરવાની ના પાડી દીધી હતી. મને એવુ લાગે છે કે આ છઠ્ઠા નામ તેમજ અન્ય નામો માટે જસ્ટિસ ચંદ્રચૂડે સરકારની મંજૂરી લીધી હોઈ શકે છે.

શું કોલેજિયમની બેઠક પહેલા પણ સરકારની મંજૂરી લેવામાં આવી હતી તેવા સવાલના જવાબમાં જસ્ટિસ કૌલે કહ્યું હતું કે આ તો ઘણા સમયથી થતુ આવ્યું છે. નિર્ણય લેતા પહેલા જ સરકારની મંજૂરી લેવી અને સરકાર સાથે ચર્ચા વિચારણા કરવી આ બન્ને અલગ બાબતો છે. જસ્ટિસ સંજય કિશન કૌલ ૨૦૧૭થી ૨૦૨૩ સુધી સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ રહ્યા હતા. કાશ્મીરી પંડિત પરિવારમાં જન્મેલા સંજય કિશન કૌલ ૨૦૦૧માં દિલ્હી હાઈકોર્ટમાં જજ બન્યા હતા. તેઓએ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે ૧૬૭ ચુકાદા લખ્યા હતા.

## ઈડીને ધરપકડની સત્તાને પડકારતો કેસ જસ્ટિસ કૌલ પાસે હતો

**મની લોન્ડરિંગ કાયદામાં સુધારા કરીને કેન્દ્રીય તપાસ એજન્સી ઈડીને ધરપકડની સત્તા સોંપવામાં આવી હતી, આ ઉપરાંત પણ અનેક સુધારા કરાયા હતા, આ તમામ સુધારાને સુપ્રીમ કોર્ટ દ્વારા ૨૦૨૨માં યોગ્ય ઠેરવવામાં આવ્યા હતા. જોકે બાદમાં સુપ્રીમના આ ચુકાદા મુદ્દે ફરી વિચારણા કરવા માટે એક અરજી થઈ હતી, જે જસ્ટિસ કૌલની બેંચ પાસે હતી.**

**જસ્ટિસ કૌલે આ મામલે વધુ ખુલાસો કરતા કહ્યું હતું કે મારી પાસે મની લોન્ડરિંગનો મામલો પહોંચવા ના દેવા પણ દબાણ હતું. આ જાણકારી મને અન્ય એક જજે આપી હતી.**

## સતત ચૂંટણી પરાજયોથી હતાશ કોંગ્રેસ હવે ગાળાગાળીના રાજકારણ પર ઉતરી આવી છે : ભાજપ

### મોદીનો બાપ

(પહેલા પાનાનું ચાલુ)

પારદર્શીતાની ખાતરી આપે છે અને ચૂંટણીમાં લોકોનો વિશ્વાસ સ્થાપિત થશે.

મલ્લિકાર્જુન ખડગેએ મતદાર યાદીમાં સુધારા માટેની ચૂંટણી પંચની 'એસઆઈઆર' કાર્યવાહીના વિરોધમાં થઈ રહેલા દેખાવોને આઝાદીની બીજી લડાઈ સાથે સરખાવ્યા હતા. તેમણે દેશમાં તાત્કાલિક એસઆઈઆર કાર્યવાહી રોકવાની પણ માગ કરી હતી. આરએસએસ અને ભાજપને ભાગલાવાદી તત્વો ગણાવતા ખડગેએ એમ પણ કહ્યું કે, આરએસએસને નાબૂદ નહીં કરી દેવાય ત્યાં સુધી દેશમાં શાંતિ નહીં સ્થપાય.

કોંગ્રેસ પ્રમુખ ખડગેના વિવાદાસ્પદ નિવેદન મુદ્દે આકરી પ્રતિક્રિયા આપતા કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીએ કહ્યું કે, વડાપ્રધાન અને તેમના દિવંગત પિતા વિરુદ્ધ અસભ્ય ભાષાનો ઉપયોગ દુર્ભાગ્યપૂર્ણ છે. દેશની જનતા જાણે છે કે તેઓ જે પક્ષમાંથી આવે છે તેમની સંસ્કૃતિ ગાળાગાળી કરવાની છે.

તેમણે ઉમેર્યું કે, કોંગ્રેસ ક્યારેક વડાપ્રધાનના દિવંગત માતાજી વિરુદ્ધ અપશબ્દોનો ઉપયોગ કરે છે તો ક્યારે વડાપ્રધાનને નિશાન બનાવે છે. દેશની જનતા આ પ્રકારનું વર્તન સાંખી નહીં લે.

સતત ચૂંટણીઓમાં પરાજયથી હતાશ કોંગ્રેસ હવે ગાળાગાળીનું રાજકારણ કરી રહી છે. કોંગ્રેસ પહેલા પણ પીએમ મોદી અને તેમના પરિવારનું અપમાન કરી ચૂકી છે.

## ભાજપનો સમજી કોંગ્રેસે પોતાના જ કાર્યકરને ફટકાર્યો !

**બિહારના પાટનગર પટનામાં પૂર્વ મુખ્યમંત્રી કૃષ્ણ સિંહની ૧૩૯મી જયંતી પ્રસંગે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે વડાપ્રધાન મોદી વિરુદ્ધ નિવેદન આપી રહ્યા હતા ત્યારે પ્રેક્ષકોમાંથી છપરા નિવાસી સંતોષ કુમાર નામના યુવકે ખડગેને ટોકીને કહ્યું, 'મોદી ક્યાંય નહીં જાય.' આ નિવેદન સાથે સાથી કોંગ્રેસીઓએ ભાજપનો માણસ સમજીને તેની સાથે મારામારી કરી હતી અને તેને કાર્યક્રમમાંથી હાંકી કાઢ્યો હતો. જોકે, સભાગૃહમાંથી બહાર નીકળ્યા પછી સંતોષ કુમારે દાવો કર્યો કે પોતે કોંગ્રેસી જ છે અને તેના નિવેદનને ખોટું સમજવામાં આવ્યું. હકીકતમાં મેં કહ્યું હતું, દેશમાં બળવો નહીં થાય ત્યાં સુધી મોદી ક્યાંય નહીં જાય. પરંતુ ત્યાં લોકોને માત્ર 'મોદી ક્યાંય નહીં જાય' એટલું જ સંભળાયું.**

### જસ્ટિસ ચંદ્રચૂડના

(પહેલા પાનાનું ચાલુ)

**અનામત આપવાની રાજ્યોને સત્તા હોવાનો ચુકાદો આપ્યો હતો. આ બેંચમાં સીજેઆઈ તરીકે ચંદ્રચૂડ સામેલ હતા.**

*** કેન્દ્ર સરકાર દ્વારા પક્ષોના ફન્ડિંગ માટેના ઈલેક્ટોરલ બોન્ડ લાવવામાં આવ્યા હતા, જેને જસ્ટિસ ચંદ્રચૂડની બેંચે રદ કરી દીધા હતા. આ મુદ્દે બાદમાં સ્વતંત્ર તપાસ કરવાની માગ સાથે અનેક અરજીઓ થઈ હતી જેને જસ્ટિસ ચંદ્રચૂડની બેંચે ફગાવી દીધી હતી.**

### ટ્રમ્પે ૧૮

(પહેલા પાનાનું ચાલુ)

૩.૯ લાખ હતી. ટ્રમ્પે બીજા કાર્યકાળમાં ૧૦ લાખ ઈમિગ્રન્ટ્સનો દેશનિકાલ કરવાનો ટારગેટ રાખ્યો હતો.

અમેરિકામાં ૧૦ વર્ષ કે તેથી વધુ સમયથી રહેતા અને દેશમાંથી બહાર મોકલાયેલા લોકોમાંથી પણ લગભગ ૬૧ ટકા લોકોનો કોઈ ગુનાહિત રેકોર્ડ નહોતો.

સમગ્ર કાર્યવાહીમાં લગભગ ૧.૯ લાખ લોકો, એટલે કે આશરે ૨૦ ટકા, કોઈ ગુનામાં દોષિત ઠર્યા હતા. કુલ હકાલપટ્ટી અને પરત મોકલવાની કાર્યવાહીમાં આશરે ૬૯ ટકા લોકો એવા હતા, જેમને શરૂઆતમાં અમેરિકાની સરહદે અટકાવવામાં આવ્યા હતા. બીજી તરફ, અમેરિકાની અંદરથી ધરપકડ કરીને દેશમાંથી બહાર મોકલવામાં આવતા લોકોનો હિસ્સો પણ વધ્યો હતો.

### નેતન્યાહુએ તેલ

(૧૫મા પાનાનું ચાલુ)

**એઆઈ દ્વારા બનાવાયેલી એક તસવીર શેર કરતાં નેતન્યાહુએ કહ્યું ઈરાન પરમાણુ હથિયાર મેળવી લેશે તો કશું જ પહેલા જેવું નહીં રહે. ઈરાન અને શિયા એક્સિસથી પેદા થનારા અસ્તિત્વગત જોખમની સરખામણીમાં બાકી બધું જ મામુલી છે. આ સાથે નેતન્યાહુએ એ બાબત પર પણ ભાર મૂક્યો કે ઈરાનનું કામ પૂરું કરવા માટે આપણી પાસે ટ્રમ્પના સત્તાના બે વર્ષ જ છે. શક્ય છે કે અમેરિકાના નવા પ્રમુખ ઈઝરાયેલની મદદ ના પણ કરે. દરમિયાન હેબ્રોનમાં ઈઝરાયેલના બે સૈનિકોની હત્યાના જવાબમાં ઈઝરાયેલની સેનાએ વેસ્ટ બેન્કમાં આવેલા હેબ્રોનમાંથી ૩૦૦થી વધુ બાળકો સહિત હજારો પેલેસ્ટાઈનવાસીઓને હાંકી કાઢ્યા હતા.**

### 'સર'માં હેરાફેરી

(૧૫મા પાનાનું ચાલુ)

પ્રક્રિયા દરમિયાન કરાયો હતો.

આ પહેલા ૧૬મી ઓક્ટોબરે એક આરટીઆઈના જવાબમાં ચૂંટણી પંચે દાવો કર્યો હતો કે આ સોફ્ટવેરની માહિતી ટ્રેડ સિક્રેટને ધ્યાનમાં રાખીને જાહેર ના કરી શકાય. ચૂંટણી પંચે આરટીઆઈમાં માગેલી માહિતી આપવાની ના પાડી દીધી હતી. ચૂંટણી પંચના આ જવાબને લઈને હવે કોંગ્રેસે વળતો પ્રહાર કર્યો છે. સોશિયલ મીડિયા પર જયરામ રમેશે વધુમાં કહ્યું હતું કે એસઆઈઆર પ્રક્રિયામાં એઆઈનો ઉપયોગ કર્યો હોવા છતા ચૂંટણી પંચ ના કેમ પાડી રહ્યું છે? તાજેતરમાં જ બે ચૂંટણી કમિશનર સુખબીર સંધુ અને વિવેક જોશીએ પણ આ સોફ્ટવેર પર સવાલો ઉઠાવ્યા હોવાનો દાવો એક મીડિયા રિપોર્ટમાં થયો હતો.

### વિપક્ષની રેલીનો

(૧૫મા પાનાનું ચાલુ)

સાથે પ્રમોટ કરી રહ્યું છે. આગામી સાત દિવસ સુધી ભાજપે આ જ પ્રકારનો ઉત્સાહ રાખવો જોઈએ અને અમારી રેલીનું પ્રમોશન કરતા રહેવું જોઈએ. ભાજપ ૧ નવેમ્બરની કોંગ્રેસની રેલીને લઈને આકરા પ્રહારો કરી રહ્યું છે. એવા સમયે રાહુલ ગાંધીએ આ નિવેદન કરીને ભાજપ પર ટોણો માર્યો હતો. બીજી તરફ એલપીજી ડિસ્ટ્રીબ્યૂટર સંગઠને કહ્યું છે કે તમામ ડીલરો કામને શરૂ રાખશે જેથી તહેવારોમાં આમ નાગરિકોને કોઈ પરેશાની સામનો ના કરવો પડે. હડતાળની અપીલ પર ધ્યાન આપવામાં ના આવે. ૧ નવેમ્બરના વિપક્ષની રેલી અને બીજી તરફ દિવાળી જેવા તહેવારોને ધ્યાનમાં રાખીને સંગઠને આ નિવેદન આપ્યું છે.

### યુક્રેને લોકોને

(૧૫મા પાનાનું ચાલુ)

સ્ટારલિંક યુક્રેનની સુરક્ષા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે આ એકમાત્ર એવી સિસ્ટમ છે, જેને જામ નથી કરી શકાતી અથવા તેનો નાશ નથી કરી શકાતો. સ્ટારલિંકને બંધ કરી દેવાશે તો યુક્રેનની ફ્રન્ટ લાઈન તુરંત તૂટી પડશે. બીજીબાજુ યુક્રેનની સેનાએ મસ્કના આક્ષેપોને નકારી કાઢ્યા છે. પ્રમુખ ઝેલેન્સ્કીના ડીફેન્સ ટેક્નોલોજી સલાહકાર સેરહિ બેસ્કેસ્તનોવે જણાવ્યું હતું કે, યુક્રેનમાં લાંબા સમયથી નાગરિક સિસ્ટમ પર મુકાયેલા નિયંત્રણોના કારણે સ્ટારલિંકની ઈન્ટરનેટ સેવાઓનો આક્રમણ માટે ઉપયોગ અશક્ય છે. યુક્રેનમાં સ્ટારલિંકની કામગીરીઓ પર નિયંત્રણો અંગે ઈલોન મસ્ક જાણતા ના હોય તે ઘણું જ આશ્ચર્યજનક છે. યુક્રેનના વોરટાઈમ કનેક્ટિવિટી માટે સ્પેસએક્સની સ્ટારલિંક અને તેની મિલિટરી ફોકસ્ડ સ્ટારશિલ્ડ સેવાઓ ખૂબ જ મહત્વની છે.

### લંડનના પરિવારને

(૧૫મા પાનાનું ચાલુ)

બનાવવામાં આવી હોવાનું અનુમાન છે. તેના પીળા રંગના તળિયાને કારણે પણ તેને અનોખી કલાકૃતિ ગણવામાં આવી છે.આ દુર્લભ પ્લેટની હરાજી ૧૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાશે. તેની અંદાજિત કિંમત વીસ હજારથી ત્રીસ હજાર બ્રિટિશ પાઉન્ડ (આશરે ૨૪થી ૩૬ લાખ રૂપિયા) છે. જો કે, હરાજીમાં તેની અંતિમ કિંમત કેટલી મળશે તે તો ત્યારે જ સ્પષ્ટ થશે. આ ઘટના દર્શાવે છે કે ક્યારેક સામાન્ય દેખાતી જૂની વસ્તુઓમાં પણ અમૂલ્ય ઐતિહાસીક વારસો છુપાયેલો હોઈ શકે છે.

### અરૂણાચલમાં

(૧૫મા પાનાનું ચાલુ)

ડામવા માટે ગૃહમંત્રાલયે રેપિડ એક્શન ફોર્સના ૨૫૦ જવાનોની બે કંપનીઓને એરફોર્સના વિશેષ વિમાનમાં મુંબઈથી પાસીઘાટમાં તૈનાત કરી છે.

ચીન તીબેટની યારલુંગ ત્સાંગપો નદી પર વિશાળ ડેમ બનાવી રહ્યું છે, જે પૂર્વોત્તર ભારત માટે અત્યંત જોખમી બની શકે છે. આ ડેમના જવાબમાં ભારતે અરૂણાચલના સિયાંગ જિલ્લામાં સિયાંગ ઘાટીના ત્રણ જિલ્લામાં સૌથી મોટો ૧૧,૨૦૦ મેગાવોટની ક્ષમતાનો સિયાંગ અપર મલ્ટીપર્પઝ હાઈડ્રો પ્રોજેક્ટ બનાવવાનો નિર્ણય કર્યો છે, જેને કેન્દ્ર સરકારે સપ્ટેમ્બરમાં મંજૂરી આપી હતી. આ પ્રોજેક્ટ હેઠળ પ્રી-ફિઝિબિલિટી સરવે કરાવવાના કેન્દ્રના નિર્ણય પછી નદી કિનારે વસેલા આદી અને ગાલો સહિત અન્ય સ્થાનીક આદિવાસી સમુદાયોએ તેનો વિરોધ શરૂ કર્યો છે, જે શુક્રવારે મોડી રાતે હિંસક બન્યો હતો.



## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદનાં ગામ મોજે નિધરાડની સીમનાં સર્વે નંબર-૩૦૪/૨ ની હે-આરે-ચોમી ૦-૪૩-૫૦ યાને કે ૪૩૫૦ ચોરસમીટરની આકાર રૂા.૧-૩૩ પૈસાવાળી ખાતા નંબર-૨૧૬૯ ધરાવતી જુની શરતની ખેતીની જમીન કેતનભાઈ ઉદેસંગ વાઘેલા તથા શૈલેષભાઈ ઉદેસંગ વાઘેલા બંને રહેવાસી-૯, ક્ષિતીજ રોહાઉસ-૧, આંબલી, અમદાવાદનાંએ તેઓની સંપૂર્ણ, સંયુક્ત, સહીયારી માલીકી તથા કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી વેચાણ કરવાનાં હેતુથી સદરહુ જમીન અંગેનાં ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે, તો સદરહુ જમીન ઉપર અન્ય જે કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી કરવી, જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તારીખ : ૨૩-૧૦-૨૦૨૬

**વિનોદ સી. દરજી**
**એડવોકેટ**
૨૨૩, સત્યમ મોલ, કામેશ્વર સ્કુલ પાસે, સમાન કોમ્પલેક્ષની સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન નં. ૦૭૯ ૨૬૭૬૦૭૮૬

## જાહેર નોટિસ

મોજે - શીલજ

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૯ (બોપલ) ઘાટલોડીયા તાલુકાના મોજે- શીલજ ગામની સીમના બ્લોક નં. ૯૬૪ ની હે.આરે.ચો.મી. ૦-૨૫-૨૯ ની ખેતીની જમીનને ટી.પી. સ્કીમ નં. ૪૦૫ માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૨૧૭ની ચો.મી. ૧૫૧૭ ની જમીન (૧) ગીતાબેન ભીખાભાઈ પટેલ, (૨) રીટાબેન ભીખાભાઈ પટેલ, (૩) હંસાબેન ભીખાભાઈ પટેલ, (૪) દીપીકાબેન ભીખાભાઈ પટેલ, (૫) દીપક ભીખાભાઈ પટેલ તથા (૬) અજય ભીખાભાઈ પટેલની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૬-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

**મોજે ગામ લોદરીયાળ, તા.સાણંદ**

અમો એડવોકેટ હરીશ આર. જોષી, જાહેર જનતા તેમજ લાગતા વળગતા તમામને જણાવીએ છીએ કે, જીલ્લો - અમદાવાદ, તાલુકો - સાણંદના મોજે ગામ લોદરીયાળ ની સીમના ખાતા નં. ૧૫ ના (૧) સર્વે/બ્લોક નં. ૬/૪ ની હે.આરે.ચો.મી. ૦-૩૭-૪૩ ની આકાર રૂા.૩.૨૫ પૈસાની જુની શરતની ખેતીની જમીન તથા (૨) સર્વે/બ્લોક નં. ૬/૧ ની હે.આરે.ચો.મી. ૦-૨૧-૨૫ ની આકાર રૂા.૨.૮૧ પૈસાની જુની શરતની ખેતીની જમીન મળી કુલ્લે ૦-૫૮-૬૮ હે.આરે.ચો.મી. જમીન તેના માલિકો ત્રિકમભાઈ કાનજીભાઈ કોળી પટેલ તથા અરજણભાઈ કાનજીભાઈ કોળી પટેલ નાએ પોતાની સંયુક્ત માલિકીની પ્રત્યક્ષ કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના વાંધા, તકરાર, બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણથી આપવી હોઈ, સદરહું બંને જમીન માલિકોએ અમારી પાસે સદરહું જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી અમારી પાસે કરેલ હોઈ, સદરહું જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ માં નીચે જણાવેલ સરનામે પુરાવા સાથે લેખિતમાં જાણ કરવી જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, હક્ક, હિસ્સો, દાવો, અલાખો, લાગભાગ, હિત નથી અથવા હોય તો તે જતો કરેલ છે તેમ માની સદરહું જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને વેચાણ અંગેની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૨૪.૧૦.૨૦૨૬
અમદાવાદ

**હરીશ આર. જોષી**
**એડવોકેટ**
ADD : C-301, AVADH DREAMLAND, NR. DEV SRUSHTIAPARTMENT, B/H. SHUKAN-6, OPP. SCIENCE CITY, SOLA-BHADAJ ROAD, SOLA, AHMEDABAD-380060
(M) 9824414497

## જાહેર નોટિસ

જત ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના તાલુકા દહેગામ ના મોજે ગામ બાબરાની સીમના ખાતા નંબર-૬૭૧ ના રેવન્યુ સર્વે/બ્લોક નંબર-૬૬ (જેનો જુનો સર્વે નંબર-૬૧)ની કુલ આશરે ૨૦૯૦૮ ચો.મી. પૈકીની ૧૬૪૧૭ ચો.મી. વાળી જુની શરતની ખેતીની જમીનના સંયુક્ત માલીક કબ્જે ભોગવટેદાર પ્રેમજીભાઈ પુંજાભાઈ, જગદીશભાઈ પુંજાભાઈ, મંગુબેન તે નાથુભાઈ પુંજાભાઈની વિધવા પત્ની, ભાવનાબેન નાથુભાઈ, આશાબેન નાથુભાઈ, અને સુરેશભાઈ નાથુભાઈ સર્વે રહે.-પટેલવાસ, મોજે ગામ-બાબરા, તાલુકો-દેહગામ, જીલ્લો-ગાંધીનગરના એ સદરહુ ખેતીની જમીન પોતાની સંપૂર્ણ સંયુકત માલીકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજા મુક્ત આવેલી હોઈ સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ હોઈ અમારા અસીલે અમારી પાસે સદરહુ મિલ્કતનુ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદર મીલકત ઉપર બીજો કોઈ શખ્સનો, સંસ્થાનો દર દાવો, અલાખો, લાગભાગ, હકક, હિસ્સો, લિયન, ચાર્જ, ખોરાકી-પોષાકીના હકક કે બીજા કોઈ અધિકાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં તેઓના તેવા હકકો બાબતની તે અંગેના તમામ લેખિત દસ્તાવેજ પુરાવા સહિત લેખિત જાણ અમોને નીચેના સરનામે રજી.પોસ્ટથી કરવી. જો તેમ કરવામાં કસુર અગર વિલંબ થશે તો ઉપરોકત સદરહુ મીલકત ઉપર બીજા કોઈના કોઈપણ પ્રકારના હકક, અધિકાર નથી અને હશે તો તેવા શખ્સો, સંસ્થાએ પોતાના હકકો જતો (વેવ) કરેલ છે. તેમ સમજી ઉપરોક્ત મુદત વિતે અમો ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે જેની નોંધ લેશો.

અમદાવાદ.
તા.૨૫/૧૦/૨૦૨૬

**શ્રી પ્રશાંત એસ. ભારદીયા**
**એડવોકેટ એન્ડ નોટરી**
ઠે.એ/૬, જડેશ્વરપાર્ક, સ્વામીનારાયણ મંદિર સામે, વસ્ત્રાલ રોડ, અમદાવાદ.
મો.૯૯૯૮૦૪૦૯૩૮

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ મહેસાણા રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા સતલાસણાનાં ગામ મોજે ફતેપુરાની સીમનાં સર્વે નંબર- ૬૪૨ (જુના સર્વે/ બ્લોક નંબર- ૯૯/૨)નાં ખાતા નંબર- ૧૫૮ નાં ક્ષેત્રફળ-૧૮૧૭ સમચોરસમીટર જુની શરતની ખેતીની જમીન, (૧) ઠાકોર અમૃતજી નાથાજી, (૨) ઠાકોર જશીબેન ડાહયાજી, (૩) ઠાકોર રણજીતજી ડાહયાજી, (૪) ઠાકોર મુકેશજી ડાહયાજી, (૫) ઠાકોર ભાવનાબેન ડાહયાજી તથા (૬) ઠાકોર આરતીબેન ડાહયાજી, સર્વે ઠેકાણું : ફતેપુરા, સતલાસણા, મહેસાણાનાંએ તેઓનાં સંયુક્ત માલીકી કબજા ભોગવટા તથા ખુદખેડમાં તથા તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી ઉપરોકત પૈકી નંબર- ૧, ૩ તથા ૪ નાંએ અમારી પાસે ઉપરોકત જમીનનાં ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષાણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર કે ફાઈનાન્સર તરીકે કે બાનાખત કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજૂતી કરાર, હુકમનામું કે અન્ય કોઈ લખાણ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કે કુટુંબના સભ્ય કે વારસદાર તરીકે કે બીજી કોઈપણ રીતે ઉપરોકત જમીન પર હક્ક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવાની સર્ટિફાઈડ નકલ સાથે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)ની અંદર નીચેના સરનામે સ્પીડ પોસ્ટથી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ કરેલ છે તેમ સમજી મુદ્દત વિત્યે ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની આથી નોંધ લેવી.

તારીખ : ૨૬/૧૦/૨૦૨૬,
ફાઈલ નંબર- ૨૪૦૦૮/૩

**B R PATEL & Co.**
**Advocates, Solicitors & Corporate Attorney's**
15, Dolly Apartment, Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : 26466400, 26466401

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૨ (નિકોલ) ના તાલુકા અસારવાના મોજે ગામ નિકોલ ની સીમના સર્વે/બ્લોક નં.૮૫/૧ ની ૨૫૨૯ ચો.મી., સર્વે/બ્લોક નં. ૮૬ ની ૧૬૧૯ ચો.મી., સર્વે/બ્લોક નં.૮૭/૧ પૈકી ૧ ની ૧૯૪૨ ચો.મી. સર્વે/બ્લોક નં.૮૭/૩ પૈકી ૧ ની ૪૨૫ ચો.મી. સર્વે/બ્લોક નં.૮૮/૨ ની ૫૨૬૧ ચો.મી. જમીનોનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૧૧૧ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૦૬+૧૦૮+૧૧૦ ની કુલ ૮૦૧૨ ચો.મી. જમીનમાં એ.એમ.સી. દ્વારા પાસ કરેલ ડેવલોપમેન્ટ પરમીશન મુજબ સબ પ્લાટે નં.૧ ની ૧૮૩૦.૩૨ ચો.મી.ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન રમેશભાઈ રવજીભાઈ ડોબરીયાની સ્વતંત્ર માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફલોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

## જાહેર નોટિસ

અમારા અસીલ અમર અનુભાઈ કંસારાની સૂચનાથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૦ (વેજલપુર) ના તાલુકે સીટીના મોજે વેજલપુરની સીમના સર્વે નં. ૪૩૪, ,૪૩૯/૨ તથા ૪૪૦/૧ પૈકી ટી.પી.સ્કીમ નં. ૩ ના ફાઈનલ પ્લોટ નં. ૨૦૫, ૨૦૬ ની જમીન ઉપર આલોક કો.ઓ.હા.સો.લી. ના સબ પ્લોટ નં. ૫ તથા ૧૨ ની જમીન ઉપર આકાર એપાર્ટમેન્ટ ના નામથી ઓળખાતી સ્કીમમાં આવેલ ફલેટ નં. બી-૬ ની આશરે ૮૫ સ.ચો.વાર ના બાંધકામ વાળી મિલ્કત અમારા અસીલ અમર કનુભાઈ કંસારા તથા તેમના પિતા સ્વ. અનુભાઈ રામજીભાઈ કંસારાના સીધી લીટીના વારસદારોની સંયુક્ત માલિકીની કબજા ભોગવટાની આવેલી છે, અમારા અસીલથી સદરહું મિલ્કતનો તા.૨૮.૪.૧૯૯૪ ના રોજનો દસ્તાવેજ નં. ૭૦૨ તથા તા.૨૧.૨.૨૦૦૦ ના રોજનો દસ્તાવેજ નં. ૮૧૭ તથા સદરહં યોજનાના પ્રયોજક દ્વારા આપવામાં આવેલ તમામ અસલ ડોક્યુમેન્ટ્સ જેવા કે, એલોટમેન્ટ લેટર, પઝેશન લેટર, નાણાંની પહોંચો વિગેરે તમામ શરતચુકથી ખોવાઈ ગયેલ હોઈ તે ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતા નથી તેવું જણાવી આ મિલ્કતના ના-વાંધા પ્રમાણપત્ર (નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ) ની માંગણી અમારી પાસે કરેલ છે તો સદરહું મિલ્કત પરત્વે કોઈને કોઈપણ જાતનો વાંધો, તકરાર, હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, લેણું, બોજો, ગીરો, લીયન કે કોઈપણ જાતની જવાબદારી હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે અમોને જાણ કરવી. મુદત વિત્યે આ મિલ્કત પરત્વે કોઈપણ જાતના વાંધા - તકરાર હોય તો તે જતા (Waive) કરેલ છે તેમ માની ના-વાંધા પ્રમાણપત્ર (નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ) ઈસ્યુ કરીશું જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૨૩.૧૦.૨૦૨૬
અમદાવાદ

**હરીશ આર. જોષી**
**એડવોકેટ**
ADD : C-301, AVADH DREAMLAND, NR. DEV SRUSHTIAPARTMENT, B/H. SHUKAN-6, OPP. SCIENCE CITY, SOLA-BHADAJ ROAD, SOLA, AHMEDABAD-380060
(M) 9824414497

## જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગલુદણ ગામની સીમના શીટ નંબર : NA99 સીટી સર્વે નંબર : NA658 ની ૯૧૩૮ ચો.મી. વાળી બીનખેતીની જમીન બુનીબેન ભીખાજી ઠાકોર, પરબતજી ભીખાજી ઠાકોર, પ્રભાતસિંહ ભીખાજી ઠાકોર તથા ગીતાબેન ભીખાજી ઠાકોરની દિકરી તે મુકેશજીની પત્નીનાઓએ તેઓની માલીકી, કબજા, ભોગવટાની આવેલી હોવાનું જણાવી તેઓએ સદરહુ જમીનના અમો પાસેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જો સદરહુ જમીનમાં ઉપરોકત દર્શાવેલ ઈસમો સિવાય અન્ય કોઈ વ્યકિત, સંસ્થા, પેઢી, મંડળી, બેંક વિગેરેનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હીત હીસ્સો કે અલાખો પોષાતો આવેલ હોય તો સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં આ નીચે જણાવેલ સરનામે લેખીતમાં પુરાવા સહીત આર.પી.એ.ડી. ધ્વારા જાણ કરવી. જો આમ કરવામાં કસુર યા ચૂક થયેથી સદરહુ જમીનોમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હીત હીસ્સો કે અલાખો પોષાતો આવેલ નથી અગર વેઈવ કરેલ છે તેમ માની સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશુ જે જાણશો. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારના કોઈ વાંધા કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહીં જે જાણશો.

તારીખ : ૨૫ -૧૦ -૨૦૨૬
ગાંધીનગર.

**(બીપીન સી. જયસ્વાલ )**
**એડવોકેટ એન્ડ નોટરી**
રહે. બી/૩૦૧, મહાવીર હિલ્સ, કમલમ સામે, કોબા, ગાંધીનગર.
મો. ૯૮૨૪૦ ૬૭૭૪૮

## જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ સાણંદ તથા તાલુકે સાણંદના મોજે ગામ ચેખલાની સીમના (૧) બ્લોક/સર્વે નંબર- ૮૯૬ પૈકી ક્ષેત્રફળ ૬૪૦૪૨ સમચોરસમીટર તથા (૨) બ્લોક/સર્વે નંબર- ૯૦૦ ક્ષેત્રફળ ૨૩૫૭૩ સમચોરસમીટરવાળી જુની શરતની ખેતીની જમીનો અમારા અસીલ જયેશભાઈ ચીનુભાઈ શાહ રહેવાસી :- ૨૦, શ્યામસુંદર બંગ્લોઝ, પ્રહલાદનગર, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૧૫ એ સદરહુ જમીનના કાયદેસર માલીક અને કબજેદાર તરીકે આવેલ છે અને સદરહુ જમીન તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવેલ છે તેમજ સદરહુ જમીન અંગે અમારા અસીલ જયેશભાઈ ચીનુભાઈ શાહ એ કોઈપણ વ્યક્તિ, પેઢી કે સંસ્થાને પાવર ઓફ એટર્ની કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો કરી આપેલ નથી તેમ તેઓ એ સ્પષ્ટ જણાવેલ છે તેમ છતાં ભવાનજી પરબતજી ઠાકોર નામની વ્યકિત એ અમારા અસીલના નામનો બનાવટી અને બોગસ પાવર ઓફ એટર્ની બનાવેલ છે અને તેવા પાવર ઓફ એટર્ની ને આધારે ખોટા અને બોગસ લખાણો થયેલ હોય તેવા બોગસ અને બનાવટી પાવર ઓફ એટર્નીના આધારે તેમજ તેઓએ બનાવેલ બોગસ ડોકયુમેન્ટ ના આધારે કોઈપણ વ્યક્તિ, પેઢી કે સંસ્થા માલીક તરીકે પોતાને માનતુ હોય તો તેવા વ્યક્તિઓ સાથે તથા મજકુર ખોટા અને બોગસ પાવર ઓફ એટર્ની હોલ્ડર સાથે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાએ કોઈપણ પ્રકારનો વેચાણ વ્યવહાર કે અન્ય કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો કરાવવો નહી તેમજ અમારા અસીલે મજકુર ભવાનજી પરબતજી ઠાકોર નામની વ્યક્તિ સામે સાણંદ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ કરેલ છે જેની કાર્યવાહી હાલમાં ચાલુ છે તેમ છતા કોઈપણ વ્યક્તિ, પેઢી કે સંસ્થા એ મજકુર ખોટા અને બોગસ પાવર ઓફ એટર્ની હોલ્ડર સાથે તથા કહેવાતા ખોટા અને બોગસ માલીક સાથે અમારા અસીલની જાણ બહાર કોઈપણ પ્રકારનો વેચાણ વ્યવહાર કે અન્ય કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો અમારા અસીલ લાગતા વળગતા તમામની સામે કાયદેસરની કાર્યવાહી કરશે જેની આથી ગંભીર નોંધ લેશો.

તારીખ-૨૪/૧૦/૨૦૨૬

**હિરેન રાવલ એન્ડ એસોસીએટસ**
**એડવોકેટસ**
**વિનીત એચ. રાવલ (એડવોકેટ)**
**સૃષ્ટિ એચ. રાવલ (એડવોકેટ)**
૫૦૬, વિનસ બેનેસીયા, પકવાન-૨ ડાઈનીંગ હોલ પાસે, બોડકદેવ, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૫૪
ફોન : ૦૭૯ - ૨૬૮૭૩૮૮૧
મોબાઈલ નંબર - ૯૮૨૪૬ ૪૪૫૪૩

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

### ટીમ ઈન્ડિયા ૭૧.૨૦ વિનિંગ પર્સન્ટેજ સાથે સૌથી આગળ

# ભારતનો ટી-૨૦ ક્રિકેટમાં સુપર પાવર તરીકે દબદબો : ૨૦૦ વિજય સાથે સૌથી સફળ ટીમ

## પાકિસ્તાને ૧૭૬ ટી-૨૦ જીતીને બીજા ક્રમે : અન્ય દેશો ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટમાં ૧૫૦ વિજય સુધી પણ પહોંચી શક્યા નથી

નવી દિલ્હી, તા.૨૫

સતત બે ટી-૨૦ વર્લ્ડ કપ જીતનારી સૌપ્રથમ ટીમ તરીકેનું સીમાચિહ્ન હાંસલ કરનારી ટીમ ઈન્ડિયાએ ક્રિકેટના આ સૌથી ટૂંકા ફોર્મેટમાં સુપર પાવર તરીકેનો દબદબો પ્રસ્થાપિત કરી દીધો છે.

ટીમ ઈન્ડિયાએ ન્યુઝીલેન્ડ પ્રવાસમાં યજમાન ટીમ સામેની બીજી ટી-૨૦ મેચ જીતવાની સાથે આ ફોર્મેટમાં સૌથી સફળ ટીમ તરીકેનું સ્થાન વધુ સુદ્રઢ કર્યું હતુ અને ૨૦૦ વિજય મેળવનારી આ ફોર્મેટના ઈતિહાસની પ્રથમ ટીમ તરીકે તરીકેનું ગૌરવ પણ હાંસલ કર્યું હતુ. રસપ્રદ બાબત એ છે કે, ભારતે ૩૦૦ મેચમાંથી ૨૦૦માં આઉટરાઈટ વિજય મેળવ્યા છે અને આ કારણે ભારતના વિનિંગ પર્સન્ટેજ પણ ૭૧.૨૦ છે. જે અન્ય ટોચના દેશોની ટીમ કરતાં ક્યાંય આગળ છે.



ભારતીય ટીમ સૌપ્રથમ ટી-૨૦ ૧લી ડિસેમ્બર,૨૦૦૬ના રોજ રમી હતી અને આ ફોર્મેટમાં ભારતની બે દશકની સફર પૂરી થવાની નજીક છે. ત્યારે ટી-૨૦ના ફોર્મેટમાં સૌથી વધુ વિજયની રીતે ભારતીય ટીમે બાકીના હરિફોને પાછળ રાખી દીધા છે. ભારતે ટી-૨૦માં ૨૦૦મો આઉટરાઈટ વિજય હાંસલ કરી લીધો છે. આઉટરાઈટ વિજયમાં ટાઈ બાદ સુપર ઓવર કે બોલઆઉટમાં થયેલા વિજયનો સમાવેશ થતો નથી. ટી-૨૦માં સૌથી વધુ આઉટરાઈટ વિજય મેળવવામાં પાકિસ્તાન બીજા ક્રમે છે. જેઓ ૩૦૪ ટી-૨૦માંથી ૧૭૬ મેચ જીત્યા છે. જોકે આ સિવાય ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ કે સાઉથ આફ્રિકા અને ન્યુઝીલેન્ડ જેવી ટોચની ટીમો ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટમાં ૧૫૦ વિજયના માઈલસ્ટોન સુધી પણ પહોંચી શકી નથી.

**સૌથી ઓછી હારમાં પણ ભારત આગળ**

ટી-૨૦ના ફોર્મેટમાં ભારત સૌથી વધુ મેચ રમનારા દેશોમાં ટોપટુમાં સ્થાન ધરાવે છે. જોકે તેની સાથે એ રેકોર્ડ પણ મહત્વનો છે કે, ટીમ ઈન્ડિયા ક્રિકેટ વિશ્વના ટોચના દેશોની તુલનામાં સૌથી ઓછી મેચ હારી છે. ભારતીય ટીમ ૩૦૦માંથી માત્ર ૮૩ મેચ હારી છે, જેના કારણે ટીમના વિનિંગ પર્સન્ટેજ ૭૧થી વધુ છે. પાકિસ્તાન સૌથી વધુ ૩૦૪ ટી-૨૦ રમ્યું છે, પણ તેઓને ૧૧૬ મેચમાં હાર સહન કરવી પડી છે. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડની ટીમ ૨૦૦થી વધુ મેચ રમી છે અને તેમાંથી ૯૨-૯૨ મેચમાં હાર સહન કરવી પડી છે.

નોંધપાત્ર છે કે, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, સાઉથ આફ્રિકા અને ન્યુઝીલેન્ડે ટી-૨૦ ફોર્મેટમાં તેમની પ્રથમ મેચ ૨૦૦૫માં રમી હતી.

**વિનિંગ પર્સન્ટેજની રીતે પણ પ્રભુત્વ**

ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટમાં સાતત્યતા જાળવવી પડકારજનક હોય છે. રેપિડ ફાયર રાઉન્ડ જેવા ફોર્મેટમાં મેચનું પાસું એકાદ-બે ઓવરોમાં જ બદલાઈ જતું હોય છે. જોકે ભારતે આ ફોર્મેટમાં સાતત્યભર્યો દેખાવ કર્યો છે અને ૩૦૦ મેચ રમવા છતાં ભારતના વિનિંગ પર્સન્ટેજ ૭૧.૨૦ છે, જે અન્ય ટીમો કરતાં ક્યાંય આગળ છે. ભારત પછી વિનિંગ પર્સન્ટેજની રીતે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સ્થાન ધરાવે છે. પાકિસ્તાનના વિનિંગ પર્સન્ટેજ ૫૯.૭૯ અને અફઘાન ટીમના વિનિંગ પર્સન્ટેજ૫૯.૨૮ છે. ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા પણ ૫૭ કે વધુ વિનિંગ પર્સન્ટેજ ધરાવે છે. જ્યારે વિન્ડિઝ ૪૫.૭૪ અને શ્રીલંકા ૪૪.૩૯ વિનિંગ પર્સન્ટેજ ધરાવે છે.

### ભારત તરફથી ૧૦ કે વધુ ટી-૨૦માં કેપ્ટન

| કેપ્ટન | ટી-૨૦ | જીત | હાર | ટાઈ | અનિર્ણિત |
|---|---|---|---|---|---|
| ધોની | ૭૨ | ૪૧ | ૨૮ | ૦૧ | ૦૨ |
| રોહિત | ૬૨ | ૪૯ | ૧૨ | ૦૧ | ૦૦ |
| સૂર્યકુમાર | ૫૨ | ૪૦ | ૦૮ | ૦૨ | ૦૨ |
| કોહલી | ૫૦ | ૩૦ | ૧૬ | ૦૨ | ૦૨ |
| શ્રેયસ | ૨૩ | ૧૩ | ૦૮ | ૦૦ | ૦૨ |
| હાર્દિક | ૧૬ | ૧૦ | ૦૫ | ૦૧ | ૦૦ |

*પંત-ગિલ પાંચ-પાંચ, ધવન-ગાયકવાડ-રૈના ૩-૩, બુમરાહ-રહાણે બે-બે અને કે.એલ.રાહુલ તેમજ સેહવાગ ૧-૧ મેચમાં ટીમ ઈન્ડિયાના કેપ્ટન રહી ચૂક્યા છે

### ટી-૨૦ના ફોર્મેટમાં ટોચની ટીમોનો દેખાવ

| દેશ | ટી-૨૦ | જીત | હાર | ટાઈ | અનિર્ણિત | વિનિંગ% |
|---|---|---|---|---|---|---|
| ભારત | ૩૦૦ | ૨૦૦ | ૮૩ | ૦૭ | ૧૦ | ૭૧.૨૦ |
| પાકિસ્તાન | ૩૦૪ | ૧૭૬ | ૧૧૬ | ૦૪ | ૦૮ | ૫૯.૭૯ |
| અફઘાન | ૧૬૮ | ૦૯૯ | ૦૬૫ | ૦૩ | ૦૧ | ૫૯.૨૮ |
| ઈંગ્લેન્ડ | ૨૩૩ | ૧૨૮ | ૦૯૨ | ૦૨ | ૧૧ | ૫૮.૫૫ |
| ઓસ્ટ્રેલિયા | ૨૨૯ | ૧૨૭ | ૦૯૨ | ૦૩ | ૦૭ | ૫૭.૬૫ |
| સા.આફ્રિકા | ૨૩૫ | ૧૨૯ | ૧૦૧ | ૦૨ | ૦૩ | ૫૬.૪૬ |
| ન્યુઝીલેન્ડ | ૨૬૯ | ૧૩૫ | ૧૧૨ | ૧૦ | ૧૨ | ૫૩.૫૦ |
| વિન્ડિઝ | ૨૬૦ | ૧૧૧ | ૧૩૩ | ૦૩ | ૧૩ | ૪૫.૭૪ |
| શ્રીલંકા | ૨૪૩ | ૧૦૫ | ૧૩૦ | ૦૬ | ૦૨ | ૪૪.૩૯ |
| બાંગ્લાદેશ | ૨૨૨ | ૦૮૯ | ૧૨૮ | ૦૦ | ૦૫ | ૪૧.૦૧ |

* ભારત તેની સાત ટાઈ મેચમાંથી છમાં સુપરઓવર/બોલ આઉટમાં જીત્યું હતુ. એક મેચ ડકવર્થના નિયમને કારણે ટાઈ થઈ હતી.

### હરમનપ્રીત (૧૨૬) અને દીપ્તિ (૧૦૬*) વચ્ચે ૧૫૩ રનથી ભાગીદારી

# ભારતની મહિલા ટીમે ઝિમ્બાબ્વેને બીજી વન ડેમાં ૧૨૧ રનથી હરાવી શ્રેણી જીતી

## ભારતે ૩૨૮/૬નો સ્કોર ખડક્યો : ઝિમ્બાબ્વે ૨૦૭માં ઓલઆઉટ : વૈષ્ણવી શર્માની ૩૯ રનમાં ચાર વિકેટ

વડોદરા, તા.૨૫

ભારતની મહિલા ટીમે ઝિમ્બાબ્વે સામેની બીજી વન ડેમાં ૧૨૧ રનથી વિજય મેળવતા ત્રણ મેચની શ્રેણી ૨-૦થી જીતી લીધી હતી. હરમનપ્રીત કૌરે ૧૨૬ અને દીપ્તિ શર્માએ ૮૬ બોલમાં અણનમ ૧૦૬ રન ફટકારતાં ભારતે ૫૦ ઓવરમાં છ વિકેટે ૩૨૮ રનનો જંગી સ્કોર ખડક્યો હતો. જવાબમાં ઝિમ્બાબ્વેની મહિલા ટીમ ૪૮.૫ ઓવરમાં ૨૦૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. વૈષ્ણવી શર્માએ ૩૯ રનમાં ચાર વિકેટ ઝડપી હતી.



હવે શ્રેણીની ત્રીજી અને આખરી વન ડે તારીખ ૨૮મી ઓક્ટોબરે રમાશે. હરમનપ્રીતે રાજીનામું આપ્યું તે પછી સ્મૃતિ મંધાનાને ટીમ ઈન્ડિયાની કમાન સોંપવામાં આવી હતી. મંધાનાની કેપ્ટન્સીમાં ભારતે ઝિમ્બાબ્વેનો ટી-૨૦ શ્રેણીમાં ૩-૦થી વ્હાઈટવોશ કર્યો હતો. હવે ઝિમ્બાબ્વે સામેની વન ડે શ્રેણી પણ ભારતે જીતી લીધી છે. વડોદરામાં રમાયેલી શ્રેણીની બીજી વન ડેમાં ભારતીય કેપ્ટન સ્મૃતિ મંધાનાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરી હતી. કેપ્ટન સ્મૃતિ મંધાના ૦ અને શેફાલી ૮ રને આઉટ થતાં ભારત ૧૯/૨ પર ફસડાયું હતુ. જોકે પ્રતીકા (૬૧) અને હરમનપ્રીતની જોડીએ ૧૨૪ રનની ભાગીદારી કરતાં ભારતની સ્થિતિ સુધારી હતી. પ્રતીકા બાદ તેજલ (૩) સસ્તામાં આઉટ થઈ હતી. મંધાનાએ ૧૨૧ બોલમાં ૧૫ ચોગ્ગા સાથે ૧૨૬ રન ફટકાર્યા હતા. તેની કારકિર્દીની આ આઠમી વન ડે સદી હતી. તેણે દીપ્તિ શર્મા સાથે પાંચમી વિકેટમાં ભારત તરફથી સર્વોચ્ચ ભાગીદારી કરતાં ૧૫૩ રન જોડ્યા હતા. દીપ્તિએ ૮૬ બોલમાં ૧૫ ચોગ્ગા સાથે અણનમ ૧૦૬ રન નોંધાવ્યા હતા. તેણે કારકિર્દીની બીજી અને ૨૦૧૭ પછી પ્રથમ વન ડે સદી ફટકારી હતી. જવાબમાં ઝિમ્બાબ્વે તરફથી મુપાચિક્વા (૪૯) અને મુગેરી ટિરિપાનોએ (૪૬) લડત આપવાનો પ્રયાસ કર્યો હતો. વૈષ્ણવીએ ચાર અને દીપ્તિ શર્માએ ત્રણ વિકેટ ઝડપી હતી.



### યુકી ભામ્બરી સિઝનનું પ્રથમ એટીપી ટાઈટલ જીત્યો

અલ્માટી : ભારતનો ટોચનો ટેનિસ ખેલાડી યુકી ભામ્બરી અને અમેરિકાનો રાયન સેગ્ગરમેન અલ્માટી ઓપન ટુર્નામેન્ટમાં મેન્સ ડબલ્સ વિભાગમાં વિજેતા બન્યા હતા. આ સાથે યુકીએ સિઝનની પ્રથમ એટીપી ટુર્નામેન્ટ જીતી હતી. તેમણે ફાઈનલમાં ટોપ સીડ ધરાવતા ઓસ્ટ્રીયાના નેઈલ ઓબેર્લેટર અને લુકાસ મિલ્ડેલેરને ૭-૬, ૬-૭, ૧૦-૨થી મહાત આપી હતી.

### અમદાવાદને ૨૦૨૯માં વેઈટલિફ્ટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપની યજમાની સોંપાઈ

નિંગબો (ચીન) : અમદાવાદમાં વર્ષ ૨૦૨૯માં વેઈટલિફ્ટિંગની વર્લ્ડ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવશે. ચીનની નિંગબોમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય વેઈટલિફ્ટિંગ ફેડરેશનની એક્ઝિક્યુટિવ બોર્ડની મિટિંગ બાદ આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય વેઈટલિફ્ટિંગ ફેડરેશને વર્ષ ૨૦૩૦ની વેઈટલિફ્ટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપના યજમાન તરીકે રશિયાના મોસ્કો શહેરના નામની જાહેરાત કરી હતી. અમદાવાદમાં ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવામાં આવશે. ભારતને ૨૦૩૬ના ઓલિમ્પિકની યજમાની મેળવવાની આશા પણ છે. ચીનમાં ૨૭મીથી વર્લ્ડ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ શરૂ થવાની છે.



### ન્યુઝીલેન્ડ-એ સામેની ટેસ્ટમાં ઈન્ડિયા-એની લડત

લિન્કોઈન : ન્યુઝીલેન્ડ-એ ટીમ સામેની પ્રથમ અન ઓફિશિઅલ ટેસ્ટમાં ૨૦૪ રનના દેવા સાથે બીજી ઈનિંગમાં ઉતરેલા ઈન્ડિયા-એના બેટ્સમેનોએ લડત આપતા ૧૦૬/૨ સ્કોર કર્યો હતો. અગાઉ ઈન્ડિયા-એના ૧૧૩ સામે ન્યુઝીલેન્ડ-એ ટીમે પ્રથમ ઈનિંગમાં ૩૧૭ રન કર્યા હતા. રાયસ મારુઈના ૭૬ અને ફોક્સક્રોફ્ટના ૫૧ રન હતા. કમ્બોજ અને નાબીએ ૩-૩ વિકેટ ઝડપી હતી. ઈન્ડિયા-એની બીજી ઈનિંગમાં જયસ્વાલ ૫ અને રાહુલ ૪ રને આઉટ થયા તે પછી પડિક્કલ (૫૬*) અને સાઈ સુદર્શન (૩૯*)ની જોડીએ ૯૬ રનની નોટઆઉટ ભાગીદારી કરી હતી.



### સિંધુનો સે યંગ સામેની કારકિર્દીની ૧૧મી મેચમાં પરાજય

# સાઉથ કોરિયાની એન સે યંગે ફ્રેન્ચ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટ જીતી : સિંધુ રનરઅપ

## એન સે યંગે કારકિર્દીની ૪૮મી ટ્રોફી જીતવા સાથે મહિલા સિંગલ્સમાં સૌથી વધુ ટાઈટલના વર્લ્ડ રેકોર્ડને આગળ ધપાવ્યો : સળંગ ૫૦મી મેચ પણ જીતી

પેરિસ, તા.૨૫

વર્લ્ડ રેન્કિંગમાં ટોચનું સ્થાન ધરાવતી સાઉથ કોરિયાની એન સે યંગે ફાઈનલમાં ભારતની પી.વી. સિંધુને ૧૬-૨૧, ૨૧-૧૧, ૨૧-૧૨થી હરાવીને ફ્રેન્ચ ઓપન સુપર ૭૫૦ બેડમિંટન ટુર્નામેન્ટ જીતી લીધી હતી. સિઝનની બીજી સુપર ૭૫૦ ટુર્નામેન્ટની ફાઈનલ રમી રહેલી સિંધુએ આક્રમક શરૂઆત કરી હતી, પણ તે લય જાળવી શકી નહતી અને આખરે તેને રનરઅપ ટ્રોફીથી સંતોષ માનવો પડ્યો હતો.



સિંધુનો એન સે યંગ સામે કારકિર્દીની ૧૧મી મેચમાં ૧૧મો પરાજય થયો હતો. જોકે ભારતીય ખેલાડીએ અગાઉના મુકાબલા કરતાં આ વખતે જોરદાર સંઘર્ષ કરતાં વર્લ્ડ નંબર વન ખેલાડીને હંફાવી હતી. સિંધુ અગાઉ જુલાઈમાં જાપાન ઓપન સુપર ૭૫૦ બેડમિંટન ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બની હતી અને તેને પેરિસમાં પહેલીવાર ટાઈટલ જીતવાની આશા હતી. સિંધુના પરાજયની સાથે ભારતને ૨૮ વર્ષ બાદ પણ ફ્રેન્ચ ઓપનમાં મહિલા સિંગલ્સ ચેમ્પિયન મળી શકી નહતી. છેલ્લે ૧૯૯૮માં અપર્ણા પોપટે આ ટુર્નામેન્ટ જીતી હતી.

એન સે યંગે આ સાથે બેડમિંટન વર્લ્ડ ટુરમાં સૌથી વધુ મહિલા સિંગલ્સ ટાઈટલ જીતવાના તેના વર્લ્ડ રેકોર્ડને આગળ ધપાવતા ૪૮મી ટ્રોફી જીતી હતી. આ યાદીમાં ઈન્ડોનેશિયાની દિગ્ગજ ખેલાડી સુસી સુસાંતિ ૪૬ ટાઈટલની સાથે બીજા ક્રમે છે. સ્પેનની કારોલિના મરીન ૩૯ ટાઈટલ સાથે ત્રીજો ક્રમાંક ધરાવે છે. સાઉથ કોરિયાની ખેલાડીએ આ સાથે કારકિર્દી સળંગ ૫૦મી મેચ જીતવાની સિદ્ધિ મેળવી હતી.

વર્લ્ડ નંબર વન બેડમિંટન સ્ટારે વર્ષ ૨૦૨૬ની સિઝનમાં કારકિર્દીનું આ ૧૦મું ટાઈટલ જીત્યું છે. આ સિઝનમાં તે ૬૭ મેચ રમી છે, જેમાંથી ૬૬માં વિજેતા બની છે અને એકમાત્ર મેચમાં તેને માર્ચમાં ઓલ ઈંગ્લેન્ડ ઓપનની ફાઈનલમાં ચીનની વાંગ ઝૂહીયી સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

### કેપ્ટન તરીકે ધોનીની પસંદગી

# રહાણેની ટેસ્ટ ઈલેવનમાં કોહલી અને બુમરાહને સ્થાન ન અપાતા આશ્ચર્ય

## રહાણે કારકિર્દી દરમિયાન જેમની સાથે રમ્યો હતો, તેવા ખેલાડીઓની ટેસ્ટ ઈલેવન જાહેર કરી

નવી દિલ્હી, તા.૨૫

ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર રહાણેએ પસંદ કરેલી ટેસ્ટ ઈલેવનમાં બુમરાહ અને કોહલીને સ્થાન ન અપાતા ભારે આશ્ચર્ય ફેલાયું છે. રહાણેએ તેની ટેસ્ટ ઈલેવનના કેપ્ટન તરીકે ધોની પર પસંદગી ઉતારી હતી. જ્યારે ઈલેવનમાં તેણે ખુદને પણ સામેલ કર્યો હતો. જોકે પુજારાને પણ સમાવ્યો નહતો. રહાણે તેની કારકિર્દી દરમિયાન જે ખેલાડીઓ સાથે કે સામે રમ્યો હતો, તેમાંથી તેને એક ટેસ્ટ ઈલેવન બનાવવાનું કહેવામાં આવ્યું હતુ. આ પછી રહાણેએ પસંદ કરેલી ટેસ્ટ ઈલેવનમાં કોહલી-બુમરાહની ગેરહાજરીથી ઘણા ક્રિકેટ ચાહકોએ આશ્ચર્ય સાથે નારાજગી વ્યક્ત કરી હતી. રહાણેએ તેની ટેસ્ટ ઈલેવનમાં ખુદનો સમાવેશ કર્યો હતો. તેની સાથે તેંડુલકર અને દ્રવિડને પણ સ્થાન મળ્યું હતુ.



ટીમ ઈન્ડિયાએ ૨૦૨૧માં ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં સ્ટેન્ડઈન કેપ્ટન રહાણેની આગેવાનીમા ટેસ્ટ શ્રેણી જીતી હતી. રહાણે ૨૦૧૩થી ૨૦૨૩ સુધીની ટેસ્ટ કારકિર્દીમાં ૮૫ મેચ રમ્યો હતો. તેણે ૯૦ વન ડે અને ૨૦ ટી-૨૦માં પણ ભાગ લીધો હતો.

ટીમ ઈન્ડિયાના ટેસ્ટ ઓપનર તરીકે રહાણેએ મુરલી વિજય અને શિખર ધવનની પસંદગી કરી હતી. જ્યારે રોહિત શર્માને તક મળી શકી નહતી. ટીમ ઈન્ડિયાના સ્પિન બોલિંગ ડિપાર્ટમેન્ટમાં અશ્વિન અને જાડેજાની પસંદગી સ્વાભાવિક હતી. ૨૦૧૦ના દશકના અંત ભાગમાં ટેસ્ટ બોલિંગ આક્રમણની જવાબદારી સંભાળનારા ભુવનેશ્વર કુમાર, શમી અને ઈશાંતમાં રહાણેએ ભરોસો વ્યક્ત કર્યો હતો.

રહાણેની ટેસ્ટ ઈલેવન : (બેટિંગ ક્રમ અનુસાર) મુરલી વિજય, ધવન, દ્રવિડ, તેંડુલકર, રહાણે, ધોની (કેપ્ટન, વિ.કી.), જાડેજા, અશ્વિન, બી. કુમાર, શમી અને ઈશાંત શર્મા.

### સૌરાષ્ટ્ર હોમગ્રાઉન્ડ પર આસામ સામે રમશે

# આજથી રણજી ટ્રોફીનો ત્રીજો રાઉન્ડ ગુજરાતની ટીમ મહારાષ્ટ્ર સામે ટકરાશે

## બરોડાની ટીમ હોમગ્રાઉન્ડ પર ડિફેન્ડિંગ ચેમ્પિયન જમ્મુ-કાશ્મીર સામે ઉતરશે



અમદાવાદ, તા.૨૫

રણજી ટ્રોફીના ત્રીજા રાઉન્ડનો આવતીકાલથી પ્રારંભ થવા જઈ રહ્યો છે, ત્યારે ગુજરાતની ટીમ પૂણેમાં શરૂ થઈ રહેલા મુકાબલામાં યજમાન મહારાષ્ટ્ર સામે રમશે. જ્યારે બરોડાની ટીમ હોમગ્રાઉન્ડ પર ડિફેન્ડિંગ ચેમ્પિયન જમ્મુ-કાશ્મીરનો સામનો કરશે. જ્યારે સૌરાષ્ટ્રની ટીમ પણ હોમગ્રાઉન્ડ પર જ આસામ સામે રમવા માટે ઉતરશે.

ચિંતન ગજાના નેતૃત્વ હેઠળની ગુજરાતની ટીમ એલિટ ગ્રૂપ-સીમાં બે મેચના અંતે આઠ પોઈન્ટ સાથે પાંચમા ક્રમે છે. જ્યારે મહારાષ્ટ્ર બે મેચમાં એક જીત અને એક ડ્રો સાથે ૯ પોઈન્ટ મેળવી બીજા ક્રમે છે. ગુજરાતની ટીમે પૃથ્વી શૉના નેતૃત્વ હેઠળના મહારાષ્ટ્ર સામે જીતવા શ્રેષ્ઠ દેખાવ કરવો પડશે. મહારાષ્ટ્રની ટીમમાં ગાયકવાડ પણ સામેલ છે.

બરોડાની ટીમ એલિટ ગ્રૂપ-એમાં બંને મેચમાં આઉટરાઈટ વિજય સાથે ૧૪ પોઈન્ટ મેળવીને ટોચના ક્રમે છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન જમ્મુ-કાશ્મિરની શરૂઆત આ સિઝનમાં સારી રહી નથી અને તેઓ છેલ્લી મેચમાં વિદર્ભ સામે ત્રણ વિકેટથી હાર્યા હતા.

સૌરાષ્ટ્રની ટીમ એલિટ ગ્રૂપ-બીમાં બંને ડ્રો મેચ સાથે છ પોઈન્ટ મેળવીને ચોથા ક્રમે છે. જ્યારે આસામ પંજાબ સામેની ડ્રો મેચ બાદ ત્રિપુરાને હરાવી ચૂક્યું છે. તેઓ સાત પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે.

### નેશનલ જુનિયર એથ્લેટિક્સ

### કિંજલ ઠાકોરને લાંબા કૂદમાં ગોલ્ડ



ચેન્નાઈ : ગુજરાતની યુવા એથ્લીટ કિંજલ ઠાકોરે ચેન્નાઈમાં ચાલી રહેલી નેશનલ જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં લાંબી કૂદની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. કિંજલે અંડર-૧૮ કેટેગરીની લાંબી કૂદની સ્પર્ધામાં ત્રીજા પ્રયાસમાં શ્રેષ્ઠ દેખાવ કરતાં ૫.૯૬ મીટરનો જમ્પ લગાવ્યો હતો. પશ્ચિમ બંગાળની ઓબાની મુરમુ ૫.૬૮ મીટરના જમ્પ સાથે બીજાક્રમે રહી હતી. કિંજલ ઠાકોર એસએજીની નડિયાદ ખાતેની સ્ટેટ એથ્લેટિક્સ એકેડમીમાં તાલીમ મેળવે છે.

### જુડો : અંડર-૧૪ નેશનલ્સમાં ગુજરાતને બે ગોલ્ડ ને એક સિલ્વર



અમદાવાદ : નવી દિલ્હીના ત્યાગરાજ સ્ટેડિયમમાં ચાલી રહેલી જુડોની અંડર-૧૪ સ્કૂલ નેશનલ્સમાં ગુજરાતના ખેલાડીઓએ બે ગોલ્ડ અને એક સિલ્વર મેડલ જીત્યો હતો. ગુજરાતની વિરાલી મનકોલિયાએ ૨૩ કિગ્રા કરતાં ઓછા વજન વર્ગની સ્પર્ધામાં સેમિ ફાઈનલમાં હરિયાણાની અને ફાઈનલમાં દિલ્હીની હરિફને પછાડીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. શાહનવાઝ મજગુલે ૪૫ કિગ્રાથી ઓછા વજન વર્ગની સ્પર્ધામાં સેમિ ફાઈનલમાં ઉત્તર પ્રદેશના અને ફાઈનલમાં મણીપુરના હરિફને પછાડીને ગોલ્ડ મેળવ્યો હતો. ગુજરાતની મિતલ માવીએ ૨૭ કિગ્રાથી ઓછા વજન વર્ગની સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.

### શદાબના ૯૬ બોલમાં ૧૧૩* અને રઉફના ૭*

# પાકિસ્તાને આખરી વિકેટમાં અણનમ ૮૯ રન જોડીને ઈંગ્લેન્ડને ૧ વિકેટથી હરાવ્યું

## ૨૪૨ના ટાર્ગેટ સામે પાકિસ્તાન ૧૫૪/૯ પર પછડાયું હતું : ડકેટની સદી એળે ગઈ

લાહોર, તા.૨૫

ઈંગ્લેન્ડના બોલરો આખરી વિકેટ ઝડપવામાં નિષ્ફળ રહેતા પાકિસ્તાને ૧૫૪/૯ પર ફસડાયા બાદ ત્રિકોણીય જંગની વન ડેમાં ૧૭ બોલ બાકી હતા, ત્યારે ૧ વિકેટથી જીત હાંસલ કરી હતી. શદાબ (૯૬ બોલમાં ૧૧૩*) અને રઉફ (૧૯ બોલમાં ૭*)ની જોડીએ આખરી વિકેટમાં ૮૦ બોલમાં અણનમ ૮૯ રનની ભાગીદારી કરી હતી. જીતવા માટેના ૨૪૨ના ટાર્ગેટને પાકિસ્તાને ૪૭.૧ ઓવરમાં નવ વિકેટ ગુમાવી પાર પાડ્યો હતો. ત્રિકોણીય જંગમાં ઈંગ્લેન્ડ સતત ત્રીજી મેચ હાર્યું હતુ. જ્યારે પાકિસ્તાનની આ સતત ત્રીજી જીત હતી. ડકેટની ૧૦૫ રનની ઈનિંગ તેમજ સેમ કરનના ૪૨ અને એટ્કિન્સનની ૩૬* રનની મદદથી ઈંગ્લેન્ડ ૪૬.૪ ઓવરમાં ૨૪૧ રને ઓલઆઉટ થયું હતુ. આફ્રિદીએ ૪૬ રનમાં ચાર વિકેટ ઝડપી હતી. પાકિસ્તાનની ટીમ ૧૩૧/૮ પર ફસડાઈ હતી, પણ શદાબે ૯ વિકેટમાં રઝાઉલ્લાહ (૮) સાથે ૨૩ અને રઉફ સાથે અણનમ ૮૯ રન જોડતાં ટીમને જીતાડી હતી.

### માંચેસ્ટર યુનાઈટેડ સતત આઠમી મેચમાં વિજયથી વંચિત : બોર્નમાઉથ સામે હાર્યું



લંડન : ઈંગ્લેન્ડની હાઈપ્રોફાઈલ કલબ માંચેસ્ટર યુનાઈટેડને ઘરઆંગણે રમાયેલી ઈપીએલની મેચમાં બોર્નમાઉથ સામે ૦-૩થી હારનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે યુનાઈટેડની ટીમ સતત આઠમી મેચમાં જીતથી વંચિત રહી હતી અને આ કારણે ટીમના હેડ કોચ કૈરિંચની હકાલપટ્ટી કરવામાં આવે તેવી શક્યતા વધી ગઈ છે. બોર્નમાઉથ તરફથી રાયાન, માર્કસ ટાવેનિયર અને ઈવાનિલ્સને ૧-૧ ગોલ નોંધાવ્યા હતા. યુનાઈટેડ પોઈન્ટ ટેબલમાં ૧૬માં ક્રમે ફેંકાયું છે. લીવરપૂલે બ્રાઈટનને ૨-૦થી અને ગઈકાલે મોડી રાત્રે રમાયેલી મેચમાં આર્સેનલે ૨-૦થી એવર્ટનને હરાવ્યું હતુ.

### કોમનવેલ્થ કબડ્ડી : ભારતની પુરુષ અને મહિલા ટીમે વિજયી હેટ્રિક નોંધાવી



#### પુરુષ ટીમે ૩૭-૨૩થી મલેશિયાને અને મહિલા ટીમે ૪૧-૧૮થી યુગાન્ડાને હરાવ્યું

અમદાવાદ : ભારતની પુરુષ અને મહિલા ટીમે અમદાવાદમાં ચાલી રહેલી પહેલી કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપમાં જીતની હેટ્રિક નોંધાવી હતી. ભારતની પુરુષ ટીમે ૩૭-૨૩થી મલેશિયાની સામે વિજય મેળવ્યો હતો. જ્યારે મહિલા ટીમે ૪૧-૧૮થી યુગાન્ડાની ટીમને પરાજીત કરી હતી. પુરુષ ટીમ તરફથી નીરજ નરવાલે સુપર રેડ સાથે શાનદાર દેખાવ કર્યો હતો અને કુલ ૧૩ પોઈન્ટ્સ મેળવ્યા હતા. જ્યારે ભરત હુડ્ડાના છ પોઈન્ટ્સ હતા. જ્યારે મહિલા ટીમની સફળતામાં નીધિ શર્માએ નવ, સાક્ષીએ આઠ અને અનુ સેને સાત પોઈન્ટ સ્કોર કર્યો હતો. મહિલા વિભાગમાં બાંગ્લાદેશે ૭૫-૧૫થી સ્કોટલેન્ડને મહાત આપી હતી. હવે આવતીકાલે ભારતની પુરુષ અને મહિલા ટીમ નાઈજીરિયા સામે ટકરાશે. મહિલા ટીમ સાંજે ૬.૪૫થી અને પુરુષ ટીમની મેચ રાત્રે ૮ વાગ્યાથી શરૂ થશે.

# હોલીવુડમાં પૂર્વજોને યાદ કરવાનો અનોખો ઉત્સવ











ભારતમાં શ્રાદ્ધ પક્ષ દરમિયાન દિવંગત સ્વજનોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવે છે, જ્યારે મેક્સિકોની પરંપરામાં મૃત્યુ પામેલા સ્વજનોને યાદ કરવાની રીત કલર્સ, મ્યુઝિક અને ફેસ્ટિવલ સાથે જોડાયેલી છે. અમેરિકાના લોસ એન્જલસમાં આવેલા હોલીવુડ ફોરેવર સ્મશાનમાં 'ડિયા ડી લોસ મ્યુર્ટોસ' (Día de los Muertos) યોજાયો હતો. આયોજકોના જણાવ્યા અનુસાર, મેક્સિકોની બહાર યોજાતા આ પ્રકારના સૌથી મોટા ઉત્સવોમાં તેનો સમાવેશ થાય છે. આ વર્ષની થીમ 'ઓલ અંડર વન સ્કાય' (Bajo un Mismo Cielo) એટલે કે 'એક જ આકાશ નીચે સૌ', રાખવામાં આવી હતી. આ થીમનો સંદેશ એ હતો કે પ્રેમ, વિયોગ, સ્મૃતિ અને આશા જેવી લાગણીઓ દેશ અને સરહદોથી પર છે. ઉત્સવમાં પરંપરાગત વિધિઓ, સંગીત, નૃત્ય, કલા અને સ્વજનોની યાદમાં તૈયાર કરાયેલી વેદીઓ મુખ્ય આકર્ષણ રહ્યાં હતાં. ઉત્સવ દરમિયાન સેંકડો એઝટેક અને પરંપરાગત મેક્સિકન લોકનૃત્યકારોએ સાંસ્કૃતિક શોભાયાત્રામાં ભાગ લીધો હતો. સંગીતના કાર્યક્રમોમાં મેક્સિકન-અમેરિકન ગાયક ડેનીલક્સ (DannyLux), ટ્રિશ ટોલેડો, ટ્રોપા મેજિકા અને લોસ શેડોઝે રજૂઆતો કરી હતી. ૧૮૯૯માં સ્થાપિત હોલીવુડ ફોરેવર સ્મશાન હોલીવુડના ઈતિહાસ સાથે પણ ગાઢ રીતે જોડાયેલું છે. અહીં અભિનેત્રી જૂડી ગારલેન્ડ, ફિલ્મ નિર્માતા સેસિલ બી. ડીમિલ અને અભિનેતા રૂડોલ્ફ વેલેન્ટિનો સહિત અનેક જાણીતી હસ્તીઓની સમાધિઓ આવેલી છે. સ્મશાનની નજીક આવેલો પેરામાઉન્ટ સ્ટુડિયો હોલીવુડના આ વિસ્તારની એક નોંધપાત્ર ઐતિહાસિક કડી છે. આ ઉત્સવ શોકને દૂર નથી કરતો પરંતુ, પૂર્વજોની યાદોને પ્રેમ સાથે જીવંત રાખે છે.

## પ્રભાસની નવી ફિલ્મનું ટીઝર વિવાદમાં

# ફૌજીમાં નેતાજી અને હિટલરના સંવાદ દર્શાવાતાં વિરોધનો વંટોળ

મુંબઈ, તા. ૨૫

હનુ રાઘવપુડી દિગ્દર્શિત પ્રભાસની નવી પીરિયડ એક્શન ફિલ્મ 'ફૌજી'નું ટીઝર રિલીઝ થતાં જ ચર્ચા અને વિવાદમાં ઘેરાઈ ગયું છે. ફિલ્મમાં પ્રભાસના પાત્રના પરિચય માટે નેતાજી સુભાષચંદ્ર બોઝ અને એડોલ્ફ હિટલર વચ્ચે કાલ્પનિક સંવાદ દર્શાવવામાં આવ્યો છે, જેનાથી કેટલાક પ્રશંસકો ઉત્સાહિત થયા પણ ઐતિહાસીક વ્યક્તિત્વના આવા ઉપયોગ સામે ભારે વિરોધ સર્જાયો છે.



આ ફિલ્મ ૧૯૩૦ અને ૧૯૪૦ના દાયકાની સ્વતંત્રતા લડતની પૃષ્ઠભૂમિ પર આધારીત છે.

**ફિલ્મના નાયકને મહત્ત્વ આપવા ઈતિહાસ સાથે ચેડાં થયાનો આક્ષેપ**

## ફિલ્મને ૨૫ વર્ષ પૂરાં થયાં બાદ હિલચાલ

# જેકી ભગનાની રહેના હૈ તેરે દિલ મેંની રીમેક બનાવવાની તૈયારીમાં

મુંબઈ, તા.૨૫

વર્ષ ૨૦૦૧ની લોકપ્રિય રોમેન્ટિક ફિલ્મ 'રહેના હૈ તેરે દિલ મેં'ફરી પડદા પર લાવવાની તૈયારી ચાલી રહી છે. નિર્માતા જેકી ભગનાની આ પ્રોજેક્ટ માટે દિગ્દર્શક નીતિન કક્કર સાથે પ્રાથમિક ચર્ચા કરી રહ્યા છે. આ ફિલ્મ સીક્વલ હશે કે આધુનિક રીમેક, તેના વિશે હજી સુધી કોઈ સત્તાવાર જાહેરાત નથી કરાઈ.

દિગ્દર્શક નીતિન કક્કર અગાઉ 'ફિલ્મીસ્તાન' અને 'જવાની જાનેમન' જેવી જાણીતી ફિલ્મોનું નિર્દેશન કરી ચૂક્યા છે. જો કે, આ સંભવિત પ્રોજેક્ટનું સ્વરૂપ, કલાકારો, વાર્તા અને શૂટિંગ શેડ્યુલ સંબંધિત તમામ બાબતો હજી ગુપ્ત રખાઈ છે.

## ફિલ્મના ડાયરેક્ટર પણ બદલાઈ જશે

# 'તનુ વેડ્સ મનુ'ના ત્રીજા ભાગમાં નવી વાર્તા અને નવા કલાકારો હશે

મુંબઈ, તા.૨૫

'તનુ વેડ્સ મનુ' ફ્રેન્ચાઈસીની નવી રોમેન્ટિક કોમેડી ફિલ્મ પર દિગ્દર્શક મિતાક્ષરા કુમાર કામ કરી રહ્યા છે. આ ફિલ્મમાં કંગના રનૌત અને આર. માધવન રીપિટ થવાનાં નથી. તેમનાં મૂળ તનુજા ત્રિવેદી અને મનોજ કુમાર શર્માના જૂના પાત્રોની વાર્તા પણ આગળ વધશે નહિ. તેના સ્થાને નવી વાર્તા અને યુવા કલાકારોની નવી ટીમ જોવા મળશે.જો કે, ફિલ્મમાં અગાઉની બે ફિલ્મોની જેમ હાસ્ય અને મસ્તી જાળવી રાખવામાં આવશે.



ફિલ્મની વાર્તા તૈયાર કરવા માટે ટીમ છેલ્લા એક વર્ષથી કામ કરી રહી છે. નિર્માતાઓનો ઉદ્દેશ ફ્રેન્ચાઈસીની આગવી શૈલી, નિખાલસતા અને મસ્તી જાળવીને નવા પાત્રો રજૂ કરવાનો છે. નવી ફિલ્મમાં કયા કલાકારો જોવા મળશે તેના વિશે હજી સત્તાવાર જાહેરાત નથી કરાઈ.૨૦૧૧માં રજૂ થયેલી પ્રથમ ફિલ્મનું દિગ્દર્શન આનંદ એલ.રાયે કર્યું હતું. તેમાં મનુ શર્મા અને તનુજા ત્રિવેદીની પ્રેમકહાની દર્શાવવામાં આવી હતી. વર્ષ ૨૦૧૫માં તેની સીક્વલ 'તનુ વેડ્સ મનુ રિટર્ન્સ' રજૂ થઈ હતી, જેમાં તનુ અને મનુનાં લગ્નજીવનમાં થતી સમસ્યાઓ દર્શાવાઈ હતી.

**કંગના અને માધવન રીપિટ નહિ થાય, ફિલ્મની વાર્તા છેલ્લાં એક વર્ષથી લખાઈ રહી છે**

## ૮ વર્ષ બાદ સવા કરોડનો નફો મળ્યો

# ટાઈગર શ્રોફે ગોળીબારની ઘટના પછી લક્ઝરી ફ્લેટ વેચી નાખ્યો

મુંબઈ, તા. ૨૫

બોલીવુડ અભિનેતા ટાઈગર શ્રોફે મુંબઈના જુહૂ વિસ્તારમાં થયેલા જીવલેણ ગોળીબારમાંથી આબાદ બચી ગયાના થોડા દિવસોમાં જ ખાર પશ્ચિમ સ્થિત પોતાનો લક્ઝરી ફ્લેટ રૂા. નવ કરોડમાં વેંચી નાખ્યો છે. આઠ વર્ષ અગાઉ ખરીદેલી આ મિલકત વેંચીને તેણે કરોડોનો નફો મેળવ્યો છે. ગોળીબારના આઘાત વચ્ચે થયેલી આ પ્રોપર્ટી ડીલ ચર્ચાનું કેન્દ્ર બની છે.



રિયલ એસ્ટેટ ડેટા અનુસાર હાઈરાઈઝ બિલ્ડિંગના નવમા માળે આવેલો ૧,૨૯૧.૧૪ ચોરસ ફીટ કારપેટ એરીયા ધરાવતો આ ફ્લેટ આશરે રૂા. ૬૪,૮૯૧ પ્રતિ ચો.ફૂટના ભાવે વેંચાયો છે. ટાઈગરે જુલાઈ ૨૦૧૮માં આ પ્રોપર્ટી રૂા. ૭.૬૧ કરોડમાં ખરીદી હતી અને ૨૦૧૯માં કબજો મેળવ્યો હતો. આ ડીલ પર ખરીદદારે રૂા. ૫૪ લાખની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવી છે.

ઉલ્લેખનીય છે કે ૧૮ ઓક્ટોબરે જુહુના ફૂટબોલ ગ્રાઉન્ડ બહાર બાઈક સવાર હુમલાખોરોએ ટાઈગરની કાર પર પાંચ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં ટાઈગરને સામાન્ય ઈજા થઈ હતી જ્યારે તેનો ડ્રાઈવર અને એક ફેન ગંભીર રીતે ઈજા પામ્યા હતા.

**ગોળીબારના કારણે આ કરોડોની પ્રોપર્ટી ડીલ ચર્ચાનું કેન્દ્ર બની**

# કેરળની રવલીને રનવે પર ઈતિહાસ રચ્યો











કેરળના કોડુમોનની ૨૫ વર્ષીય મોડેલ રવલીન વર્ગીસે લોસ એન્જલસમાં વિક્ટોરિયાઝ સિક્રેટ ફેશન શોમાં રેમ્પ વોક કરીને ઈતિહાસ રચ્યો છે. તે વિક્ટોરિયાઝ સિક્રેટ રનવે પર ચાલનારી ત્રીજી ભારતીય મોડેલ બની છે. તેની પહેલા ઉજ્જવલા રાઉત અને નીલમ ગિલ આ જાણીતી બ્રાન્ડ માટે રેમ્પ વોક કરી ચૂકી છે. રવલીન વર્ગીસ વિશ્વવિખ્યાત ફેશન શોમાં રેમ્પ વોક કરનારી પહેલી મલયાલી મોડલ બની છે. રવલીને પોતાની કારકિર્દી ૧૮ વર્ષની ઉંમરે શરૂ કરી હતી. નિફ્ટ દિલ્હીમાં ડિઝાઈનનો અભ્યાસ કરતી વખતે એક જાણીતી ક્રિએટિવ એજન્સીએ તેને મોડલ તરીકેનો બ્રેક આપ્યો હતો. તેણે ડિયોર, લોવે અને સબ્યસાચી જેવી બ્રાન્ડ્સ માટે રેમ્પ વોક કર્યું છે. ખાસ વાત એ છે કે તેણે ન્યૂયોર્કની પાર્સન્સ સ્કૂલ ઓફ ડિઝાઈનમાંથી માસ્ટર્સ ડિગ્રી મેળવી છે. તેણે ગ્રેજ્યુએશનના થોડા દિવસો પછી જ વિક્ટોરિયાઝ સિક્રેટની રેમ્પ પર તરખાટ મચાવ્યો હતો. તેણે શોમાં બે વાર રેમ્પ વોક કર્યું હતું. પહેલા પિંક લેસ ઈનરવેરમાં અને પછી બ્લેક-વ્હાઈટ લુકમાં. ઉલ્લેખનીય છે કે, આ વર્ષના શોમાં એડ્રિયાના લિમા, ગીગી હેડિડ અને કાઈલી જેનરે પણ ભાગ લીધો હતો.

## એચવનએનવન, ઈબોલા અને તાજેતરમાં કોરોના બાદ વધુ એક મહામારી માણસને ઘેરી રહ્યાની શંકા

# શર્માન્ડા વાઈરસ : ફરી પશુઓની માંદગી માણસ માટે મહામારી ન બને!

કુદરત અને માનવજાત વચ્ચેનો સંઘર્ષ જ્યારે જીવલેણ સૂક્ષ્મજીવોના સ્તરે પહોંચે છે, ત્યારે વિજ્ઞાનના સ્થાપિત સિદ્ધાંતો પણ ધ્રૂજી ઊઠે છે. અત્યાર સુધી પશુઓના તબેલા, ડેરી ફાર્મ અને ખુલ્લાં ઘાસના મેદાનો પૂરતો સીમિત રહેલો શર્માન્ડા વાયરસ હવે માનવ શરીરની રોગપ્રતિકારક ક્ષમતા ભેદીને અંદર પ્રવેશી ચૂક્યો છે. ફ્રાન્સના લ્યોન શહેરમાં આ વાયરસથી સંક્રમિત દર્દીના મૃત્યુ સાથે જ વૈશ્વિક આરોગ્ય તંત્રમાં ભયનો તીવ્ર ઘંટ વાગી ગયો છે. ષડયંત્રો અને મહામારીઓના ઈતિહાસમાં દરેક મોટો ખતરો શરૂઆતમાં આવી જ એક અપવાદરૂપ ઘટના તરીકે દેખાતો હોય છે. દાયકાઓથી માત્ર પશુઓ અને કીટકો વચ્ચે ફરતો પેથોજેન જ્યારે પહેલીવાર કોઈ માનવીના શરીરમાં પહોંચીને જીવલેણ જટિલતાઓ ઊભી કરે, ત્યારે તે માત્ર એક તબીબી ઘટના રહેતી નથી, બલ્કે પર્યાવરણીય સંતુલન ખોરવાઈ જવાની ગંભીર ચેતવણી બની જાય છે.

> શર્માન્ડા વાયરસ મૂળભૂત રીતે બુન્યાવિરિડે કુળના 'ઓર્થોબુન્યાવાયરસ' પ્રજાતિ અને 'સિમ્બુ સિરોગ્રુપ' સાથે જોડાયેલો આરએનએ વાયરસ છે. તેનો ઈતિહાસ છ દાયકા જૂનો છે. વર્ષ ૧૯૬૫માં પશ્ચિમ આફ્રિકાના નાઈજીરિયામાં ગાયોના લોહીમાંથી આ વાયરસ સૌપ્રથમ અલગ કરવામાં આવ્યો હતો. ત્યારપછીના દાયકાઓમાં આફ્રિકાના પેટા-સહારા વિસ્તારો અને એશિયામાં જાપાન સુધી પશુઓમાં તેના છૂટાછવાયા કેસો નોંધાયા હતા : શર્માન્ડા વાયરસ કોઈ પ્રત્યક્ષ સંપર્ક કે હવા દ્વારા નહીં, પરંતુ અત્યંત નાના, કરડતા કીટકો જેને સામાન્ય ભાષામાં બાઈટિંગ મિડ્જિસ અને જીવવિજ્ઞાનની ભાષામાં 'ક્યુલિકોઈડ્સ' કહેવાય છે, તેના દ્વારા ફેલાય છે. તે ખુલ્લા ખેતરો, પશુવાડા અને ભેજવાળા વિસ્તારોમાં અબજોની સંખ્યામાં પાંગરે છે. કોઈ સંક્રમિત ક્યુલિકોઈડના ડંખથી દર્દીના લોહીમાં વાયરસ દાખલ થયો હોવાની આશંકા છે : ડેરી ફાર્મ્સમાં જંતુનાશકોના યોગ્ય ઉપયોગથી ક્યુલિકોઈડ મિડ્જિસ પર નિયંત્રણ લાવવું અને હોસ્પિટલોમાં રહસ્યમય ન્યુરોલોજીકલ કેસોમાં વાયરસની સઘન તપાસ કરવી અનિવાર્ય બની ગઈ છે. જો વિશ્વ આ ચેતવણીને સમયસર નહીં સમજે, તો પ્રકૃતિ સાથેની આપણી છેડછાડનું પરિણામ એક વધુ વૈશ્વિક લોકડાઉન કે અજાણી મહામારીના સ્વરૂપમાં ચૂકવવું પડશે, એ વાતમાં હવે કોઈ શંકા નથી

ઉલ્લેખનીય છે કે, શર્માન્ડા વાયરસ મૂળભૂત રીતે બુન્યાવિરિડે કુળના 'ઓર્થોબુન્યાવાયરસ' પ્રજાતિ અને 'સિમ્બુ સિરોગ્રુપ' સાથે જોડાયેલો આરએનએ વાયરસ છે. તેનો ઈતિહાસ છ દાયકા જૂનો છે. વર્ષ ૧૯૬૫માં પશ્ચિમ આફ્રિકાના નાઈજીરિયામાં ગાયોના લોહીમાંથી આ વાયરસ સૌપ્રથમ અલગ કરવામાં આવ્યો હતો. ત્યારપછીના દાયકાઓમાં આફ્રિકાના પેટા-સહારા વિસ્તારો અને એશિયામાં જાપાન સુધી પશુઓમાં તેના છૂટાછવાયા કેસો નોંધાયા હતા. લાંબા સમય સુધી વેટરનરી સાયન્સ આ વાયરસને માત્ર પશુધન માટેની સમસ્યા માનતું રહ્યું, કારણ કે માનવ શરીરમાં આ વાયરસનું કોઈ અસ્તિત્વ ક્યારેય નોંધાયું નહોતું. પરંતુ વર્ષ ૨૦૨૬માં પશ્ચિમી યુરોપના સમૃદ્ધ ડેરી પટ્ટાઓમાં આ વાયરસે ફરી જોરદાર માથું ઊંચક્યું, અને ઓક્ટોબર ૨૦૨૬માં ફ્રાન્સના હોસ્પિસ સિવિલ્સ ડી લ્યોન ખાતે સારવાર લઈ રહેલા એક ગંભીર રીતે બીમાર દર્દીમાં તે સત્તાવાર રીતે મળી આવ્યો. આ સાથે જ છ દાયકા જૂની એ ધારણા કડડભૂસ થઈ ગઈ કે શર્માન્ડા ક્યારેય માણસને સ્પર્શી શકતો નથી.

જાણકારોના મતે આ રોગચાળાનું સૌથી ભયાનક પાસું તેનો વાહક એટલે કે 'વેક્ટર' છે. શર્માન્ડા વાયરસ કોઈ પ્રત્યક્ષ સંપર્ક કે હવા દ્વારા નહીં, પરંતુ અત્યંત નાના, કરડતા કીટકો જેને સામાન્ય ભાષામાં બાઈટિંગ મિડ્જિસ અને જીવવિજ્ઞાનની ભાષામાં 'ક્યુલિકોઈડ્સ' કહેવાય છે, તેના દ્વારા ફેલાય છે. આ મિડ્જિસ સામાન્ય મચ્છર કરતાં પણ કદમાં ઘણા નાના હોય છે અને ખુલ્લા ખેતરો, પશુવાડા અને ભેજવાળા વિસ્તારોમાં અબજોની સંખ્યામાં પાંગરે છે. ફ્રાન્સના પૂર્વીય પ્રદેશમાં કોઈ સંક્રમિત ક્યુલિકોઈડના ડંખથી દર્દીના લોહીમાં વાયરસ દાખલ થયો હોવાની આશંકા છે. મૃત્યુ પામેલો દર્દી પહેલાથી જ ઈમ્યુનોકોમ્પ્રોમાઈઝ્ડ (અત્યંત નબળી રોગપ્રતિકારક શકિત ધરાવતો) હતો. સંક્રમણ બાદ તેના મગજ અને સેન્ટ્રલ નર્વસ સિસ્ટમમાં ગંભીર ન્યુરોલોજીકલ ગૂંચવણો જોવા મળી હતી.

યુરોપિયન સેન્ટર ફોર ડિઝીઝ પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ (ECDC) અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન હાલમાં એ ચકાસી રહ્યા છે કે શું વાયરસે સીધો દર્દીના મગજ પર ઘાતક હુમલો કર્યો હતો કે પછી અન્ય બીમારીઓની સાથે મળીને તેને મૃત્યુના મુખમાં ધકેલી દીધો.

વિજ્ઞાન જગત માટે સૌથી મોટો સવાલ સ્પીસીઝ બેરિયર તૂટવાનો છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ કોઈ રોગકારક જંતુ પ્રાણીઓની સીમા ઓળંગીને માણસમાં પ્રવેશે છે, જેને ઝૂનોટિક સ્પિલઓવર કહેવાય છે, ત્યારે વિશ્વ મોટી આફતો તરફ ધકેલાયું છે. આપણે ભૂતકાળમાં ઈબોલા વાયરસ જોયો છે, જે ચામાચીડિયામાંથી માણસમાં આવ્યો અને આફ્રિકાના ગામડાંઓને સ્મશાન બનાવી દીધા. મલેશિયા અને સિંગાપોરમાં ભૂંડોમાંથી ઉદ્ભવેલો નિપાહ વાયરસ હોય કે પશ્ચિમ એશિયામાં ઊંટમાંથી ફેલાયેલો મર્સ વાયરસ હોય, જ્યારે પણ એનિમલ પેથોજેન માનવ શરીરમાં પગપેસારો કરે છે, ત્યારે તેનું પરિણામ ભયાનક આવે છે. કોરોના વાઈસ વિશે પણ આવી જ માન્યતા હતી કે, તે ચામાચિડિયામાંથી જ માણસમાં ફેલાયો હતો. તેણે જે નરસંહાર કર્યો તે આ સદી માટે અસહ્ય સાબિત થયો છે.

ન્યુઝ ફોકસ

### ગ્લોબલ વૉર્મિંગને પગલે ઘણા વાઈરસ હવે યુરોપમાં વકરી રહ્યા છે

સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ વાયરસ સામે લડવા માટે વિશ્વમાં પ્રાણીઓ કે માણસો માટે કોઈ પ્રમાણિત રસી કે એન્ટિ-વાયરલ દવા ઉપલબ્ધ નથી. પ્રશ્ન એ પેદા થાય છે કે જે વાયરસ દાયકાઓ સુધી આફ્રિકા અને એશિયાના ઉષ્ણકટિબંધીય વિસ્તારો પૂરતો સીમિત હતો, તે અચાનક યુરોપના આલ્પ્સ પર્વતમાળાઓની તળેટીમાં અને ફ્રાન્સના મેદાનોમાં કેવી રીતે પહોંચી ગયો? વૈજ્ઞાનિક તપાસમાં મુખ્યત્વે બે સંભાવનાઓ સામે આવી રહી છે. પહેલી સંભાવના ગ્લોબલ ટ્રાન્સપોર્ટ અને આંતરરાષ્ટ્રીય વિમાન વ્યવહારની છે; એરકાર્ગો અથવા ફ્લાઈટ્સ દ્વારા સંક્રમિત કીટકો ભૂલથી હજારો કિલોમીટર દૂર યુરોપના મધ્યમાં પહોંચી ગયા હોય. પરંતુ આનાથી પણ વધુ નક્કર અને કડવું સત્ય ક્લાઈમેટ ચેન્જ એટલે કે ગ્લોબલ વોર્મિંગ છે. યુરોપમાં છેલ્લા કેટલાક દાયકાઓથી શિયાળો ટૂંકો અને હુંફાળો બની રહ્યો છે, જ્યારે ઉનાળો વધુ ગરમ અને ભેજવાળો બન્યો છે. તાપમાનમાં આવેલા આ વૈશ્વિક વધારાને કારણે ક્યુલિકોઈડ મિડ્જિસ જેવા કીટકો જે અગાઉ માત્ર ગરમ દેશોમાં જ જીવી શકતા હતા, તેમને હવે યુરોપિયન આબોહવામાં પણ પ્રજનન અને વિસ્તાર કરવાની આદર્શ પરિસ્થિતિ મળી ગઈ છે. પૃથ્વીનું વધતું તાપમાન વાયરસ વાહક કીટકોના ભૌગોલિક સીમાડાઓને તોડીને ઉત્તર તરફ ધકેલી રહ્યું છે. સત્તાવાર રીતે ફ્રેન્ચ હેલ્થ ઓથોરિટીઝ અને ઈસીડીસી એવો દાવો કરે છે કે સામાન્ય જનતા માટે હાલ કોઈ મોટો ખતરો નથી, કારણ કે આ કેસ અત્યંત નબળી રોગપ્રતિકારક શકિત ધરાવતી વ્યકિતમાં બનેલો એક અલગ કિસ્સો છે અને માનવ-થી-માનવમાં સંક્રમણનો કોઈ પુરાવો નથી. પરંતુ આ માત્ર એક કાગળ પરની રાહત છે. મેડિકલ સાયન્સનો કઠોર ઈતિહાસ શીખવે છે કે વાયરસનું કોઈ બંધારણ ક્યારેય સ્થિર રહેતું નથી. આરએનએ વાયરસ પોતાની રચનામાં ઝડપથી મ્યુટેશન કરવા માટે કુખ્યાત છે. જ્યારે કોઈ પેથોજેન એકવાર માનવ કોષની અંદર ઘૂસીને તેનું વાતાવરણ ઓળખી લે છે, ત્યારે તેને નવા જિનોમિક બદલાવ લાવવાની તક મળી જાય છે. આજે જે વાયરસ માત્ર એક નબળા દર્દી પર હુમલો કરી શક્યો, તે કાલે જો વધુ અનુકૂળ મ્યુટેશન સાધી લેશે તો સામાન્ય તંદુરસ્ત માણસોને પણ સકંજામાં લઈ શકે છે.

આવે છે. કોરોના વાઈસ વિશે પણ આવી જ માન્યતા હતી કે, તે ચામાચિડિયામાંથી જ માણસમાં ફેલાયો હતો. તેણે જે નરસંહાર કર્યો તે આ સદી માટે અસહ્ય સાબિત થયો છે.

તાજેતરના વર્ષોમાં જંગલી પક્ષીઓમાંથી ડેરી ગાયો અને ખેત મજૂરો સુધી પહોંચેલા એવિયન ઈન્ફ્લુએન્ઝા તથા દક્ષિણ અમેરિકામાં અચાનક વકરીને માણસો માટે જીવલેણ બનેલા ઓરોપોચ વાયરસ તેના મોટા ઉદાહરણો છે. શર્માન્ડાનું માનવીમાં મળવું એ કોઈ એકાકી ઘટના નથી, પરંતુ કુદરત તરફથી સતત મળી રહેલી એ ચેતવણીઓની શૃંખલાનો જ એક ભાગ છે જેને માનવજાત વિકાસના નશામાં અવગણી રહ્યો છે. યુરોપની પશુપાલન વ્યવસ્થામાં આ વર્ષે જે બન્યું તે વધુ ચોંકાવનારું છે. વર્ષ ૨૦૨૬ના મધ્યભાગમાં જર્મનીના બેડેન-વુર્ટેમબર્ગ, સ્વિટ્ઝર્લેન્ડ અને પૂર્વીય ફ્રાન્સના ડેરી ફાર્મ્સમાં દૂધાળા પશુઓ અચાનક બીમાર પડવા લાગ્યા. ગાયોમાં અતિશય તાવ, આળસ, પાતળા ઝાડા અને સૌથી ભયાનક રીતે દૂધ ઉત્પાદનમાં કલ્પનાતીત ઘટાડો જોવા મળ્યો. જ્યારે વિજ્ઞાનીઓએ જિનોમ સિક્વન્સિંગ કર્યું, ત્યારે આ વાયરસના ડીએનએ/આરએનએ કોડ જૂના શર્માન્ડા વાયરસ સાથે ૯૦ ટકાથી વધુ મેળ ખાતા હતા.

જોકે, ઈન્ટરનેશનલ જિનોમ ડેટાબેઝમાં તેનો કોઈ પૂર્વ-નોંધાયેલો ચોક્કસ સ્ટ્રેઈન ન મળતા સંશોધકોએ તેને શર્માન્ડા -લાઈક ઓર્થોબુન્યાવાયરસ નામ આપ્યું. વધુ ચિંતાજનક બાબત એ બની કે ગાયો ઉપરાંત ઘોડાઓમાં પણ નર્વસ સિસ્ટમ સાથે જોડાયેલી ન્યુરોલોજીકલ ખામીઓ અને ઘેટાં-બકરાંમાં ગર્ભપાત કે ખોડખાંપણવાળા બચ્ચાંના જન્મો સામે આવ્યા. વર્ષ ૨૦૧૧માં યુરોપમાં ફાટી નીકળેલો શ્માલેનબર્ગ વાયરસ પણ આવો જ એક ઓર્થોબુન્યાવાયરસ હતો, જેણે થોડા જ મહિનાઓમાં જર્મની, હોલેન્ડ અને બેલ્જિયમના ૯૦ ટકા પશુધનને પોતાની ઝપેટમાં લઈ લીધું હતું. જર્મનીની વિશ્વવિખ્યાત ફ્રેડરિક લોફ્લર ઈન્સ્ટિટ્યૂટના વાયરોલોજિસ્ટ માર્ટિન બિયર અને ફ્રાન્સની નેશનલ વેટરનરી સ્કૂલ ઓફ તુલુઝના સંશોધક જીન-લ્યુક ગેરિનના મતે, જો આ શર્માન્ડા વાયરસ યુરોપના પશુઓમાં સ્થાનિક સ્તરે કાયમી ઘર બનાવી લેશે, તો ડેરી ઉદ્યોગ અને ખાદ્ય સુરક્ષા સામે ગંભીર સંકટ ઊભું થશે.




જૈવવિવિધતાનો નાશ કરીને માણસે જંગલો, પશુઓ અને કુદરતી રહેઠાણો પર જે આક્રમણ કર્યું છે, તેના પરિણામે સૂક્ષ્મજીવો પોતાના જૂના વાતાવરણ ગુમાવી રહ્યા છે. જ્યારે જંગલી પ્રાણીઓ ઓછા થાય છે, ત્યારે તેમના શરીરમાં શાંતિથી રહેતા વાયરસ નવા વાતાવરણની શોધમાં નીકળે છે અને આ શોધ હંમેશાં પશુધનની ડેરીઓ કે માનવ વસ્તી પર આવીને અટકે છે. ફ્રાન્સની આ એકમાત્ર મોતે આખા વિશ્વના વન હેલ્થ એપ્રોચ સામે અરીસો ધરી દીધો છે. વન હેલ્થનો સિદ્ધાંત કહે છે કે માનવ સ્વાસ્થ્ય, પશુ સ્વાસ્થ્ય અને પર્યાવરણ એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલા છે. જો આપણે પશુઓના રોગચાળાને માત્ર પશુપાલકોની સમસ્યા ગણીને હળવાશથી લઈશું, તો મોડી કે વહેલી તકે તે માનવજાતના અસ્તિત્વનો પ્રશ્ન બનીને સામે આવશે. શર્માન્ડા વાયરસનો આ પહેલો માનવ કેસ વિશ્વ માટે એક કટોકટીપૂર્ણ જાગૃતિનો ક્ષણ છે. લેબોરેટરીઓ અને આરોગ્ય એજન્સીઓએ હવે સંતુષ્ટ થઈને બેસી રહેવાના બદલે આ વાયરસના મોલેક્યુલર સ્ટ્રક્ચર, તેની ટ્રાન્સમિશન સાયકલ અને રસીકરણની શક્યતાઓ પર યુદ્ધના ધોરણે કામ કરવું પડશે. ડેરી ફાર્મ્સમાં જંતુનાશકોના યોગ્ય ઉપયોગથી ક્યુલિકોઈડ મિડ્જિસ પર નિયંત્રણ લાવવું અને હોસ્પિટલોમાં રહસ્યમય ન્યુરોલોજીકલ કેસોમાં વાયરસની સઘન તપાસ કરવી અનિવાર્ય બની ગઈ છે. જો વિશ્વ આ ચેતવણીને સમયસર નહીં સમજે, તો પ્રકૃતિ સાથેની આપણી છેડછાડનું પરિણામ એક વધુ વૈશ્વિક લોકડાઉન કે અજાણી મહામારીના સ્વરૂપમાં ચૂકવવું પડશે, એ વાતમાં હવે કોઈ શંકા નથી.

## અમેરિકા-ઈઝરાયેલમાં ચૂંટણી નજીક આવતા ઈરાનીઓ ભયભીત

# ઈરાન પર આજ-કાલમાં હુમલો કરીશું : ટ્રમ્પની ચેતવણી

(પીટીઆઈ) વોશિંગ્ટન/દુબઈ, તા.૨૫

અમેરિકા અને ઈઝરાયેલમાં એકાદ સપ્તાહમાં ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે બંને દેશોમાં ઈરાન યુદ્ધનો મુદ્દો સળગ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે મતદાન કર્યા પછી ચેતવણી આપી કે અમેરિકા અને ઈઝરાયેલ આજ-કાલમાં જ ઈરાન પર મોટો હુમલો કરી શકે છે. બીજીબાજુ ઈરાને વળતા જવાબમાં કહ્યું કે, આ હુમલાના એક કલાકમાં જ ઈઝરાયેલને ખેદાન-મેદાન કરી નાંખીશું. પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન યુદ્ધની આગ ઠંડી પડવાના બદલે સતત ભડકી રહી છે. એટલું જ નહીં નવા નવા વિસ્તારો આ યુદ્ધની ઝપેટમાં આવી રહ્યા છે. બીજીબાજુ હુથી બળવાખોરોએ મક્કા-મદીના પર હુમલો કર્યાનો સાઉદી અરબે આક્ષેપ કર્યો છે જ્યારે ઈઝરાયેલે પહેલી વખત ઈરાકમાં ચીનના હથિયારોના બે ગોદામનો નાશ કરી દીધા પશ્ચિમ એશિયાના યુદ્ધમાં નવો પલિતો ચંપાયો છે.

## ટ્રમ્પ સમજદાર હશે તો હુમલો નહીં કરે, આક્રમણના એક કલાકમાં જ ઈઝરાયેલમાં સૈન્ય-નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સફાયો કરી નાંખીશું : ઈરાન

પશ્ચિમ એશિયામાં ઓઈલ ટેન્કરો પર હુમલા વધી રહ્યા છે ત્યારે અમેરિકન પ્રમુખ ટ્રમ્પે શનિવારે ફ્લોરિડામાં મિડટર્મ ચૂંટણીમાં મતદાન કર્યા પછી કહ્યું કે, ઈરાન પર ટૂંક સમયમાં જ મોટો સૈન્ય હુમલો થઈ શકે છે. ઈરાન સાથે ડીલ થશે અથવા હું તે દેશને ખતમ કરી નાંખીશ. ઈરાન હજુ પણ અમેરિકા સાથે સમજૂતી કરીને મોટી સૈન્ય કાર્યવાહીથી બચી શકે છે. અમેરિકાનો આશય ઈરાનને પરમાણુ હથિયાર બનાવતા રોકવાનો છે. અમે ઈરાનના ૨૫૯ જહાજ સમુદ્રના તળીયે પહોંચાડી દીધા છે. ટ્રમ્પે આ પહેલાં પણ ચૂંટણી રેલીઓમાં ઈરાન પર નાનો એપિક ફ્યુરી હુમલો કરવાના સંકેતો આપ્યા હતા.

ટ્રમ્પની ધમકીઓ વચ્ચે ઈરાનના લોકો પણ માને છે કે અમેરિકા અને ઈઝરાયેલમાં એકાદ સપ્તાહમાં ચૂંટણીઓ થવાની હોવાથી ત્યાંના લોકોને ભયભીત કરવા માટે ઈરાન પર હુમલો કરી શકે છે. આ સંભવિત હુમલાથી ઈરાનના લોકો ભયભીત છે જ્યારે ઈરાનના નેતાઓએ અમેરિકા અને ઈઝરાયેલને વળતા હુમલાની ધમકી આપી છે.

### પેલેસ્ટાઈનના હજારો લોકોને હેબ્રોનમાંથી હાંકી કઢાયા

## નેતન્યાહુએ તેલ અવીવ પર પરમાણુ હુમલાની એઆઈ તસવીર શેર કરી



તેલ અવીવ, તા.૨૫

ઈઝરાયેલમાં મંગળવારે ચૂંટણી યોજાવાની છે ત્યારે વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ઈરાનના પરમાણુ હથિયારોને મેળવવાના પ્રયત્નોને ઈઝરાયેલના અસ્તિત્વ માટે જોખમી ગણાવ્યા હતા. ચૂંટણીના બે દિવસ પહેલાં જ તેલ અવીવ પર પરમાણુ હુમલો થયો હોય તેવી

(અનુસંધાન ૧૧મે પાને)

ઈરાનની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના પ્રમુખ ઈબ્રાહિમ અજીજીએ કહ્યું કે, ઈરાન પર હુમલો થશે તો ઈઝરાયેલને એક કલાકથી પણ ઓછા સમયમાં રહેવા લાયક નહીં છોડાય. અજીજીએ એક નકશો પણ શૅર કર્યો, જેમાં ઈઝરાયેલના મહત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચર જોવા મળી રહ્યા છે. ઈરાને ઈઝરાયેલમાં સૈન્ય સ્થળોની સાથે ડિમોનાનું પરમાણુ સંશોદન કેન્દ્ર, પીવાના પાણીના સપ્લાય, વીજળી ઉત્પાદન, ઓઈલ રિફાઈનરી, ફ્યુઅલ સ્ટોરેજ, પૂલો અને પરિવહન નેટવર્ક જેવા સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ હુમલાની ચેતવણી આપી છે.

પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈરાન યુદ્ધની વચ્ચે સાઉદી અરબ અને યમનમાં સાઉદી અરબની સેના તથા હુથી બળવાખોરો વચ્ચે યુદ્ધ વકર્યું છે. યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ સાઉદી અરબના એરપોર્ટ અને ઓઈલ રિફાઈનરીઓ પર હુમલા કર્યાનો દાવો કર્યો છે. બીજીબાજુ હુથી બળવાખોરોએ મક્કા અને મદીના પર પણ મિસાઈલ હુમલો કર્યાનો સાઉદી અરબે દાવો કર્યો હતો, જેનો હુથી બળવાખોરોએ ઈનકાર કર્યો હતો.

### ઈઝરાયેલે ઈરાકમાં એરસ્ટ્રાઈક કરી ચીનના હથિયારોના બે ગોદામનો કચ્ચરઘાણ કાઢ્યો

દરમિયાન ઈઝરાયેલે હવે ઈરાકમાં એરસ્ટ્રાઈક કરી હતી. તેણે ઈરાકમાં ચીનના હથિયારોથી ભરેલા બે ગોદામોનો નાશ કર્યો હતો. આ હથિયારો ઈરાનમાં પહોંચાડવાના હોવાનો ઈઝરાયેલે દાવો કર્યો હતો. આમ, પહેલી વખત આ યુદ્ધમાં પ્રત્યક્ષ રીતે ચીનના હથિયારોને નિશાન બનાવાયા છે. ઈઝરાયેલના હુમલામાં ખભા પરથી છોડી શકાય તેવા વિમાન વિરોધી મિસાઈલોની મોટી ખેપનો નાશ કરી દેવાયો છે. આ મુદ્દે ચીને હજુ સુધી કોઈ નિવેદન આપ્યું નથી.

### બ્રાઝિલમાં લોકશાહીની ઉજવણી



બ્રાઝિલમાં લિબરલ પાર્ટીના ફ્લેવિયો બોલ્સોનારો અને વર્કર્સ પાર્ટીના લુલા ડી સિલ્વા વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો હતો. પહેલા રાઉન્ડના વોટિંગમાં લિબરલ પાર્ટીને ૪૭ ટકા વોટ મળ્યા હતા. જ્યારે, વર્કર્સ પાર્ટીને ૪૫ ટકા વોટ મળ્યા હતા. કોઈપણ પાર્ટીને બહુમતી ન મળતા ૨૫ ઓક્ટોબરના રોજ ફાઈનલ રાઉન્ડનું વોટિંગ રાખવામાં આવ્યું હતું. આ દરમિયાન અનેક રેલીઓ યોજાઈ. જેમાં, અભૂતપૂર્વ સંખ્યામાં જનમેદની જોવા મળી હતી. બ્રાઝિલમાં સત્તા કોના હાથમાં આવશે તેનું ચિત્ર સોમવારે સ્પષ્ટ થશે.

### જાહેર મકાનોમાં તોડફોડ થઈ, મોલ્સ અને દુકાનો લૂંટાઈ

## ફ્રાંસમાં ફરી વ્યાપક તોફાનો, ઠેરઠેર હિંસા પેરિસમાં ૧૦૦૦થી વધુ લોકોની ધરપકડ

પેરિસ, તા. ૨૫

ફ્રાંસમાં શનિવારે ફરી વ્યાપક રમખાણ શરૂ થઈ ગયા. જીવન જરૂરિયાતની ચીજોના સતત વધી રહેલા ભાવ શૈક્ષણિક સંસ્થાઓને કરાતી નહીંવત્ ફાળવણી અને સતત વધી રહેલી આર્થિક અસમાનતાના સામે જનતા રીતસર રણે ચઢી છે. પેરિસ સહિત ફ્રાંસનાં અનેક શહેરોમાં તોફાનો ફાટી નીકળ્યાં છે, પોલીસને ટીયર ગેસ અને વોટર કેનનનો ઉપયોગ કરવો પડ્યો છે.

### સ્કૂલોની ખરાબ હાલત, આર્થિક અસમાનતા, વીજળી અને રોજીંદી ચીજોના ઉંચા ભાવ સહિતના મુદ્દે ચાર લાખથી વધુ લોકો રસ્તા પર

વાસ્તવમાં શાળાઓની જર્જરિત હાલત, શિક્ષકોની કમી, શાળાઓમાં થયેલા ભારે ફી વધારા સામે ગત સપ્તાહે વિદ્યાર્થીઓએ શરૂ કરેલાં આંદોલનમાં પછીથી જનસામાન્ય પણ જોડાયા હતા. તેથી જીવન જરૂરિયાતની ચીજોના સતત વધી રહેલા ભાવ શિક્ષણમાં ઊંચા ખર્ચા, ગેસ (ઉર્જા) અને વીજળીના ભાવ તથા રોજીંદા વપરાશની ચીજોના ઉંચા ભાવ સાથે સતત વધી રહેલી આર્થિક અસમાનતા સામે જનઆક્રોશ ભભૂકી ઊઠ્યો છે. આ સામે 'બ્લેક શર્ટસે' પડકાર ફેંક્યો છે. આ બ્લેક શર્ટસ જ રમખાણો ચગાવે છે, તેમ સત્તાવાળાઓનું કહેવું




છે. સપ્તાહાંતથી શરૂ થયેલા આ તોફાનો એટલા વ્યાપક બન્યાં હતાં કે દેશના જુદાં જુદાં શહેરોમાં મળી સરકારને ૭૦,૦૦૦

(અનુસંધાન ૧૩મે પાને)

### સ્ટારલિંકનું ઈન્ટરનેટ ધીમું કર્યા પછી યુક્રેન મુદ્દે નવો વિવાદ

## યુક્રેને લોકોને મારવા ડ્રોન હુમલામાં સ્ટારલિંકનો દુરુપયોગ કર્યો : મસ્ક

વોશિંગ્ટન/કીવ, તા.૨૫

યુક્રેન માટે સ્ટારલિંકનું ઈન્ટરનેટ ધીમું કર્યાના દાવાઓ વચ્ચે હવે સ્પેસએક્સના માલિક ઈલોન મસ્કે યુક્રેનની સેના પર તેની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંકના નેટવર્કનો દુરુપયોગ કરવાનો આક્ષેપ કર્યો છે. મસ્કે દાવો કર્યો કે યુક્રેનની સેનાએ લોકોને મારવા માટે ડ્રોન હુમલામાં સ્ટારલિંકનો ઉપયોગ કરીને સેવાની શરતોનો ભંગ કર્યો હતો. જોકે, યુક્રેનની સેનાએ ઈલોન મસ્કના દાવાઓને નકારી કાઢ્યા હતા.

### નાગરિક સિસ્ટમ પર મુકાયેલા નિયંત્રણોના કારણે સ્ટારલિંકની સેવાઓનો આક્રમણ માટે ઉપયોગ અશક્ય : યુક્રેનનો બચાવ

અમેરિકન અબજોપતિ ઈલોન મસ્કે એક્સ પર પોસ્ટમાં જણાવ્યું હતું કે, યુક્રેનની સેનાએ લોકોને મારવા માટે ડ્રોન હુમલા કરવા સેટેલાઈટ ઈન્ટરનેટ સ્ટારલિંકનો ઉપયોગ કર્યો હતો. આ રીતે યુક્રેનની સેનાએ સ્ટારલિંકની સેવાની શરતોનો ભંગ કર્યો હતો. મસ્કનો આક્ષેપ એવા સમયે થયો છે જ્યારે સ્પેસએક્સે બનાવેલા સ્ટારલિંક નેટવર્ક અંગે અમેરિકા અને યુક્રેન વચ્ચે તણાવ વધી રહ્યો છે.

મસ્કે એક્સ પર અન્ય એક પોસ્ટમાં લખ્યું કે, સ્ટારલિંકની શરતો હંમેશાથી નાગરિક સિસ્ટમ તરીકે કામ કરે છે. લોકોને મારવાના સાધન તરીકે તેનો ઉપયોગ અયોગ્ય છે. આ શરતોનો ભંગ કરવા બદલ સેવા બંધ કરી દેવાશે.

(અનુસંધાન ૧૧મે પાને)

### હરાજીમાં પ્લેટના રૂ.૩૬ લાખ ઉપજવાનો અંદાજ

## લંડનના પરિવારને સોફા નીચેથી દુર્લભ ચીની કલાકૃતિ મળી

લંડન, તા.૨૫

લંડનના એક પરિવારના ઘરમાં સોફા નીચે વર્ષોથી ધૂળ ખાતી પડેલી એક સામાન્ય લાગતી પ્લેટ હવે લાખોની કિંમત ધરાવતી દુર્લભ કલાકૃતિ બની છે. પરિવાર તેને બિનઉપયોગી સમજીને રાખતો હતો, પણ તપાસમાં તે ચીની શાહી પરિવાર સાથે જોડાયેલી ઐતિહાસીક પોર્સેલિન કલાકૃતિ હોવાનું બહાર આવ્યું. હવે તેની હરાજી થવાની છે.

### દુર્લભ શાહી મહેલની નિશાની તેમજ પીળા રંગના તળીયાથી પોર્સેલિન પ્લેટનું ઐતિહાસિક રહસ્ય ખુલ્યું

આ પ્લેટ નોર્થ લંડનના એક ઘરમાં મળી આવી હતી. તે લગભગ બે ફીટ પહોળી અને ૧૩.૬ કિલોગ્રામ વજનની છે. વીસમી સદીની શરૂઆતમાં ચીની મૂળના વિંગ લૂંગ ગૂ તેને લઈને આવ્યા હતા. તેના ફોટા વૂલી એન્ડ વોલિસ નામના લિલામગૃહને મોકલવામાં આવ્યા, જ્યાં નિષ્ણાંતોએ તેની વિશેષતા ઓળખી કાઢી.



એશિયલ કલા નિષ્ણાંત જોન એક્સફોર્ડે પ્લેટ પરની ચાર અક્ષરોવાળી વિશિષ્ટ મહોરનું નિરીક્ષણ કર્યું. આ મહોર બેઈજિંગના ફોરબિડન સિટીમાં આવેલા ચુક્સિયું મહેલ સાથે સંબંધિત હોવાનું માનવામાં આવે છે. તેના આધારે આ પ્લેટ મહેલ માટે

(અનુસંધાન ૧૧મે પાને)

### આરટીઆઈમાં માહિતી ના આપવા બદલ કોંગ્રેસના ચૂંટણી પંચ પર આરોપ

## 'સર'માં હેરાફેરી છૂપાવવા માટે ચૂંટણી પંચ સોફ્ટવેરની માહિતી છૂપાવે છે

નવી દિલ્હી, તા. ૨૫

વિપક્ષ કોંગ્રેસે વિવાદિત ઈસીઆઈનેટ સોફ્ટવેરની માહિતી છૂપાવવાનો ચૂંટણી પંચ પર આરોપ લગાવ્યો હતો. સાથે જ દાવો કર્યો હતો કે ચૂંટણી પંચ આ સોફ્ટવેરની માહિતી એટલા માટે છૂપાવી રહ્યું છે કેમ કે જો આ માહિતી જાહેર થઈ ગઈ તો એસઆઈઆરમાં કરાયેલી સામૂહિક ગેરરિતીઓ સામે આવી જશે.

### મતદારોના વેરિફિકેશનમાં ઈસીઆઈનેટ સોફ્ટવેરનો ઉપયોગ થયો હતો જેમાં અનેક રહસ્ય છૂપાયેલા : કોંગ્રેસ

કોંગ્રેસ નેતા જયરામ રમેશે સોશિયલ મીડિયા એક્સ પર એક પોસ્ટ કરીને કહ્યું હતું કે ઈસીઆઈનેટ સોફ્ટવેર અંગે ચૂંટણી પંચ માહિતી છૂપાવી રહ્યું છે. જો આ માહિતી આપી દીધી તો તેનાથી મતદારોના વેરિફિકેશનમાં હેરાફેરી જાહેર થઈ જશે. કોંગ્રેસના વરીષ્ઠ નેતાએ વધુમાં કહ્યું હતું કે ભારે હેરાફેરી થઈ હોવાનું જનતા જાણે છે. જ્ઞાનેશ કુમારે જવું પડશે અને એસઆઈઆર પ્રક્રિયાને રદ કરવી જ પડશે. આ સોફ્ટવેરનો ઉપયોગ મતદારોના વેરિફિકેશનની

(અનુસંધાન ૧૧મે પાને)

### 'સર'માં એઆઈનો ઉપયોગ થયો હોવા છતાં ચૂંટણી પંચનો નનૈયો : જયરામ રમેશ

### ઓબામાના મોંઘવારી, મિડલ ઈસ્ટ મુદ્દે પ્રહારો



અમેરિકામાં મીડ ટર્મ ચૂંટણીના પ્રચારમાં પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ તેમની શૈલીમાં ડોનાલ્ડ ટ્રમ્પ પર નિશાન સાધ્યું હતું. ઓબામાએ મોંઘવારી, ટેરિફ, મિડલ ઈસ્ટ જેવા મુદ્દે ટ્રમ્પની ઝાટકળી કાઢી હતી. પરંતુ, આ દરમિયાન તેમની ફિટનેસને લઈને ચર્ચા થઈ હતી. ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે કહ્યું કે, ઓબામા આજે પણ એટલા જ ફિટ લાગે છે જેટલા તેઓ પ્રેસિડન્ટ બન્યા ત્યારે હતા. ઓબામા જ્યારે પ્રમુખ બન્યા ત્યારે તેઓ ૪૭ વર્ષના હતા. આટલી નાની ઉંમરે પ્રમુખ બન્યા બાદ પણ તેમને લાલચ નહોતી કે, અમેરિકાના પ્રેસિડેન્ટના આઠ વર્ષની સમયગાળાના નિયમને બદલે. તેમણે હસતા હસતા પદ છોડ્યું, કદાચ એટલે જ તેઓ આજે પણ આટલા ફિટ છે.

### ચીનના મેગા ડેમના જવાબમાં બનનારા બાંધનો વિરોધ

## અરૂણાચલમાં સિયાંગ પ્રોજેક્ટનો વિરોધ રોકવા ૨૫૦ જવાન તૈનાત

નવી દિલ્હી, તા.૨૫

અરૂણાચલ પ્રદેશના પાસીઘાટમાં પ્રસ્તાવિત ૧૧,૨૦૦ મેગાવોટના સિયાંગ ડેમ સામે સ્થાનિક લોકોના દેખાવો હિંસક બનતા સફાલી જાગેલા ગૃહમંત્રાલયે બીજા જ દિવસે રવિવારે હિંસક દેખાવોને રોકવા માટે રેપિડ એક્શન ફોર્સ (આરએએફ)ના ૨૫૦ જવાન તૈનાત કર્યા છે. સિયાંગ ખીણના ત્રણ જિલ્લામાં બનનારા ભારતના સૌથી મોટા હાઈડ્રો પ્રોજેક્ટને તિબેટમાં ચીનના વિશાળ બાંધ સામે ભારતનો જવાબ માનવામાં આવી રહ્યો છે.

### સિયાંગ જિલ્લામાં ૧૧,૨૦૦ મેગાવોટની ક્ષમતાના સિયાંગ હાઈડ્રો પ્રોજેક્ટનો આદિવાસીઓ દ્વારા વિરોધ

અરૂણાચલ પ્રદેશના પૂર્વીય સિયાંગ જિલ્લાના પાસીઘાટમાં હાઈડ્રો પ્રોજેક્ટના વિરોધ પ્રદર્શન હિંસક બન્યા હતા. દેખાવકારોએ એનએચપીસીની ઓફિસ અને એક પોલીસ સ્ટેશનમાં આગ લગાવી દીધી હતી. સાથે રાજ્યમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને બે ધારાસભ્યોના આવાસમાં પણ તોડફોડ કરી હતી. સિયાંગ ડેમનો વિરોધ વધુ હિંસક બને તે પહેલાં દેખાવોને

(અનુસંધાન ૧૧મે પાને)

### ૧ નવેમ્બરની રેલી પર ધ્યાન ના આપવું : એલપીજી સંગઠન

## વિપક્ષની રેલીનો પ્રચાર કરવા બદલ ભાજપનો આભાર : રાહુલ

નવી દિલ્હી, તા. ૨૫

૧ નવેમ્બરના દિલ્હીના રામલીલા મેદાનમાં કોંગ્રેસ સહિતના વિરોધી પક્ષો એક વિશાળ રેલી યોજવા જઈ રહ્યા છે. જેને લઈને ભાજપે અનેક નિવેદનો આપ્યા છે, એવામાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ઈન્ડિયા ગઠબંધનની આ રેલીનો પ્રચાર કરવા બદલ ભાજપનો આભાર વ્યક્ત કર્યો હતો.

### સરકારને સવાલો કરનારાઓને લાઠીઓ પડી રહી છે, હવે જનતા જવાબ આપશે : કોંગ્રેસ નેતા

મતદારોના વેરિફિકેશનની પ્રક્રિયામાં ગેરરીતિ, વોટચોરી સહિતના મુદ્દે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને કેન્દ્ર સરકાર સામે ઈન્ડિયા ગઠબંધન દિલ્હીના રામલીલા મેદાનમાં રેલી યોજવા જઈ રહ્યું છે. જેને લઈને કોંગ્રેસ નેતા રાહુલગાંધીએ કહ્યું હતું કે જે પણ લોકો સવાલ ઉઠાવે છે તેમને લાઠીઓ પડી રહી છે, અનેક લોકોના નામ મતદાર યાદીમાંથી બહાર કરી દેવાયા. આ તમામનો દેશ જવાબ આપશે. ૧ નવેમ્બરના તમામ લોકોને રેલીમાં જોડાવા રાહુલે આમંત્રણ આપ્યું હતું.

સાથે જ કહ્યું હતું કે ઈન્ડિયા ગઠબંધનની આ રેલીને સફળ બનાવવા તેમજ વધુમાં વધુ લોકો તેમાં જોડાય તે પ્રકારના પ્રયાસો કરવા બદલ ભાજપનો હું આભાર વ્યક્ત કરું છું. ભાજપ ઈન્ડિયા ગઠબંધનની આ રેલીને બહુ જ ઉત્સાહ

(અનુસંધાન ૧૧મે પાને)

### મ્યાંમાર-ભારત સરહદેથી માદક પદાર્થોની તસ્કરીનો પર્દાફાશ

## ડ્રગ્સની દાણચોરી, રૂ.૧૦૦ કરોડનું હવાલા કૌભાંડ : ૩૮ સ્થળોએ દરોડા, ૧૮ની ધરપકડ

નવી દિલ્હી, તા. ૨૫

કેન્દ્રીય એજન્સીઓ દ્વારા મિઝોરમ, મણિપુર, આસામમાં ૩૮ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ હવાલા રેકેટનો પર્દાફાશ કર્યો હતો. સાથે જ ૧૪૨૪ જેટલા બેન્ક ખાતા પણ ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે અને ૧૭.૮૨ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. આ હવાલા રેકેટ ભારત મ્યાંમાર સરહદ સાથે જોડાયેલું છે. આ સાથે જ ૧૮ જેટલા આરોપીઓની પણ ધરપકડ કરવામાં આવી છે.

### આસામ, મણિપુર, મિઝોરમમાં એજન્સીઓ ત્રાટકી ૨૬ કરોડની સંપત્તિ જપ્ત, ૧૪૨૪ બેન્ક ખાતા ફ્રીઝ

કેન્દ્રીય એજન્સીઓના જણાવ્યા મુજબ બેન્ક ખાતા ફ્રીઝ કરવાની સાથે ૨૬ કરોડ રૂપિયાની સંપત્તિ પણ જપ્ત કરવામાં આવી હતી. ક્રોસ બોર્ડર તસ્કરી જેમ કે નાર્કોટિક્સ, હેરોઈન, બ્રાઉન શુગર, નશીની ટેબલેટ્સ વગેરેને મ્યાંમારથી ભારતમાં ઘૂસાડવામાં આવી રહી હતી. દરોડા પાડવામાં આવ્યા તે સ્થળો હવાલા ઓપરેટર્સ, મ્યુલ-એકાઉન્ટધારકો સાથે સંકળાયેલા છે. મિઝોરમમાં સ્થાનિક પોલીસ અને એનસીબી દ્વારા સંયુક્ત રીતે દરોડા પાડવામાં આવ્યા હતા.

### બેન્કના ખાતા ભાડે અપાયા હતા, જેમાં હવાલાના એક લાખ રૂપિયા જમા થાય તો ખાતાધારકને રૂ. ૫૦૦ મળતા હતા

આ મામલામાં છ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ભારત-મ્યાંમાર સરહદે બન્ને તરફથી ગેરકાયદે તસ્કરીઓ થતી હતી, જેમાં ભારત તરફથી મ્યાંમારમાં કેમિલક્સ મોકલવામાં આવતું હતું જ્યારે મ્યાંમારથી ભારતમાં નશીલા પદાર્થો ઘૂસાડવામાં આવતા હતા. હેરોઈન અને મેથાફેટામાઈન ટેબલેટ્સ

(અનુસંધાન ૧૩મે પાને)

FIRST CUT. BY MANJUL



## બેવડો માર : એક બાજુ વીજકાપ, બીજી બાજુ પાણી પર રોક

# સરકારનો આદેશ : સૌરાષ્ટ્ર-કચ્છના ખેડૂતોને સિંચાઇનું પાણી નહીં મળે

અમદાવાદ,રવિવાર

જગતના તાત પર કુદરત રૂઠી હોય તેમ હવે સરકારે પણ પડતા પર પાટું માર્યું છે. શિયાળુ સીઝનનું વાવેતર હજુ માંડ શરૂ થયું છે ત્યાં સૌરાષ્ટ્ર અને કચ્છના ખેડૂતો માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યાં છે. એક બાજુ, ગામડાઓમાં અનિયમિત વીજ પુરવઠોની સાથે સાથે વીજકાપની સમસ્યાથી ખેડૂતો પહેલેથી જ ત્રાહિમામ હતા, ત્યાં હવે સરકારે લેખિત આદેશ કર્યા છેકે, ખેડૂતોને હવે સિંચાઈનું પાણી પણ નહીં મળે. સરકારના આ નિર્ણયને પગલે ખેડૂતોમાં રોષ ભભૂક્યો છે.

## સૌની યોજના સાથે જોડાયેલાં જળાશયોના પાણી પર ખેડૂતો માટે પ્રતિબંધ, સરકારી લેખિત આદેશથી ધરતીપુત્રો ભડક્યા

હજુ શિયાળાની શરૂઆત થવાની ઘડીઓ ગણાય છે ત્યારે સૌરાષ્ટ્ર સહિત અન્ય વિસ્તારોમાં મોટાભાગના ડેમોમાં પાણીનું સ્તર ચિંતાજનક રીતે નીચે ઉતરી ગયું છે. ઘટતા પાણીને પગલે કેટલાંય શહેરોમાં હવે પાણીકાપની પણ શરૂઆત થઇ ચૂકી છે. આ સ્થિતિને જોતાં આગામી ઉનાળાના દિવસોમાં ગુજરાતમાં પીવાના પાણીનું સંકટ સર્જાય તેવી પૂરેપૂરી સંભાવના છે. આ સંભવિત જળસંકટને પહોંચી વળવા માટે રાજ્ય સરકારે લોકોને પીવાનું પાણી મળી રહે તેને પ્રથમ અગ્રીમતા આપવાનું નક્કી કર્યું છે. જેના કારણે જળાશયોના પાણીને અનામત રાખવાનો નિર્ણય લેવાયો છે.

**પીવાના પાણીનું સંકટ સર્જાય તેવી સંભાવનાને લીધે સિંચાઇનું પાણી આપવા સાફ ના, ખેડૂતોની શિળાળુ સિઝન માથે પડશે**

અત્યાર સુધી સરકારે સિચાઇનું પાણી આપવા જળાશયો ભરાશે તેવી જાહેરાત કરીને ઘણી વાહવાહી મેળવી લીધી હતી. હવે નબળા ચોમાસાને લીધે ચિત્ર બદલાયું છે. 'સૌની યોજના' સાથે જોડાયેલા જળાશયો અને ડેમોમાંથી ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાની સરકારે સાફ ના પાડી દેવામાં આવી છે. ખેડૂતોને સિંચાઇનુ પાણી આપવું નહી તેવા લેખિત આદેશ કરાયાં છે. દેવભૂમિ દ્વારકા,જામનગર,બોટાદ,ભાવનગર,રાજકોટ સહિત અન્ય જીલ્લામાં મુખ્ય નહેરોમાં સિંચાઇનું પાણી બંધ કરી દેવાયુ છે.

રાજ્ય સરકારના આ વલણ સામે ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. તેમનું કહેવું છે કે જો પાણી જ નહીં મળે તો શિયાળુ સિઝનમાં મોંઘા ભાવના બિયારણ અને ખાતર લાવીને કરેલું વાવેતર નિષ્ફળ જશે.હાલમાં જ ખેડૂતોએ શિયાળુ પાક માટેની તડામાર તૈયારીઓ અને વાવેતર શરૂ કર્યું છે. બરાબર આ જ સમયે સરકારે સિંચાઈનું પાણી ન આપવાનું એલાન કરતાં ખેડૂતો આર્થિક નુકસાનીના ખાડામાં ધકેલાય તેવી સ્થિતિ સર્જાઈ છે. જો આગામી દિવસોમાં સરકાર કોઈ વૈકલ્પિક વ્યવસ્થા નહીં કરે, તો આ વર્ષની આખી શિયાળુ સીઝન ખેડૂતોને માથે પડે અને મોટું દેવું થઈ જાય તેવી ગંભીર ભીતિ સેવાઈ રહી છે.

## ડેમો ખાલી થતાં સરકારને પાણીચોરીનો ડર પેઠો

# સૌની યોજનાની પાઈપલાઈન પર હવે 'હથિયારધારી' પહેરો મૂકાશે

અમદાવાદ,રવિવાર

**ચાલુ વર્ષે નબળા અને અપૂરતા વરસાદને લીધે સરકારની ઊંઘ હરામ થઈ છે. જળાશયોમાં પાણીના સ્તર ચિંતાજનક રીતે ઘટતાં આગામી ઉનાળા સુધી પીવાના પાણીની વ્યવસ્થા જાળવી રાખવી એ સરકાર માટે લોઢાના ચણા ચાવવા સમાન સાબિત થશે. આ કપરી પરિસ્થિતિમાં સરકારને પાણીની ચોરી થાય તેવો ડર સતાવી રહ્યો છે. આ કારણોસર 'સૌની યોજના અંતર્ગત મુખ્ય પાઈપલાઈન અને એરવાલ્વ પર નજર રાખવા હથિયારધારી પહેરો ગોઠવવા સરકારે નક્કી કર્યું છે.**

## એસી ઓફિસ છોડી ગ્રાઉન્ડ લેવલે કામ કરવા આદેશ : બેદરકાર અધિકારીઓ પર ગાજ ગરજશે

હાલમાં ડેમોમાં પાણીનો જથ્થો માત્ર પીવાના ઉપયોગ માટે જ આરક્ષિત રાખવામાં આવ્યો છે. ખેડૂતોને સ્પષ્ટ સૂચના આપી દેવાઈ છે કે આ પાણીનો ખેતી માટે બિલકુલ ઉપયોગ કરી શકાશે નહીં. જો કોઈ ગેરકાયદેસર રીતે પાણી લેશે તો કાયદેસરની કાર્યવાહી દાખલ કરાશે. ભૂતકાળના અનુભવોને ધ્યાને રાખીને, 'સૌની યોજનાની મુખ્ય પાઈપલાઈન, કનેક્શન અને ખાસ કરીને એર વાલ્વ પરથી થતી ચોરી રોકવા માટે વિશેષ સુરક્ષા દળો અને પોલીસ પેટ્રોલિંગ તૈનાત કરવાનો નિર્ણય લેવાયો છે.

પાણીચોરો રાત્રિના અંધકારનો લાભ લઈને પાઈપલાઇનમાં પંચર પાડી કે વાલ્વ તોડીને લાખો લીટર પાણી બરબાદ અથવા ચોરી કરી લેતા હોય છે. હવે આવી પ્રવૃત્તિને કરનારાં સામે કડક કાનૂની પગલાં ભરાશે. આ સમગ્ર

(અનુસંધાન ૪થે પાને)

**દુઃખદ અવસાન તથા બેસણાંની જાહેરાત માટે જુઓ પાના નં.૬**

## અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થિતિ વધુ વિકટ બની

# જરૂર જણાશે તો દુષ્કાળ જાહેર કરાશે : બાવળિયાએ સંકેત આપ્યા

અમદાવાદ,રવિવાર

ગુજરાતના અનેક વિસ્તારોમાં ઓછા વરસાદને કારણે સર્જાયેલી પાણીની કટોકટી સર્જાઇ છે ત્યારે શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજી બાવળિયાએ એવા સ્પષ્ટ સંકેત આપ્યા છે કે, જો પરિસ્થિતિ વધુ વણસશે અને જરૂર જણાશે તો સરકાર અસરગ્રસ્ત વિસ્તારોમાં 'દુષ્કાળ' કે 'અર્ધદુષ્કાળ' જાહેર કરશે. દરમિયાન પાકના નુકસાન અને વાસ્તવિક સ્થિતિનો આંકડો મેળવવા માટે સરકારી સર્વેની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

## સર્વે આધારે દુષ્કાળનો આખરી નિર્ણય : ખેડૂતોએ મંત્રી બાવળીયાને આમંત્રણ આપ્યું, 'દ્વારકા આવો'

દ્વારકા, પોરબંદર સહિત અન્ય વિસ્તારો જ્યાં ઓછો વરસાદ નોંધાયો છે ત્યાં પાકની વર્તમાન સ્થિતિ અને ઉત્પાદન સંબંધિત વિગતો એકત્રિત કરવામાં આવી રહી છે. મંત્રી બાવળિયાનું કહેવું છેકે, સરકાર તમામ સ્થિતી પર નજર રાખી રહી છે. જ્યાં

(અનુસંધાન ૪થે પાને)

## અગાઉ IRCTCમાં જ સુવિધા મળતી હતી

# હવે કાઉન્ટર પરથી રેલવે ટિકિટ લેનાર યાત્રીને પણ વીમો મળશે

અમદાવાદ,રવિવાર

ભારતીય રેલવે નેટવર્કમાં પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (પીઆરએસ) કાઉન્ટર પરથી આરક્ષિત ટિકિટ બુક કરાવનારા મુસાફરોને પણ આ સુવિધા ઉપલબ્ધ થશે.અત્યાર સુધી આ યોજના આઈઆરસીટીસી દ્વારા ઈ-ટિકિટ બુક કરાવનારા મુસાફરો માટે ઉપલબ્ધ હતી, જે હવે રેલવે આરક્ષણ કાઉન્ટર પરથી આરક્ષિત ટિકિટ ખરીદનારા પાત્ર મુસાફરો માટે પણ લાગુ થશે.

## ટિકિટ ભાડું તથા પ્રીમિયમ બંનેની ચુકવણી માત્ર ડિજિટલ માધ્યમથી જ કરવાની રહેશે

લાગુ નિયમો અને શરતો અનુસાર, તમામ કર સહિત વીમાનું પ્રીમિયમ પ્રતિ મુસાફર માત્ર ૪૫ પૈસા છે. વીમાની સુવિધા સંપૂર્ણપણે વૈકલ્પિક રહેશે. આ સુવિધા માત્ર એવા મુસાફરોને જ મળશે, જેઓ વીમાનો વિકલ્પ પસંદ કરશે, પોતાનો મોબાઈલ નંબર આપશે અને ડિજિટલ માધ્યમથી ચુકવણી કરશે. વીમાનું પ્રીમિયમ ટિકિટ ભાડા સાથે લેવામાં આવશે અને ટિકિટ ભાડું તથા પ્રીમિયમ બંનેની ચુકવણી માત્ર ડિજિટલ માધ્યમથી જ કરવાની રહેશે. પાંચ વર્ષથી

(અનુસંધાન ૪થે પાને)

**વીમા કવરેજની આંકડાકીય માહિતી**

* વીમાનું પ્રિમિયમ -- યાત્રી દીઠ માત્ર ૦.૪૫ પૈસા
* યાત્રીના મૃત્યુના કિસ્સામાં આર્થિક સહાય -- રૂ.૧૦ લાખ
* કાયમી સંપૂર્ણ દિવ્યાંગતા સહાય -- રૂ.૧૦ લાખ
* કાયમી આંશિક દિવ્યાંગતા સહાય -- રૂ.૭.૫૦ લાખ
* હોસ્પિટલમાં સારવારનો ખર્ચ -- રૂ.૨.૦૦ લાખ
* મૃતદેહનો પરિવહન ખર્ચ -- રૂ.૧૦ હજાર







## અમદાવાદમાં રાત્રે ગુલાબી ઠંડી જ્યારે દિવસ દરમિયાન ગરમીથી મિશ્ર સિઝન

અમદાવાદ, રવિવાર

અમદાવાદમાં હાલ મોડી રાત્રે ગુલાબી ઠંડી અને દિવસે ગરમીથી મિશ્ર સિઝન અનુભવાઇ રહી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭.૧ ડિગ્રી જ્યારે ગત રાત્રિના સરેરાશ લઘુતમ તાપમાન ૨૧.૨ ડિગ્રી નોંધાયું હતું. આગામી ૩ દિવસ અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૮ અને લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ રહેવાની હવામાન વિભાગની આગાહી છે. ગત રાત્રિના ૧૯.૪ ડિગ્રી સાથે નલિયામાં સૌથી નીચું જ્યારે આજે ૩૯.૬ ડિગ્રી સાથે રાજકોટમાં સૌથી વધારે તાપમાન નોંધાયું હતું. રાજ્યમાંથી અન્યત્ર ભુજમાં ૩૮, સુરતમાં ૩૭.૨, વડોદરામાં ૩૬.૩, ભાવનગરમાં ૩૫.૬ ડિગ્રીએ સરેરાશ મહત્તમ તાપમાનનો પારો રહ્યો હતો.







SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873558180, RENAULT NARODA Ph: 8448081360. RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268. RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.